BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**THE CONSTITUTION OF INDIA**
**PREAMBLE**
**WE, THE PEOPLE OF INDIA,**
having solemnly resolved to constitute India into a
**SOVEREIGN SOCIALIST**
**SECULAR DEMOCRATIC REPUBLIC**
and to secure to all its citizens:
**JUSTICE,** social, economic and political;
**LIBERTY** of thought, expression,
belief, faith and worship;
**EQUALITY** of status and of opportunity;
and to promote among them all
**FRATERNITY** assuring the dignity of the
individual and the unity and
integrity of the Nation;
**IN OUR CONSTITUENT ASSEMBLY**
this twenty-sixth day of November, 1949, do
**HEREBY ADOPT, ENACT AND GIVE TO**
**OURSELVES THIS CONSTITUTION.**

બી. એ. / બી. એ. ઓનર્સ - ઈતિહાસ

**HISM-310**
**HISMJ-402/HISMN-504**

# ભારતનું બંધારણ



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદન**

*પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* — *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિષય સમિતિ**

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* — *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. લલિત પટેલ* — *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ,પાટણ*

**પરામર્શન (વિષય)**

*પ્રો.ડૉ. કનૈયાલાલ નાયક* — *અધ્યક્ષ અને પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગુજરાત વિદ્યાપીઠ , અમદાવાદ .*

*ડૉ. લલિત પટેલ* — *પ્રિન્સિપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, પાટણ.*

*ડૉ . લક્ષ્મણ વાઢેર* — *અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ , શામળદાસ કૉલેજ , ભાવનગર*

**લેખન**

*ડૉ.જનક ગઢવી* — *અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી કોલેજ , ગાંધીનગર*

*ડૉ. જસરાજ ચૌધરી* — *અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર્ટસ કોલેજ,વડાલી*

*ડૉ. નરેશ પરીખ* — *અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સ્વામીનારાયણ આર્ટસ કોલેજ,કડી*

*ડૉ. સુરેન્દ્ર બારિયા* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા હડફ*

**પરામર્શન (ભાષા)**

*પ્રિ.ઘનશ્યામ ગઢવી* — *નિવૃત પ્રિન્સિપાલ, શ્રીમતી આંનદીબેન ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા*

**પ્રકાશકઃ કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**સંવર્ધિત આવૃત્તિ -2026**

**ISBN : 978-93-5598-378-9**

# પાઠયક્રમ પરિચય

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના વિવિધસભર અભ્યાસક્રમમાં ઇતિહાસમાં વિષયમાં ટી.વાય.બી.એમાં "ભારતનું બંધારણ" પેપર તરીકે રાખવામા આવેલ છે. જેનો મુખ્ય હેતુ ભારતના બંધારણના ઇતિહાસ ને અને તેની સાથે જોડાયેલી અનેક અવનવી વિગત સભર તથ્યોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સ્નાતકની પદવી તો મેળવશે સાથે ગુજરાત સરકારની વખતો વખત લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ બંધારણનો ઇતિહાસ ખૂબજ ઉપયોગી નીવડશે તેવી અમને ખાતરી છે. પ્રસ્તુત પેપર જે છે તેમાં કુલ સત્તર એકમોનો સમાવેસ કરવામાં આવ્યો છે. જેમાં ભારતના બંધારણીય ઇતિહાસની શરૂઆત એટલે કે ઇ.સ.૧૭૭૩ થી ભારતની આઝાદી અને ત્યારબાદની કેટલીક ઘટનાઓને પણ આવરી લેવાનો પ્રયાસ અમે કર્યો છે. આ ઉપરાંત ભારતની લોકસભા, રાજ્યસભા,ચૂટણીપંચ, ઉચ્ચ અદાલત વગેરે જેવી ખૂબજ અગત્યની માહિતીનો સંપુટ આ અભ્યાસક્રમના માધ્યમથી તમારી સમક્ષ રજૂ કરી રહ્યા છીએ આશા છે કે, તમે દિલથી આ પ્રયત્નને વધાવશો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ./બી.એ.ઓનર્સ-ઈતિહાસ

**HISM -310**
**HISMJ-402/ HISMN-504**

## ભારતનું બંધારણ

# પેપરઃ 10


**એકમ : 1** **01**
ભારતનો બંધારણીય ઈતિહાસ (ઈ.સ.1773 થી ઈ.સ. 1947)

**એકમ : 2** **11**
ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા અને બંધારણીય સભા

**એકમ : 3** **20**
ભારતના બંધારણના મુખ્ય લક્ષણો

**એકમ : 4** **27**
ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો

**એકમ : 5** **37**
ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો

**એકમ : 6** **44**
રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**એકમ : 7** **53**
ભારતના રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ અને સ્થાન

**એકમ : 8** **62**
**ભારતના બંધારણમાં વડાપ્રધાન : સ્થાન, સત્તા અને કામગીરી**

---

**એકમ : 9** **70**
**મંત્રીમંડળની રચના, સત્તાઓ અને સ્થાન**

---

**એકમ : 10** **77**
**ભારતની રાજ્ય સભા**

---

**એકમ : 11** **86**
**ભારતની લોકસભા**

---

**એકમ : 12** **95**
**ભારતમાં સર્વોચ્ચ અદાલતો અને તેની રચના અને સત્તા**

---

**એકમ : 13** **105**
**ચૂંટણીપંચની કામગીરી અને સત્તાઓ**

---

**એકમ : 14** **113**
**રાજ્ય સરકારમાં ગવર્નર, મુખ્યમંત્રી અને મંત્રીમંડળ**

---

**એકમ : 15** **123**
**રાજ્યની વિધાનસભા અને વડી અદાલત**

---

**એકમ : 16** **135**
**કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધો**

---

**એકમ : 17** **148**
**ભારતના બંધારણમાં સુધારાની પ્રક્રિયા**

# એકમ : 1

# ભારતનો બંધારણીય ઈતિહાસ (ઈ.સ.1773 થી ઈ.સ. 1947)

**:: રૂપરેખા ::**

**1.0 ઉદ્દેશો**
**1.1 પ્રસ્તાવના**
**1.2 નિયામક ધારો (1773)**
**1.3 પીટ્ટનો ધારો (1784)**
**1.4 1813 નો ચાર્ટર એક્ટ**
**1.5 1833 નો ચાર્ટર એક્ટ**
**1.6 1853 નો ચાર્ટર એક્ટ**
**1.7 ભારત શાસન અધિનિયમ 1858**
**1.8 ભારતીય પરિષદ અધિનિયમ (1861) (Indian Council Act)**
**1.9 ભારતીય પરિષદ અધિનિયમ (1892)**
**1.10 મોર્લે-મિન્ટો કાયદો (1909)**
**1.11 મોંટેગ્યું-ચેમ્સફોર્ડ કાયદો (1919)**
**1.12 સાયમન કમિશન (1927-28)**
**1.13 ભારતીય શાસન અધિનિયમ (1935)**
**1.4 ક્રિપ્સ મિશન**
**1.15 કેબિનેટ મિશન**
**1.16 સારાંશ**
**1.17 ચાવીરૂપ શબ્દો**
**1.18 તમારી પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન દરમિયાન થયેલા બંધારણીય વિકાસને જાણી શકશો.
- બ્રિટિશ શાસને ઇ.સ. 1773 ના બંધારણીય સુધારાથી કઈ રીતે ભારતીય રાજ્યને નિયંત્રિત કરી સત્તાને વિસ્તૃત કરી તે જાણી શકશો.
- બ્રિટનની સંસદે પરિષદ અધિનિયમો અને શાસન અધિનિયમો દ્વારા ભારતીય શાસનના પરિવર્તન ક્ષેત્રે લીધેલાં પગલાનો ખ્યાલ મેળવી શકશો.

## 1.1 *પ્રસ્તાવના*

ભારતના બંધારણ અને તેની જોગવાઇઓને સમજતા પહેલા ભારતના બંધારણીય ઈતિહાસને સમજવો આવશ્યક છે. ઈ.સ. 1757 ના પ્લાસીના યુદ્ધમાં વિજય મેળવી અંગ્રેજોએ ભારતમાં સત્તા “પ્રાપ્ત કરી. શરૂઆતમાં ગવર્નર તરીકે ક્લાઇવ અને વૉરેન હેસ્ટિંગ્સે શાસનના સૂત્રો સંભાળ્યા.

બ્રિટનનો મૂળભૂત ઉદ્દેશ ભારતની પ્રવાહી રાજકીય સ્થિતિનો લાભ લઈ લાંબા સમય સુધી સંસ્થાન સ્થાપવાનો હતો. બાદ ધીમે ધીમે સંપૂર્ણ ભારત પર રાજકીય એકાધિકાર “ાપ્તકરવાનો હતો. જેથી ભારતનું વ્યાપક આર્થિક શોષણ કરી શકાય. આમ, બ્રિટને ભરતમાં સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદની નીતિ અખત્યાર કરી. ભારતને સંસ્થાન બનાવવા માટે તેને જીતવું અનિવાર્ય હતું. 1773 સુધીમાં તેમણે બંગાળ, અવધ, મુઘલ બાદશાહ અને મરાઠા રાજ્યોને હરાવી પોતાને ભારતની સૌથી શક્તિશાળી સત્તા સાબિત કરી.

ભારત પર પોતાનું શાસન લાંબો સમય ટકી રહે તે માટે બ્રિટને સંસદ દ્વારા કેટલાક અધ્યાદેશો કરી ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વહીવટ ચલાવવાના નિર્દેશ આપ્યા. જેને આપણે ચાર્ટર એક્ટ કહીએ છીએ. ઇ.સ. 1857 ના મહાવિદ્રોહ બાદ ભારતની સંપૂર્ણ સત્તા ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બદલે બ્રિટનની સંસદ પાસે આવી.

1857 ના મહાવિદ્રોહની બ્રિટન પર વ્યાપક અસરો પડી હતી. તેમાંથી તેમના પરિષદ અધિનિયમોની શરૂઆત થઈ. તેઓ ભારતીય માનસને સમજવા અને આવનારા સંઘર્ષને ટાળવા ચતુરાઇપૂર્વક બંધારણીય સુધારામાં ભારતીયો જોડાય તેમ ઇચ્છતા હતા. 1909, 1919, 1935 ના કાયદા તેના દ્યોતક છે.

ભારતનો બંધારણીય ઈતિહાસ (ઇ.સ.1773 થી ઇ.સ. 1974)

## 1.2 *નિયામક ધારો* (1773)

બ્રિટિશ સંસદ દ્વારા સ્થાપિત આ પ્રથમ કાયદો ભારતમાં તેમની સ્થપાયેલ સત્તાને નિયમન કરવા પસાર કરવામાં આવ્યો હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન પર આ કાયદાથી અંકુશ મૂકવામાં આવ્યો. આ કાયદાની મુખ્ય જોગવાઇઓમાં, ભારતમાં ગવર્નર જનરલની સ્થાપના કરવામાં આવી. હવે બંગાળનો ગવર્નર ભારતનો ગવર્નર બન્યો અને તેને મદદ કરવા કાર્યકારી સમિતિ રચવામાં આવી. ગવર્નર જનરલ અને કાર્યકારી સમિતિના સભ્યોની સંખ્યા કુલ 4 ની હતી. તેને ભારતમાં વહીવટનું કેન્દ્રીકરણ કર્યું અને ગવર્નર જનરલ ભારતનો સર્વસત્તાધીશ બન્યો.

ભારતમાં કલકતા ખાતે સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી. જેમાં મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ત્રણ ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી (1774). સર એલિઝા ઇમ્ફે પ્રથમ

મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમાયા હતા. મદ્રાસ અને મુંબઈમાં ગવર્નર નિમાયેલા હતા. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નિયામકો હવે બ્રિટિશ સત્તાને મહેસૂલ, લશ્કર અને આંતરિક તેમજ વિદેશી મામલાઓ બાબતે બ્રિટિશ સરકારને તાબે રહેશે.

## 1.3 *પીટ્ટનો ધારો* (1784)

ઇ.સ.1773 ના નિયામક ધારાની  ભલામણોને સુવ્યવસ્થિત સ્વરૂપ આપવા 1784માં પીટ્ટનો ધારો પસાર કરવામાં આવ્યો. આ કાયદા અન્વયે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વેપારી કાર્યો અને રાજકીય કાર્યોને અલગ કરવાના હતા. કંપનીના નિયામકોને વેપારી કાર્યો સોંપવામાં આવ્યા જ્યારે બોર્ડ ઓફ કંટ્રોલમાં છ સભ્યોની નિમણૂક કરવામાં આવી જે રાજકીય કાર્યો ઉપર અંકુશ રાખવાના હતા. એટલે કે હવેથી બે પ્રકારની સત્તા જોવા મળી જેમાં બોર્ડ ઓફ કંટ્રોલ અને કોર્ડ ઓફ ડાયરેક્ટરનો સમાવેશ થાય છે. બોર્ડ ઓફ કંટ્રોલના હાથમાં મહેસૂલ અને લશ્કરની તાકાત આવતા તે વધારે સત્તા ધરાવતું થયું. આ કાયદા દ્વારા ગવર્નર જનરલની કાઉન્સિલના સભ્યોની સંખ્યા ચારથી ઘટાડીને ત્રણ કરવામાં આવી. જેમાનો એક મુખ્ય સરસેનાપતિ રહેશે. ગવર્નર જનરલને મજબૂત બનાવવા મતાધિકાર આપવામાં આવ્યો.

## 1.4 : 1813 *નો ચાર્ટર એક્ટ*

1813 ના આ કાયદાથી ભારતમાં બ્રિટિશ સરકારની બંધારણીય સ્થિતિ સ્પષ્ટ થઈ. તેને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો વેપારીક એકાધિકાર નાબૂદ કરી. જોકે, ચીન સાથેના વેપાર અને ચાના વેપારમાં તેનો એકાધિકાર જાળવી રાખવામા આવ્યો. કંપનીને વેપારી નફા અને પ્રાદેશિક મહેસૂલનો હિસાબ એમ બંને અલગ-અલગ રીતે બ્રિટિશ સરકારને આપવાના રહેતા.

ખ્રિસ્તી મિશનરીઓને ભારતમાં કામ કરવાની છૂટ આપવામાં આવી.

ભારતીયોના શિક્ષણ માટે કંપનીએ પ્રતિવર્ષ એક લાખ રૂપિયાની જોગવાઈ કરવાની રહેશે.

## 1.5 : 1833 *નો ચાર્ટર એક્ટ*

આ કાયદાથી બ્રિટનની સંસદે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાર્ટરને પુનઃ મંજૂર કર્યો.

હવેથી ઈસ્ટ ઈન્ડિયા કંપની વાણિજ્યિક સત્તા રહી નહીં અને માત્ર પ્રશાસકીય સત્તા રહી જેણે બ્રિટિશ સરકાર વતી કાર્ય કરવાનું રહેશે.

બંગાળના ગવર્નર જનરલને સમગ્ર ભારતના ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા અને તેમના હાથમાં તમામ ધારાકીય સત્તાઓ આપવામાં આવી. 1833 માં લોર્ડ વિલિયમ બેન્ટિક ભારતનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો.

ગવર્નર જનરલની કાઉન્સિલમાં ત્રણની જગ્યાએ ચાર સભ્યો નિમાવવામાં આવ્યા. આ ચોથો સભ્ય એ કાયદા સભ્ય હતો. લોર્ડ મેકોલે સૌપ્રથમ કાયદા સભ્ય બન્યો હતો. આ કાયદા અંતર્ગત પ્રથમ કાયદાપંચ (Law Commission) રચવામાં આવ્યું. મેકોલે તેનો અધ્યક્ષ હતો.

## 1.6 : 1853 *નો ચાર્ટર એક્ટ*

ભારતીયો માટે સનદી સેવાઓની સ્થાપના કરવામાં આવી. તેણે કોર્ટ ઓફ ડાયરેક્ટરને વિશિષ્ટ સત્તા આપી અને તે હવે નવી પ્રેસિડેન્સી સ્થાપી શકે અથવા લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરી શકે તેમ ઠરાવવામાં આવ્યું.

ગવર્નર જનરલની કાઉન્સીલના આ કાયદાથી બે વિભાગો કાર્યકારી અને ધારાકીય બન્યા અને ગવર્નર જનરલની અલગ ધારાકીય કાઉન્સીલ નિમાઈ તેમાં છ જેટલા સભ્યોને ધારાકીય કાઉન્સીલ તરીકે નીમવામાં આવ્યા. આ છ માંના ચાર સભ્યો પ્રાદેશિક સરકારો દ્વારા નિમવાના હતા. કોર્ટ ઓફ ડાયરેક્ટરના સભ્યોની સંખ્યા 24 માંથી ઘટાડી 18 કરવામાં આવી. પ્રિસાઇડિંગ ઓફિસરને કાસ્ટિંગ વોટ આપવાની સત્તા મળી.

## 1.7 : *ભારત શાસન અધિનિયમ* 1858

ઈ.સ. 1858 માં બ્રિટિશ સંસદે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથમાંથી પોતાના હાથમાં લઈ આ પ્રથમ કાયદો બનાવ્યો હતો. હવેથી ભારત બ્રિટિશ સંસદના સીધા જ નિયંત્રણ નીચે આવી. જોકે, ભારતના વહીવટમાં ભારતીય પ્રજાનું કોઈ સ્થાન ન હતું. બ્રિટિશ સંસદે 15 સભ્યોના બોર્ડ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયા (ભારત પરિષદ) ની સ્થાપના કરી. જે હિન્દી વજીર તરીકે ઓળખાતો. ભારતમાં વાઈસરોય (ગવર્નર જનરલ) વહીવટનો વડો હતો. જે ભારતમાં કાર્યકારી પરિષદની સહાયથી કાર્ય કરતો હતો.

ભારતનો વહીવટ કેન્દ્રીકૃત હતો. જોકે, પ્રાંતોની રચના કરવામાં આવી હતી અને તેના વડા તરીકે ગવર્નર અથવા લેફ્ટનન્ટની નિમણૂક કરવામાં આવી હતી જે વાઈસરોયને આધિન હતા.

ભારતીય શાસન તંત્રની તમામ બાબતો ગવર્નર જનરલ અને અંતતોગત્વા હિન્દી વજીરના નિયંત્રણમાં હતી. હિન્દી વજીરનું નિયંત્રણ કઠોર અને આત્યંતિક હતું. વહીવટી તંત્ર પૂર્ણતહ અધિકાર શાહીથી ચાલતું.

## 1.8 : *ભારતીય પરિષદ અધિનિયમ* (1861) (Indian Council Act)

ઈ.સ.1861ના આ કાયદાથી ભારતમાં લોકપ્રતિનિધિત્વના તત્ત્વની શરૂઆત થઈ.

ગવર્નલ જનરલની કાર્યકારીમાં બિનસરકારી સભ્યોને પણ સ્થાન મળ્યું. જોકે, તેઓ નિમાયેલા જ હતા.

તેઓ સરકારના કાર્યોની ટીકા કે નિંદા કરી શકતા નહીં.

## 1.9 : *ભારતીય પરિષદ અધિનિયમ* (1892)

ભારતીય વિધાન પરિષદમાં નિમાયેલા સભ્યોની બહુમતી રાખવામા આવી તથા બિનસરકારી સભ્યો બંગાળ ચેમ્બર ઓફ કોમર્સ અને પ્રાંતિય વિધાન પરિષદો દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા. યુનિવર્સિટી અને નગરપાલિકા આવા સભ્યોને મોકલી શક્તી. પરિષદના સભ્યો મહેસૂલ અને નાણાકીય બાબતો તથા બજેટ પર વિચાર વિવશ કરી શકે તથા તેમને પ્રશ્ન પણ પૂછી શકે તેવી પણ છૂટ આપવામાં આવી. આ કાયદાએ પ્રાંતિય વિધાન પરિષદના સભ્યોની સંખ્યામાં વધારો કર્યો.

## 1.10 *મોર્લે-મિન્ટો કાયદો* (1909)

હિન્દી વજીર લોર્ડ મોર્લે અને વાઈસરૉય લોર્ડ મિન્ટોના નામથી પસાર થયેલ ભારતીય પરિષદ અધિનિયમ 1909 માં પ્રતિનિધિત્વ અને ચૂંટણીના તત્ત્વોનો સમાવેશ થાય છે.

પ્રાંતિય વિધાન પરિષદોના આકારમાં વૃદ્ધિ થઈ જેમાં બિનસરકારી સભ્યોને સામિલ કરવામાં આવ્યા. કેન્દ્રિય વિધાન પરિષદમાં ચૂંટણીનો સમાવેશ થયો પરંતુ તેમાં ચૂંટાયેલા સભ્યો કરતાં નિમાયેલા સભ્યોની બહુમતી જાળવી રાખવામા આવી.

આ કાયદાથી વિધાન પરિષદમાં ચર્ચા વિચારણાને પણ છૂટ મળી. ચૂંટાયેલા સભ્યો નાણાકીય બજેટ કે લોકકલ્યાણના કોઈ કાર્યો પર પ્રસ્તાવ પસાર કરી શકે.

આ કાયદાએ જે ચૂંટણીની પદ્ધતિ અપનાવી તેમાં પ્રથમ વખત મુસ્લિમ સમુદાયની અલગ પ્રતિનિધિત્વ, અલગ મતદાન મંડળની જોગવાઈ કરવામાં આવી. જેનાથી ભારતમાં કોમવાદનો જન્મ થયો. મુસ્લિમ લીગની સ્થાપના થઈ. જેણે મુસ્લિમોના અલગ રાજ્યના વિચારને બળ આપ્યું.

ભારત શાસન અધિનિયમ (1915)

આ કાયદાએ આ પૂર્વેના શાસન અધિનિયમોનું સંકલન કરવાનું કાર્ય કર્યું.

## 1.11 *મૉંટેગ્યું-ચેમ્સફોર્ડ કાયદો* (1919)

હિન્દી વજીર મૉંટેગ્યું અને વાઈસરૉય ચેમ્સફોર્ડના નામે પસાર થયેલ ભારત શાસન અધિનિયમ ભારતના બંધારણીય વિકાસમાં મહત્ત્વનુ સ્થાન ધરાવે છે.

1885 માં સ્થપાયેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સતત બંધારણીય સુધારા કરવા પ્રયત્નો કર્યા હતા અને ભારતમાં સ્વરાજની માંગણી કરી હતી. પ્રથમ વિશ્વ યુદ્ધના સમયે હોમરૂલ આંદોલન થયું હતું જેણે સ્વરાજના અભિયાનને બળવતર બનાવ્યું હતું. પરિણામે હિન્દી વજીર મોંટેગ્યુંએ 20 ઓગસ્ટ 1917ના રોજ ઘોષણા કરી બ્રિટિશ ભારતમાં જવાબદાર સરકારની સ્થાપના કરવાનું વચન આપ્યું હતું.

આ કાયદાએ પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો. વહીવટના વિભાગોને કેન્દ્રિય અને પ્રાંતિય એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યું. પ્રાંતોમાં વહીવટી વિભાગને નિમાયેલા અને ચૂંટાયેલા મંત્રીઓમાં વહેંચવામાં આવ્યા. વિધાન પરિષદમાં 70% ચૂંટાયેલા સભ્યો રાખવામા આવ્યા. જોકે, ગવર્નરને વિશાળ સત્તા આપવામાં આવી હોવાથી પ્રાંતોની સરકારો કોઈ ઠોસ કાર્ય કરી શકી નહીં. આ કાયદાથી પ્રાંતો પર કેન્દ્રિય નિયંત્રણ ઘટ્યું. પ્રાંતિય વિધાન સભા પોતાની રીતે કર ઉઘરાવી શકે અને બજેટ પણ બનાવી શકે તેવી સત્તા આપવામાં આવી. જોકે, કેન્દ્રને સમગ્ર ભારતના કોઈપણ વિષયમાં કાયદો બનાવવી છૂટ હોવાથી તેનો કોઈ અર્થ રહ્યો નહીં અને ગવર્નર જનરલની સત્તા બરકરાર રહી.

આ કાયદાએ ભારતીય વિધાનસભાઓને પ્રતિનિધિત્વ વાળી બનાવી.

## 1.12 : *સાયમન કમિશન* (1927-28)

1920-22 ના અસહકારના આંદોલન પછી ભારતીય સ્વતંત્રતા સંગ્રામે વેગ પકડ્યો. ભારતના સેનાનીઓએ બ્રિટિશ સરકાર પર ખૂબ દબાણ વધાર્યું. પરિણામે 1919ના અધિનિયમ પછી તેની તપાસ અર્થે બ્રિટિશ સરકારે 1928 સાયમન કમિશનની નિમણૂક કરી. સર જ્હોન સાયમનના વડપણ હેઠળ એક કમિશન ભારત આવ્યું. આ કમિશનનો ભારતીય પ્રજાએ વ્યાપક વિરોધ કર્યો. પછીથી આયોગના 1930ના અહેવાલ પર ગોળમેજી પરિષદમાં વિચાર વિવશ કરવામાં આવ્યો. 1930 ના સવિનય કાનૂન ભંગના આંદોલનથી ઊભી થયેલ પરિસ્થિતિને કારણે બ્રિટિશ સંસદે 1933માં એક શ્વેતપત્ર બહાર પાડ્યો.

## 1.13 : *ભારતીય શાસન અધિનિયમ* (1935)

ગોળમેજી પરિષદ બાદ 1932માં બ્રિટિશ વડાપ્રધાન રેમ્ઝે મેકડોનલ્ડે કોમી ચુકાદો આપી અનુસૂચિત જાતિને અલગ પ્રતિનિધિત્વ આપવાનું ઠરાવ્યું.

1935ના કાયદાને પ્રાંતિક સ્વાયતાનો કાયદો કહેવામા આવે છે.

આ કાયદાએ સૂચિત સમવાયતંત્રની પણ સ્થાપના કરી. જોકે, તેમાં પ્રાંત અને દેશી રજવાડાઓ એમ બંને અલગ અલગ રાજકીય એકમો હોવાથી તે વ્યવસ્થા ટકી શકી નહીં.

આ કાયદાથી 1937માં પ્રાંતોની ચૂંટણી કરવામાં આવી. જોકે, ગવર્નર જનરલ અને ગવર્નરની વિશાળ સત્તા હોવાને કારણે તે પ્રભાવી થઈ શકી નહીં.

આ કાયદાએ કેન્દ્રમાં દ્વિમુખી શાસન પદ્ધતિનો પ્રારંભ કર્યો.

આ કાયદાએ સંઘસૂચિ, પ્રાંતસૂચિ અને સમવર્તીસૂચિ બનાવી કેન્દ્ર અને પ્રાંતના કાર્યોને અલગ કર્યા. તેમ છતાં આ કાયદાથી પણ ભારતને ડોમેનિયન સ્ટેટસ "પ્રાપ્ત થયું નહીં.

ઈ.સ. 1938માં જવાહરલાલ નહેરુએ સ્પષ્ટપણે બંધારણ સભાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ સ્વતંત્ર અને લોકશાહી રાજ્યનું સમર્થન કરે છે એટલે સ્વતંત્ર ભારતનું બંધારણ કોઈપણ બાહ્ય હસ્તક્ષેપ સિવાય ભારતીય બંધારણ દ્વારા જ રચાવું જોઈએ.

## 1.14 : *ક્રિપ્સ મિશન*

બીજા વિશ્વ યુદ્ધ સમયે ભારતમાં જન આંદોલન વ્યાપક બનતા માર્ચ, 1942 માં બ્રિટિશ સરકારે સ્ટેફર્ડ ક્રિપ્સના વડપણ હેઠળ એક મિશન મોકલ્યું. તેણે યુદ્ધ પૂર્ણ થયા બાદ ભારતના બંધારણની રચનાની વાત કરી.

કોંગ્રેસ અને મુસ્લિમ લીગ જો રાજી હોય તો ડોમેનિયન સ્ટેટસ આપવામાં આવશે. કોઈ પ્રાંત કે દેશી રાજ્યો બંધારણનો અસ્વીકાર કરે તો તેને સ્વતંત્ર રાખવાનું ઠરાવ્યું. જોકે, કોંગ્રેસ અને મુસ્લિમ લીગ એમ બંને ક્રિપ્સ મિશનનો વિરોધ કર્યો. પરિણામે આ યોજના નિષ્ફળ નીવડી અને ભારતમાં હિન્દ છોડો આંદોલન શરૂ થયું.

## 1.15 : *કેબિનેટ મિશન યોજના*

ક્રિપ્સ મિશન બાદ ગવર્નર જનરલ લોર્ડ વેવેલે સિમલા ખાતે બેઠકો કરી જોકે તે પણ નિષ્ફળ નીવડી અને 1946માં બ્રિટિશ સરકારે કેબિનેટ મિશન મોકલવાની ઘોષણા કરી. કેબિનેટ મિશને ભારતને એક સંઘ બનાવી તેનું વિભાજન થતું અટકાવવા પ્રયત્ન કર્યો તેણે મુસ્લિમોના અલગ રાજ્યોની માંગણીને પણ નકારી.

તેણે કહ્યું કે ભારત બ્રિટિશ સત્તા અંતર્ગત રહેલું ભારત અને દેશી રજવાડાઓથી બનેલું ભારત એમ બંને મળીને બનશે.

બંધારણ ઘડવા માટે એક બંધારણ સભા ચૂંટવામાં આવશે. 6 ડિસેમ્બર 1946ના રોજ બ્રિટિશ સરકારે એક ઘોષણા કરી કે બંધારણીય સભા દ્વારા જે બંધારણ બનાવવામાં આવે તે સભામાં ભારતીય જનતાના મોટા ભાગના વિસ્તારને પ્રતિનિધિત્વ ન મળે તો તેને લાગુ કરશે નહીં.

આ પ્રમાણે સૌપ્રથમ વખત બ્રિટિશ સરકારે એ સ્વીકાર્યું કે ભારતમાં બે રાજ્યો અને બે બંધારણ સભા બની શકે છે. 9 ડિસેમ્બર 1946 ના રોજ બંધારણ સભાની પહેલી બેઠક

મળી ત્યારે મુસ્લિમ લિગે તેનો વિરોધ કરી તેમાં આવવાનું ટાળ્યું પરિણામે બંધારણ સભાએ મુસ્લિમ લીગના સભ્યો વગર જ પોતાના કાર્યોનો પ્રારંભ કર્યો.

મુસ્લિમ લીગે આનો વિરોધ કર્યો.

બ્રિટિશ સરકારે 20 ફેબ્રુઆરી 1947ના રોજ ઘોષણા કરી કે જૂન 1948 સુધીમાં ભારત ઉપરથી બ્રિટિશ શાસનનો અંત આવશે અને બ્રિટન ભારતીઓના હાથમાં સત્તા સોંપી દેશે.

બ્રિટિશ સરકારે લોર્ડ વેવેલની જગ્યાએ લોર્ડ માઉન્ટ બેટનને ભારતના ગવર્નર જનરલ તરીકે મૂક્યા. તેમણે બહુ ઝડપથી સત્તાના હસ્તાંન્તરણની પ્રક્રિયા શરૂ કરી. તેણે કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે પણ સમજૂતી કરાવી અને ભારતનું વિભાજન કરી ભારત અને પાકિસ્તાન એમ બે રાજ્યોની રચનાનો સિદ્ધાંત આપ્યો. માઉન્ટ બેટનની આ યોજના 3 જૂન, 1947 ના રોજ પસાર થઈ.

3 જૂનની આ યોજના કાર્યાન્વિત થતાં બ્રિટિશ સંસદે ભારતીય સ્વતંત્રતા અધિનિયમ 1947માં પસાર કરી.

26 જુલાઇ, 1947 ના રોજ પાકિસ્તાન માટે અલગ બંધારણની ઘોષણા કરવામાં આવી.

4 જુલાઇ 1947 ના રોજ ભારતીય સ્વતંત્રતા અધિનિયમ સંસદમાં મૂકવામાં આવ્યો તે 18 જુલાઈ 1947ના રોજ બ્રિટિશ સમ્રાટની અનુમતિ મળતા લાગુ કરવામાં આવી. જે અન્વયે 15 ઓગસ્ટ, 1947 ના રોજ ભારતના સ્થાને ભારત અને પાકિસ્તાન નામના બે સ્વતંત્ર રાજ્ય સ્થાપિત થશે.

## 1.16 *સારાંશ*

ઈ.સ. 1757 થી ઈ.સ. 1947 સુધી એટલે લગભગ 200 વર્ષ સુધી ભારત પર બ્રિટનનું એકચક્રી શાસન રહ્યું. બ્રિટન પોતે લોકશાહી વિચારધારા અને મૂલ્યો ધરાવતું રાષ્ટ્ર હોવા છતાં તેણે ભારતનું ભયંકર શોષણ કર્યું હતું. ભારતમાં વ્યવસ્થિત શાસન ચલાવવા તેમણે કેટલાક બંધારણીય પગલાં ભર્યા હતા. જોકે, ભારતીયોને તેનાથી કોઈ લાભ થવાનો ન હતો. તેમ છતાં તે અભ્યાસ કરવા યોગ્ય છે. આપણે જોયું કે 1773 ના કાયદામાં અને 1909 ના કાયદામાં કેટલો મોટો તફાવત છે. 19 મી સદીના અંત ભાગમાં કેટલાક પ્રબુદ્ધ ભારતીઓએ બ્રિટનને લોકતાંત્રિક સુધારા કરવા ફરજ પાડી. તો 20મી સદીના શરૂઆતના ગાળામાં પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીયોની સહાય મેળવવા તેમણે સ્વશાસન આપવાનું વચન આપ્યું. જોકે, તેમ બન્યું નહી. 1920 પછી ભારીયે સ્વતંત્રતા સંગ્રામે કરવટ બદલી પરિણામે બીજા વિશ્વયુદ્ધની પૂર્ણાહુતિ સુધીમાં તે નક્કી થઈ ગયું કે ભારતનું બંધારણ ભારતની પ્રજા પોતે જ ઘડશે અને ભારતને લાંબો સમય ગુલામ રાખી શકાશે નહી.

## 1.17 : *ચાવીરૂપ શબ્દો*

| | |
|---|---|
| *રેગ્યુલેટિંગ (નિયામક)* | નિયામક એ નિયમન સાથે સંકળાયેલ શબ્દ છે. જેના દ્વારા બ્રિટિશ સંસદ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને શાસન ચલાવવાનો નિર્દેશ આપતી હતી. |
| *ચાર્ટર એક્ટ* | બ્રિટિશ સંસદ દ્વારા ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આપવામાં આવતો અધ્યાદેશ જે તેના શાસનને નિયમિત કરે તથા નિર્દેશિત કરે. |
| *કાઉન્સીલ એક્ટ* | બ્રિટિશ સંસદ દ્વારા સમયાંતરે પસાર કરવામાં આવતો ધારાસભાને લાગતો કાયદો. |
| *હિન્દી વજીર* | બ્રિટિશ સંસદમાં રહેલા ભારતના સર્વોચ્ચ પદાધિકારી. |

## 1.18 *તમારી પ્રગતિ ચકાસો :*

1. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન સમયે પસાર થયેલ ચાર્ટર એક્ટની સમજૂતી આપો.

_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________

2. ઇ.સ. 1773 ના નિયામક ધારાની જોગવાઇઓની ચર્ચા કરો.

_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________

3. ઇ.સ. 1858 ના ભારત શાસન અધિનિયમ પર નોંધ તૈયાર કરો.

_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________

4. ઇ.સ. 1935 ના પ્રાંતિક સ્વાયત્તાના કાયદાને સમજાવો.

_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________

5. ટૂંકનોંધ લખો.

(અ) ક્રિપ્સ મિશન

(બ) કેબિનેટ મિશન

(ક) સાયમન કમિશન

(ડ) પીટ્ટનો ધારો

## એકમ : 2 ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા અને બંધારણીય સભા

:: રૂપરેખા ::

**2.1 પ્રસ્તાવના**

**2.2 ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા અને બંધારણીય સભા**

**2.2.1 જવાહરલાલ નહેરુ**

**2.2.2 સરદાર પટેલ**

**2.2.3 ડો. રાજેન્દ્રપ્રસાદ**

**2.2.4 ડો. બાબા સાહેબ આંબેડકર**

**2.2.5 બી. એન. રાવ**

**2.2.6 બંધારણ સભાની સમિતિઓ**

**2.3 સારાંશ**

**2.4 ચાવીરૂપ શબ્દો**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

### 2.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ભારતીય બંધારણ સભાની રચના વિશે જાણી શકશો.
- ભારતના બંધારણની રચનામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને જાણી શકશો.
- બંધારણ ઘડતરની પ્રક્રિયા સમજી શકશો.
- બંધારણ સભાની જુદી જુદી સમિતિઓ વિશે માહિતી મેળવી શકશો.

### 2.1 પ્રસ્તાવના :

ઈ.સ. 1946ની કેબિનેટ મિશન યોજના અન્વયે ભારતના બંધારણના ઘડતરની પ્રક્રિયા શરૂ થઈ. આ એક મહાન ભગીરથ કાર્ય હતું. 1947 માં સ્વતંત્રતા પ્રાપ્તિ સમયે

પણ બંધારણ સભાનું કાર્ય ચાલતું રહ્યું. બંધારણ સભાના સભ્યો સામે ભારતીય પ્રજાની આકાંક્ષા પૂર્ણ કરવાની અને ભારતના ભાવીને ઘડવાનો મોટો પડકાર હતો. લગભગ 3 વર્ષ સુધી ચાલેલી લાંબી પ્રક્રિયાને અંતે ભારતનું બંધારણ ઘડાયું. ભારતીય સમાજ, તેની સંસ્કૃતિ, તેનો ભવ્ય ઐતિહાસિક વારસો અને ભૌગોલિક વિભિન્નતા પણ બંધારણ સભા સામે મોટો પડકાર હતો. તેથી બંધારણ ઘણું વિષદ બન્યું છે. આપણે તેનો અભ્યાસ કરીએ.

## 2.2 : *ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા અને બંધારણીય સભા*

20મી સદીના ત્રીજા દશકામાં કોંગ્રેસની એક મહત્ત્વપૂર્ણ માંગણી ભારતનું બંધારણ ઘડવાની હતી જે છેક 1946 માં લોર્ડ વેવેલે સ્વીકારી. આ બંધારણ સભામાં બ્રિટિશ ભારતના જુદા જુદા પ્રાંતોમાંથી ચૂંટાઈને આવેલા સભ્યોની સાથે દેશી-રજવાડાના નિયુક્ત સભ્યો હતા. ધીમે-ધીમે દેશી રાજ્યોનું સ્વતંત્રતા બાદ વિલીનીકરણ કરવામાં આવ્યું. બંધારણ સભામાં લોકોનો અવાજ સંભળાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

જ્યારે ભારતીય સભાની પ્રથમ બેઠક મળી હતી તેના લગભગ આઠ મહિના પહેલા જાપાનમાં સંસદ ડાયટ પાસે એક નવીન બંધારણની મંજૂરી માંગવામાં આવી હતી. જાપાનનું આ બંધારણ જાપાની પ્રજાને બદલે વિદેશી આધિકારીઓ લખ્યું હતું. ફેબ્રુઆરી 1946માં આ બંધારણ ઘડવા મોટા ભાગના અમેરિકન અધિકારીઓ સહિતની 24 સભ્યોની સમિતિ બની હતી. તેમણે એકાદ અઠવાડિયામાં બંધારણ તૈયાર કરી જેનો સ્વીકાર જાપાને કરવાનો હતો. પછીથી જાપાનના રાજકીય નેતાઓ સમક્ષ મૂકી તેને જાપાનની પરંપરા પ્રમાણે પરિવર્તિત કરી જાપાનીભાષામાં ભાષાંતર કરવાંમાં આવ્યું તેની સામે ભારતીય બંધારણ સભા અને તેની પ્રક્રિયા જોઈએ તો આપણને ખ્યાલ આવે છે કે તે કેટલી ભિન્ન હતી. ભારતનું બંધારણ ભારતીયો દ્વારા ઘડાયેલું અને અત્યંત ગુપ્ત રીતે બનાવવામાં આવ્યું હતું. તે લાંબા સમયથી ચાલતા આવતા સ્વતંત્રતા સંગ્રામ મહાત્મા ગાંધીના વિચારો , ભારતની પરંપરાઓનું દ્યોતક હતું.

395 કલમો અને 8 ભાગોમાં વહેંચાયેલ ભારતીય બંધારણ દુનિયાનું સૌથી મોટું બંધારણ છે. તે જાન્યુઆરી 1950 થી અમલમાં આવ્યું. પરંતુ બંધારણ ઘડતરની પ્રક્રિયા 1946 થી 1949 દરમિયાન ત્રણ વર્ષ સુધી ચાલ્યું. કુલ 11 સત્રોમાં બેઠક મળી અને 165 દિવસ સુધી તેના પર વિસદ ચર્ચા કરવામાં આવી. ભારતીય બંધારણ સભાને કાર્યવાહીને 11 વિશાળ અંકોમાં છાપવામાં આવ્યા હતા. જેમાના કેટલાક અંકો એક હજાર કરતાં પણ વધારે પાનાનાં છે. તેમાં બંધારણ નિર્માતાઓની બુદ્ધિમતા, લગ્ન, દૂરદર્શિતા અને હાસ્યનો સમનવ્ય છે. તે ઈતિહાસકારો અને રાજનીતિશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનો ભંડાર છે. એટલા માટે જ વિશ્વના પ્રસિદ્ધ બંધારણવિદ ગ્રેનવિલી ઓસ્ટિન કહે છે કે ઇ.સ. 1787 માં અમેરિકાનું બંધારણ ઘડવાનું કાર્ય ફિલાડેલ્ફિયામાં શરૂ થયું હતું. ત્યાર બાદ ભારતીય

બંધારણનું નિર્માણ સૌથી મહાન રાજકીય કાર્ય હતું. તે રાષ્ટ્રીય આદર્શો અને લોકશાહી તંત્રની મહત્તા સ્થાપિત કરવા અને ભારતીયોને પ્રગતિના પંથે લઈ જનારું મહાન પગલું હતું. એનો શ્રેય ચોક્કસપણે ભારતીયોના પક્ષમાં જાય છે.

બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946 ના રોજ મળી. જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ જેવા મહાન નેતાઓએ તેની શોભા વધારી. કોંગ્રેસી સભ્ય સિવાય શરતબૉશ, ડોક્ટર આંબેડકર અને 9 મહિલા સભ્યો પણ હાજર હતા. બંધારણ સભાએ ભારતના લોકો પાસેથી પણ સૂચનો મંગાવ્યા હતા.

### 2.2.1 : *જવાહરલાલ નહેરુ*

બંધારણ સભામાં 300 કરતાં વધારે સભ્યો હતા. ઓસ્ટિન જવાહરલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ અને રાજેન્દ્રપ્રસાદને સૌથી મહત્ત્વપૂર્ણ સભ્યો ગણાવે છે. જવાહરલાલ નહેરુએ 13 ડિસેમ્બર, 1946 ના રોજ બંધારણની પ્રસ્તાવનાનો પ્રસ્તાવ રજૂ કર્યો. તે પ્રમાણે ભારતને સ્વતંત્ર સાર્વભૌમ ગણરાજ્ય ઘોષિત કરવામાં આવ્યું જેમાં તમામ નાગરિકોને સામાજિક આર્થિક અને રાજનીતિક ન્યાય, અવસરની સમાનતા, કાયદા પ્રત્યેય સમાનતા, અભિવ્યક્તિ, વિશ્વાસ, વિચાર, આસ્થા, પૂજા, રોજગાર, સંગઠન અને સક્રિયતાની સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવી. તે સિવાય લઘુમતીઓ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, વંચિતો અને અન્ય પછાત વર્ગોના હિતોને ઉચિત સાર સંભાળ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી. આ રજૂઆત કરતાં નહેરુએ મહાત્મા ગાંધી અને ભારતના મહાન ભૂતકાળની સાથે ફ્રાંસ, અમેરિકા અને રશિયા ક્રાંતિના દ્રષ્ટાંતો આપ્યા. બરાબર નવ માસ પછી એજ વિશાળ સભાગૃહમાં અડધી રાત્રે આપેલ પોતાના ભાષણના તેમણે ભારતીયો પોતાના ભવિષ્ય સાથે સાક્ષાત્કાર કરી રહ્યા છે તેનું આવાહન કર્યું. 22 જુલાઈ, 1947 ના રોજ તેમણે ભારતના ત્રણ રંગોના રાષ્ટ્રધ્વજની સંકલ્પના આપી જેની મધ્યમાં ચક્ર સ્થાપિત કરવાનું હતું.

### 2.2.2 : *સરદાર પટેલ*

બંધારણ સભાના બીજા મહાનતમ નેતા સરદાર પટેલ હતા. બંધારણની ઘણી બધી સમિતિઓના કાર્યમાં ગંભીર પ્રદાન કરી તેમણે અનેક અહેવાલ તૈયાર કર્યા હતા. એટલૂ જ નહીં પરસ્પર વિરોધી વિચારસરણીવાળા બંધારણીય સભ્યો વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરી સર્વાનુમતિ સાધવાનો પ્રયત્ન કર્યો હતો. સવારના સમયે બંધારણ સભાના ઘણા બધા સભ્યો સાથે ચાલતા-ચાલતા વાતો કરતાં રહેતા લઘુમતીઓના અધિકાર પરત્વે ખૂબ મહત્ત્વપૂર્ણ કાર્ય તેમણે કર્યું હતું.

### 2.2.3 : *ડો. રાજેન્દ્રપ્રસાદ*

ડો. રાજેન્દ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ હતા અને બંધારણ પૂર્ણ થયું ત્યાં સુધી આ ગરિમાપૂર્ણ કાર્યના સર્વોચ્ચ નેતા રહ્યા. સભ્યોના આંતરિક મતભેદો વચ્ચે સમયસર બંધારણનું કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી તેમણે નિભાવવાની હતી.

### 2.2.4 : *ડો. બાબા સાહેબ આંબેડકર*

આ સિવાયના બંધારણ સભાના એક બહુ જ મહત્ત્વપૂર્ણ સભ્ય હતા ડો. આંબેડકર. તેઓ કેન્દ્ર સરકારના કાયદામંત્રી હોવાની સાથે ડ્રાફ્ટિંગ કમિટી (પ્રારૂપ સમિતિ) ના અધ્યક્ષ પણ હતા. તેમની સાથે કનૈયાલાલ મુનશી અને આલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર સમિતિમાં હતા.

### 2.2.5 : *બી. એન. રાવ*

બંધારણ સભાની આ મહાનતમ વ્યક્તિઓ સાથે જેમનું શ્રેષ્ઠતમ યોગદાન હતું તે હતા શ્રી બી.એન. રાવ . જેઓ બંધારણ સભાના સભ્ય નોહતા. પરંતુ ભારત સરકારના બંધારણીય સલાહકાર હતા અને આ આઈસીએસ ઓફિસર રહી ચૂક્યા હતા. તેમણે પશ્ચિમના ઘણા રાષ્ટ્રોની મુલાકાત લઈ લોકશાહીનો ઊંડો અભ્યાસ કર્યો હતો. પોતાના જ્ઞાન અને અનુભવો દ્વારા તેમણે ડો. આંબેડકર અને પ્રારૂપ સમિતિના અન્ય સભ્યો માટે મહત્ત્વપૂર્ણ પાદનોંધ તૈયાર કરી ખૂબ મદદ કરી હતી. બી.એન.રાવને આ કાર્યમાં ચીફ ડ્રાફ્ટ્સમેન એસ.એન. મુખર્જીએ ખાસ્સી મદદ કરી હતી. તેમણે અનેક જટિલ હઠરાવો અને કલમોને સરળ બનાવી કાયદાની ભાષામાં પ્રસ્તુત કરી આપી હતી.

ભારતીય બંધારણના નિર્માણમાં આવા મહાન લોકોના મહાન કૌશલ્યનો ઉપયોગ થયો હતો. જેને ઓસ્ટિન રાષ્ટ્રીય અને સામાજિક ક્રાંતિ કહીને બિરદાવે છે. બંધારણ સભાએ કેટલાક મહત્ત્વપૂર્ણ અને વિવસપદ મુદ્દાઓ પર સાલુકાથી કાર્ય કર્યું હતું. જેમાં રાષ્ટ્રીય ભાષા પછાત અને આદિવાસીઓ માટે અનામત સ્ત્રીઓને લગતી બાબતો માટે નાગરિકતા ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

બંધારણ ઘડતરનો ભારતીય ખ્યાલ સ્વતંત્રતા સંગ્રામમાં અવાર-નવાર જોવા મળ્યો હતો. મહાત્મા ગાંધી, લોકમાન્ય ટીળક, એમ.એન. રોય અને મોતીલાલ નહેરુ જેવા સમર્થ નેતાઓએ ભારતીય પ્રજા પોતાનું બંધારણ ઘડે તેવો મત વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસે 1935 માં બંધારણ ઘડવાનો અને બંધારણીય સભા સ્થાપવાની માંગ કરી હતી. બ્રિટિશ સરકારે ઓગસ્ટ ઓફર 1940 માં તે માંગ પહેલી વખત અંશતઃ સ્વીકારી હતી. 1942 ના ક્રિપ્સ મિશને પણ વિશ્વયુદ્ધ બાદ ભારતીયો પોતાનું બંધારણ ઘડી શકશે તેવી આશા આપી હતી. છેલ્લે 1946 ના કેબિનેટ મિશન યોજનાથી ભારતીય બંધારણ સભાનું ગઠન કરવામાં આવ્યું.

ભારતની બંધારણીય સભામાં કૂલ 389 સભ્યોનો સમાવેશ થતો હતો. જેમાના 292 સભ્યો પ્રાંતિય ધારાસભાઓમાંથી ચૂંટાયેલા અને 93 જગાઓ દેશીરજવાડાઓના સભ્યો માટે તો ચાર જગાઓ પ્રાંતના મુખ્ય કમિશનર માટે રાખવામા આવી હતી.

9 ડિસેમ્બર, 1946 ના રોજ બંધારણીય સભાનું કાર્ય શરૂ થયું અને સચ્ચિદાનંદ સિંહાને વચગાળાના અધ્યક્ષ નીમવામાં આવ્યા. 11 ડિસેમ્બર, 1946 ના રોજ ડો. રાજેન્દ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. જવાહરલાલ નહેરુએ 13 ડિસેમ્બર, 1946 ના રોજ બંધારણની પ્રસ્તાવનાનો પ્રસ્તાવ રજૂ કર્યો. બંધારણ સભાની પ્રથમ બેઠકનો મુસ્લિમ લિગે બહિષ્કાર કરતાં 211 સભ્યોની બેઠક મળી. હવે, બંધારણ સભાની કૂલ સંખ્યા 229 ભારતીય પ્રાંતોના સભ્યો અને 30 દેશીરજવાડાના સભ્યો મળીને 299 જેટલી થઈ.

### 2.2.6 : *બંધારણ સભાની સમિતિઓ*

બંધારણ સભામાં જુદા-જુદા કાર્યો માટે કુલ 22 જેટલી સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબની મુખ્ય સમિતિઓનો સમાવેશ થાય છે.

1. પ્રારૂપ સમિતિ-------------------------------- અધ્યક્ષ ડો. આંબેડકર
2. પ્રારૂપ સમીક્ષા સમિતિ........................... અધ્યક્ષ અલ્લાદી ક્રિશ્નાસ્વામી ઐયર
3. સંઘ શક્તિ સમિતિ---------------------------- અધ્યક્ષ જવાહરલાલ નહેરુ
4. પ્રાંતિય બંધારણ સમિતિ ---------------------- અધ્યક્ષ સરદાર પટેલ
5. સંચાલન સમિતિ-------------------------------અધ્યક્ષ ર્ડા. રાજેન્દ્રપ્રસાદ
6. મૂળભૂત અધિકારો અને લઘુમતીઓના
7. અધિકારોની સમિતિ---------------------------------અધ્યક્ષ સરદાર પટેલ
8. સંઘીય બંધરાણ સમિતિ------------------------ અધ્યક્ષ જવાહરલાલ નહેરુ
9. રાજય સમિતિ----------------------------- અધ્યક્ષ જવાહરલાલ નહેરુ
10. નાણાકીય અને અધિકારીઓની સમિતિ--------------------- અધ્યક્ષ ર્ડા રાજેન્દ્રપ્રસાદ
11. રાષ્ટ્રધ્વજ સમિતિ--------------------------------અધ્યક્ષ જે.બી. કૃપ્લાણી
12. વેપાર-વાણિજય સમિતિ------------------------અધ્યક્ષ કનૈયાલાલ મુનશી
13. બંધારણીય વિધાનસભાના કાર્યની સમિતિ------------------- અધ્યક્ષ જી.વી. માવળંકર

ભારતના બંધારણનું આમુખ : ભારતના બંધારણની શરૂઆત આમુખ દ્વારા થાય છે. તેમાં આદર્શો, ઉદ્દેશો અને બંધારણના મૂલભૂત સિદ્ધાંતો સમાવિષ્ટ હોવાથી તે બંધારણનો આત્મા ગણાય છે. જયારે બંધારણના કોઈપણ મુદ્દા કે કલમોનો અર્થ સંદિગ્ધ જણાય તો તેનો અર્થ સ્પષ્ટ કરવા અને તેનું યોગ્ય અર્થઘટન કરવા આમુખનો સહારો લેવો પડે છે. ઇ.સ. 1976 ના 42માં બંધારણીય સુધારા દ્વારા બંધારણના આમુખમાં સમાજવાદી અને બિનસાંપ્રદાયિક્તા એમ બે શબ્દો ઉમેરવામાં આવ્યા સાથે સાથે રાષ્ટ્રની

એકતા શબ્દની જગ્યાએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા શબ્દો ઉમેરવામાં આવ્યા. ભારતીય બંધારણનું આમુખ આ મુજબ છે :

"અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક, પ્રજાસત્તાક (ગણરાજ્ય) તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના બધા નાગરિકોને –

સામાજિક, આર્થિક અને રાજકીય................................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા ધર્મ અને ઉપાસનાની................ સ્વતંત્રતા

દરજ્જા (પ્રતિષ્ઠા) અને તક (અવસર) ની .......................... સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો છે,

અને તેઓ સર્વમાં વ્યક્તિને ગરિમા (વ્યક્તિનું ગૌરવ) અને રાષ્ટ્રની એક્તા અને અખંડતા સુદ્રઢ (સુનિશ્ચિત) કરે એવી............................ બંધુતા

વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી આ બંધારણ સભા (સંવિધાન સભા) માં 26 નવેમ્બર, 1949 (તિથિ માર્ગશીર્ષ શુક્લા સપ્તમી સંવત 2006 વિક્રમી) ના રોજ આથી આ બંધારણ (સંવિધાન) ને અપનાવી. તેને અધિનિયમિત કરી.

અમને પોતાને અર્પિત કરીએ છીએ,

We, The People of India, having Solemnly resolved to Constitute India into a Soverign, Socialist, Secular, Democratic, Republic and to secure to all its citizens –

Justice Social, Economic and Political;

Liberty of Thought, Expression, Belief, Faith and Worship;

Equality of Status and of Opportunity;

and to promote among them all

Fraternity assuring the Dignity of the individual and the Unity and Integrity of the Nation;

In our Constituent Assembly this 26 navember, 1949, do Hereby, adopt, Enact and give to ourselves this Constitution.

બંધારણ સભાએ 22 જુલાઈ, 1947 ના રોજ રાષ્ટ્રધ્વજ અને 24 જાન્યુઆરી, 1950 ના રોજ રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત સ્વીકારતો ઠરાવ પસાર કર્યો હતો. ભારત સરકારે ભારતના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સમ્રાટ અશોકનો સારનાથનો સિંહ સ્તંભલેક 26 જાન્યુઆરી 1950 ના રોજ સ્વીકાર્યો હતો. આ સ્તંભમાં ચાર સિંહની આકૃતિ જે એકબીજાની વિરુદ્ધ દિશામાં

બેઠેલા છે. તેની નીચે પદ્મ પર એક હાથી, ઘોડો, સાંઢ અને સિંહની ઊપસેલી મૂર્તિઓ છે. જ્યારે વચ્ચે ચક્ર આવેલું છે. ભારતે મૂંકોપનિષદમાંથી લીધેલ સૂત્ર સત્યમેવ જયતે ને રાષ્ટ્રીય વાક્ય તરીકે સ્વીકાર્યું છે. તે દેવનાગરીલિપિ માં લખાયેલું છે.

ભારતે રાષ્ટ્રગાન તરીકે રવિન્દ્રનાથ ટાગોર દ્વારા બંગાલી ભાષામાં લખવામાં આવેલ જનમનગણ ને સ્વીકાર્યું છે. જે સૌપ્રથમ ઇ.સ. 1911 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને કલકતા ખાતે મળેલ છે. 27 માં અધિવેશનમાં ગાવામાં આવ્યું હતું. જોકે, બંધારણે રાષ્ટ્રગાનના પાંચપદમાંથી પ્રથમ પદને સ્વીકાર્યું છે.

ભારતે વંદે માતરમનો રાષ્ટ્રગીત તરીકે સમાવેશ કાર્યો છે જે બંકિમચંદ્ર ચટોપાધ્યાયની મહાન કૃતિ આનંદમઠમાંથી લેવામાં આવ્યું છે.

સકસંવત ભારતનું રાષ્ટ્રીય પંચાંગ ગણાય છે, જેનું પ્રથમ માસ ચૈત્ર છે. ભારત સરકારે 22 માર્ચ, 1957ના રોજ તેનો સ્વીકાર કર્યો.

રાષ્ટ્રીય પ્રાણી તરીકે ભારતે વાઘ પર પસંદગી ઉતારી છે અને રાષ્ટ્રીય પક્ષી તરીકે મોરનો સ્વીકાર કર્યો છે.

ભારતના બંધારણના મુખ્ય ત્રણ સ્તંભો છે :

1) ધારાકીય તંત્ર : જેનું કાર્ય કાયદા ઘડવાનું છે. આ તંત્રમાં સંસદનો સમાવેશ થાય છે. સંસદ એટલે રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભા

2) કારોબારી તંત્ર : તેનું કાર્ય સંસદીય ભરેલા કાયદાનું અમલ કરવાનું છે. જેમાં રાષ્ટ્રપતિ, સર્વોચ્ચ વડા અને કારોબારી તંત્રમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રીમંડળ, એટર્ની જનરલ તથા સંઘ લોકસેવા આયોગના અધિકારીઓનો સમાવેશ થાય છે.

3) ન્યાયતંત્ર : ન્યાયતંત્ર કાયદાનું અર્થઘટન કરવાનું કાર્ય કરે છે. તેમાં સુપ્રિમકોર્ટ અને હાઈકોર્ટનો સમાવેશ થાય છે.

બંધારણ સભાએ 2 વર્ષ 11 માસ અને 18 દિવસનો સમય લઈ 26 નવેમ્બર, 1949 ના રોજ બંધારણ ઘડવાનું કાર્ય પૂરું કર્યું. તેના પર 284 સભ્યોએ સહી કરી હતી. ત્રણ વાંચનાઓ પૂર્ણ કરી મુખ્ય ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. બંધારણનું આખરી વાંચન 14 નવેમ્બર, 1949 થી 26 નવેમ્બર, 1949 દરમિયાન કરવામાં આવ્યું. તેના પર બંધારણ સભાના અધ્યક્ષ ડો. રાજેન્દ્રપ્રસાદે સહી કરી અને જાહેર કર્યું. બંધારણમાં 22 ભાગ, 395 કલમો અને 8 અનુસુચિઓનો સમાવેશ થાય છે. 26 જાન્યુઆરી, 1950 ના દિવસે તે અમલમાં આવ્યું. કારણ કે 31 ડિસેમ્બર 1931 ના રોજ કોંગ્રેસના લાહોર અધિવેશનમાં પૂર્ણસ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ત્યારથી 26 મી જાન્યુઆરી ના દિવસે સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.

## 2.3 સારાંશ :

લગભગ 200 વર્ષ જેટલા લાંબા ગુલામી કાળ પછી ભારત સ્વાધીન બન્યું. ત્યારે અન્ય સમસ્યાઓની જેમ એક મોટા પડકાર તરીકે બંધારણના ઘડતરનું કાર્ય કરવાનું હતું. તત્કાલિન સમયના ભારતીય નેતાઓએ આ પડકાર ઝીલી લઈ ભારતીય પ્રજાની આકાંક્ષાને અનુરૂપ બંધારણ ઘડતરનું કાર્ય આરંભ્યુ. શ્રી જવાહરલાલ નહેરુ, શ્રી સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર જેવી વિચક્ષણ પ્રતિભાઓએ પોતાના જ્ઞાન અને ડહાપણથી તે પૂર્ણ કર્યું.

## 2.4 ચાવીરૂપ શબ્દો :

***આમુખ*** આમુખ એ ભારતીય શાસન વ્યવસ્થાનું તત્વજ્ઞાન છે. બંધારણનો પ્રારંભ આમુખથી થાય છે. તેને કોઈપણ કાયદાકીય પ્રક્રિયા દ્વારા અમલી બનાવી શકાતું નથી. ભારતીય બંધારણના ઉદ્દેશો, આદર્શો, મૂળભૂત સિદ્ધાંત અને ઉત્કટ ભાવનાનો આમુખમાં સમાવેશ થાય છે. એ દ્રષ્ટિએ તે બંધારણનો આત્મા છે.

***સંસદ*** ભારતીય બંધારણે પ્રતિનિધિત્વ પ્રકારની સંસદીય લોકશાહી અપનાવી છે. સંસદીય લોકશાહીમાં સંસદ ભારતીય પ્રજાના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી હોય છે. સંસદ એટલે રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભાનું સંયુક્ત સ્વરૂપ.

***રાષ્ટ્રપતિ*** ભારતીય બંધારણ અનુસાર દેશના સર્વોચ્ચ બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. રાષ્ટ્રપતિને ભારતની પ્રજા પોતાના પ્રતિનિધિઓ મારફતે ચૂંટે છે.

***રાષ્ટ્રગાન*** કોઈપણ રાષ્ટ્રને પોતાની રાષ્ટ્રગાન હોય છે. તેમ જનગણમન એ ભારતનું રાષ્ટ્ર ગાન છે. ભારતમાં વિભિન્ન રાષ્ટ્રોપર્વો દરમિયાન, રાજકીય શૈક્ષણિક કાર્યક્રમોને અંતે ગાવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સમારંભો કે આંતરરાષ્ટ્રીય રમતોત્સવ કે જ્યાં જ્યાં ભારતે હિસ્સો લીધો હોય ત્યાં પણ રાષ્ટ્રગાન ગવાય છે.

***રાષ્ટ્રગીત*** વંદે માતર એ ભારતનું રાષ્ટ્રગીત છે. તેને પણ રાષ્ટ્રગાન જેટલો જ દરજ્જો પ્રાપ્ત થયો છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

### *(અ) નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.*

1) બંધારણ સભાના ઘડતરની રૂપરેખા આપો.

______________________________

______________________________

______________________________

2) બંધારણ સભાની વિભિન્ન  સમિતિઓ વિશે નોંધ તૈયાર કરો.

3) ભારતીય બંધારણના ઘડતરમાં ડો. બાબા સાહેબ આંબેડકરનું પ્રદાન સ્પષ્ટ કરો.

***(બ) ખાલી જગ્યા પૂરો :***

1) ભારતે ઈ.સ. ________________ બંધારણ લાગુ કર્યું હતું.

2) બંધારણ સભાએ રાષ્ટ્રગાન તરીકે ______________ સ્વીકાર કરેલ છે.

3) ભારતનું રાષ્ટ્રીય પ્રાણી _______________ છે.

4) ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન અશોકના _________________ ના અભિલેખમાંથી લેવામાં આવ્યું છે.

***સંદર્ભ પુસ્તકો :***


1) બાસુ દુર્ગાદાસ - ભારતીય બંધારણનો પરિચય, લેક્સિસ-નેકસિસ બટરવર્થ વાધવા, નાગપુર

2) પાયલી એમવી -  ભારતનું બંધારણ, એસ. ચાંદ એન્ડ કંપની

3) કશ્યપ સુભાષ – આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દિલ્હી

4) ગુહારામચંદ્ર - ભારત ગાંધી કે બાદ, પેંગવિન બુક્સ ઈન્ડિયા

5) ચંદ્રબિપિન – આઝાદી કે બાદ કા ભારત, દિલ્હી યુનિવર્સિટી

# એકમ : 3 ભારતના બંધારણના મુખ્ય લક્ષણો

:: રૂપરેખા ::

**3.0 ઉદ્દેશ્ય**

**3.1 પ્રસ્તાવના**

**3.2 ભારતીય બંધારણના મુખ્ય લક્ષણો**

**3.3 સારાંશ**

**3.4 ચાવીરૂપ શબ્દો**

**3.5 તમારી પ્રગતિ ચકાસો**

## 3.0 ઉદ્દેશ્ય :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ભારતીય બંધારણના મુખ્ય લક્ષણોની સમજ કેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

ભારતીય બંધારણ એ રાષ્ટ્રની સંહિતા છે. ભારતીય પ્રજાની આકાંક્ષા અને ભારતના ભાવીને ઘડવાનો દસ્તાવેજ છે. બ્રિટન, અમેરિકા જેવા અનેક દેશોના બંધારણમાંથી પ્રેરણા લઈને ભારત અને તેની સમાજ વ્યવસ્થાને અનુરૂપ બંધારણ ઘડતરનું કાર્ય એક કઠિન કાર્ય હતું. જ્યારે આપણે તેના લક્ષણો તપાસીએ છીએ ત્યારે તે સુપેરે સમજાય છે. સ્વતંત્રતા સંગ્રામના મૂલ્યો અને ભારતના વૈવિધ્યનો તેમાં સમાવેશ છે.

## 3.2 ભારતના બંધારણના લક્ષણો :

ભારતીય બંધારણ વિશ્વમાં કેટલાક વિશિષ્ટ લક્ષણોને લઈને વિલક્ષણ રહ્યું છે. તે લક્ષણોને સમજવા પ્રયત્ન કરીશું.

### 3.2.1 વિશ્વના બંધારણોમાંથી પ્રેરણા

ભારતનું બંધારણ અનેક વિશિષ્ટ લક્ષણો ધરાવતું દેખાય છે કારણ કે વિશ્વના મહત્ત્વપૂર્ણ બંધારણોમાંથી પ્રેરણા લઈને તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. બંધારણની ઘણી બધી બાબતો વિશ્વના જુદાં-જુદા બંધારણોમાંથી લેવામાં આવી છે. એટલે જ બંધારણ

સભામાં ખરડા સમિતિના અધ્યક્ષ ડૉ. આંબેડકરે કહ્યું હતું કે આપણને લોકો એ પ્રશ્ન પૂછી શકે છે કે આપણું બંધારણ કઈ બાબતોમાં નવીન છે. અથવા વિશ્વના બંધારણો અને આજે આપણે જે ઘડી રહ્યા છે તે બંધારણમાં શું જુદાપણું છે. તેમણે જણાવ્યુ કે વિશ્વમાં પ્રથમ લેખિત બંધારણ સર્જાયું તેને એક સદી જેટલો સમય થયો છે અને ત્યારબાદ અનેક રાષ્ટ્રોએ પોતાને ત્યાં લેખિત બંધારણોનું નિર્માણ કર્યું છે. આ બાબતો ચકાસીએ તો તમામ બંધારણો તેના હેતુઓ અને ઉદ્દેશોમાં એક સમાન દેખાય છે. કોઈ નવી બાબત હોય તો તે એ છે કે આપણાં બંધારણે વિશ્વમાં કેટલાક દોષોને દૂર કરી આપણી રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખી કેટલાક પરિવર્તનો કર્યા છે.

એનો અર્થ એ થયો કે ભારતીય બંધારણ વિશ્વના બંધારણોની શ્રેષ્ઠ બાબતોનો સમુચ્ચ છે. સાથે સાથે ભારતીય પ્રજાની આવશ્યકતાઓની પૂર્તિ કરનાર છે. તેમ છતાં ઘણા બધા વિવેચકો ભારતીય બંધારણને ઉધાર બંધારણ કરીને તેની ટીકા કરે છે. પરંતુ ભારતીય બંધારણના નિર્માતાઓ તત્કાલિન સમયના જાગૃત રાજનીતિજ્ઞો અને સ્વતંત્રા સેનાનીઓ હોઇ બહુ હેતુપૂર્વક વિશ્વના બંધારણનો સમન્વય કરે છે. ભારતીય બંધારણ ભિક્ષુ મનોવૃત્તિથી પશ્ચિમનું અનુકરણ કરી રહ્યું હોવાથી આપણાં રાષ્ટ્રીય ચારિત્ર્યને અનુકૂળ નથી અને તેને સુચારું કાર્યાન્વિત કરી શકાશે નહીં. તેવી ટીકા પણ થઈ છે. તેમ છતાં સ્વતંત્રા પછીના સિત્તેર જેટલા વર્ષો વીતી ગયા છતાં ભારતીય બંધારણ એટલુ જ સફળ રહ્યું છે. જ્યારે ભારતની સાથે સ્વતંત્ર થયેલા અનેક રાષ્ટ્રોના બંધારણો નિષ્ફળ નીકળ્યા છે.

### 3.2.2 *સંશોધનો દ્વારા સંવર્ધિત બંધારણ*

ભારતીય બંધારણ 26 નવેમ્બર 1949 ના રોજ પૂર્ણ થયું ત્યારથી લઈને આજ પર્યંત (2020) અનેક સંશોધનો દ્વારા રૂપાંતરિત થતું રહ્યું છે. ખાસ કરીને 1976ના 42માં બંધારણીય સુધારા દ્વારા બંધારણમાં વ્યાપક ફેરફાર કરવામાં આવ્યો હતો. તેની પૂર્તિ 1978-78 માં 43 અને 44 બંધારણીય સુધારા દ્વારા કરવામાં આવી. 1993 ના 73માં બંધારણીય સુધારા દ્વારા ભારતમાં પંચાયતી રાજની વ્યવસ્થિત સ્થાપના અને તેની ચૂંટણી માટે 16 જેટલી કલમો ઉમેરવામાં આવી જે બંધારણના ભાગ 9 માં સંગ્રહિત છે. તેની સાથે સાથે 11 મી અનીસૂચિમાં પંચાયતોને સોંપવામાં આવેલા કાર્યોની વિગત છે.

74 માં બંધારણીય સુધારાએ ભારતમાં નગર પાલિકાની સ્થાપના અને તેની ચૂંટણી સાથે સંબંધિત એક વધારાના ભાગ 9-ક સ્થાપિત કરી તેમાં 18 કલમો આપી છે.તેની સાથે અનુસૂચિ 12 જોડવામાં આવી છે જેમાં પંચાયતોની જેમ નગરપાલિકાને સોંપવામાં આવેલ કાર્યોની વિગત છે. આ બંને બંધારણીય સુધારા જૂન 1993 થી અમલમાં આવ્યા છે જેને ભારતીય લોકશાહીના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા શોધી પરિભાષિત કર્યા છે.

### 3.2.3 *વિશ્વનું સૌથી લાંબુ, વિશાળ અને લેખિત બંધારણ*

ભારતીય બંધારણની સૌથી મોટી વિશેષતા તે વિશ્વનું સૌથી લાંબુ અને વિસ્તૃત સમજણ સાથેનું બંધારણીય છે. ભારતીય બંધારણ ઘડાયું ત્યારે 395 કલમો અને 8 પરિશિષ્ટ હતા. જ્યારે ઇ.સ.2000 સુધીમાં 442 કલમો અને 12 પરિશિષ્ટોનો સમાવેશ થાય છે. એટલુ જ નહીં કેટલાક બંધારણીય સુધારાઓ દ્વારા કેટલીક કલમો રદ કરી તો કેટલીક કલમો અને પરિશિષ્ટો જોડવામાં પણ આવ્યા છે.

ભારતીય બંધારણ વિશાળ હોવાનું મહત્ત્વપૂર્ણ કારણ એ છે કે તેમાં વિશ્વના સર્વશ્રેષ્ઠ બંધારણોમાંથી કેટલીક મહત્ત્વની બાબતોને સ્વીકારવામાં આવી છે જેમ કે અમેરિકાના બંધારણમાંથી મૂળભૂત અધિકારો, યુકેના બંધારણમાંથી સંસદીય લોકશાહી પદ્ધતિ, આયારલેન્ડ ના બંધારણમાંથી રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને જર્મનીના સિદ્ધાંતો કટોકટી વિષયક સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. આ બધી જ બાબતોને સુવ્યવસ્થિત શબ્દોમાં ગૂંથવામાં આવી કારણ કે ભાષાકીય અનિશ્ચિતતાથી કાયદાકીય ગૂંચવાડો ટાળી શકાય.

ડો. આંબેડકરે ભારતીય બંધારણમાં વહીવટી બાબતોના સમાવેશ પર ભાર ડેટા કહ્યું હતું કે વહીવટી પધ્ધતિમાં પરીવર્તન કર્યા વગર બંધારણનો દુરુપયોગ કરવો સરળ છે અને તે ટાળવા વિસ્તૃત વહીવટી બાબતોને ટાળવા સ્પષ્ટ કરવામાં આવી છે. બંધારણની ઘણી બધી બાબતો ભારતીય વહીવટી અધિનિયમ 1935 માંથી લેવામાં આવેલ હોવાથી તેનો આકાર પણ મોટો થયો.કારણ કે 1935 નો કાયદો ઘણો લાંબો અને વિસ્તૃત હતો.વળી ભારતીય જનતા તેનાથી સુપરિચિત હતી. તેથી અન્ય બંધારણો કરતાં ભારતીય બંધારણને નવજાત લોકશાહી રાષ્ટ્રમાં ચલાવવું સરળ બનાવવા પણ  આમ કરવું પડ્યું. તમામ બાબતોના સમાવેશની ભાવનાને કારણે ભારતીય બંધારણ સંઘ અને રાજ્યની વચ્ચે શક્તિના વિભાજન ઉપર ખાસ્સી ચર્ચા કરે છે. તેજ કારણે અમેરિકા કેનેડા અને ઓસ્ટ્રેલિયાના બંધારણમાં સમાવિષ્ટ બાબતોના સરવાળા કરતાં પણ વધારે કલમો આ મુદ્દે ભારતીય બંધારણમાં આવેલી છે.

આપણે ભારતીય બંધારણને વિશ્વની નજરે ન જોઈ શકીએ તેનું એક કારણ ભારતીય સમાજનું માળખું છે. ભારત અનેક જાતિઓ, જનજાતિઓ અને ભાષાઓ ધરાવતું રાષ્ટ્ર છે. પરિણામે ભાગ-17 રાજભાષા સાથે અને ભાગ-18 કટોકટી જેવી બાબતો સાથે તો ભાગ-16 માત્ર અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ અને પછાત વર્ગો વિષે ખાસ સંબંધિત છે.

અમેરિકાના બંધારણમાં રાજ્યો પોતાનું અલગ બંધારણ બનાવી શકે છે. જ્યારે ભારત સંઘ અને રાજ્ય બંનેનું સંયુક્ત બંધારણ ધરાવે છે. જેને માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવી પડે તેમ હોઇ તેનો આકાર વધ્યો છે. એટલુ જ નહી જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યને એક વિશિષ્ટ છૂટ બંધારણમાં આપવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરની જેમ જ

કેટલાક રાજયોની પ્રાદેશિક સમસ્યાઓ અને માંગણીઓને કારણે કેટલીક વિશિષ્ટ કલમો જેમ ક 371, 371-ઝને ઉમેરવામાં આવી છે. આવા વિશિષ્ટ કારણોસર વિશ્વના અન્ય બંધારણો કરતાં ભારતીય બંધારણ એક અર્થમાં લાંબુ અને વિશાળ બન્યું છે.

### 3.2.4 *કઠોર અને તરલ સ્વરૂપનું બંધારણ*

ભારતના બંધારણનું આ એક વિશિષ્ટ બંધારણ છે. તે સંશોધનો માટે અત્યંત તરલ છે. કેટલીક વિશિષ્ટ બાબતોને છોડીએ તો સંશોધન માટે રાજ્યની વિધાનસભાઓના સમર્થનની અપેક્ષા છે. તેમ છતાં તેમાંની અડધી સભાઓનું સમર્થન પર્યાપ્ત છે. બંધારણમાં કોઈ પણ સંશોધન કે સુધારો કરવા સંસદ બહુમતીથી નિર્ણય લઈ શકે છે. જેથી બંધારણીય સુધારો સરળતાથી થાય છે. તો કેટલાક બંધારણીય સુધારામાં સંસદ સાદી બહુમતિથી સુધારો કરવા શક્તિમાન છે. જેમાં રાજયોનું નામ કારણ અને તેની સીમાઓ અને ક્ષેત્રોનું પરિવર્તન અને રાજ્યનું વિભાજન જેવી બાબતોનો સમાવેશ થાય છે. એ દ્રષ્ટિએ ભવિષ્યમાં પણ બંધારણીય સુધારા સરળતાથી થાય તેઓ પ્રયત્ન બંધારણ નિર્માતાઓએ કર્યો છે.

### 3.2.5 *લેખિત બંધારણ અને સંસદીય પ્રભુતાનો સમન્વય*

ભારતીય બંધારણ અમેરિકાના લેખિત બંધારણ પાછળ રહેલ કાયદાની પ્રક્રિયા અને ઈંગ્લેન્ડના અલેખિત બંધારણના સંસદીય પ્રભતાના સિદ્ધાંત સાથે સમાનવ્ય સાંધે છે એટલે જ જવાહરલાલ નહેરુ એ મહત્તમ ઠોસ અને સ્થાયી બનાવવાનો વિચાર કર્યો હતો જોકે બંધારણ સ્થાયી હોતું નથી એટલે તેને તરલ બનાવવું રહ્યું. એટલે કઠોર અને સ્થાયી બંધારણ રાષ્ટ્રનો વિકાસ અવરોધે તે ઉચિત નથી. પરિવર્તનની સાથે તેનું અનુકૂલન સાધવું જોઈએ. એટલે જ બંધારણના અમલીકરણના ચચાસ વર્ષોમાં 83 જેટલા બંધારણીય સુધારા કરવામાં આવ્યા હતા. એવા કેટલાક સુધારાથી બંધારણમાં માર્મિક પરિવર્તન થયું છે. 1976 પછી જે સંશોધનો કે સુધારા થયા તેને એ સાબિત કર્યું કે સત્તા પર રહેલ પક્ષ 2/3 બહુમતિથી સુધારો કરી શકે છે. જે કાયમ માટે શક્ય નથી.

### 3.2.6 *મૂળભૂત અધિકારો અને સંવિધાનિક ઉપાયો*

ભારતીય બંધારણના ભાગ-3 માં આવેલ મૂળભૂત અધિકારોનું હનન થાય તો તેની સામે ઉચ્ચ ન્યાયાલય કેટલીક વિશિષ્ટ રીટ દ્વારા પ્રતિબંધ મૂકે છે. સામે રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ન્યાયાલયો દ્વારા પ્રવર્તનીય નથી. ભારતીય બંધારનું આ એક વિશિષ્ટ ગણાય છે. કારણ કે તેમાં વ્યક્તિની સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

### 3.2.7 *સંસદ અને ન્યાયતંત્ર વચ્ચે સમનવયી કરણ*

ભારતીય બંધારણે સંસદીય પ્રભુતા અને ન્યાયિક પૂનરાવલોકનની કલમો વચ્ચે એક વિશિષ્ટ સમનવય કરણ કર્યું છે. શાસન તંત્રના વિભિન્ન અંગો વચ્ચે શક્તિ સમતુલા

જળવાઈ રહે તેમજ તે આત્યંતિક કક્ષાએ ન જાય તેવો માર્ગ કાઢી બંધારણે લોકાભિમુખ બનાવ્યું છે. આપણે એને સંવિધાનનો સેફ્ટીવાલ્વ કહી શકીએ. કોઈ એક સત્તાનો બીજી સત્તા પર અતિક્રમણ અશક્ય બનાવવા ભારતીય બંધારણે આવું વિશિષ્ટ લક્ષણ ઊભું કર્યું છે. જેમાં સર્વોચ્ચ સત્તા ભારતીય બંધારણમાં નિહિત છે.

### 3.2.8 *સાર્વજનિક મતાધિકાર*

ભારતીય બંધારણે પુખ્તવયના તમામ નાગરિકોને લિંગ, સંપત્તિ, ધર્મ, જ્ઞાતિના ભેદભાવ વિના મતાધિકાર આપ્યો છે. જે ઈંગ્લેન્ડ અને અમેરિકાથી વધારે વ્યાપક છે. બંધારણ ભારતીય પ્રજાએ પોતાને સમર્પિત કર્યું છે તે દર્શાવે છે જે ભારતીય બંધારણ નાગરિકોને પ્રભુત્વ સોંપે છે. આધુનિક લોકશાહીમાં મતાધિકાર એટલું પ્રભાવી માધ્યમ છે જે નાગરિક શાસન દર્શાવે છે. વિશાળ જનસંખ્યા અને નિરક્ષરતા ધરાવતા રાષ્ટ્ર માટે આ એક વિશિષ્ટ બાબત બની છે. 1996 સુધીમાં 11 સામાન્ય ચૂંટણીઓ યોજાઇ જેમાં છેલ્લે મતાધિકાર ધારવતા નાગરિકોની સંખ્યા 55 કરોડ જેટલી રહી છે. ભારતે સંસદીય પ્રણાલી સ્વીકારી સંસદ અને કાર્યપાલિકાને એકબીજાથી સ્વતંત્ર બનાવી.

### 3.2.9 *મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો*

ભારતીય બંધારણમાં 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા 51-ક કલમને જોડવામાં આવી છે. તે પ્રમાણે ભારતીય નાગરિકો માટે મૂળભૂત ફરજોનો નિર્દેશ કરાયો છે. જોકે તેનાથી મૂળભૂત અધિકાર પર કોઈ નિયંત્રણ આવતું નથી.

### 3.2.10 *સંઘીય પ્રણાલી*

ભારતીય બંધારણે પરિસંઘ પ્રણાલીને એક રાષ્ટ્રના સિદ્ધાંતમાં ગોઠવીને મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. કેટલાક વિશિષ્ટ સંજોગોમાં તેનો ઉપયોગ સંઘ દ્વારા રાજ્યોની શક્તિ પર નિયંત્રણ મૂકવા માટે કરવામાં આવે છે. સંઘ અને રાજ્યો વચ્ચે આ પ્રકારનો સંબંધ ઊભો કરવો આવશક્તા હતી. 562 જેટલા દેશી રજવાડાઓને ભારતીય સંઘમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા ત્યારે આપણે જોઈ શક્યા કે બંધારણ કર્તાઓએ સંઘને શા માટે શક્તિશાળી બનાવ્યો છે. 1935ના કાયદાથી જે સમસ્યાનું નિરાકરણ આળવી શકાયું નોહતું તે બંધારણ સભાએ બહુ સરલતા પૂર્વક સફર બનાવ્યું. સમગ્ર ભારતીય ઉપમહાદ્વીપ એક રાજયનું સ્વરૂપ પામે વિશ્વ ઈતિહાસની આ અભૂતપૂર્વ ઘટના છે. વળી 1935 ના સૂચિત સમવાયતંત્ર કરતાં ઘણું વિશિષ્ટ કહી શકાય તેવું માળખું બંધારણ સભાએ ઊભું કર્યું.

## 3.3 *સારાંશ :*

ભારતીય બંધારણ વિશ્વના બંધારણોમાં અનોખુ છે. એક રીતે તેમાં વૈશ્વિક બંધારણો અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો સમન્વય દેખાય છે. સંસદીય પદ્ધતિનો સ્વીકાર કરવાની સાથે બંધારણને તરલ બનાવવાનો પ્રયત્ન થયો છે. તે તેના લક્ષણો જોતા

જણાય છે. બંધારણીય સુધારાની લાક્ષણિકતા એ ભવિષ્યના પડકારોને પહોંચી વળવાનું સામર્થ્ય બતાવે છે.

## 3.4 *ચાવીરૂપ શબ્દો :*

***સંસદીય પ્રભુતા*** ભારતના બંધારણે ઈંગ્લેન્ડના અલેખિત બંધારણના સંસદીય પ્રભુતાના સિદ્ધાંતને સ્વીકાર્યો છે. એટલે સંસદ એ સર્વોચ્ચ સ્થાને છે. એ સંદર્ભે ભારતમાં સર્વોચ્ચસત્તા સંસદની અને તત્વતઃ ભારતીય પ્રજાના હાથમાં છે.

***સંઘીય પ્રણાલી*** ભારત એ રાજ્યોનો સંઘ છે. એટલે રાજ્ય અને કેન્દ્ર વચ્ચે સંબંધો સ્પષ્ટ કરવા જરૂરી છે. સંઘીય પ્રણાલી એટલે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની સરળતાપૂર્વક ગોઠવણી બંને વચ્ચે એટલે ક સંઘ અને રાજ્યો પોત-પોતાના ક્ષેત્રો વહેંચવામાં આવ્યા છે.

***બિનસાંપ્રદાયિક્તા*** ભારતીય બંધારણ ભારતને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે ઉલ્લેખે છે. એટલે કે ભારત ધર્મનિરપેક્ષતા કે પંથનિરપેક્ષતા ધરાવે છે. એક દ્રષ્ટિએ જોઈએ તો ભારતીય બંધારણ અનુસાર ભારતનો કોઈ રાજ્ય ધર્મ નથી. તમામ નાગરિકોને ગમે તે ધર્મ પાળવાની છૂટ આપવામાં આવે છે.

***સાર્વજનિક મતાધિકાર*** કોઈપણ જાતના ભેદભાવ વિના તમામ પુખ્તવયના નાગરિકોને મત આપવાનો અધિકાર બંધારણે આપ્યો છે.

## 3.5 *તમારી પ્રગતિ ચકાસો :*

***(અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો.***

1) ભારતીય બંધારણની મુખ્ય લાક્ષણિકતાઓ ચર્ચો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

2) સંઘીય પ્રણાલી એ ભારતીય બંધારણનું પ્રમુખ લક્ષણ છે. – વિધાન સ્પષ્ટ કરો.

________________________________________

________________________________________

________________________________________

3) ભારતીય બંધારણ કઠોર અને તરલપણાનો સમન્વય છે. તેમ તમે માનો છો ?

***(બ) ખાલી જગ્યા પૂરો.***

1) ભારતનું બંધારણ મોટેભાગે __________ કાયદા પર રચાયેલું છે.

2) ભારતીય બંધારણે સંસદીય શાસન પ્રણાલીનો સિદ્ધાંત __________ ના બંધારણમાંથી સ્વીકાર્યો છે.

3) અમેરિકાના બંધારણમાંથી ભારતે ___________ નો સ્વીકાર કર્યો છે.

4) કટોકટીનો સિદ્ધાંત ભારતે _______________ ના બંધારણમાંથી સ્વીકાર્યો છે.

***સંદર્ભ પુસ્તકો :***

1) બાસુ દુર્ગાદાસ - ભારતીય બંધારણનો પરિચય, લેક્સિસ-નેકસિસ બટરવર્થ વાધવા, નાગપુર

2) પાયલી એમવી - ભારતનું બંધારણ, એસ. ચાંદ એન્ડ કંપની

3) કશ્યપ સુભાષ – આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દિલ્હી

4) ગુહારામચંદ્ર - ભારત ગાંધી કે બાદ, પેંગવિન બુક્સ ઈન્ડિયા

5) ચંદ્રબિપિન – આઝાદી કે બાદ કા ભારત, દિલ્હી યુનિવર્સિટી

# એકમ : 4 ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો

:: રૂપરેખા ::

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 મૂળભૂત અધિકારોના અર્થ અને તેનું મહત્ત્વ

4.3 મૂળભૂત અધિકારોનું વર્ગીકરણ

4.4 સારાંશ

4.5 ચાવીરૂપ શબ્દો

4.6 તમારી પ્રગતિ ચકાસો

## 4.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- મૂળભૂત અધિકારોનો અર્થ સમજી શકશો અને તેનું મહત્ત્વ સમજી શકશો.
- ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોને જાણી શકશો.
- મૂળભૂત અધિકારોના પાલન માટે બંધારણે કરેલ વ્યવસ્થા સમજી શકશો.
- હાઇકોર્ટ અને સુપ્રિમકોર્ટ મૂળભૂત અધિકારોના ભંગ વિરુદ્ધ કેવી રીતે ન્યાય આપે છે તે પ્રક્રિયા જાણી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

સામાન્ય રીતે અધિકાર એટલે રાષ્ટ્રમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ માટે ઉપયોગમાં લેવામાં આવતા હક્કો જે રાજ્ય દ્વારા લાગુ કરવામાં આવે છે. આ અધિકારો નાગરિક જીવનના અત્યંત આધારભૂત અને આવશ્યક લક્ષણો હોય છે. જે મૂળભૂત આવશ્યકતાઓને અધિકાર તરીકે બંધારણમાં મૂકવામાં આવ્યા છે. તેને મૂળભૂત અથવા મૌલિક અધિકારો કહેવામા આવે છે.

## 4.2 મૂળભૂત અધિકારોના અર્થ અને તેનું મહત્ત્વ :

બંધારણ એ કોઈપણ રાષ્ટ્રનો કાયદા ગ્રંથ છે. એ દ્રષ્ટિએ ભારતીય બંધારણમાં મૂળભૂત કે મૌલિક અધિકારોને નાગરિકોના સંપૂર્ણ વિકાસ સાથે સાંકળવામાં આવ્યા છે. મૂળભૂત અધિકારો રાષ્ટ્રના નાગરિકોને સ્વતંત્ર, સુરક્ષિત અને આનંદપ્રદ જીવન ઉપલબ્ધ કરાવે છે. તે નાગરિકોના લોકતાંત્રિક સમાજની આવશ્યકતાની પૂરતી કરે છે. રાષ્ટ્રના પછાત અને લઘુમતી સમુદાયના લોકોની સુરક્ષા અને વિકાસની ભાવના પણ તેમાં રહેલી છે. અભિવ્યક્તિ અને ધર્મની સ્વતંત્રતા વગર લોકશાહીના મૂલ્યો ટકી શકતા નથી. ભારત જેવા બહુભાષીય, બહુધર્મિય વિભિન્ન પ્રકારની સામાજિક આર્થિક પરિસ્થિતિઓ માટે તો તે અત્યંત ઉપકાર છે. તેણે ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર નિર્માણ સાથે અનેક વિધ બાબતોમાં શાંતિ અને સદભાવનાની સ્થાપના કરી છે.

મૂળભૂત અધિકારો ભારતના સામાજિક હિતોની સ્થિતિને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. કલ્યાણ રાજયનો આદર્શ ચરિતાર્થ કરવા માટે તેના પર કેટલાક પ્રતિબંધો પણ મૂકવામાં આવ્યા છે. આ અધિકારોનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ કે રાજ્ય પોતાના સ્થાપિત હિતોની પૂરતી કરવા માટે કરી શકતું નથી. કોઈ વ્યક્તિ કે સંસ્થા તેનો ભંગ કરે તો ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલય તેની વિરુદ્ધ કાયદો બનાવી શકે.

બંધારણની સ્થાપના સમયે ભારતીય બંધારણમાં સાત મૂળભૂત અધિકારોની સમાવેશ થતો હતો. પરંતુ 1978ના 44માં બંધારણીય સુધારા દ્વારા સંપત્તિના અધિકારને મૂળભૂત અધિકારની સૂચિમાંથી રદ કરવામાં આવતા બંધારણમાં છ મૂળભૂત અધિકારોનો સમાવેશ થાય છે.

ભારતમાં મૂળભૂત અધિકારો સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અવારનવાર માંગવામાં આવ્યા હતા. સાયમન કમિશન અને 1935 ના ભારત શાસન અધિનિયમે મૂળભૂત અધિકારોની બાબતને ઠુકરાવી દીધી હતી. 1938 ના નહેરુ રિપોર્ટમાં નાગરિક સ્વતંત્રતા માટે ખાસ માંગણી કરવામાં આવી હતી. ભારતીય બંધારણે ભાગ-3 માં મૂળભૂત અધિકારોની ચર્ચા કરી છે. જે કેટલાક ખાસ આપવાદોને બાદ કરતાં ભારતીય નાગરિકોને વ્યાપક સ્વતંત્રતા આપે છે. ભારતીય બંધારણે કલમ-13 ના ખંડ 2 માં સ્પષ્ટ જણાવ્યુ છે કે રાજ્ય એવો કોઈ કાયદો બનાવી નઇ શકે જેનાથી નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવાઇ જાય અથવા તે ન્યૂનતમ બને તેના ઉલ્લઘન માટે બનાવાયેલ પ્રત્યેક કાયદો માત્રાની દ્રષ્ટિ શૂન્ય રહેશે.

## 4.3 : *મૂળભૂત અધિકારોનું વર્ગીકરણ :*

ભારતીય બંધારણના ભાગ-3 માં મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. અન્ય બંધારણોની અપેક્ષાએ ભારતીય બંધારણે તેની વિસ્તાર પૂર્વક વ્યાખ્યા કરી છે. ભારતીય બંધારણે મૂળભૂત અધિકારોને સાત સમૂહમાં વર્ગીકૃત કર્યા છે જેમ કે

1. સમાનતાનો અધિકાર

2. સ્વતંત્રતાનો અધિકાર
3. શોષણ વિરુદ્ધનો અધિકાર
4. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
5. સાંસ્કૃતિક બાબતો અને શિક્ષણનો અધિકાર
6. સંપત્તિનો અધિકાર
7. બંધારણીય ઇલાજોનો અધિકાર

ઉપર્યુક્ત મૂળભૂત અધિકારોમાંથી સંપત્તિના અધિકારને 44માં બંધારણીય સુધારા દ્વારા નાબૂદ કરવામાં આવ્યો છે. એટલે હવે ભારતીય બંધારણની કલમ 19-1 માં છ મૂળભૂત અધિકારોનો સમાવેશ થાય છે.

**4.3.1 : *સમાનતાનો અધિકાર***

સમાનતાના અધિકારનો અર્થ થાય છે કે ભારતના તમામ નાગરિકોને સમાન તક અને સુવિધાઓ પ્રદાન કરવી. ધર્મ, જાતિ. જન્મસ્થાન કે અન્ય કોઈપણ ભેદભાવો પર પ્રતિબંધ મૂકવો અને આર્થિક અને સામાજિક અસમાનતા દૂર કરવી.

અ) કાયદા સમક્ષ સમાનતા

બંધારણે આ અધિકારની ચર્ચા કરતાં કહ્યું છે કે "રાજ્ય ભારતીય રાજ્ય ક્ષેત્ર કોઈપણ વ્યક્તિ માટે સમાનતા લક્ષી કાયદાથી વર્તશે અને કોઈપણ નાગરિકને સમાન કાયદાકીય સુરક્ષાથી વંચિત કરી શકશે નહીં. એટલે કે કાયદાની દ્રષ્ટિ તમામ નાગરિક એક સમાન છે. અને તમામને સમાન અધિકાર માટે ઉચ્ચતમ ન્યાયાલય સુધી જવાનો અધિકાર છે.

બ) ભેદભાવ પર પ્રતિબંધ

બંધારણે એ નિર્દેશ કર્યો છે કે રાજ્ય કોઈપણ નાગરિક સાથે ધર્મ, લિંગ, જાતિ અથવા સમુદાયના આધારે ભેદભાવ રાખી શકશે નહીં. સરકાર દ્વારા નિર્મિત તમામ સાર્વજનિક સ્થળો પર કોઈપણ નાગરિકને પ્રવેશ માટે વંચિત કરી શકાશે નહીં.સરકાર ઈચ્છે તો મહિલાઓ, બાળકો અને પછાત જાતિઓ માટે વિશેષ સુવિધા આપી શકશે.

ક) તકની સમાનતા

ભારતીય બંધારણની કલમ-16 તમામ નાગરિકોને રાજ્યના કોઈપણ પદ પર નિયુક્ત થવા સમાન તક આપે છે. કોઈપણ નાગરિક ધર્મ, જાતિ, લિંગ કે જન્મસ્થાનના આધારે કોઈ પદ માટે પાત્ર કે અપાત્ર ઘણી શકાશે નહીં. આ કલમથી તમામ નાગરિકોને સમાન તક અભિપ્રેત છે. જેનાથી અસમાનતાઓ દૂર થઈ શકે. જુદી-જુદી શ્રેણી પર નિયુક્ત થવા યોગ્યતા જ એક માત્ર માપદંડ રહેશે. કોઈપણ વ્યક્તિને તેની જાતિ કે ધર્મના આધારે નિમ્ન શ્રેણીમાં લાવી શકાશે નહીં. એઇડ્સના દર્દીઓ પણ સરકારી નોકરી મેળવી

શકે તેવું બંધારણ સ્પષ્ટ પણે માને છે. રાજ્ય અને કર્મચારી વચ્ચે સ્વામી અને સેવકનો સંબંધ સ્થાપિત થઈ શકે નહીં. તકની સમાનતા સ્ત્રીઓ અને પુરુષો કે જાતિ વિભેદ કે સ્થાનીય વિભેદની વિરુદ્ધ રક્ષણ આપે છે. સંઘ અને રાજ્યો સાથે સંકળાયેલ સેવાઓ અને પદો માટે નિમણૂક વખતે અનુસુચિત જાતિ અને જનજાતિઓને તેમના સામાજિક સ્થાનને ધ્યાનમાં રાખીને કેટલીક ખાસ છૂટછાતો આપવામાં આવી છે જેને કલમ-335 અનુવયે અનામતની જોગવાઈ કરવામાં આવી છે. સામાજિક સમાનતાનો વિકાસ કરવા માટે આ વિશિષ્ટ માર્ગ કાઢ્યો છે. જેનાથી અસ્પૃશ્યતા જેવા સામાજિક અનિષ્ટો દૂર કરી શકાય. અને એટલે જ કલમ-17માં અસ્પૃશ્યતાનો અંત કરવામાં આવ્યો છે. જેનાથી અનુસૂચત જાતિનો નાગરિક વિભેદીકરણનો શિકાર ન થાય.

ડ) અશ્પૃશ્યતાનું નિર્મૂલન

ભારતીય બંધારણે અશ્પૃશ્યતાનો વિરોધ કરી તેના કોઈપણ સ્વરૂપ પર પ્રતિબંધ મૂક્યો છે અને તેના ઉલ્લંઘનણે દંડનીય સાબિત કર્યો છે. કોઈ પણ નાગરિક અસ્પૃશ્યતા વિરુદ્ધ આ આધિકરાનો પ્રયોગ કરી શકે છે. જેમ કે,

1) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અશ્પૃશ્યતાનો પ્રચાર કરવા પર

2) અનુસુચિત જાતિના નાગરિકને અશ્પૃશ્યતાના બહાને અપમાનિત કરવા પર

3) જાહેર કે સાર્વજનિક સ્થળો પર કોઈ નાગરિકને અશ્પૃશ્ય હોવાને કારણે પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવા પર

4) મંદિર જેવા ધાર્મિક સ્થળ પર કોઈપણ નાગરિકને પૂજાપાઠ કરવા રોકવા પર

ઇ) ઉપાધિઓનું નિર્મૂલન

બંધારણે ભારતીય વિદેશી એમ તમામ પ્રકારની સામાજિક પ્રતિષ્ઠા વધારતી ઉપાધિઓનું નિર્મૂલન કર્યું છે. તેનાથી બ્રિટિશ સરકાર દ્વારા આપવામાં આવેલી સર, નાઈટ, હૂડ જેવી વગેરે ઉપાધિઓ બંધ કરવામાં આવી છે. બંધારણે શિક્ષણ સંસ્થાઓ અને શૈન્ય દ્વારા અપાતી પદવીઓ ચાલુ રાખી સામાજિક પદવીઓ બંધ કરી. કોઈપણ નાગરિક પોતાની વિશેષ યોગ્યતાથી કે મહત્ત્વપૂર્ણ સામાજિક, શૈક્ષણિક કે વૈજ્ઞાનિક અથવા મનોરંજનના ક્ષેત્રે પ્રદાન કરે તો તેવા નાગરિકોને ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રી દ્વારા કેટલીક વિશિષ્ટ ઉપાધિ આપવામાં આવે તેણે યોગ્ય ઠરાવે છે. તેજ રીતે અપ્રતિમ શૌર્ય દાખવનાર સૈનિક કે સેના અધિકારીને પરમવીર ચક્ર તથા અન્ય વિશિષ્ટ સેવા ચંદ્ર પ્રદાન કરી શકાય છે.

### **4.3.2 :** ***સ્વતંત્રતાનો અધિકાર***

સમાનતાની જેમ સ્વતંત્રતાનો અધિકાર એ લોકશાહીની હાર્દ છે. ભારતીય બંધારણે કુલ છ જેટલી સ્વતંત્રતાના અધિકાર ભારતીય નાગરિકોને આપ્યા છે.

ભારતીય બંધારણની કલમ-19 ભારતીય નાગરિકોને સ્વતંત્રતાનો અધિકાર આપે છે. આ કલમ પ્રમાણે તમામ નાગરિકોને

અ) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો

વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર સૌથી મહત્ત્વપૂર્ણ છે. તે વ્યક્તિગત અને પ્રેસ એમ બંનેને સ્વતંત્રતા આપે છે. કોઈપણ નાગરિક ગેરકાદેસર રીતે આ અધિકારોનો ઉપયોગ કરી શકતો નથી. સરકાર કેટલાક વિશિષ્ટ સંજોગોમાં તેના પર તર્ક બદ્ધ રીતે પ્રતિબંધ લગાવી શકે છે. જેમાં જનતાના વિશાળ હિતનો ખ્યાલ હોય કે ભારતની અખંડિતાનું ઉલ્લંઘન અથવા તો રાજ્યની સુરક્ષા માટે ખતરા રૂપ હોય તો સરકાર તેના પર પ્રતિબંધ મૂકી શકે છે.

બ) શાંતિપૂર્વક અને હથિયારો વગર સંમેલન કરવાની સ્વતંત્રતા

ભારતનું બંધારણ તમામ નાગરિકોને હથિયારો વગર શાંતિપૂર્ણ રીતે એકત્રિત થવાની સ્વતંત્રતા આપે છે. લોકો ભેગા મળીને સભાઓ કરી શકે, જુલુશ કાઢી શકે તેમજ પોતાના વિચારની અભિવ્યક્તિ માટે રેલી અને સરઘસોનું આયોજન કરી શકે. જોકે લોકશાહીના મૂલ્યોને હાનિ પહોંચતી હોય તો તેવી સભોઓ કે રેલીઓ પર સરકાર પ્રતિબંધ મૂકી શકે છે.

ક) સભા કે સંઘ-સંગઠન રચવાની સ્વતંત્રતા

નાગરિકોને વ્યક્તિત્વ વિકાસ માટે કોઈપણ સંઘ કે સંગઠન સ્થાપવાની સ્વતંત્રતા બંધારણે આપી છે. નાગરિકો, રાજકીય પક્ષો, સામાજીક સંગઠનો, વ્યાપારિક સંગઠનોનું નિર્માણ કરી શકે છે. જેનાથી સુરક્ષાને હાનિ પહોંચે કે નૈતિક મૂલ્યોનો હ્રાસ થાય તેના પર સરકાર પ્રતિબંધ મૂકી શકે છે.

ડ) ભારતના તમામ પ્રદેશોના મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા

ભારતનું બંધારણ પ્રત્યેક નાગરિકેન ભારત સંઘની સરહદોમાં કોઈપણ પ્રતિબંધ વગર વિચરણ કરવાની છૂટ આપે છે. જો આવા વિચરણથી સામાન્ય જનતાના હિતો કે જનજાતીય લોકોના હિતો કે સુરક્ષાને હાનિ પહોંચતી હોય તો સરકાર તેના પર પ્રતિબંધ લગાવી શકે છે.

ઇ) ભારતના કોઈપણ ભાગમાં વસવાટ કરવાની સ્વતંત્રતા

ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકોને કોઈપના જગ્યાએ રહેવાની છૂટ આપે છે.

ઈ) કોઈપણ વ્યાપર-કારોબાર કે જીવિકા પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા

ભારતીય બંધારણ તમામ નાગરિકોને તેમની ઈચ્છા અનુસાર વ્યાપર-ધંધા કરવાની છૂટ આપે છે. સામાજિક અનિષ્ટો ઊભા કરે તેવા ધંધા કે રોજગાર પર પ્રતિબંધ મૂકે છે. વળી કેટલાક વ્યવસાય માટે યોગ્યતાના માપદંડોને પણ સ્વીકારવામાં આવ્યા છે, જેમ કે કોઈપણ વ્યક્તિ યોગ્યતા વગર અધ્યાપક કે ડોક્ટર બનવાનો દાવો કરી શકે નહીં.

ઉપર્યુક્ત સ્વતંત્રતાઓને કટોકટીની સ્થિતિમાં સ્થગિત કરી શકાય છે. આંતરિક અશાંતિ કે રાષ્ટ્રીય કટોકટીના સમયે જીવન જીવવાના અને સ્વતંત્રતાના અધિકાર સિવાયના તમામ અધિકારો સ્થગિત બકરી શકાય છે. પરંતુ સ્થિતિ સામાન્ય થતાની સાથે જ તમામ સ્વતંત્રતાઓ અને મૂળભૂત અધિકારો ફરીવાર લાગુ કરવામાં આવે છે.

બંધારણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કોઈપના વ્યક્તિ પર ગેરકાયદેસર દંડ કરવામાં આવ્યો હોય તો તે પોતાના બચાવ માટે અપીલ કરી શકે છે. તે કાયદાકીય સહાય માંગી શકે છે. એટલુ જ નહીં એક જ અપરાધ માટે એકથી વધારે સજાઓ વિરુદ્ધ ન્યાય માંગી શકે છે અને ન્યાયાલય સમક્ષ પોતાનો બચાવ કરી શકે છે.

બંધારણે તમામણે જીવન જીવવાનો અધિકાર આપ્યો છે. સરકારના કોઈ મનગડંતર હસ્તક્ષેપ વિરુદ્ધ વ્યક્તિ ન્યાય માંગી શકે છે.  કોઈપણ વ્યક્તિને વ્યક્તિગત રીતે કે સંસ્થાની ઇચ્છાને આધારે પ્રતાળિત કરી શકાશે નહીં. તેમજ ગેરકાયદેસર ગોંધી રખાશે નહીં. માત્ર કાયદાના ઉલ્લંઘનના કિસ્સામાં વ્યક્તિની ધરપકડ કરી શકાશે.

બંધારણે પૂર્વ સુચના વગર ધરપકડ કરાયેલા લોકોને પણ સુરક્ષા આપી છે. વ્યક્તિની ધરપકડના ચોવીસ કલાકની અંદર તેને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવો આવશ્યક છે. ન્યાયાધીશની પરવાનગી વગર કોઈપણ નાગરિકને ચોવીસ કલાકથી વધારે કેદમાં રાખી શકાશે નહીં.

જો સરકારને તેમ લાગે કોઈ વ્યક્તિ રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરારૂપ છે તો તેના પર કેસ ચલાવ્યા વગર તેની ધરપકડ કરી શકે છે. પરંતુ હાઇકોર્ટના ન્યાયાધીશને સમકક્ષ પદવી ધરાવતા બોર્ડની આજ્ઞા વગર ત્રણ મહિનાથી વધારે સમય સુધી કેદમાં રાખી શકાશે નહીં.

### 4.3.3 : *શોષણ વિરુદ્ધનો અધિકાર (કલમ 23 અને 24)*

ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો આખો ઇતિહાસ અંગ્રેજોના ઊ) શોષણ શોષણ સામેનો સંઘર્ષ છે. એટલુ જ નહીં સેકડો વર્ષોથી ભારતીય પ્રજા જાગરદારો કે જમીનદારોના શોષણની ભોગ બનતી રહી છે. મધ્યકાલીન ભારતમાં બહુ મોટા પ્રમાણમાં ગરીબો વેઠ કરતાં હતા.

ભારતીય બંધારણે કોઈપણ પ્રકારની વેઠ પર પ્રતિબંધ મૂક્યો છે. વેઠ એ દંડનીય કૃત્ય ગણાય છે. બંધારણે બાળ મજૂરી રોકવા અને તેમનું શોષણ થતું અટકવવા ચૌદ વર્ષથી નીચેની વયના બાળકો ખાણ, કારખાના ,અને જોખમી વારી નોકરીઓમાં લેવા પ્રતિબંધ ફરમાવ્યો છે. 1952 ના ખાણ અધિનિયમથી બાળકોને આવી નોકરીમાં મૂકવા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતીય બંધારણે માનવના ખરીદ વેચાણ પર અને દાસ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે.

### 4.3.4 : *ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (કલમ 25 થી 28)*

ભારતના બંધારણમાં બિન સાંપ્રદાયિક ભારતની સ્થાપના કરવામાં આવી છે. એટલે કે સરકાર કોઈપના ધર્મમાં હસ્તક્ષેપ કરી શક્તિ નથી કે કોઈપણ ધર્મનો પ્રચાર-પ્રસાર કરી શક્તી નથી. આમ કરવાનું કારણ ભારતમાં અનેક ધર્મોની હાજરી છે. હિન્દુ, મુસલમાન, શીખ, ઈસાઈ, પારસી, જૈન, બૌદ્ધ ધર્મ પાળવાવાળા તમામ નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપવામાં આવ્યો છે. બંધારણ વ્યક્તિને તેની શ્રદ્ધા અને વિશ્વાસ સાથે સંકળાયેલો પાળવાની છૂટ આપવામાં આવી છે. કોઈપના સમુદાય ધાર્મિક કે કલ્યાણકારી સંસ્થાઓ ખોલી શકે છે તેમજ સંપત્તિ પણ ધારણ કરી શકે છે. ધાર્મિક ઉત્થાન માટે કરવામાં આવતા ખર્ચ પર સરકાર વેરો લગાવી શક્તી નથી. સરકારી શિક્ષણ વ્યવસ્થાઓમાં ધાર્મિક દિશા નિર્દેશ કરી શકાતા નથી.

### 4.3.5 : *સાંસ્કૃતિક બાબતો અને શિક્ષણનો અધિકાર*

ભારત અને વિધ ભાષાઓ, બોલીઓ, લિપિઓ ધરાવતું રાષ્ટ્ર છે. વિભિન્ન સમુદાયના લોકોને પોતાની ભાષા અને સંસ્કૃતિ પર ગૌરવ છે. અને બધા જ સમુદાયો તેને જીવિત રાખવા પ્રોત્સાહન આપતા હોય છે. ભારતીય બંધારણ તેમની સંસ્કૃતિ વિકસિત અને જાળવી રાખવાનો અધિકાર આપે છે. કોઈપણ વ્યક્તિને શૈક્ષણિક સંસ્થામાં ધર્મ, જાતિ, ભાષા, કે લિંગના ભેદભાવ વગર પ્રવેશ મેળવવાનો અધિકાર છે. લઘુમતી સમુદાયો પોતાની રીતે શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન અને સ્થાપિત પણ કરી શકે છે. સરકાર લઘુમતી સમુદાયોની સંસ્કૃતિ અને ભાષાના વિકાસ માટે પ્રોત્સાહન આપશે તેવું બંધારણે ઠરાવ્યું છે. એટલુ જ નહી 2002ના 86 માં બંધારણીય સુધારાવા દ્વારા શિક્ષણ મેળવવાના અધિકારને મૂળભૂત અધિકારોની કક્ષામાં સંમિશ્રિત કરવામાં આવ્યો છે.

### 4.3.6 : *બંધારણીય ઈલાજોનો અધિકાર (કલમ –32)*

આપણે ઉપર્યુક્ત મૂળભૂત અધિકારો વિશે વિગતે સમજ્યા. જો સરકાર આવા કોઈપના મૂળભૂત અધિકાર પર તરાપ મારે તો નાગરિક સરકાર વિરુદ્ધ કાયદાકીય ઈલાજ પ્રાપ્ત કરી શકે છે. ભારતીય બંધારણના ભાગ-3 અન્વયે મૂળભૂત અધિકારોના ઉલ્લઘન કાયદાકીય બંધારણીય ઈલાજો સૂચવવામાં આવ્યા છે જેને બંધારણીય ઈલાજોના અધિકાર કહેવામા આવે છે. નાગરિક સર્વોચ્ચ અને ઉચ્ચ ન્યાયાલય પોતાના અધિકાર માટે ન્યાય

માંગી શકે છે. ઉચ્ચ અને સર્વોચ્ચ ન્યાયાલય તેના માટે વિશિષ્ટ આદેશ આપે છે. જેને રિટ કહેવામા આવે છે. આ રિટ પાંચ પ્રકારની હોય છે જેમાં,

અ) બંદી પ્રત્યક્ષીકરણ

ન્યાયાલય ધરપકડ કરનાર સત્તાને એ આદેશ આપે છે કે ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિને ન્યાયાલય સમક્ષ સશરીર હાજર કરે ત્યારબાદ જ ન્યાયાલય તેના પર વિચાર કરી તેને મુક્ત કરી શકે છે કે સ્સજા આપી શકે છે.

બ) પરમાદેશ

જો સરકારનો કોઈ વિભાગ કે સરકાર પોતાના કર્તવ્યોનું પાલન ન કરતી હોય તો ન્યાયાલય તેને કર્તવ્ય પાલન માટે આદેશ કરે છે.

ક) નિષેધ

ઉચ્ચ અથવા સર્વોચ્ચ ન્યાયાલય જિલ્લા કે અન્ય નીચેની અદાલતોને એવી બાબત પર કાર્ય કરતાં રોકે છે જે કાર્ય તેમના અધિકાર ક્ષેત્રમાં આવતું ન હોય એટલે જિલ્લા કે નિમ્ન અધિકારો પોતાના કાર્યક્ષત્રેની બહાર કેસ ચલાવતી હોય તો ઉચ્ચ ન્યાયાલય તેના પર નિષેધ ફરમાવે છે.

ડ) અધિકાર પૃચ્છા

આ રિટ પ્રમાણે ઉચ્ચ ન્યાયાલય કોઈપણ વ્યક્તિ કે સત્તાને તેમના અધિકારોથી બહાર ન જવા નિર્દેશ કરે છે.

ઇ) ઉત્પ્રેષણ

આ રિટ પ્રમાણે ઉચ્ચ ન્યાયાલય નીચલી અદાલતોમાં ચાલતા કેસને અન્ય કોર્ટમાં સ્થળાંતરીત કરી તેના પર ઝડપથી નિર્ણય લાવવા કહી શકે છે.

ભારતના બંધારણમાં આપેલ મૂળભૂત અધિકારો લોકશાહીનો પાયો છે તો બંધારણીય ઈલાજ તેનો આત્મા છે.

ભારતીય બંધારણની કલમ 14 થી 32 માં (ભાગ-3) આપેલ મૂળભૂત અધિકારો નાગરિકોની સુરક્ષા અને પ્રતિષ્ઠાનું સન્માનનું રક્ષણ કરે છે. તેનાથી ભારતમાં લોકશાહી મૂલ્યો પ્રસ્થાપિત થયા છે એટલુ જ નહી વ્યક્તિના આત્મિક વિકાસનો માર્ગ પ્રશસ્ય થયો છે. અનેક ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિ ધરાવતા રાષ્ટ્રોમાં બિનસાંપ્રદાયિકતાની સ્થાપના કરી બંધારણે ધાર્મિક અહિત્યનું વાતાવરણ ઊભું કર્યું છે. એટલું જ નહી તમામને પોતાના સાંસ્કૃતિક મૂલ્યો ટકાવી રાખવા અધિકાર આપ્યો છે. ડો. આંબેડકરે મૂળભૂત અધિકારોના હનન સામેની રિટને બંધારણનો આત્મા કહ્યો છે.

## 4.4 *સારાંશ :*

ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો એ બંધારણનો આત્મા છે. કારણ કે મૂળભૂત અધિકારો વગર લોકશાહીમાં નાગરિક જીવન અશક્ય છે. મૂળભૂત અધિકારો એ બંધારણ દ્વારા નાગરિકને અપાયેલ અભય વચન છે. તેનાથી નાગરિકો સમાનતા અને સ્વતંત્રતા પૂર્ણ તેમજ સ્વમાન સાથે જીવન જીવી શકે છે. તેમની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ માટે તેમજ તેમના સર્વાંગી સામાજિક અને વ્યક્તિગત જીવન માટેની બાહેધરી છે. ગુલામી કાળમાં ભારતની પ્રજા આ હક્કોથી તદ્દન વંચિત રહેવા પામી હતી. ત્યારે સ્વતંત્ર ભારતના બંધારણે તમામ નાગરિકોને સમાન અધિકારો આપી તેમના નાગરિક જીવનની ઉન્નતિ અર્થે પ્રેરકબળ પૂરું પાડ્યું છે. (કાયદાના રક્ષણ સાથે)

## 4.5 *ચાવીરૂપ શબ્દો :*

સ્વતંત્રતા, સમાનતા, શોષણ જીવન જીવવાનો હક્ક, બંદી પ્રત્યક્ષીકરણ, પરમાદેશ

## 4.6 *તમારી પ્રગતિ ચકાસો :*

1. મૂળભૂત અધિકારો એટલે શું ?

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

2. સમાનતાના અધિકારની ચર્ચા કરો.

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

3. મૂળભૂત અધિકારોના ભંગ બદલ નાગરિક પાસે કયા વિકલ્પો છે?

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

***સંદર્ભ પુસ્તકો :***

બાસુ દુર્ગાદાસ - ભારતીય બંધારણનો પરિચય, લેક્સિસ-નેકસિસ બટરવર્થ વાધવા, નાગપુર

પાયલી, એમવી - ભારતનું બંધારણ, એસ. ચાંદ એન્ડ કંપની

કશ્યપ સુભાસ – આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દિલ્હી

ગુહારામચંદ્ર - ભારત ગાંધી કે બાદ, પેંગવિન બુક્સ ઈન્ડિયા

ચંદ્રબિપીન – આઝાદી કે બાદ કા ભારત, દિલ્હી યુનિવર્સિટી

# એકમ : 5 ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો

:: રૂપરેખા ::

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 : મૂળભૂત ફરજો**

**5.3 સારાંશ**

**5.4 ચાવીરૂપ શબ્દો**

**5.5 તમારી પ્રગતિ ચકાસો**

## 5.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો વિશે જાણી શકશો.
- નાગરિક જીવનમાં તેના મહત્ત્વને સમજી શકશો.
- બંધારણમાં તે શા માટે આપવામાં આવી છે તે જાણી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

આપણે આગળના એકમમાં મૂળભૂત અધિકારો વિશે સમજ્યા તેના જેટલું જ મહત્ત્વ નાગરિક ફરજોનું રહેલું છે. તેના ભંગ બદલ અદાલતમાં જઈ શકાતું નથી પરંતુ રાષ્ટ્રના વિકાસ માટે અને એક ઉન્નત સમતામૂલક સમાજના નિર્માણ માટે અપરિહાર્ય છે. નાગરિકની ફરજ એક રીતે રાષ્ટ્ર માટે તે પણ પોતાનું યથોચિત યોગદાન આપી શકે છે. તેવો ઉમદા આદર્શ રહેલો છે.

## 5.2 : મૂળભૂત ફરજો :

ભારતના બંધારણે ભારતના નાગરિકોને મૂળભૂત અધિકારોની ભેટ આપી છે. તેના વિશે આપણે વિગતે ચર્ચા કરી રહ્યા છે પરંતુ આપણે જાણીએ છીએ કે અધિકાર અને

ફરજ એક જ સિક્કાની બે બાજુ છે. કોઈપણ અધિકાર ફરજ કે કર્તવ્ય વગર પ્રસ્થાપિત થઈ શકતો નથી. માટે આધુનિક લોકશાહીમાં મૂળભૂત અધિકારો અને કર્તવ્ય વચ્ચે સામંજસ્ય સ્થાપવા ખાસ પ્રયત્ન થયો છે. હવે, અધિકારો જે જેટલું જ મહત્ત્વ ફરજને આપવામાં આવે છે જેને આપણે નાગરિક ધર્મ કહીએ છીએ.

ભારતીય બંધારણમાં 1976 ના 42માં બંધારણીય સુધારા દ્વારા બંધારણના ભાગ-4 ની કલમ- 51(ક) જોડીને મૂળભૂત ફરજોનું નિર્દેશ કરવામાં આવ્યું છે. જોકે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જેમ જ મૂળભૂત ફરજોને ન્યાય યોગ્ય ગણવામાં આવી નથી એટલે કે ભારતના કોઈપના નાગરિક વિરુદ્ધ તે મૂળભૂત ફરજોનું પાલન કરતો નથી તેવી બાબતે કાયદાકીય કાર્યવાહી કરી શકાતી નથી.

બંધારણે મૂળભૂત ફરજોને નીચે પ્રમાણે સૂચિબદ્ધ કર્યા છે.

1) બંધારણનું પાલન કરવું, તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગાન પ્રત્યે આદર કરવો :

ભારત સરકારે ઇ.સ. 2002 માં ભારતીય ધ્વજ સંહિતા બનાવી. તેના માન-સન્માન જળવાઈ રહે તે માટે કેટલાક નિર્દેશો આપ્યા છે. જેમાં રાષ્ટ્રધ્વજ સામાન્ય નાગરિકો, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી સંસ્થાઓ પણ પોતાના સ્થાનો કે ઘર પર ફરકાવી શકશે. આમ, કરતાં તેનો સાંગોપાંગ આદર જાળવાવો જોઈએ. રાષ્ટ્રધ્વજને જમીન પર પડવા દેવો ન જોઈએ કે નીચે રહેલા પાણીને સ્પર્શવા દેવો જોઈએ નહી. તે ક્યારે કરચલી વાળો હોવો જોઈએ નહી. જાહેર સમારંભોમાં પ્રવચન કરનારની જમણી બાજુએ રાષ્ટ્રધ્વજ ફરકાવવો જોઈએ.

2) સ્વતંત્રતા સંગ્રામના આદર્શોનું અનુકરણ કરવું

ભારતીય સ્વતંત્રતા સંગ્રામ વિશ્વમાં અજોડ છે. તેણે સમાનતા, ભ્રાતૃભાવ, કોમીએખલાસ, દલિત અને આદિવાસીઓના જીવનમાં ઉત્કર્ષ, ખાદી પ્રવૃત્તિ, આત્મનિર્ભરતા અને લોક ચળવળ તેમજ રાષ્ટ્ર માટે સર્વસ્વ ન્યોછાવર કરવાના મહાન આદર્શો આપ્યા છે. ભારતના નાગરિકોની તે પવિત્ર ફરજ છે કે આ બધા જ આદર્શોને પોતાના જીવનમાં સ્થાન આપવું અને સ્વતંત્રતા પછી રાષ્ટ્રની સેવા કાજે સદાય તત્પર રહેવું. સામુહિકતાનો સિદ્ધાંત, સેવાકાર્યોના આદર્શોને જીવનમાં ઉતારવા.

3) ભારતીની એકતા અને અખંડિતાનું રક્ષણ કરવું

ભારતના તમામ નાગરિકે ભારતની એક્તા અને અખંડિતતાનું રક્ષણ કરવા યોગદાન આપવું. ભારતીય એકતાને તોડનારા તત્વો જેવા કે, જાતિવાદ, કોમવાદ, પરદેશવાદ, આંતકવાદ, નક્સલવાદનો સામનો કરવો અને તેમને નશ્યત કરવા કારણ કે આજ તત્વો રાષ્ટ્રને ખંડિત કરનારા છે તેથી તેનો પૂરતી ત્વરાથી સામનો કરવો.

4) રાષ્ટ્રના રક્ષણ કાજે જ્યારે પણ આવશ્યકતા ઊભી થાય ત્યારે આગળ આવવું અને રાષ્ટ્રનું રક્ષણ કરવું

ભારત એક ખંડ જેટલું મોટું રાષ્ટ્ર છે. તેમાં અનેકવિધ ભૌગોલિક વિવિધતાઓ રહેલી છે. ઉત્તરે હિમાલય અને ઉત્તર પૂર્વમાં વિષમ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા રાજ્યોનો સમાવેશ થાય છે. તો પશ્ચિમે વિશાળ રણ પ્રદેશ આવેલો છે. જ્યારે ભારતના દક્ષિણે ત્રણેય ભાગ દરિયા કિનારે આવેલા છે. ગુજરાતથી બંગાળ સુધી વિશાળ દરિયાકાંઠો ભારતને મળ્યો છે.

સ્વતંત્રતા પછી ભારતે અનેક કુદરતી આફતોનો અનુભવ કર્યો છે, પૂર, ધરતીકંપ અને દુષ્કાળનો અનુભવ વારંવાર કર્યો છે. સાથે સાથે ચીન અને પાકિસ્તાન સાથે યુદ્ધો પણ થયા છે. આવા સમયે ભારતના તમામ નાગરિકની તે પવિત્ર ફરજ છે કે રાષ્ટ્ર સમક્ષ કુદરતી કે માનવીય બાબતોને લઈને તકલીફ ઊભી થાય તો રાષ્ટ્રના રક્ષણ માટે કાર્ય કરવું. એટલા માટે જ યુવાનોને દ્ગઝ્રઝ્ર, દ્ગજીજી, સ્કાઉટ એન્ડ ગાઈડ જેવી યોજનાઓમાં દાખલ કરી તેમને રાષ્ટ્રની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધાતાથી અવગત કરાવવામાં આવે છે.

5) તમામ લોકો વચ્ચે ભ્રાતૃભાવ અને સમાનતાની ભાવનાનું આરોપણ કરવું અને સ્ત્રીઓનુ આદર કરવું , તેમનું માન-સન્માન જાળવવું

સ્ત્રીઓનો આદર કરવો એ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. તેને જાળવી રાખવું તે પ્રત્યેક નાગરિકની ફરજ છે. આપણે જાણીએ છીએ કે સ્ત્રીઓ પર ઘરમાં હિંસા થવી, દહેજપ્રથાને કારણે, બાલલગ્ન પ્રથાને કારણે તેમનો ઉચિત વિકાસ થઈ શકયો નથી. તેથી રાષ્ટ્ર સંપૂર્ણ વિકસિત હોવાનો દાવો આપણે કરી શકતા નથી/. કોઈપણ રાષ્ટ્રમાં તેની વસ્તીનો અડધો હિસ્સો સ્ત્રીઓ સાથે સંકળાયેલો હોય છે. જો તેમનો ઉચિત વિકાસ ન થાય તો તે રાષ્ટ્ર ક્યારેય વિકસિત થઈ શકતું નથી. ભારતે સ્રીઓના વિકાસની અનેક યોજનાનો અમલમાં મૂકી છે. તેમને પંચાયત અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અનામત પણ આપવામાં આવ્યું છે. પરંતુ જો નાગરિકો ઘરમાં પત્ની, પુત્રી, બહેન અને માતાને ઉચિત સન્માન ન આપે કે તેમના વિકાસ માટે યોગ્ય પગલાં ન લે તો એક એકમ તરીકે કુટુંબ અને અંતતોગત્વા રાષ્ટ્રનો વિકાસ થઈ શકતો નથી.

6) ભારતની ગૌરવશાળી પરંપરાઓ અને સાંસ્કૃતિક એકતાને જાળવી રાખવી

ભારતીય સંસ્કૃતિ 5000 વર્ષ કરતાં વધારે જૂની છે. તેનો ભવ્ય સાંસ્કૃતિક વારસો છે. પ્રાચીનકાળથી ભારતની આર્થિક સમૃદ્ધિથી આકર્ષાઈને અનેક જાતિઓ આવતી રહી છે. તેનાથી ભારતની સંસ્કૃતિમાં વિવિધતા આવી છે. હડપ્પીય સભ્યતા, આર્ય સંસ્કૃતિ, બૌદ્ધ સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ,, ભક્તિ અને સૂફી આંદોલન તેના મુખ્ય પાસા છે. સાથે સાથે સ્થાપત્ય અને કલાનો બેનમૂન વારસો ભારત પાસે છે. તેના આ સાંસ્કૃતિક વારસાને અને

ગૌરવશાળી પરંપરાને જાળવી રાખવી તેમજ આગળ વધારવી તે પ્રત્યેક ભારતીય નાગરિકની ફરજ છે.

7) ભારતના પ્રાકૃતિક સંસાધનો જેવા કે, જંગલો, નદીઓ, ઝરણા, પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિનું રક્ષણ કરવું.

સાંસ્કૃતિક વારસાની જેમ જ ભારત પાસે વિશાળ પ્રાકૃતિક સંસાધનો રહેલા છે. ભૌગોલિક વિવિધતાને કારણે ભારતની પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ વિશ્વભરમાં અજોડ છે. આપણે જાણીએ છીએ કે માનવના વિકાસ માટે પ્રકૃતિના તત્ત્વો સાથે તાલમેલ હોવો આવશ્યક છે. જો પ્રાકૃતિક સંસાધનો ઝડપથી પૂર્ણ થઈ જાય તો રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય નથી. વિશાળ જંગલો, બારમાસી નદીઓ, પ્રાકૃતિક ઝરણા એ ભારતની શાન છે, ત્યારે તેનું સંવર્ધન કરવું કે જતન કરવું તે પ્રત્યેક નાગરિકની પવિત્ર ફરજ છે.

8) માનવવાદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ કરવો

ભારતીય બંધારણ ભારતમાં માનવતાવાદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના વિકાસને વરેલું છે. માનવતાવાદ એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વપૂર્ણ લક્ષણ રહેલું છે. વિશ્વમાં નવજાગૃતિથી માનવતાવાદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વ્યાપક વિકાસ થયો. વિશ્વના તમામ માનવો માટે સમાનતાનો ભાવ, વિશ્વમાં ગરીબી અને નિરક્ષતાનું નિરમૂલન એ માનવતાવાદના પાયાના કાર્યો છે. એ જ રીતે વૈજ્ઞાનિદ્રષ્ટિકોણના વિકાસથી નાગરિકોમાં તાર્કિક અને બૌદ્ધિક ક્ષમતા વિકસાવવી, વિજ્ઞાનના વિકાસથી લોકોની સમૃદ્ધિમાં વધારો કરવો અને તેમનું જીવન  સુખમય બનાવવું તેવો ભાવ રહેલો છે.

9) રાષ્ટ્રની સાર્વજનિક સંપત્તિનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો

ભારતીય બંધારણે  અહિંસાને ખાસ મહત્ત્વઆપ્યું છે. વળી અહિંસા એ ભારતીય સંસ્કૃતિનો પાયાનો ખ્યાલ છે. બંધારણ નાગરિકોને કોઈપણ પ્રકારની હિંસાથી દૂર રહેવા ફરમાવે છે. સાથે સાથે રાષ્ટ્રની સાર્વજનિક સંપત્તિનું રક્ષણ કરવાનું કહે છે. આપણે જોઈએ છીએ કે ઘણા બધા આંદોલનોમાં રાષ્ટ્રની સાર્વજનિક સંપત્તિને ખૂબ મોટું નુકસાન પહોંચાડવામાં આવે છે. તેનાથી રાષ્ટ્રને પારાવાર આર્થિક નુકસાન થાય છે. એટલુ જ નહી તેનો ભાર આખરે તો પ્રજા પર પડે છે. હિંસા અને સાર્વજનિક સંપત્તિના નુકસાનને એ પ્રકારનું સામાજિક વિચલન ઘણી શકાય. નાગરિકોમાં શિસ્ત અને અનુસાસન આવશ્યક છે.

10) વ્યક્તિગત અને સામૂહિક રીતે દરેક ક્ષેત્રમાં વિકાસ કરવા માટે પ્રયત્નશીલ બનવું.

ભારતીય બંધારણ નાગરિકોમાં શિક્ષણ અને વિજ્ઞાનના અભિગમને કેળવી અને વ્યક્તિગત અને સામૂહિક વિકાસનો અનુરોધ કરે છે. તમામ નાગરિકો જો આમ કરે તો ભારતનો સર્વાંગી વિકાસ થઈ શકે.

11) કલમ-51(ક) દ્વારા બંધારણના 86 માં સુધારા દ્વારા દરેક માતા-પિતા કે વાલીએ છ-થી ચૌદ વર્ષના બાળક માટે શિક્ષણની વ્યવસ્થા કરી તેમને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરવા

ભારતના બંધારણમાં આપેલ મૂળભૂત ફરજો માત્ર આદર્શ પરિસ્થિતિનો સંકેત કરે છે તે ફરજિયાત કે વાસ્તવિક નથી તેમજ ન્યાય યોગ્ય પણ નથી. જોકે તેના પાલન માટે કોઈ વ્યવસ્થાનો નિર્દેશ ન હોવાથી બંધારણ પર બોજારૂપ બની રહે છે. જાણે કે કોઈ પવિત્ર ઘોષણા પત્ર હોય તેવું લાગે છે. તેના બદલે તેને બંધારણનો હિસ્સો બનાવ્યો હોત વધુ સારું થાત, આપણને ઘણી વાર એમ લાગે કે મૂળભૂત ફરજોનું પાલન ક્યારેય થઈ શકશે? તેમ છતાં ઉચ્ચ ન્યાયાલયોએ તેના પર ખાશુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ખાસ કરીને લોકોમાં રાષ્ટ્ર ધ્વજ, રાષ્ટ્રગાન પરત્વે સમજ વિકસિત થઈ છે. સર્વોચ્ચ અદાલતે પ્રદૂષણ વિરુદ્ધ કાર્યવાહી કરી ઉદ્યોગોને શહેરની બહાર સ્થાપિત કરવા નિર્દેશ કર્યો છે. ગંગા અને યમુના નદીના પાણીના પ્રદૂષણને દૂર કરવા પણ પ્રયત્ન કર્યો છે. ધીમે-ધીમે જાગૃતિ અને શિક્ષણ વધતાં ભારતીય નાગરિકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાશે તે નિશંક જણાય છે.

## 5.3 *સારાંશ :*

રાષ્ટ્રની સાર્વજનિક સંપત્તિનું રક્ષણ કરવું અને અહિંસા જેવા મૂલ્યો ખીલવવા તે ઉન્નત નાગરિક સમાજનું દ્યોતક છે. વૈજ્ઞાનિક અભિગમ કેળવવો અને ભારતના વૈવિધ્યપૂર્ણ વારસાનું જતન કરવું એ નાગરિકની મોટામાં મોટી ફરજ છે. ભારતીય બંધારણે મૂળભૂત ફરજોનું સ્થાપન કરીને હક્કો સાથે બરાબર તાલમેલ બેસાડયો છે.

## 5.4 *ચાવીરૂપ શબ્દો :*

***વૈજ્ઞાનિક અભિગમ*** — કોઈપણ બાબત પરત્વે વિજ્ઞાન અને તર્કથી વિચાર કરવો. તે વૈજ્ઞાનિક અભિગમ કહેવાય છે. કોઈપણ બાબતને સીધે-સીધી સ્વીકારવાને બદલે તેને તર્કની એરણ ચકાસવાની પધ્ધતિ કે અભિગમ.

***વૈવિધ્યપૂર્ણ વારસો*** — વિવિધ પ્રકારની ભૌગોલિક્તા, ધર્મ અને સંપ્રદાયોની હાજરી, વિવિધ પ્રાદેશિક જીવનશૈલી યુક્ત ભારતીય સંસ્કૃતિ અને તેની પ્રાચીનતા વૈવિધ્યપૂર્ણ વારસા તરીકે ઓળખાય છે.

***સ્વતંત્રતા આંદોલનના મૂલ્યો*** — ભારતીય સ્વતંત્રતા સંગ્રામના સમયે સત્ય, અહિંસા, ત્યાગ, બલિદાન, રાષ્ટ્રવકતી અને એકતાના તત્વોને સ્વતંત્રતા આંદોલનના મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.

***રાષ્ટ્રગાન, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ પરત્વેની ફરજો*** — ભારતીય રાષ્ટ્રના આ ત્રણેય ચિહ્નો કે આદર્શો પરત્વે સજાગતાની ભાવના, કોઈપણ સંજોગોમાં તેનો ભંગ ન

કરવાની અને તેનું અપમાન ન કરવાની ઉત્કટ ભાવના તે ફરજ ગણવામાં આવે છે.

:

## *5.5 તમારી પ્રગતિ ચકાસો :*

***(અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો.***

1) મૂળભૂત અધિકારો જેટલું જ મહત્ત્વ મૂળભૂત ફરજોને આપવું જોઈએ તેવું તમે માનો છો ?

2) સ્વતંત્રતા સંગ્રામના મૂલ્યો વિશે એક નિબંધ તૈયાર કરો.

3) વૈજ્ઞાનિક અભિગમ એટલે શું ? સમજાવો.

4) વૈવિધ્યપૂર્ણ વારસાથી તમે શું સમજો છો ?

***(બ) નીચે દર્શાવેલ વિષયો પર પ્રોજેક્ટ તૈયાર કરો.***

1) ભારતની પ્રાણીસૃષ્ટિ

2) ભારતની વનસ્પતિ સૃષ્ટિ

3) પ્રોજેક્ટ ટાઈગર

4) હડપ્પીય સભ્યતા

5) મધ્યકાલીન સ્થાપત્યો

***સંદર્ભ પુસ્તકો :***

1. બાસુ દુર્ગાદાસ - ભારતીય બંધારણનો પરિચય, લેક્સિસ-નેકસિસ બટરવર્થ વાધવા, નાગપુર
2. પાયલી, એમવી - ભારતનું બંધારણ, એસ. ચાંદ એન્ડ કંપની
3. કશ્યપ સુભાષ – આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દિલ્લી
4. ગુહા રામચંદ્ર - ભારત ગાંધી કે બાદ, પેંગવિન બુક્સ ઈન્ડિયા
5. ચંદ્ર બિપિન – આઝાદી કે બાદ કા ભારત, દિલ્લી યુનિવર્સિટી

# એકમ : 6 રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

:: રૂપરેખા ::

**6.0** *ઉદ્દેશો*

**6.1** *પ્રસ્તાવના*

**6.2** *મૂળભૂત સિદ્ધાંતો અને દર્શક સિદ્ધાંતો – ભેદ*

**6.3** *દર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ*

**6.3.1** *આંતરિક નીતિના સિદ્ધાંતો*

**6.3.1.1** *આર્થિક સિદ્ધાંત*

**6.3.1.2** *સામાજિક-સાંસ્કૃતિક દર્શક સિદ્ધાંતો*

**6.3.1.3** *શાસન સંબંધી નીતિના સિદ્ધાંતો*

**6.3.2** *આંતરરાષ્ટ્રીય નીતિના સિદ્ધાંતો*

**6.4** *વિશેષતાઓ*

**6.5** *શું રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વ્યવહારુ નથી ?*

**6.6** *નૈતિક વજન*

**6.7** *તમારી પ્રગતિ ચકાસો*

**6.8** *સ્વાધ્યાય*

**6.9** *સારાંશ*

**6.10** *શબ્દાવલી*

**6.11** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**6.12** *સંદર્ભ*

## 6.0 ઉદ્દેશો :

આ બાબતો વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અર્થ સમજી શકાશે.

- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ સમજી શકાશે.

## 6.1 *પ્રસ્તાવના :*

આજનું રાજ્ય માત્ર શાંતિ, કાયદો અને વ્યવસ્થાના હેતુ માટે અસ્તિત્વ ધરાવતા અગાઉના 'પોલીસ રાજ્ય' જેવું રહ્યું નથી, પણ પ્રજાજીવનના દરેક ક્ષેત્રમાં સમાન અને ન્યાયી વિકાસ માટે 'કલ્યાણ રાજ્ય' તરીકે અસ્તિત્વમાં આવ્યું છે. રાજ્યના નીતિદર્શક સિદ્ધાંતો આ રીતે જોઈએ તો દેશને સમાજવાદી સમાજરચનાની દિશામાં રાજ્યને તેની નીતિ ઘડવા માટે નિર્દેશન આપવા માટે આયરલેન્ડના બંધારણમાંથી આપણા બંધારણમાં મુકવામાં આવ્યા છે. આપણા પ્રજાસત્તાક બંધારણ પ્રમાણે રચાયેલા રાજ્યના મૂળ હેતુ અને ઉદ્દેશોને તે આવરી લે છે. રાજ્યવહીવટ તેમજ કાયદાના ઘડતરમાં આ સિદ્ધાંતોનું પાલન કરવાની રાજ્યની ફરજ રહેશે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણના ભાગ 4 તેમજ અનુચ્છેદ 36 થી 51 માં નોંધાયેલા છે.

## 6.2 *મૂળભૂત અધિકારો અને દર્શક સિદ્ધાંતો – ભેદ :*

આ સિદ્ધાંતો મૂળભૂત અધિકારોથી કેટલીક રીતે જુદા પડે છે. દર્શક સિદ્ધાંતો માત્ર નિર્દેશાત્મક છે, નૈતિક સૂચનો છે. મૂળભૂત અધિકારોની જેમ તેમની પાછળ કાનૂની પીઠબળ નથી ; મૂળભૂત અધિકારોની જેમ તે ન્યાયપાત્ર કે ન્યાયક્ષમ **(justiciable)** નથી.

1. હવે પછીના પ્રકરણમાં દર્શાવ્યા પ્રમાણે મૂળભૂત અધિકારો એ રાજ્યના કાર્યક્ષેત્ર પર મર્યાદા મુકે છે, જ્યારે નીતિદર્શક સિદ્ધાંતો સરકારે અમુક કાર્ય કરવા માટે અને પોતાનાં પગલાં દ્વારા અમુક ધ્યેય સાકાર કરવાના સૂચન અને ભલામણો જેવા છે.
2. જ્યાં સુધી કાનૂન દ્વારા આ સિદ્ધાંતોને અમલમાં મુકવા રાજ્ય પ્રવૃત્ત નથી થયું ત્યાં સુધી રાજ્ય આ સિદ્ધાંતોને નામે કોઈ દેશના પ્રચલિત કે પ્રવર્તમાન કાયદાનો ભંગ કરી શકે નહિ.
3. આ સિદ્ધાંતોને અદાલત જાણતી નથી અને આથી તેનો અમલ કરાવવા માટે અધિકારોના ભંગની જેમ અદાલતમાં કેસ કરી શકાય નહિ.
4. અમુક કોઈ કાયદો આ સિદ્ધાંતોથી જુદો પડે છે, કે તેનો ભંગ કરે છે, એટલા જ માટે રાજ્ય તેને રદબાતલ જાહેર કરી શકે નહિ. તે જ પ્રમાણે ન્યાયતંત્ર રાજ્યને આ સિદ્ધાંતો પ્રમાણે જ વર્તવાને દબાણ કરી શકે નહિ, જ્યારે અધિકારોને માન આપવા તે રાજ્ય પર દબાણ લાવી શકે છે. જેમ, કે શોલાપુર મિલ કેસ, ગોલકનાથ કેસ વગેરે.
5. દર્શક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારો જો એકબીજાથી જુદા પડે તો, અદાલતમાં મૂળભૂત અધિકારોને જ સામાન્યતઃ ધ્યાનમાં લેવાશે. પણ પાર્લમેન્ટ સુધારો કરીને

પૂછી મૂળભૂત અધિકારોના ભોગવટામાં નિયંત્રણ મૂકી શકે છે. દા. ત. મિલકતના અધિકારને સમાજવાદી દર્શક સિદ્ધાંતને ખ્યાલમાં રાખી હવે પાર્લમેન્ટે બંધારણમાં સુધારો કરીને પછી જ મર્યાદિત કર્યા છે.

## 6.3 *દર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ :*

આ સિદ્ધાંતો રાજ્યના રાજકીય, આર્થિક, આંતરરાષ્ટ્રીય વગેરે વિષયોને સ્પર્શે છે. તે પ્રમાણે આ સિદ્ધાંતોને કેટલાંક વર્ગોમાં વહેંચી શકાય.

### 6.3.1 *આંતરિક નીતિના સિદ્ધાંતો :*

(અ) રાજ્યે દેશના અર્થતંત્રને કઈ દિશામાં વાળવું તેનું માર્ગદર્શન આપતા આર્થિક સિદ્ધાંતો.

(આ) સામાજિક, સાંસ્કૃતિક વગેરે બાબતોમાં તેની વહીવટી અને ધારાકીય સત્તાઓ ક્યા હેતુ પ્રમાણે વાપરવી, તે દર્શાવતા આંતરિક સામાજિક, રાજકીય સિદ્ધાંતો.

(ઇ) મૂળભૂત અધિકારો સિવાયના નાગરિકના બીજા કેટલાંક અધિકારો જે અદાલતને આધીન નથી છતાંય રાજ્યે તેની ધારાકીયને કારોબારી નીતિ દ્વારા નાગરિકને મેળવી આપવા જોઈએ તેના શાસનાત્મક સિદ્ધાંતો.

#### 6.3.1.1 *આર્થિક સિદ્ધાંત*

1. રાજ્ય બધા નાગરિકોનો સમાન રીતે જીવનનિર્વાહનાં પુરતાં સાધનો માટેનો અધિકાર લક્ષમાં રાખશે.
2. દેશનાં ઉત્પાદન અને વહેંચણીનાં સાધનો (મિલો, કારખાનાં, બેંકો વગેરે)ની માલિકી અને અંકુશની વ્યવસ્થા જનસમાજના કલ્યાણની દ્રષ્ટિએ થાય તેવી યોગ્ય નીતિ અપનાવી જોઈએ.
3. રાજ્યની આર્થિક નીતિનું સંચાલન અને અર્થવ્યવસ્થા એવી રીતે ન થાય કે જેથી ધન અને ઉત્પાદનનાં સાધનો જનસમાજનાં હિત કે લાભને અવગણીને માત્ર થોડા લોકોના હાથમાં જ કેન્દ્રિત થવા પામે.
4. એકસરખા કામ માટે સ્ત્રી અને પુરુષ બંને ને સરખું વેતન મેળવવાનો અધિકાર રાજ્ય સ્વીકારશે.
5. કામ કરનાર સ્ત્રી અને પુરુષ કામદારોને તેમજ બાળકોને તેમની તંદુરસ્તી જોખમાય એવી રીતે કામ કરવાની ફરજ ન પડે તેમ જ બાળકો અને નાગરિકોનું આર્થિક સ્થિતિને કારણે શોષણ ન થાય તે જોવાની રાજ્યની ફરજ રહેશે.
6. બધા કામદારોના કામકાજનાં સ્થળોનું વાતાવરણ માનવતાને અનુકૂળ રહે તે માટે કુમળા બાળકોનું અને  કિશોરોનું શોષણ તેજ જ નૈતિક પતન ન થાય તે માટે તેમના રક્ષણની રાજ્ય કાળજી રાખશે.

7. રાજ્ય તેથી આર્થિક મર્યાદામાં રહીને, નાગરિકોનો કામ મેળવવાનો, પુષ્ટિદાયક ને આરોગ્યપ્રદ ખોરાક મેળવવાનો તથા શિક્ષણ મેળવવાનો હક અમલી કરવા તેમ જ તેમના ઘડપણ, બેકારી કે રોગ જેવી આપત્તિના સમયમાં તેમને સહાય મળે તે માટે પૂરતો અને અસરકારક પ્રબંધ કરશે.
8. ખેતીનું કામ કરતાં મજૂરોને, ઔદ્યોગિક કામદારો કે બીજા કોઈ પણ કામદારોને કામ મળે અને તેને યોગ્ય જીવનનિર્વાહ પૂરતી રોજી મળે એ માટે, તેમ જ તેઓ સમાજ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં પોતાનો ફાળો આપી શકે તે માટે કાયદા ઘડશે તેમ જ બીજા પ્રયત્નો કરશે.
9. ગ્રામવિસ્તારોમાં રાજ્ય વ્યક્તિગત અને સહકારી ધોરણે ગ્રામોદ્યોગોનો વિકાસ સાધવા પ્રયત્ન કરશે. (કલમ 43)
   1. જમીનની ટોચમર્યાદા નક્કી કરતાં પ્રગતિશીલ બિલ, ગણોતધારો, જમીનદારી નાબૂદ કાયદો, તેમજ
   2. જાહેરક્ષેત્રનો યોજના દ્વારા વિકાસ અને ખાનગી સાહસો પર અંકુશની નીતિથી બંધારણની આ કલમ (39 (બી)) અમલમાં મુકાઈ છે.
   3. છેક 1957માં દેશના ગામડાંઓમાંથી લગભગ અડધી સંખ્યાનાં ગામોમાં પંચાયતો સ્થપાઈ ગઈ હતી ને હવે તો ગ્રામવિકાસ યોજના દ્વારા ગ્રામજનતાનું જીવનધોરણ ઊંચે આવે તે માટે ગ્રામોદ્યોગ વગેરેને ઉત્તેજન આપી આ સિદ્ધાંતને અમલી બનાવાય છે. અખિલ હિંદ ખાદી બોર્ડ, અખિલ હિંદ ગ્રામોદ્યોગ બોર્ડ તેમ જ હેન્ડલૂમ બોર્ડ તેના પુરાવા છે.
10. ખેતી અને પશુસંવર્ધન અદ્યતન અને વૈજ્ઞાનિક રીતે વિકાસ પામે તે માટે તેમ જ પશુઓની ઓલાદ સુધારવા માટે તથા દૂધાળા ઢોરોની કતલ અટકાવવા માટે રાજ્ય બને એટલી મદદ કરશે.

આ સિદ્ધાંતોનો અમલ ભારતની વર્તમાન અર્થવ્યવસ્થામાં પલટો લાવી આર્થિક ન્યાય તથા સમાનતા પર રચાયેલા નૂતન સમાજવાદી સમાજ સ્થાપી શકશે.

**6.3.1.2 *સામાજિક-સાંસ્કૃતિક દર્શક સિદ્ધાંતો :***

(1) બંધારણના અમલ પછી દસ વર્ષમાં 14 વર્ષની વયની નીચેનાં બાળકોને મફત અને ફરજિયાત કેળવણી આપવાની રાજ્યની જવાબદારી રહેશે. જોકે, આ સિદ્ધાંતનો અક્ષરશઃ અમલ થઈ શક્યો નથી છતાંય આ દિશામાં, રાજ્યની આર્થિક સ્થિતિને લક્ષમાં રાખતાં, સરકારે ઠીક પ્રગતિ કરી છે એમ કહી શકાય.

(2) સમાજના નિર્બળ અને પછાત વર્ગને, ખાસ કરીને અછૂત અને પછાત જાતિઓને આર્થિક અને શૈક્ષણિક સહાય આપવાની રાજ્યની ફરજ રહેશે. આ દિશામાં તે ખાસ

પ્રયત્ન કરશે, જેથી આ દુર્બળ વર્ગ શોષણ અને સામાજિક અસમાનતા તથા અન્યાયનો ભોગ થઈ પડે નહિ.

(3) પ્રજાના આરોગ્યમાં વૃદ્ધિ કરવા તેમજ તેમનો નૈતિક સ્તર ઊંચે લાવવાના કાર્યને રાજ્યે પોતાની પ્રાથમિક ફરજ ગણવી પડશે. તે માટે કેફી પીણાંઓ અને ઉત્તેજક પદાર્થોના સેવન અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકશે. (1. બંધારણની આ કલમ (47) પ્રમાણે માત્ર ગુજરાત, રાજ્યમાં મદ્યનિષેધ કાયદો અમલમાં છે.)

(4) ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્ત્વની તેમ જ કલાત્મક મહત્ત્વની કૃતિઓ, સ્મારકો કે સ્થાનકોના બગાડ, વિકૃતિ, વિનાશ કે વિકાસ અટકાવવાની રાજ્યની ફરજ રહેશે.

### 6.3.1.3 *શાસન સંબંધી નીતિના સિદ્ધાંતો*

1) જનતાને સ્વયં શાસન કરવાનો અવસર મળે તે માટે ગ્રામપંચાયતો સ્થાપવાના ને તેનો વિકાસ કરવાના કાર્યને વેગ આપવામાં આવશે અને તે માટે તેમને જરૂરી સત્તા અને કાર્યો સોંપવા રાજ્ય પ્રયત્ન કરશે (કલમ 40) ‘પંચાયતી રાજ’ દ્વારા લોકશાહી વિકેન્દ્રીકરણ કરીને દેશનાં રાજ્યો આ દિશામાં આગળ વધી રહ્યાં છે. જાન્યુઆરી 1963થી ગુજરાત રાજ્યે પણ પંચાયતોના વિકાસ અંગેના સિદ્ધાંતની આ (કલમ 40) અમલમાં મૂકી છે.
2) આખા દેશમાં એક સમાન દીવાની અને ફોજદારી નાગરિક ધારાઓ અમલમાં મુકાશે.
3) રાજ્યમાં ન્યાયતંત્રને કારોબારી વિભાગથી અલગ અને સ્વતંત્ર કરવામાં આવશે, જેથી ન્યાધીશો નિષ્પક્ષ રીતે, સરકારી દબાણથી મુક્ત રહીને પ્રજાના અધિકારનું રક્ષણ કરી શકે (કલમ 50). આ સિદ્ધાંતને પણ કેટલાંક રાજ્યોએ અમલમાં મૂકી દીધો છે.

### 6.3.2 *આંતરરાષ્ટ્રીય નીતિના સિદ્ધાંતો :*

ભારતની પ્રાચીન અહિંસાગામી, નિરુપદ્રવી, શાંતિમય પરંપરાને આ સિદ્ધાંતો દ્વારા વાચા આપવામાં આવી છે.

(1) ભારત વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સલામતી સ્થાપવા માટે પ્રયત્ન કરશે.

(2) વિવિધ રાષ્ટ્રો વચ્ચે તે ન્યાયપૂર્ણ અને સન્માનપૂર્ણ સંબંધો સ્થાપવાની નીતિ રાખશે. બીજા દેશોના સાર્વભૌમત્વને માન આપશે.

(3) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના વ્યવહારોમાં આંતરરાષ્ટ્રીય કાનૂન અને સંધિઓ પ્રતિ આદરવૃત્તિ વધારશે.

(4) બીજા રાજ્યો વચ્ચેના મતભેદના પ્રસંગે બળનો આશરો લઈને કે યુદ્ધ દ્વારા ઝઘડાનો ઉકેલ નહિ લાવતાં, મંત્રણા, વાટાઘાટા, લવાદી કે સમાધાન જેવાં શાંતિમય સાધનોથી

તેનું નિરાકરણ લાવશે. પાકિસ્તાન સાથે સિંધુ નદીના પાણીની વહેંચણીનો પ્રશ્નમાં આ જ કારણે ઠીક સમય સુધી ભારતે ધીરજ રાખી હતી. કોરિયા, વિયેટનામ, ઈન્ડો-ચાઈના, લાઓસ, સુએઝ વગેરે પ્રશ્નોમાં પણ ભારતે ઉપરના આંતરરાષ્ટ્રીય દર્શક સિદ્ધાંતો પ્રમાણે યુનોમાં પોતાના વિચારો પ્રકટ કર્યા હતા. પંચશીલની ભાવના આ સિદ્ધાંતોને લક્ષમાં રાખીને ઘડાઈ છે.

## 6.4 *વિશેષતાઓ :*

રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતની કેન્દ્રિય અને રાજય સરકારો માટે દિશાસૂચન છે. કાયદાઓ અને નીતિઓ ઘડતી વખતે સરકારે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવાના હોય છે. આ સિદ્ધાંતો ન્યાયતંત્રના કાર્યક્ષેત્રમાં આવતા નથી. એટલે તેમનો અમલ કાયદાકીય રીતે કરાવી શકાય નહી. બંધારણની નજરે દેશની સરકારો માટે આ સિદ્ધાંતો પાયના છે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની ફરજ બને છે કે કાયદો ઘડતી વખતે આ સિદ્ધાંતોને સમાવેશ કરે જેથી ન્યાયી સમાજની સ્થાપના થઈ શકે. આ સિદ્ધાંતો માટે આયર્લેન્ડના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો અને ગાંધીવાદી દર્શનમાંથી પ્રેરણા લેવામાં આવી છે આ સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ એ છે એવી સામાજીક અને આર્થિક પરિસ્થિતિનું નિર્માણ કરવું કે જેમાં બધા નાગરિકો સારી રીતે જીવન જીવી શકે. ટૂંકમાં, તેમનો ઉદ્દેશ્ય દેશમાં સામાજીક અને આર્થિક લોકતંત્રની સ્થાપના કરવાનો છે. આ સિદ્ધાંતો નાગરિકોના હાથમાં એક માપિયા તરીકે છે. તેની મદદથી બંધારણના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા સરકારે કરેલા પ્રયત્ન માપી શકાય છે. દરેક કાર્યકારી સંસ્થા આ સિદ્ધાંતોને આધારે કામ કરે છે ન્યાયતંત્ર પણ ચૂકાદા આપતી વખતે સિદ્ધાંતોને ધ્યાને લે છે.

## 6.5 *શું રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વ્યવહારુ નથી ?*

કેટલાંક ચિંતકો અને વિવેચકોને તો ઉપરના સિદ્ધાંતો પ્રથમ દ્રષ્ટિએ ખૂબ અવ્યવહારુ લાગ્યા હતા. સારા જીવન માટે પૂરતાં સાધનો, ધન અને અર્થની યોગ્ય વહેંચણી, (બને ત્યાં સુધી) દરેકને રોજગાર અને રોટી, બેકારી, અસહાય દશામાં સરકારી સહાય આપવી વગેરે આદર્શો અવ્યવહારુ લાગતા, કેટલાક વિવેચકો તેને ‘વિશાળ અભણ પ્રજાને ભરમાવવા માટેના પોલા, આલંકારિકને નિરર્થક શબ્દો’ તરીકે નવાજતા હતા. ખાસ કરીને આ સિદ્ધાંતોનો અમલ કરવામાં આળસ રાખનાર સરકાર સામે પ્રજા અદાલતમાં કેસ ન કરી શકે તેવા તે સિદ્ધાંતો હોવાથી, બંધારણમાં તેના સ્થાનની જરૂર નથી એમ કેટલાંક માને છે. અથવા પછી, રાજકીય પક્ષોને આ પ્રમાણે જ વર્તવાનું હોય તો તેમની મુક્ત વિચારસરણી ઘડવાની સ્વતંત્રતા પર કાપ મૂકવા સમાન આ સિદ્ધાંતો છે, એમ પણ કેટલાંક માને છે.

વ્યવહારક્ષમ પણ પછાત વર્ગોની ઉન્નતિ, મફત ફરજિયાત કેળવણી, ગ્રામપંચાયતોના સ્થાનમાં સુધારો, માદક પીણાંઓ પર પ્રતિબંધ, ગ્રામોદ્યોગોને

પ્રોત્સાહન, અલગ અને સ્વતંત્ર ન્યાયતંત્ર, શાંતિમય વિદેશનીતિ વગેરે વિષયો અંગેના સિદ્ધાંતો આપણે અમલમાં મૂક્યા જ છે. જમીનદારી નાબૂદી, બેંક રાષ્ટ્રીયકરણ, ખાનગી સાહસો પર કડક દેખરેખ તથા નિયંત્રણની નીતિથી સમાજવાદલક્ષી આર્થિક સિદ્ધાંતો માત્ર આદર્શ નહિ પણ વ્યવહારુ છે તે આપણે સિદ્ધ કર્યું છે. તેથી તેમને અવ્યવહારુ કે અર્થહીન કહી શકાય નહિ.

## 6.6 *નૈતિક વજન :*

વળી આ સિદ્ધાંતોનો ભંગ કરનાર કે તેને અવગણનાર સત્તાધીશ પક્ષ કે સરકારને કાયદાની અદાલતમાં ભલે આપણે ઘસડી લાવી શકીએ નહિ, પણ વિશાળ મતદાર સમૂહની અદાલતમાં (ચૂંટણીમાં) તેવી સરકારનો જવાબ માગી શકીએ છીએ. અને આથી કોઈ પણ સરકાર તેના અસ્તિત્વને ભોગે જ આ સિદ્ધાંતોની અવગણના કરી શકે. આમ દર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ ન હોવા છતાં, તેની પાછળ વજનદાર નૈતિક સૂચનો ને પ્રજાકીય માગણીનું બળ રહેલું છે. સામાન્ય કાયદા કરતાં બંધારણની પ્રતિષ્ઠા, પવિત્રતા અને ગૌરવ ઊંચાં છે, આથી બંધારણનાં વચનોનો ભંગ કરવાનું મનાય છે તેટલું સહેલું નથી. વળી નૂતન સમાજવાદી સમાજની રચના કરવાની દિશામાં સતત આગળ વધવાને તે ધ્રુવતારક સમા બની રહ્યા છે. કેટલાંક બંધારણીય સુધારા દ્વારા ખુદ મૂળભૂત અધિકારો કરતાં આ સિદ્ધાંતોનો વિશેષ પુરસ્કાર કરવામાં આવ્યો છે.

બંધારણના નિચોડરૂપે આ સિદ્ધાંતોનો થોડો અમલ થાય તો કલ્યાણ રાજ્યના અને સમાજવાદી લોકશાહીના આદર્શને વહેલી તકે સિદ્ધ કરવાનું આપણું સ્વપ્ન સાચું ઠરે. એ માત્ર કાલિદાસની સ્વપ્નરંગી અલકા કે થોમસ મુરનું સ્વપ્ન રાજ્ય Utopia નથી, પણ અપૂર્ણ (રાજકીય) લોકશાહીના અંધકારમાંથી સાચી (અર્થ-સામાજિક) લોકશાહીના જ્યોતિ-રાજ્યમાં જવા પ્રેરનાર પથદીપક જેવા છે કારણ "સરકારે અને પ્રજાએ શું કરવાનું છે તેની તેમને સતત યાદ આપવાનું કામ તે કરે છે." આ દર્શક તત્ત્વો ધારાસભાઓ અને કારોબારી માટે પથ-નિર્દેશક બને એ હેતુથી બંધારણમાં મુકાયાં છે. અને મિલકતના અધિકાર પર 'પ્રજાહિત'ને લક્ષમાં રાખી જે મર્યાદા પાર્લમેન્ટે મૂકી છે, તે તેના મહત્ત્વનું દ્યોતક છે.

"રાજ્ય લોક-કલ્યાણ માટે પ્રયત્ન કરશે, અને તે હેતુથી એવી સામાજિક વ્યવસ્થાની રચના કરવાના અને તેની સુરક્ષા કરવાના પ્રયાસ કરશે, જેમાં સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય રાષ્ટ્રીય જીવનની બધી સંસ્થાઓને પ્રેરશે" એવો ઉદ્દેશ બંધારણમાં સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે.

## 6.7 *તમારી પ્રગતિ ચકાસો :*

1. પંચશીલની ભાવના ક્યા સિદ્ધાંતોને લક્ષમાં રાખીને ઘડાઈ હતી ?

(અ) આર્થિક (બ) ધાર્મિક (ક) સામાજિક (ડ) આંતરરાષ્ટ્રીય

2. ગુજરાત રાજ્યે પંચાયતના વિકાસ અંગેના સિદ્ધાંતની કલમ 40 ક્યા વર્ષથી અમલમાં મૂકી હતી ?

(અ) જાન્યુઆરી, 1963 (બ) ફેબ્રુઆરી, 1956 (ક) માર્ચ, 1959 (ડ) નવેમ્બર, 1970

3. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણના ક્યા અનુચ્છેદમાં નોંધાયેલા છે. ?

(અ) અનુ. 15 થી 20 (બ) અનુ. 25 થી 42 (ક) અનુ. 36 થી 51 (ડ) અનુ. 45 થી 62

4. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણના ક્યા ભાગમાં નોંધાયેલા છે. ?

(અ) ભાગ 2 (બ) ભાગ 4 (ક) ભાગ 6 (ડ) ભાગ 8

5. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ક્યા દેશના બંધારણમાંથી લીધેલ છે. ?

(અ) ચીન (બ) જાપાન (ક) આયર્લેન્ડ (ડ) ઇંગ્લેન્ડ

## 6.8 *સ્વાધ્યાય :*

રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિસ્તારથી સમજાવો.

## 6.9 *સારાંશ :*

આમ, દર્શક સિદ્ધાંતો કોઈ પણ આધુનિક લોકશાહી-આત્મક રાજ્ય માટે એક વિસ્તૃત રાજનૈતિક, સામાજિક અને આર્થિક ઘોષણાપત્ર અથવા આદર્શ કાર્યક્રમ આપે છે. પાછળથી લોકશાહી સમાજવાદી સમાજનું તેમાં અર્થઘટન થઈ શકે એવું તેનું નિરૂપણ છે. હાલના સંજોગોમાં તે થોડા અવાસ્તવિક લાગે તોપણ આપણી વર્તમાન રાજકીય લોકશાહીનું આર્થિક-સામાજિક લોકશાહીમાં રૂપાંતર કરવાનો રાજ્યને સતત યાદ આપતા રહ્યા છે. તેમનું વ્યવહારશીલ કે ક્રિયાત્મક મહત્ત્વ પણ હવે ઓછું નથી. આ સિદ્ધાંતો એક દીવાદાંડી કે પ્રકાશસ્તંભ જેવા છે અને તેમણે કઈ દિશામાં આગળ વધવાનું છે તેનું સતત માર્ગદર્શન આપે છે. કોંગ્રેસ-વિભાજન પછી સામાજિક-આર્થિક પરિવર્તનની પ્રક્રિયામાં મૂળભૂત અધિકારોને દર્શક સિદ્ધાંતોએ નવો સંદર્ભ અને નવી મર્યાદામાં જોવા માટેની પરિસ્થિતિ ઊભી કરી છે. સરકારને સમાજવાદી માર્ગે પ્રેરવા માટે દબાણ લાવવાના વૈચારિક સાધન તરીકેનો તેનો ઉપયોગ પણ વધ્યો છે. આ સિદ્ધાંતોએ નવી ગતિશીલતા પ્રાપ્ત કરી છે. અને સામાજિક-આર્થિક પરિવર્તન માટેની હવા (ethos) ઊભી કરવાના ઉદ્દીપક અને દલીલ તરીકે તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

## 6.10 *શબ્દાવલી :*

(1) બંધારણ : કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે બનવેલા નિયમોનો વ્યવસ્થિત સંગ્રહ

(2) પંચાયત : સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરાયેલ સમૂહ

## 6.11 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

પ્ર- 1- (ડ) આંતરરાષ્ટ્રીય

પ્ર- 2- (અ) જાન્યુઆરી, 1963

પ્ર- 3- (ક) અનુ. 36 થી 51

પ્ર- 4- (બ) ભાગ 4

પ્ર- ૫- (ક) આયરલેન્ડ

## 1.12 *સંદર્ભ :*


(1) ઓઝા, ઈશ્વરલાલ, ભારતનો બંધારણીય ઈતિહાસ, રાવલ પ્રકાશન,પાટણ,

1996-97

(2) રાય, એમ.પી. (લે.), જૈન, રાશી કે.,(સંપા.), ભારતીય સંવિધાન, કૉલેજ બુક ડીપો,

જયપુર

(3) શર્મા સુરેન્દ્રકુમાર, સંવિધાન ઔર સરકાર, ડિસ્કવરી પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, 2007

(4) કશ્યપ, સુભાષ (લે.), બિપીનચંદ્ર શુક્લ (અનુ.),આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્હી પ્રથમ આવૃત્તિ, 2003

(5) દેસાઈ કે.સી. અને પ્રવીણ ન. શેઠ, ભારતનો બંધારણીય વિકાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 1973

(6) રાજેશકુમાર, સામાજિક વિજ્ઞાન (213), પુસ્તક-1, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એમ.એચ.આર.ડી., નોઇડા, ઉત્તરપ્રદેશ http://www.niosgnr.org/study-materials/)

# એકમ : 7 ભારતના રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ અને સ્થાન

:: રૂપરેખા ::

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** રાષ્ટ્રપતિની ચૂંટણી

**7.3** મતગણતરી (અનુચ્છેદ **55**)

**7.4** લાયકાત

**7.5** હોદ્દાની મુદ્દત

**7.6** સોગંદવિધિ

**7.7** પગાર-ભથ્થાં અને વિશેષ સગવડો

**7.8** બરતરફી

**7.9** વિશિષ્ટ અધિકારો

**7.10** રાષ્ટ્રપતિની સત્તાઓ

- **7.10.1** વહીવટી સત્તાઓ
- **7.10.2** ધારાકીય સત્તાઓ
- **7.10.3** નાણાંકીય સત્તાઓ
- **7.10.4** ન્યાયવિષયક સત્તાઓ
- **7.10.5** લશ્કરી સત્તાઓ
- **7.10.6** કટોકટીની સત્તાઓ
  - **7.10.6.1** આંતરિક અથવા બાહ્ય કટોકટી
  - **7.10.6.2** બંધારણીય કટોકટી
  - **7.10.6.3** નાણાકીય કટોકટી

**7.11** રાષ્ટ્રપતિની સત્તાઓ વિષે વિવેચન

**7.12** તમારી પ્રગતિ ચકાસો

**7.13** સ્વાધ્યાય

**7.14** સારાંશ

**7.15 *શબ્દાવલી***

**7.16 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

**7.17 *સંદર્ભ***

## 7.0 *ઉદ્દેશો :*

***આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.***

- ***રાષ્ટ્રપતિની ચૂંટણી વિશે સમજી શકશો.***
- ***રાષ્ટ્રપતિના સ્થાન અને સત્તાઓ વિશે સમજી શકાશે.***

## 7.1 *પ્રસ્તાવના :*

આધુનિક લોકશાહી સરકારનાં ત્રણ અંગો હોય છે. ધારાસભા,કારોબારી અને ન્યાયતંત્ર કારોબારી આ ત્રણમાં મહત્ત્વનું અંગ મનાય છે, કારણ કે તે ધારાસભાએ પસાર કરેલા કાયદાઓનો અમલ કરવની કામગીરી બજાવે છે. આપણે સંસદીય શાસન પધ્ધતિનો સ્વીકાર કર્યો હોવાથી અને ભારતને પ્રજાસત્તાક જાહેર કરેલ હોવાથી આપણે ત્યાં કારોબારીના સર્વોચ્ચ સ્થાન માટે પરોક્ષ રીતે ચૂંટાયેલા રાષ્ટ્રપતિના હોદ્દાની જોગવાઈ કરવામાં આવી છે.

આને કારણે ભારતના રાષ્ટ્રપ્રમુખ ભારતના સંઘ રાજ્યના સર્વોચ્ચ વડા છે. એટલું જ નહિ લશ્કરી દળની ત્રણે પાંખોનો પણ વડા છે. વહીવટીતંત્રની ટોચ પર તે બેઠેલા હોવાથી તેમનો દરજ્જો દેશમાં સૌથી ઊંચો અને સન્માનીય છે. આપણે ત્યાં લોકશાહી હોવાથી ભારતના રાષ્ટ્રપતિ બંધારણીય વડા છે. બંધારણની મર્યાદામાં રાહીને સંસદને જવાબદાર એવા પ્રધાન મંડળ (મંત્રી મંડળ)ની સલાહ પ્રમાણે તે પોતાને મળેલ સત્તાનો ઉપયોગ કરે છે. દેશની એકતા,તાકાત અને ગૌરવનું તેઓ મૂર્ત સ્વરૂપ છે.

## 7.2 *રાષ્ટ્રપતિની ચૂંટણી :*

રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ (આડકતરી) રીતે થાય છે. તેમની ચૂંટણી સંસદના બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા) ના ચૂંટાયેલા સભ્યો તથા બધાં જ રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો કરે છે. તેમની ચૂંટણી સાદી બહુમતીના ધોરણે નહિ પરંતુ સપ્રમાણ પ્રતિનિધિત્વ પ્રથા થી કરવામાં આવે છે. આ ચૂંટણીની વિધિ ગુંચવણ ભરેલી છે. દરેક સભ્ય મત તો એકજ આપે છે, પરંતુ મતનું મૂલ્ય જે તે રાજ્યની વસ્તીના પ્રમાણમાં નક્કી થાય તેજ રીતે સંસદના બંને ગૃહોના સભ્યોના મતનું મૂલ્ય પણ નક્કી થાય છે.

## 7.3 *મતગણતરી (અનુચ્છેદ 55)* :

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતોની સંખ્યાની ગણતરીને બદલે મતોનુ મૂલ્ય ગણતરીમાં લેવામાં આવે છે. જે નીચે મુજબ છે.

## 7.4 *વિધાનસભાના મતનુ મુલ્ય :*

રાજ્યની કુલ વસ્તી

વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા

સંસદસભ્યના મતનું મુલ્ય = રાજ્યોની કુલ વિધાનસભાઓના સરવાળો

સંસદના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા

## 7.5 *લાયકાત :*

(1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) તેની ઉંમર 35 વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ નહિ.

(3) તે લોકસભામાં ચૂંટાવાની લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(4) કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનો પગારદાર નોકર ન હોવો જોઈએ.

(5) સંસદના કે રાજ્યોની ધારાસભાના કોઈપણ ગૃહોનો સભ્ય ન હોવો જોઈએ. અને સભ્ય હોય તો રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા પછી રાજીનામું આપવું પડે.

## 7.6 *હોદ્દાની મુદત :*

રાષ્ટ્રપતિના હોદ્દાની મુદ્દત પાંચ વર્ષ ની હોય છે.તેઓ બીજી વાર બીજા પાંચ વર્ષ માટે ચૂંટાઈ શકે છે.જો પાંચ વર્ષ પહેલા તેમને મુક્ત થવું હોય તો ઉપરાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપી શકે. (રાષ્ટ્રપતિનું પોતાના હોદ્દાની મુદ્દત દરમિયાન મરણ થાય તો આપોઆપ આ સ્થાન ખાલી પડેલું ગણાશે.) રાષ્ટ્રપતિ વધુમાં વધુ બે સંસદ સુધી સત્તા ભોગવી શકે.

## 7.7 *સોગંદવિધિ :*

પોતાના હોદ્દાનો સ્વીકાર કરતી વખતે રાષ્ટ્રપતિને સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયાધીશ સમક્ષ પોતાના હોદ્દાને વફાદાર રહેવાના, બંધારણનું અને કાયદાનું રક્ષણ કરવાના તથા ભારતના લોકોની સેવા અને કલ્યાણ કરવાના વિધિપૂર્વક સોગંધ લેવા પડે છે.

## 7.8 *પગાર-ભથ્થાં અને વિશેષ સગવડો :*

રાષ્ટ્રપતિને માસિક રૂપિયા 5 લાખનો પગાર મળે છે. આ ઉપરાંત સંસદે નક્કી કરેલા ભાડા ભથ્થાં પણ તે મેળવે છે. 13 એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલા મહેલ જેવા રાષ્ટ્રપતિ ભવનમાં નિઃશુલ્ક તે નિવાસ કરે છે. હોદ્દાની મુદ્દત તે સમય દરમિયાન એમના પગાર અને ભથ્થામાં ફેરફાર થઈ શકે નહિ. નિવૃત્તિ પછી રાષ્ટ્રપતિને પેન્શન મળે છે.

## 7.9 *બરતરફી :*

બંધારણના ભંગ બદલ રાષ્ટ્રપતિ પર મહાભિયોગ ચલાવીને જ બરતફ કરી શકાય. આ માટે સંસદનું કોઈપણ એક ગૃહ ફરિયાદી બંને છે. આ ફરિયાદમાંના આરોપીની દરખાસ્ત ઓછામાં ઓછા 14 દિવસમાં લિખિત સૂચના દ્વારા મળવી જોઈએ. આ આરોપનામા પર ગૃહના ઓછામાં ઓછા 25% સભ્યોની સહી જોઈએ.ત્યારબાદ જ તેના પર ચર્ચા વિચારણા થઈ શકે છે.

સંસદનું એક ગૃહ આ રીતે આરોપ મુકે ત્યારબાદ બીજું ગૃહ તેની તપાસ કરે છે. એ વખતે રાષ્ટ્રપતિને જાતે અથવા પોતાના પ્રતિનિધિ મારફત બચાવ કરવાનો અધિકાર છે.જ્યાં એ અમલ થઈ શકતો નથી. જો તે નિર્ણય ૨/૩ બહુમતીય રાષ્ટ્રપતિની વિરુદ્ધ આવે તો તેમને પોતાના પદ પરથી દૂર થવું પડે છે અને તેમની જગ્યાએ નવા રાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં આવે છે.

## 7.10 *વિશિષ્ટ અધિકારો :*

દેશમાં રાષ્ટ્રપતિનું સ્થાન ગૌરવવાળું હોવાથી, તેમને સામાન્ય નાગરિકને ન હોય તેવા કેટલાક વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા છે. દા.ત. તેઓ સત્તા પર હોય ત્યારે તેમની સામે ભારતની કોઈપણ અદાલતમાં દીવાની કે ફોજદારી મુકદ્દમો ચલાવી શકાતો નથી. તેઓ હોદ્દો પર હોય ત્યાં સુધી તેમની ધડપકડ કરી શકાતી નથી.

## 7.11 *રાષ્ટ્રપતિની સત્તાઓ :*

ભારતમાં રાષ્ટ્રપતિ એ રાષ્ટ્રના વડા છે. તેઓ લશ્કરીદળના વડા છે અને વહીવટીતંત્રના સર્વોચ્ચ અધિકારી છે.તેઓ ઇંગ્લેન્ડના રાજાની જેમ બંધારણીય વડા છે.તેમનો દરજ્જો દેશમાં સૌથી ઉંચો અને અને સૌથી આદરણીય છે. તેથી ભારતના બંધારણે તેમને ઘણી વિશાળ સત્તાઓ આપી છે, જે નીચે મુજબ સમજી શકાય.

### 7.11.1 *વહીવટી સત્તાઓ* (Administrative Power) :

ભારતના રાષ્ટ્રપતિ સંઘ સરકારની કારોબારીના વડા છે.ભારતનો બધો વહીવટ તેમના નામથી ચાલે છે.વ્યવહારમાં રાષ્ટ્રપતિની સત્તાઓનો ઉપયોગ તેમના વતી પ્રધાનો અને અન્ય કર્મચારીઓ કરે છે. બધા જ વહીવટી અમલદારોની નિમણૂક તેમના નામથી

કરવામાં આવે છે. તેઓ વડાપ્રધાન, પ્રધાનમંડળ, એટર્ની જનરલ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો તથા રાજ્યોના રાજ્યપાલ, ઉચ્ચ લશ્કરી અધિકારીઓ વગેરેની નિમણૂક કરે છે. તેઓ ચૂંટણીપંચ, નાણાપંચ, જાહેર સેવા પંચ વગેરેના સભ્યોની પણ નિમણૂક કરે છે. તેઓ સંઘ શાસિત વિસ્તારોમાં વહીવટી અમલદારોની નિમણૂક કરીને તે વિસ્તારોનો વહીવટ ચલાવે છે

વિદેશો સાથે સંધિ કે કરારો તેમના નામથી થાય છે. તેઓ વિદેશમાં ભારતના એલચીઓ અને દૂતોની નિમણૂક કરે છે તથા વિદેશોના એલચીઓને આવકારે છે. તેઓ ભારતના ભૂમિદળ, હવાઈદળ અને નૌકાદળના વહીવટી છે. તેઓ સંસદને વિશ્વાસમાં લઇ યુદ્ધ કે શાંતિની ઘોષણા કરી શકે છે.

### 7.11.2 *ધારાકીય સત્તાઓ* (legislative Power) :

સંસદના બંને ગૃહોની બેઠક બોલાવવાની, મુલવતી રાખવાની અને લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા રાષ્ટ્રપ્રમુખની છે. રાજ્યસભામાં 12 સભ્યોની નિમણૂક પણ તે કરે છે. નીચલા ગૃહ- લોકસભામાં એંગ્લો ઇન્ડિયન કોમને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળતુ હોય તો તેઓ તે કોમના વધુમાં વધુ બે પ્રતિનિધિની નિમણૂક કરે છે. રાષ્ટ્રપતિની આ સત્તાઓ ઔપચારિક હોય છે અને આ સત્તાઓનો ઉપયોગ તેમણે ફરજિયાત રીતે પ્રધાનમંડળની સલાહ અનુસાર કરવાનો હોય છે. સામાન્ય ચૂંટણીઓ પછી સંસદના બંને ગૃહોનું ઉદ્દઘાટન તેમજ દર વર્ષે સંસદના પ્રથમ સત્રનો પ્રારંભ રાષ્ટ્રપતિના અભિભાષણથી થાય છે. સંસદના બંને ગૃહોએ પસાર કરેલો કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી પછી જ કાયદો બને છે. નાણાકીય ખરડા સિવાયના ખરડા રાષ્ટ્રપતિ પુનર્વિચારણા માટે સંસદને પરત મોકલી શકે છે.

સંસદનું સત્ર ચાલુ ન હોય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિ કોઈપણ બાબતે વટહુકમ બહાર પાડી શકે છે. જો કે આવાં વટહુકમો સંસદના આગામી સત્રમાં મંજૂર કરાવવાનું જરૂરી છે. રાષ્ટ્રપતિ વાર્ષિક અંદાજપત્રને લોકસભામાં રજૂ કરવાની પરવાનગી આપે છે.

### 7.11.3 *નાણાકીય સત્તાઓ :* (Financial Power)

રાષ્ટ્રપતિની મંજૂરી વિના કોઈ પણ નાણાકીય ખરડો લોકસભામાં રજૂ કરી શકતો નથી. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાની વહેચણી સંબંધી નાણાપંચની તે નિમણૂક કરે છે અને તેની ભલામણોને સંસદ સમક્ષ રજૂ કરે છે. આ ઉપરાંત પ્રત્યેક નાણાકીય વર્ષ માટે ભારતની સરકારનું આવક-જાવકનું સરવૈયું (અંદાજપત્ર) રજૂ કરતું નિવેદન સંસદના બંને ગૃહો સમક્ષ મુકવાની વ્યવસ્થા પણ રાષ્ટ્રપતિને કરવાની હોય છે. વળી રાજ્યના આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે તેઓ સંસદની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના પણ નાણા આપી શકે છે. આ ઉપરાંત દર વર્ષે સરકારના હિસાબની તપાસ વિશેનો ઓડિટર જનરલનો અહેવાલ પણ તેઓ સંસદ સમક્ષ રજૂ કરે છે.

**7.11.4 *ન્યાયવિષયક સત્તાઓ* (Judicial Power) :**

રાજ્યના સર્વોચ્ચ વડા તરીકે રાષ્ટ્રપ્રમુખ ગુનેગારને માફી આપવાની, ફોજદારી ગુનાની સજાની મુદત ઘટાડવાની, તેનો અમલ મોકૂફ રાખવાની અથવા સજાનું સ્વરૂપ બદલવાની સત્તા ધરાવે છે. જો કાયદાકીય કે જાહેરહિતોનો પ્રશ્ન ઉદભવે તો રાષ્ટ્રપ્રમુખ તે અંગે સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય મેળવી શકે છે. જો કે સર્વોચ્ચ અદાલતનો લશ્કરી અદાલતે ફરમાવેલી સજા કે બંધારણના ભંગ માટે થયેલી સજામાં ફેરફાર કરી શકે નહિ. તેઓ સર્વોચ્ચ અદાલત તથા રાજ્યોની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

**7.11.5 *લશ્કરી સત્તાઓ :* (Military Power)**

આગળ જોયું તેમ ભારતના રાષ્ટ્રપ્રમુખ ભારતીય લશ્કરના સર્વોચ્ચ સેનાપતિ છે. આમ છતાં પોતાને મળેલ લશ્કરી સત્તાનો ઉપયોગ તેઓ સંસદે નક્કી કરેલ પ્રવિધિ અનુસાર કરે છે. આ રીતે કોઈ પણ દેશ સાથે યુદ્ધ જાહેર કરવાની કે સંધિ કરવાની સત્તા તેમના હસ્તક છે.

**7.11.6 *કટોકટીની સત્તાઓ :* (Emergency Power)**

ભારતના બંધારણના 18મા પ્રકરણમાં રાષ્ટ્રપ્રમુખની કટોકટીના સમય અંગેની સત્તાઓનો ઉલ્લેખ છે. બંધારણમાં જણાવેલી ત્રણ પ્રકારની કટોકટીઓ નીચે પ્રમાણે છે.

**7.11.6.1 *આંતરિક અથવા બાહ્ય કટોકટી :***

રાષ્ટ્રપતિને એમ લાગે કે આંતરિક અશાંતિ, યુદ્ધ કે પરદેશી આક્રમણને કારણે દેશની સલામતી ભયમાં છે, તો તેઓ ઢંઢેરો બહાર પાડીને કટોકટીની જાહેરાત કરે છે. કટોકટીની જાહેરાતને બે માસમાં સંસદ બહાલી ન આપે તો તે આપોઆપ રદ થાય છે. સંસદ જો મંજૂરી આપે તો છ માસ સુધી અથવા વધારેમાં વધારે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય છે. કટોકટી જાહેર થતા જ ભારતનું સમવાયીતંત્ર બંધારણ એકતંત્રી બની જાય છે. એટલે કે, સંસદ સમગ્ર દેશ માટે, કોઈ પણ વિષય પર કાયદા કરી શકે છે. આ ઉપરાંત નાગરિકોના બધા જ મૂળભૂત અધિકારો પણ મોકૂફ રહી શકે છે.

**7.11.6.2 *બંધારણીય કટોકટી :***

આ બીજા પ્રકારની કટોકટી ભારતીય સંઘના કોઈ પણ એક રાજ્યને લગતી છે. કોઈપણ રાજ્યના રાજ્યપાલનો એવો અહેવાલ આવે કે રાજ્યમાં બંધારણ પ્રમાણે વહીવટ ચાલી શકે તેમ નથી તો તે રાજ્યમાં 'રાષ્ટ્રપતિનું શાસન' સ્થપાય છે. આ સ્થિતિ બે માસ ચાલી શકે છે, અને સંસદની મંજૂરી મળે તો છ માસથી ત્રણ વર્ષ સુધી ચાલુ રહી શકે છે. રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર થતા રાષ્ટ્રપતિ રાજ્યની બધી જ અથવા તો પોતાને યોગ્ય લાગે તેટલી સત્તાઓ હાથમાં લે છે. આવા સમયે રાજ્યની વિધાનસભાની બધી સંસ્થાઓ સંસદ પાસે આવી જાય છે. તેમની આ સત્તાનો ઉપયોગ તેમના વતી રાજ્યપાલ કરે છે.

### 7.11.6.3 *નાણાકીય કટોકટી :*

જયારે ભારતીય સંઘ કે તેના કોઈપણ ભાગની નાણાકીય સ્થિરતા કે સધ્ધરતા ભયમાં છે એમ રાષ્ટ્રપતિને લાગે ત્યારે તેઓ નાણાકીય કટોકટીને જાહેર કરે છે. આ કટોકટીને લંબાવવાની વિધિ પણ બીજી કટોકટીઓ જેવી જે છે. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ રાજ્ય સરકારોને નાણાકીય બાબતોમાં માર્ગદર્શન આપવાની સત્તા ધરાવે છે. તેમાં રાજયના કર્મચારીઓના પગાર ઘટાડવાની સત્તા પણ આવી જાય છે. આવે વખતે રાજયે બધા જ નાણાકીય ખરડો રાષ્ટ્રપતિની વિચારણા માટે રજૂ કરવા પડે છે અને તેમની મંજૂરી મળ્યા પછી જ તે ખરડાઓ કાયદાનો સ્વરૂપ ધારણ કરી શકે છે.

## 7.12 *રાષ્ટ્રપતિની સત્તાઓ વિશે વિવેચન :*

રાષ્ટ્રપતિને આપવામાં આવેલી કટોકટીની વ્યાપક સત્તાઓને ધ્યાનમાં લેતા એવો ભય રહે છે કે કોઈ વ્યક્તિ સત્તાલોલુપ હોય તો તે સરમુખત્યાર બની શકે છે. શ્રી અમરનાન્દી નોંધે છે કે, ‘‘ભારતના બંધારણે રાષ્ટ્રપતિના હાથમાં ભરેલી બંદુક મૂકી છે, જેના વડે તે પ્રજાની સ્વતંત્રતાનું રક્ષણ કે ભક્ષણ કરી કરી શકે છે.’’

જો કે આપણે સંસદીય પ્રકારની શાસન વ્યવસ્થામાં આ ભય અસ્થાને છે.તેમ છતા રાષ્ટ્રની સલામતી અને એકતા જોખમમાં હોય ત્યારે રાષ્ટ્રના વાડાને આવી સત્તા આપવી જોઈએ તેમાં બે મત નથી. ભૂતકાળમાં દેશ સમક્ષ જયારે પ્રથમ બે પ્રકારની કટોકટીઓ આવી હતી, ત્યારે આપના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓએ આવી મહત્ત્વની સત્તાઓનો ઉપયોગ પ્રધાનમંડળની સલાહથી કરીને સુંદર પ્રણાલિકા પાડી છે.

## 7.13 *તમારી પ્રગતિ ચકાસો :*

1) રાષ્ટ્રપતિની સોગંદવિધિ કોની સમક્ષ થાય છે ?

   (અ) કર્નલ (બ) સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ (ક) વડાપ્રધાન (ડ) એટર્ની જનરલ

2) રાષ્ટ્રપતિની ચૂંટણીની મતગણતરી બંધારણના ક્યા અનુચ્છેદમાં દર્શાવેલ છે ?

   (અ) અનુચ્છેદ 51 (બ) અનુચ્છેદ 53 (ક) અનુચ્છેદ 55 (ડ) અનુચ્છેદ 58

3) રાષ્ટ્રપતિ બનવા માટે મહત્તમ વયમર્યાદા કેટલી હોય છે ?

   (અ) 30 વર્ષ (બ) 35 વર્ષ (ક) 40 વર્ષ (ડ) 50 વર્ષ

4) કટોકટી સમયની રાષ્ટ્રપતિની સત્તાઓ બંધારણના ક્યા પ્રકરણમાં દર્શાવેલ છે ?

   (અ) 15 મા (બ) 18 મા (ક) 20 મા (ડ) 22 મા

5) રાષ્ટ્રપતિ રાજ્યસભામાં કુલ કેટલા સભ્યોની નિમણૂંક કરે છે ?

(અ) 12 (બ) 18 (ક) 23 (ડ) 25

## 7.14 *સ્વાધ્યાય :*

રાષ્ટ્રપતિના સ્થાન અને સત્તાઓ વિષે વિસ્તૃત સમજૂતી આપો.

## 7.15 *સારાંશ :*

આમ, બંધારણે રાષ્ટ્રપતિને ઘણી વિશાળ સત્તાઓ આપી છે. સંસદીય પ્રણાલિકાવાળા કદાચ કોઈ દેશના કારોબારીના વડાને આટલી બધી સત્તાઓ તેમનું બંધારણ આપતું નથી.રાષ્ટ્રપતિનું સ્થાન બ્રિટનના રાજ્યની જેમ મહદઅંશે બંધારણીય વડા તરીકેનું છે. રાષ્ટ્રપતિ હંમેશા પ્રધાનમંડળની સલાહ મુજબ કામ કરવાને બંધાયેલા છે. આમ, ભારતના રાષ્ટ્રપતિનું પદ પ્રભાવનું છે, સત્તાનું નહિ. ભારતના ભૂતપૂર્વ એટર્ની જનરલ એમ.સી સેતલવડ ભારતના રાષ્ટ્રપતિ સ્થિતિ અને સ્થાન માટે નોંધે છે કે, “ભારતના રાષ્ટ્રપતિ, યુનાઈટેડ કિંગડમમાં રાજા અને તેનાં સંસ્થાનોમાં ગવર્નરની જે સ્થિતિ છે, જેમાં બંને મંત્રીમંડળની સલાહને કાંતો સ્વીકારે છે અથવા કોઈ વચલો માર્ગ કાઢે છે”

## 7.16 *શબ્દાવલી :*

| | |
|---|---|
| *અંદાજપત્ર* | નાણાકીય વર્ષ માટેનું સરકારનું આવક-જાવકનું સરવૈયું |
| *ખરડો* | કાયદા માટેની દરખાસ્ત એટલે ખરડો |

## 7.17 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

પ્ર-1-(બ) સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ

પ્ર-2-(ક) અનુચ્છેદ 55

પ્ર-3-(બ) 35 વર્ષ

પ્ર-4-(બ) 18 મા

પ્ર-5-(અ) 12

## 7.18 *સંદર્ભ :*


1) ઓઝા ઈશ્વરલાલ, ભારતનો બંધારણીય ઈતિહાસ, રાવલ પ્રકાશન,પાટણ, 1996-97

2) રાય એમ.પી. (લે.), જૈન રાશી કે.,(સંપા.), ભારતીય સંવિધાન, કૉલેજ બુક ડીપો, જયપુર
3) શર્મા સુરેન્દ્રકુમાર, સંવિધાન ઔર સરકાર, ડિસ્કવરી પબ્લીશીંગ હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, 2007
4) કશ્યપ સુભાષ (લે.), બિપીનચંદ્ર શુક્લ (અનુ.),આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્હી પ્રથમ આવૃત્તિ, 2003
5) દેસાઈ કે.સી. અને પ્રવીણ ન. શેઠ, ભારતનો બંધારણીય વિકાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 1973
6) રાજેશકુમાર સામાજિક વિજ્ઞાન (213), પુસ્તક-1, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એમ.એચ.આર.ડી., નોઇડા, ઉત્તરપ્રદેશ (http://www.niosgnr.org/study-materials/)

# એકમ : 8

# ભારતના બંધારણમાં વડાપ્રધાન : સ્થાન, સત્તા અને કામગીરી

*:: રૂપરેખા ::*

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 વડાપ્રધાન અને પ્રધાનમંડળની રચના**

**8.3 વડાપ્રધાનની સત્તાઓ**

**8.3.1 પ્રધાનમંડળના સંદર્ભે સત્તાઓ**

**8.3.2 સંસદના સંદર્ભમાં સત્તાઓ**

**8.3.3 રાષ્ટ્રપતિના સંદર્ભમાં સત્તાઓ**

**8.3.4 નાણાંકીય સંદર્ભે સત્તાઓ**

**8.3.5 વિદેશનીતિ અને સુરક્ષા સંદર્ભે સત્તાઓ**

**8.3.6 પક્ષના સંદર્ભે સત્તાઓ**

**8.3.7 કટોકટી સંદર્ભે સત્તાઓ**

**8.4 વડાપ્રધાનનું સ્થાન**

**8.5 તમારી પ્રગતિ ચકાસો**

**8.6 સ્વાધ્યાય**

**8.7 સારાંશ**

**8.8 શબ્દાવલી**

**8.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**8.10 સંદર્ભ**

## 8.0 ઉદ્દેશો :

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- વડાપ્રધાનની સત્તાઓ વિશે સમજી શકશો.
- વડાપ્રધાનના સ્થાન વિશે સમજી શકશો.

## 8.1 પ્રસ્તાવના :

ભારતમાં સંસદીય લોકશાહી પ્રકારની સરકાર હોવાથી વાસ્તવિક વહીવટી સત્તાઓ લોકો દ્વારા જ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી પસંદ કરવામાં આવેલ પ્રધાનમંડળ ધરાવે છે. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રપતિને સલાહ આપવા અને મદદ કરવા કલમ-૭૪ મુજબ પ્રધાનમંડળની રચના થઈ છે. સામાન્ય રીતે વડાપ્રધાનની સલાહ લેવા માટે રાષ્ટ્રપતિ બંધાયેલા છે. સરકારની વાસ્તવિક કારોબારીના વડા એ વડાપ્રધાન છે.

## 8.2 વડાપ્રધાન અને પ્રધાનમંડળની રચના :

રાષ્ટ્રપતિ લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની વડાપ્રધાન તરીકે નિમણૂંક કરે છે. ત્યારબાદ વડાપ્રધાનની સલાહ મુજબ રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય પ્રધાનોની નિમણૂંક કરે છે. પ્રધાનમંડળ લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર હોય છે. વડાપ્રધાનનું સ્થાન રાષ્ટ્રપતિ અને પ્રધાનમંડળ વચ્ચે જોડતી કડી સમાન છે. તેઓ કેબિનેટના નિર્ણયો અને અગત્યની બાબતોથી રાષ્ટ્રપતિને વાકેફ રાખે છે. વડાપ્રધાન માત્ર બહુમતી ધરાવતા પક્ષના જ નેતા નથી, પરંતુ આખા ગૃહના એટલે કે લોકસભાના નેતા ગણાય છે. આથી ગૃહની કાર્યવાહી અંગનો નિર્ણયો વડાપ્રધાન સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ જ લેવાય છે. ગૃહની બેઠક બોલાવવી ચાલુ બેઠકને લંબાવવી કે ટૂંકાવવી, બેઠક મુલતવી રાખવી, સ્પીકરની ચૂંટણી વગેરે બાબતોના નિર્ણયો વડાપ્રધાનની સંમતિથી જ લેવાય છે. અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચા માટે ક્યારે હાથમાં લેવો તે અંગે સ્પીકર તેમની સાથે મસલત કરે છે. વડાપ્રધાન નીતિવિષયક નિર્ણયોની પણ જાહેરાત કરે છે. ગૃહમાં પ્રશ્નોત્તરી સમયે કોઈ પ્રધાન જવાબ આપવામાં નિષ્ફળ જાય તો વડાપ્રધાન તેમની મદદ કરે છે. કોઈ ખાતામાં  ન આવતા કે એક કરતાં વધારે ખાતાઓને લગતા પ્રશ્નો તેમજ સર્વગ્રાહી બાબતોના પ્રશ્નો અંગે વડાપ્રધાન પોતે જવાબ આપે છે. વિરોધ પક્ષના નેતાઓની સાથે વિચારોની આપ - લે કરી , નીતિઓ વચ્ચેનો તફાવત દૂર કરી સર્વસંમતિ સાધવાનો પ્રયત્ન કરે છે. વડાપ્રધાન લોકસભાનું વિર્સજન કરવાની સલાહ રાષ્ટ્રપતિને આપી શકે એવો અધિકાર પણ છે.

પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા, રચના કે કાર્યવાહી વિશે બંધારણમાં કોઈ ઉલ્લેખ નથી . પ્રધાનોની સંખ્યાનો આધાર જરૂરિયાત ઉપર રહે છે. પ્રધાનમંડળમાં

નિમણૂંક માટે શિક્ષણ , દરજ્જો કે મિલકત જેવી કોઈ વિશેષ લાયકાતો જરૂરી નથી. આમ છતાં પ્રધાનમંડળમાં સ્થાન મેળવવા માટેની લાયકાત જેવી કે ....

(1) સંસદના બંને ગૃહોમાંથી કોઈપણ એક ગૃહના સભ્ય બનવું જરૂરી.

(2) સંસદના એકેય ગૃહનો સભ્ય ન હોય તેવી વ્યક્તિ માટે છ માસની અંદર કોઈપણ ગૃહમાં ચૂંટાઈ આવવું.

(3) લોકસભામાં સભ્ય બનવા માટેની ઉંમર 25 વર્ષની છે. તો પ્રધાનમંડળમાં સ્થાન મેળવવા માટે ૨૫ વર્ષની ઉંમર હોવી જોઈએ એવું નક્કી થાય છે.

(4) પ્રધાનોના પગાર , ભથ્થાં અને અન્ય સગવડો સંસદ દ્વારા વખતોવખત નક્કી થાય છે.

આપણી લોકસભાની મુદ્દત ૫ વર્ષની છે તેથી સામાન્ય રીતે પ્રધાનમંડળની મુદત પણ ૫ વર્ષની હોય છે. નવી ચૂંટણીઓ થતાં નવું પ્રધાનમંડળ હોદ્દા ઉપર આવે છે. જો કે વડાપ્રધાનનું મૃત્યુ કે રાજીનામાનો પ્રસંગ બને તો ૫ વર્ષની મુદત પહેલાં પણ નવું પ્રધાનમંડળ અસ્તિત્વમાં આવી શકે છે. આ રીતે અસ્તિત્વમાં આવેલું પ્રધાનમંડળ તે સમયની લોકસભાની મુદત સુધી જ સત્તામાં રહી શકે છે. ઘણી વખત વડાપ્રધાન પોતે પણ જરૂરિયાત પ્રમાણે પ્રધાનમંડળની ફરીથી રચના તેમજ ખાતાકીય ફાળવણી કરવામાં વડાપ્રધાનની ઈચ્છા મહત્ત્વનો ભાગ ભજવે છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે છે. આવા સમયે રાષ્ટ્રપતિ અન્ય પક્ષોને સરકાર રચવા આમંત્રણ આપે છે, પરંતુ જો કોઈ પક્ષો નવી સરકાર રચી ન શકે તો રાષ્ટ્રપતિ લોકસભાનું વિસર્જન કરીને નવી ચૂંટણીઓ યોજવાનો આદેશ આપે છે. આ ઉપરાંત , વડાપ્રધાનને ચૂંટણીઓ માટે અનુકૂળ વાતાવરણ જણાય તો તેઓ ૫ વર્ષની મુદત પહેલાં ગમે ત્યારે રાષ્ટ્રપતિને લોકસભાનું વિસર્જન કરવાની અને અને નવી ચૂંટણીઓ યોજવાની સલાહ આપે છે. વળી, રાષ્ટ્રપતિ તેનો અમલ કરવા બંધાયેલા છે. હવે વડાપ્રધાનની સત્તાઓની વિસ્તારથી ચર્ચા કરીએ.

## 8.3 વડાપ્રધાનની સત્તાઓ :

ભારતના વડાપ્રધાન નીચે પ્રમાણેની સત્તાઓ ધરાવે છે.

### 8.3.1 પ્રધાનમંડળના સદર્ભે સત્તાઓ :

પ્રધાનમંડળની રચના કરવાની સત્તા વડાપ્રધાનની છે. તેઓ પોતાના સાથી પ્રધાનોની યાદી રાષ્ટ્રપ્રમુખ સમક્ષ રજૂ કરે છે. જેને મંજુરી આપી રાષ્ટ્રપ્રમુખ યાદીમાં સૂચવેલ વ્યક્તિઓને પ્રધાન તરીકે નિમણૂક કરે છે. કોને કેબીનેટ મંત્રી, રાજ્યમંત્રી કે ઉપમંત્રી તરીકે નીમવા તે નક્કી કરવાની સત્તા પણ વડાપ્રધાનની જ છે. વડાપ્રધાન પ્રધાનોને ખાતાની સોંપણી કરે છે. જો કે વડાપ્રધાન પ્રધાનમંડળની રચના કરતી વખતે

કેટલીક બાબતો ધ્યાનમાં લે છે. જેમ કે, પોતાના પક્ષના વિવિધ જૂથો, વિવિધ રાજ્યો, વિવિધ જાતિઓ અને સ્ત્રીઓને પ્રધાનમંડળમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહે તે બાબત ધ્યાનમાં લે છે. કોઈપણ પ્રધાનને પ્રધાનમંડળમાંથી દૂર કરવાની સત્તા વડાપ્રધાનની છે. કોઈ પ્રધાન નીતિ અનુસાર વર્તવા માંગતો ન હોય તો તેને તેઓ રાજીનામું આપવા જણાવે છે. જો પ્રધાન રાજીનામું ન આપે તો તેવા પ્રધાનને દુર કરવા રાષ્ટ્રપ્રમુખને સલાહ આપે છે. જો વડાપ્રધાન પોતે રાજીનામું આપે તો સમગ્ર પ્રધાન મંડળ વિખરાઈ જાય છે.

વડાપ્રધાન વખતો વખત મળતી પ્રધાનમંડળની બેઠકોના કાયમી અધ્યક્ષ છે. તેથી કેબિનેટમાં કઈ બાબતોની ચર્ચા કરાવી તે નક્કી કરવાની સત્તા તેમની પાસે છે. આથી કેબિનેટમાં કોઈ પણ બાબતો અંગે નિર્ણય લેવામાં તેઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**8.3.2 સંસદના સંદર્ભમાં સત્તાઓ :**

ભારતના વડાપ્રધાનને સંસદના બંને ગૃહોને સંબોધવાની સત્તા છે. ઈંગ્લેન્ડનો વડાપ્રધાન માત્ર આમસભાને જ સંબોધી શકે છે. આ બાબતમાં તે ઈંગ્લેન્ડના વડાપ્રધાન કરતા ભારતના વડાપ્રધાન વધુ સત્તાઓ ધરાવે છે. કાયદાઓના નિર્માણમાં સંસદમાં વડાપ્રધાનની ભૂમિકા સવિશેષ હોય છે. ટૂંકમાં સંસદમાં વડાપ્રધાનની ભૂમિકા સવિશેષ હોય છે.

**8.3.3 રાષ્ટ્રપતિના સંદર્ભમાં સત્તાઓ :**

રાષ્ટ્રપ્રમુખ પાસે વિશાળ સત્તાઓ છે, પરંતુ તે સત્તાઓનો ઉપયોગ વડાપ્રધાન જ કરે છે. દા.ત. સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશોની, રાજ્યોના ગવર્નરની, પરદેશી એલચીઓની નિમણુક વડાપ્રધાનની સલાહ મુજબ થાય છે.

વડાપ્રધાન મંત્રીઓની નિમણુક અંગે રાષ્ટ્રપતિને સલાહ આપે છે. મંત્રીઓની વિભાગોની ફાળવણી અને તેમની ફેરબદલ બાબતે પણ નિર્ણય લે છે. તેઓ મંત્રીને રાજીનામું આપવા અથવા રાષ્ટ્રપતિને તેને બરખાસ્ત કરવા કહે છે. વડાપ્રધાન રાષ્ટ્રપતિને વિવિધ નિમણુંકો અંગે સલાહ આપે છે. જેમ કે, એટર્ની જનરલ (અનુચ્છેદ-76), ચૂંટણી પંચ (અનુચ્છેદ- 324), રાજયપાલ (અનુચ્છેદ-155), નાણા પંચ (અનુચ્છેદ-280), સંઘ લોક સેવા આયોગના સભ્યો (અનુચ્છેદ-316) વગેરે.

ટૂંકમાં, વડાપ્રધાન પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ વચ્ચે કડીરૂપ છે. પ્રધાનમંડળની બેઠકોમાં થયેલા ઠરાવો વિશે, દેશની સમગ્ર પરિસ્થિતિ વિશે તેમજ કેન્દ્ર સરકારના સમગ્ર વહીવટ વિશે વડાપ્રધાન રાષ્ટ્રપતિને વાકેફ કરે છે.

**8.3.4 નાણાંકીય સંદર્ભમાં સત્તાઓ :**

અન્ય સત્તાઓની જેમ વડાપ્રધાન હસ્તક નાણાંકીય સત્તાઓનું પ્રભુત્વ પણ જોવા મળે છે. વડાપ્રધાન પક્ષમાં જીતેલ કોઈ એક મંત્રીને નાણા મંત્રીની જવાબદારી સોંપે છે.

નાણા મંત્રી વડાપ્રધાનની સલાહ અનુસાર દેશમાં નાણાકીય કાયદાઓ, નીતિઓ તેમજ દેશ હિતમાં જરૂરી નિર્ણયો લે છે. દેશમાં કેન્દ્ર સરકાર હસ્તકના કર્મચારીઓના પગાર પંચ, અંદાજ પત્ર, કરવેરાનું માળખું, અન્ય દેશો સાથે થયેલ કરાર અનુસારનું મૂડી રોકાણ વગેરે જેવી અનેક નાણાકીય બાબતોમાં આપણા દેશના વડાપ્રધાન સત્તાઓ ધરાવે છે.

**8.3.5 વિદેશનીતિ અને સુરક્ષા સંદર્ભે સત્તાઓ :**

વડાપ્રધાન પ્રધાનમંડળના અન્ય સભ્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેથી દેશની આંતરિક અને બાહ્ય નીતિના ઘડતરમાં તેઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. આંતરિક અને આંતરરાષ્ટ્રીય નીતિના ઘડતરમાં વડાપ્રધાનની પ્રતિભા તેમજ મંતવ્યોની ઊંડી અસર પડે છે. વડાપ્રધાન વિદેશનીતિ ઘડે છે તેમજ તે નીતિ અનુસાર કાર્ય કરવા માટે દરેક વિદેશપ્રધાનને માર્ગદર્શન આપે છે.

દેશની આંતરિક તેમજ બાહ્ય એટલે સરહદી સુરક્ષાના સંદર્ભે વડાપ્રધાન વિશેષ સત્તાઓ ધરાવે છે. દેશના ત્રણેય સુરક્ષા દળો (હવાઈ દળ, પાયદળ, નૌકા દળ) ના દળોના વડા રાષ્ટ્રપતિને તેઓ સુરક્ષા સંદર્ભે યોગ્ય સલાહસૂચન આપી શકે છે.

**8.3.6 પક્ષના સંદર્ભે સત્તાઓ :**

વડાપ્રધાન એ જે-તે સત્તાધારી પક્ષનો વડો હોય છે. આવા સંજોગોમાં પક્ષના તમામ નિર્ણયો તેમના માધ્યમથી થતા હોય છે. પક્ષ સાથે સંકળાયેલી તમામ નીતિઓની જાહેરાત પણ તેઓ કરે છે તેમજ પોતાના પક્ષની જે-તે રાજ્ય સરકારોને જરૂરી માર્ગદર્શન પણ આપે છે. વધુમાં પક્ષના વહીવટી તંત્રની ગોઠવણીમાં પણ તેમની ભૂમિકા મહત્ત્વની હોય છે. જેમ કે, પક્ષ સંલગ્ન રાજ્યોના મુખ્યમંત્રીઓની નિમણુક બાબતમાં સલાહ આપવી, પક્ષના રાષ્ટ્રીય તેમજ જે-તે પ્રદેશના પ્રદેશ અધ્યક્ષો નિમણુંક બાબતમાં વડાપ્રધાનની સલાહસૂચનને ધ્યાને લેવામાં આવે છે.

**8.3.7 કટોકટીના સંદર્ભે સત્તાઓ :**

બંધારણના ભાગ 18માં, કલમ 352 થી 360 હેઠળ કટોકટીની જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો હેતુ દેશની સાર્વભૌમત્વ, એકતા, અખંડિતતા, લોકશાહી રાજકીય વ્યવસ્થા અને બંધારણની રક્ષા કરવાનો છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર સર્વશક્તિમાન બને છે અને તમામ રાજ્યો તેના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ આવે છે. તમામ સત્તાઓ રાષ્ટ્રપતિના હસ્તક આવી જાય છે. આવા સંજોગોમાં વડાપ્રધાન રાષ્ટ્રપતિના નામે મહત્ત્વના નિર્ણયો લઈ શકે છે. વધુમાં કોઈ પણ કાયદો ઘડવાની સત્તા સંસદને મળતી હોઈ કટોકટીના સંજોગોમાં વડાપ્રધાનની સવિશેષ ભૂમિકા રહે છે.

## 8.4 વડાપ્રધાનનું સ્થાન :

ઉપરોક્ત સત્તાઓ તપાસતા જણાય છે કે, તેમનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. સંસદમાં બહુમતી ધરાવતા પક્ષમાં નેતાએ સમગ્ર દેશનો નેતા ગણાય. તેથી સમગ્ર દેશની પ્રજા વડાપ્રધાન તરફ માનની દ્રષ્ટીએ જુએ છે અને તેમની પાસેથી સુયોગ્ય વહીવટની અપેક્ષા રાખે છે.

વડાપ્રધાન પ્રધાનમંડળની બેઠકોના કાયમી અધ્યક્ષ હોવાથી પ્રધાનમંડળમાં અન્ય સભ્યોની નિમણુકો, ખાતાઓની વહેંચણીમાં અને તેમની બરતરફીમાં વડાપ્રધાન અગત્યનો ભાગ ભજવે છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અન્ય કોઈ વ્યક્તિ કરતા વડાપ્રધાનની અસર વધારે પડે છે. તેથી જ ડૉ. જેનીગ્ઝે નોધે છે, ''પ્રધાનમંડળમાં અને એથી પણ અધિક અંશે પ્રધાનમંડળની બહાર સૌથી વધુ મહત્ત્વની વ્યક્તિ વડાપ્રધાન છે''

ટૂંકમાં એમ કહી શકાય કે ભારત જેવા દેશમાં વડાપ્રધાન સર્વસત્તાઓનું મૂળ છે. તેઓ એકી સાથે દેશના તેમજ સરકારના નીમાયક બની રહે છે. પંડિત જવાહરલાલ નેહરુ નોંધે છે કે, ''રાજ્યરૂપી નૌકાનો સુકાન પ્રધાનમંડળ અને સુકાની વડાપ્રધાન છે.''

## 8.5 તમારી પ્રગતિ ચકાસો :

1. પ્રધાનમંડળની રચના કરવાની સત્તા કોની છે.?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન (ક) મુખ્યમંત્રી (ડ) રાજ્યપાલ

2. વડાપ્રધાન ક્યા ગૃહના સભ્ય હોવું જરૂરી છે ?

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનસભા (ડ) વિધાન પરિષદ

3. વડાપ્રધાનની નિમણુંક કોણ કરે છે ?

(અ) રાષ્ટ્રપ્રમુખ (બ) વડાપ્રધાન (ક) મુખ્યમંત્રી (ડ) રાજ્યપાલ

4. કોની સલાહ લઈ વડાપ્રધાન પ્રધાનમંડળની નિમણુંક કરે છે ?

(અ) એટર્ની જનરલ (બ) ગૃહ મંત્રી (ક) રાષ્ટ્રપ્રમુખ (ડ) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ

5. ''રાજ્યરૂપી નૌકાનો સુકાન પ્રધાનમંડળ અને સુકાની વડાપ્રધાન છે.'' આ વિધાન કોનું છે ?

(અ) સરદાર પટેલ (બ) જદુનાથ સરકાર (ક) સરદેસાઈ (ડ) જવાહરલાલ નહેરુ

## 8.6 સ્વાધ્યાય :

વડાપ્રધાનના સ્થાન, સત્તા અને કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરો.

## 8.7 સારાંશ :

આટલી ચર્ચા પરથી એટલું તો સ્પષ્ટ જ છે કે સમવાયી સરકારમાં વડાપ્રધાનનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે. સંસદમાં સરકારની નીતિઓના તેઓ રક્ષક અને પ્રવકતા છે. મંત્રીમંડળ તેમની ટીમ તરીકે કાર્ય કરે છે. જરૂરી નીતિઓ , કાર્યક્રમો અને કાર્યવાહી માટે આખો દેશ તેમના તરફ મીટ માંડે છે. બધી આંતરરાષ્ટ્રીય સમજૂતિઓ અને બીજા દેશો સાથેની સંધિઓ વડાપ્રધાનની સંમત્તિથી થાય છે. સરકાર અને સંસદમાં તેમનો ખાસ દરજ્જો છે. પોતાની ટીમ (પ્રધાનમંડળ) ની પસંદગી તેઓ ખૂબ કાળજીથી કરે છે અને તેની પાસેથી ઈચ્છિત સહયોગ મેળવે છે. ગઠબંધન સરકાર બનાવવા વડાપ્રધાને સમાન વિચારવાળા રાજકીય પક્ષોનો સહકાર લેવો પડે છે. તેઓએ માત્ર નાગરિકોના જીવનધોરણના સુધારા માટે જ નીતિઓ બનાવવાની નથી હોતી, તેઓએ દેશમાં આંતરિક શાંતિ જળવાય તે માટે અને પાડોશી દેશો સાથે મિત્રતાભર્યા સંબંધ સાચવવા માટે પણ નીતિઓ ઘડવાની હોય છે. તેમણે દેશની સુરક્ષા માટે મહત્ત્વના નિર્ણયો લેવાના હોય છે. આ બધી હકીકતોને આધારે કહી શકાય કે વડાપ્રધાનનું સ્થાન પાયાના પથ્થરનું છે.

## 8.8 શબ્દાવલી :

(1) રાષ્ટ્રપ્રમુખ : બંધારણીય વડા

(2) વડાપ્રધાન : પ્રધાનમંડળના વડા, સંસદ સભ્ય

(3) સંસદ : લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ – આ ત્રણેયનો સમન્વય થકી સંસદ બને છે.

(4) લોકસભા : સંસદનું નીચલું ગૃહ

(5) રાજ્યસભા : સંસદનું ઉપલું ગૃહ

## 8.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

પ્ર- 1- (બ) વડાપ્રધાન

પ્ર- 2- (અ) લોકસભા

પ્ર- 3- (અ) રાષ્ટ્રપ્રમુખ

પ્ર- 4- (ક) રાષ્ટ્રપ્રમુખ

પ્ર- 5- (ડ) જવાહરલાલ નહેરુ

## 8.10 સંદર્ભ :


(1) ચૌધરી, પલ્કેશ વી., ભારતીય રાજયવ્યવસ્થાતંત્ર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2012-13

(2) ઓઝા, ઈશ્વરલાલ, ભારતનો બંધારણીય ઈતિહાસ, રાવલ પ્રકાશન,પાટણ, 1996-97

(3) રાય, એમ.પી. (લે.), જૈન, રાશી કે., (સંપા.), ભારતીય સંવિધાન, કોલેજ બુક ડીપો, જયપુર

(4) શર્મા, સુરેન્દ્રકુમાર, સંવિધાન ઔર સરકાર, ડીસ્કવરી પબ્લીશીંગ હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, 2007

(5) કશ્યપ, સુભાષ (લે.), બિપીનચંદ્ર શુક્લ (અનુ.),આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્હી પ્રથમ આવૃત્તિ, 2003

(6) દેસાઈ, કે.સી. અને પ્રવીણ ન. શેઠ, ભારતનો બંધારણીય વિકાસ, યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 1973

(7) રાજેશકુમાર, સામાજિક વિજ્ઞાન (213), પુસ્તક-1, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એમ.એચ.આર.ડી., નોઇડા, ઉત્તરપ્રદેશ (http://www.niosgnr.org/study-materials/)

(8) રાજયશાસ્ત્ર, ધોરણ-11, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,ગાંધીનગર, 2016

(9) કાઝી, શહેઝાદ, ભારતનું બંધારણ અને રાજનીતિ – એક અભ્યાસ, કીશ્વા પબ્લિકેશન, મોડાસા, પાંચમી આવૃત્તિ, 2016.

# એકમ : 9 મંત્રીમંડળની રચના, સત્તાઓ અને સ્થાન

:: રૂપરેખા ::

**9.0 ઉદ્દેશો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 મંત્રીમંડળની રચના**

**9.3 મંત્રીઓની લાયકાત**

**9.4 શપથવિધિ**

**9.5 પ્રધાનોની કક્ષા (સ્તર)**

**9.6 મંત્રીઓનાં પગાર-ભથ્થાં**

**9.7 મુખ્યમંત્રીનાં કાર્યો**

**9.8 મુખ્યમંત્રીનું સ્થાન**

**9.9 મંત્રીમંડળની સામૂહિક જવાબદારી**

**9.10 મંત્રીપરિષદનાં કાર્યો**

**9.10.1 નીતિ નિર્માણ કરવું**

**9.10.2 રાજ્ય સંચાલન પર નિયંત્રણ**

**9.10.3 વિભાગો વચ્ચે સમન્વય**

**9.11 તમારી પ્રગતિ ચકાસો**

**9.12 સ્વાધ્યાય**

**9.13 સારાંશ**

**9.14 શબ્દાવલી**

**9.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**9.16 સંદર્ભ**

## 9.0 ઉદ્દેશો :

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- મુખ્યમંત્રીનું સ્થાન, સત્તાઓ અને કાર્યો સમજી શકાશે.
- મંત્રીપરિષદની ભૂમિકા સમજી શકાશે.

## 9.1 *પ્રસ્તાવના :*

સંઘ સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. તે જ રીતે મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જે તે રાજ્યમાં વાસ્તવિક કારોબારી ગણાય છે. રાજ્યમાં કારોબારીના વડા રાજ્યપાલ છે, પરંતુ વાસ્તવમાં તો રાજ્યની કારોબારી વિષયક સત્તાઓ મંત્રીમંડળ પાસે છે. બંધારણમાં એવો આદેશ અપાયો છે કે મંત્રીમંડળ રાજ્યપાલને શાસન ચલવવામાં મદદ કરવાની છે, પરંતુ વ્યવહારમાં તો રાજ્યપાલને જ મંત્રીમંડળની ઈચ્છા પ્રમાણે વર્તવું પડે છે. બંધારણની કલમ 16 મુજબ મુખ્યપ્રધાનના વડપણ તળે એક મંડળની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ અનુસાર રાજ્યની ધારાસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે. અને તેની જ સલાહ પ્રમાણે અન્ય મંત્રીઓ નીમીને મંત્રીમંડળની રચના કરે છે. મુખ્યમંત્રી કે મંત્રી તરીકે નિમાનાર વ્યક્તિ ધારાસભાના ગમે તે ગૃહની વિધાનસભાની કે વિધાન પરિષદની સભ્ય હોવી જોઈએ. જો કે તે ન હોય તો છ માસની મુદતમાં ગમે તે ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈ આવવું અનિવાર્ય છે, નહિતર તેઓને તે પદનો ત્યાગ કરવો પડે છે.

## 9.2 *મંત્રીમંડળની રચના :*

ઉપર જણાવ્યું તેમ રાજ્યપાલ રાજ્યની ધારાસભાના બહુમતી સભ્યોનો ટેકો ધરાવતા નેતાને સરકાર રચવા આમંત્રણ આપે છે. ધારાસભામાં બળાબળની અચોક્કસ સ્થિતિ હોય ત્યારે રાજ્યપાલને મુખ્યમંત્રીની નિમણૂક બાબત મોકળું મેદાન મળી રહેશે. આમ છતાં એક વખત મુખ્યમંત્રીની નિમણૂક કર્યા પછી મંત્રીમંડળની રચનાની સમગ્ર કામગીરી રાજ્યપાલ મુખ્યમંત્રીને સોંપી દે છે અર્થાત મંત્રીઓ નીમવાની વાસ્તવિક સત્તા મુખ્યમંત્રી પાસે છે. એ જ મંત્રીઓને ખાતા વહેંચવામાં પણ રાજ્યપાલને મુખ્યમંત્રીની સલાહ પ્રમાણે વર્તવું પડે છે.

## 9.3 *મંત્રીઓની લાયકાત :*

મંત્રી થવા માટે રાજ્યની વિધાનસભાના સભ્ય થવું ફરજિયાત છે. અને જો તે સભ્ય ન હોય તો તેને 6 માસના અંદર વિધાનસભાના સભ્ય તરીકે ધારાસભામાં ચૂંટાઈ આવવું જોઈએ. જો મંત્રીને કોઈ કારણસર બરતરફ કરવામાં ન આવે, રાજ્યપાલ રાજીનામું ન માગે અને સમગ્ર મંત્રીમંડળ ધારાસભાનો વિશ્વાસ ધરાવતું હોય તો મંત્રી પાંચ વર્ષ સુધી પોતાના હોદ્દા પર રહે છે.

## 9.4 શપથવિધિ :

મુખ્યમંત્રી તેમજ અન્ય મંત્રીઓને તેમના હોદ્દાના તેમજ ગુપ્તના સોગંધ રાજ્યપાલ લેવડાવે છે અને ત્યારબાદ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરાવે છે.

## 9.5 પ્રધાનોની કક્ષા ( સ્તર ) :

રાજ્યના પ્રધાનોની કક્ષા ચાર પ્રકારની છે :

(અ) કેબીનેટ (બ) રાજ્યકક્ષા (ક) નાયબકક્ષા (ડ) સંસદીય સચિવ

## 9.6 મંત્રીઓનાં પગાર-ભથ્થાં :

રાજ્યના મંત્રીમંડળના સભ્યોના ભથ્થાં અને પગાર વિધાનસભા નક્કી કરે છે. ત્યારબાદ જ્યાં સુધી મંત્રીમંડળ વિધાનસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી તેમાં કાપ મૂકી શકાતો નથી. આમ છતાં મંત્રીઓ વિધાનસભાના નિયંત્રણ બહાર છે એવું નથી. વિધાનસભ્યો મંત્રીઓના પગારમાં કાપની દરખાસ્ત રજૂ કરીને તેમની કડકમાં કડક ટીકા કરે છે. વળી જો આવી દરખાસ્ત પસાર થઈ જાય તો મંત્રીમંડળને તેને અવિશ્વાસની દરખાસ્ત ગણીને રાજીનામું આપવું પડે છે. આમ રાજ્યની વિધાનસભા મંત્રીઓ પર અસરકારક અંકુશ ધરાવે છે.

## 9.7 મુખ્યમંત્રીનાં કાર્યો :

મુખ્યમંત્રી અને મંત્રીમંડળ વાસ્તવમાં રાજ્યના કારોબાર-વહીવટની ધુરા સંભાળે છે. મુખ્યમંત્રીને કેટલાંક કર્તવ્યો નિભાવવાના હોય છે.

1. મંત્રીમંડળના સભ્યોની પસંદગી તેમજ તેમને ખાતાઓની વહેંચણી , પુનઃવહેંચણી , મંત્રીને રુખસદ , નવા મંત્રી તરીકેની પસંદગી વગેરે જેવા વિશેષાધિકાર છે.
2. રાજ્યના રાજ્યપાલ અને મંત્રીમંડળ વચ્ચે વહીવટી સંકલન જાળવવાનું કાર્ય કરે છે.
3. મંત્રીમંડળની બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે તેમજ ગૃહમાં શાસક પક્ષના નેતા તરીકેની તમામ જવાબદારી સંભાળે છે.
4. રાજ્યના હિતોના સંવર્ધન તેમજ રક્ષણ માટે કેન્દ્ર કક્ષાએ અસરકારક રજૂઆત કરી રાજકીય નેતૃત્વની ભૂમિકા સર્જે છે.
5. સત્તાધારી અને વિરોધ પક્ષ વચ્ચે સરકારને એક ટીમ તરીકે નેતૃત્વ પૂરું પાડે છે .
6. વિધાનસભાએ પસાર કરેલ ધારાઓનો અમલ કરવાનો
7. પોતાના પક્ષે નક્કી કરેલ નીતિ પ્રમાણે રાજ્યમાં ખેતી, વ્યાપાર, ઉદ્યોગ, વાહનવ્યવહાર,
8. શિક્ષણ, સંસ્કૃતિ, કોમી એખાલસ વગેરેના વિકાસ માટે વિવિધ પગલાં ભરવા.

9. રાજ્યમાં માનવસર્જિત તેમજ કુદરત સર્જિત આપત્તિઓમાં અસરકારક નેતૃત્વપક્ષ ત્વરિત નિર્ણયો લઈને પ્રજાને રાહત આપવાનું આગવું કાર્ય કરે છે.
10. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયો તેમજ નવી યોજનાઓમાં પ્રજાને લાભાન્વિત કરાવે છે , જે તેથી કરીને પ્રજાનો બહોળો વધુ વિશ્વાસ સંપાદન કરવાનું કાર્ય કરે છે.
11. કેન્દ્ર સરકારે રાજ્યના વિકાસ માટે નક્કી કરેલી યોજનાઓના અમલ કરાવવાની જવાબદારી.

આમ , રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રી અનેકવિધ કાર્યો કરીને રાજ્યના વિકાસમાં આગવું પ્રદાન કરે છે.

## 9.8 *મુખ્યમંત્રીનું સ્થાન :*

રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રીનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કેન્દ્ર કક્ષાએ જેવું સ્થાન વડાપ્રધાનનું છે તેવું સ્થાન રાજ્ય કક્ષાએ મુખ્યમંત્રીનું છે. તેઓ બહુમતી ધરાવતા પક્ષના નેતા છે . ગૃહના નેતા છે અને મંત્રીમંડળના અધ્યક્ષ છે. મંત્રીમંડળના સર્વેસર્વા અને ચાલક બળ છે. સરકારને નેતૃત્વ બક્ષે છે. નીતિવિષયક બાબતના પથદર્શક અને સમર્થ સુકાની છે. તેઓ મંત્રીમંડળરૂપી કમાનની આધારશિલા છે. તેઓ મંત્રી - મંત્રી વચ્ચે , મંત્રી અને ધારાસભા વચ્ચે , મંત્રી અને નાગરિક વચ્ચે , સરકાર અને નાગરિક વચ્ચે મંત્રીમંડળ અને રાજ્યપાલ વચ્ચેની સંપર્ક કડી છે. નીતિવિષયક બાબતોના ઉદ્‌ઘોષક છે. સરકારમાં તેમજ રાજ્યની વહીવટી વ્યવસ્થા - પ્રક્રિયામાં તેમનો અવાજ મહત્ત્વનો છે.

## 9.9 *મંત્રીમંડળની સામૂહિક જવાબદારી :*

સમગ્ર મંત્રીમંડળની બેઠક ક્યારેક જ થાય છે. મોટે ભાગે કેબિનેટ કક્ષાના મંત્રીઓની બેઠક જ વારંવાર થાય છે અને તેમના દ્વારા જ તમામ મહત્ત્વપૂર્ણ તેમજ નીતિવિષયક નિર્ણયો લેવાય છે, પરંતુ આવા લેવાયેલા નીતિવિષયક નિર્ણયો અંગે સમગ્ર મંત્રીમંડળ સામૂહિક રીતે જવાબદાર છે . સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત એ સંસદીયપ્રથાનું હાર્દ ગણાય છે . સમગ્ર મંત્રીમંડળ એક ટીમ - જૂથ તરીકે કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયનો બચાવ ધારાસભાની અંદર તેમજ બહાર કરવા બંધાયેલા છે . જો કોઈ મંત્રી કેબિનેટના નિર્ણય સાથે વ્યક્તિગત રીતે અસંમત થાય તો તેને રાજીનામું આપવાનો આદેશ આપવામાં આવે છે . કેબિનેટમાં લેવાયેલા નિર્ણયો માટે કોઈ પણ મંત્રીમંડળના સભ્ય જાહેરમાં તે નિર્ણયની વિરુદ્ધ પોતાનો અભિપ્રાય આપી શકતા નથી . તેમણે તો નિર્ણયનો જાહેરમાં બચાવ જ કરવાનો હોય છે. આપણે કેન્દ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએ કારોબારીના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી. આ બંને એટલે કે કેન્દ્ર અને રાજ્ય સ્તરની કારોબારીના સંદર્ભમાં વધુ તફાવતો નથી.

## 9.10 *મંત્રીપરિષદનાં કાર્યા :*

### 9.10.1 *નીતિ નિર્માણ કરવું :-*

રાજ્યનું મંત્રીમંડળ રાજ્ય વિષયક વિવિધ નીતિઓનું નિર્માણ કરે છે. રાજ્યને બંધારણની રાજ્યસૂચિમાં દર્શાવેલ વિષયો જેવા કે ન્યાય, શાંતિ અને સુરક્ષા, સ્થાનિક સ્વ-શાસન તેમજ સ્વાસ્થ્ય વગેરે પર નીતિ નિર્માણનો અધિકાર છે. આ નીતિઓ થકી વિધાનસભામાં મંત્રીમંડળ દ્વારા બિલ રજૂ કરવામાં આવે છે અને તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવે છે.

### 9.10.2 *રાજ્ય સંચાલન પર નિયંત્રણ :-*

પ્રત્યેક મંત્રી કોઈના કોઈ વિભાગનો વડો હોય જ છે. એ વિભાગના સંચાલનની જવાબદારી જે-તે મંત્રીના હાથમાં હોય છે. તેથી જે-તે વિભાગની સફળતાઓ-નિષ્ફળતાઓ મંત્રીઓની યોગ્યતા પર નિર્ભર કરે છે.

### 9.10.3 *વિભાગો વચ્ચે સમન્વય :-*

મંત્રીમંડળ કે કેબિનેટનું ત્રીજું મુખ્ય કાર્ય વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવાનું છે. જો બે કે તેથી વધુ વિભાગો વચ્ચે કોઈ બાબતે મતભેદ ઊભો થાય અને જે-તે સંબંધિત મંત્રી તેને ઉકેલવામાં નિષ્ફળ રહે તો તે વિવાદને કેબિનેટમાં મુકવામાં આવે છે. કૅબિનેટનો નિર્ણય અંતિમ માનવામાં આવે છે.

## 9.11 *તમારી પ્રગતિ ચકાસો :*

1. બંધારણની કઈ કલમ મુજબ મંત્રીમંડળની રચનાની જોગવાઈ છે ?

(અ) કલમ 10 (બ) કલમ 12 (ક) કલમ 16 (ડ) કલમ 20

2. રાજ્યમાં કારોબારી વિષયક વાસ્તવિક સત્તાઓ કોણ ભોગવે છે ?

(અ) રાજ્યપાલ (બ) મંત્રીમંડળ (ક) ન્યાયધીશ (ડ) ઉપરોક્ત તમામ

3. મુખ્યમંત્રીને શપથ કોણ લેવડાવે છે ?

(અ) વડાપ્રધાન (બ) ગૃહમંત્રી (ક) ન્યાયાધીશ (ડ) રાજ્યપાલ

4. રાજ્યના પ્રધાનોના કુલ કેટલા સ્તરો હોય છે ?

(અ) 03 (બ) 04 (ક) 05 (ડ) એક પણ નહી

5. મંત્રીમંડળના સભ્યોના પગાર-ભથ્થાં કોણ નક્કી કરે છે ?

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનસભા (ડ) વિધાનપરિષદ

## 1.12 *સ્વાધ્યાય :*

રાજ્યના મંત્રીમંડળની રચના, સત્તાઓ અને સ્થાનની સમીક્ષા કરો.

## 1.13 *સારાંશ :*

ટૂંકમાં મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળ જે તે રાજ્યની ગરિમા શોભાવતા પદો છે. જે રીતે કેન્દ્ર સરકારમાં પ્રધાનમંત્રી અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે, તે જ રીતે મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જે તે રાજ્યમાં વાસ્તવિક કારોબારી ગણાય છે. બંધારણની જોગવાઈ મુજબ રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે મુખ્યમંત્રીના વડપણ હેઠળ મંત્રીમંડળની જોગવાઈ કરવામાં આવી છે, પણ વ્યવહારમાં સંસદીય સરકારની પ્રણાલી મુજબ વિધાનસભામાં ચૂંટાઈ આવેલ બહુમતી પક્ષના નેતાની રાજ્યપાલે મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની હોય છે. મુખ્યમંત્રીની સલાહ મુજબ રાજ્યપાલ અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મંત્રીઓ વિધાનસભામાં બહુમતીનો ટેકો હોય ત્યાં સુધી હોદો ધરાવી શકે છે. મુખ્યમંત્રી કે મંત્રી તરીકે નિમાનાર વ્યક્તિ ધારાસભાના ગમે તે ગૃહની વિધાનસભાની કે વિધાનપરિષદની સભ્ય હોવી જોઈએ . જો તે ન હોય તો છ માસની મુદતમાં ગમે તે ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈ આવવું અનિવાર્ય છે , નહિતર તેઓને તે પદનો ત્યાગ કરવો પડે છે.

## 1.14 *શબ્દાવલી :*

(1) વિધાનસભા : રાજ્યની ધારાસભા, રાજ્યનું નીચલું ગૃહ

(2) વિધાન પરિષદ : રાજ્યની ધારાસભા, રાજ્યનું ઉપલું ગૃહ (ભારતમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક , આંધ્રપ્રદેશ તેમજ જમ્મુ-કાશ્મીર રાજ્યો વિધાનપરિષદ ધરાવે છે.)

## 1.15 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

પ્ર- 1- (ક) કલમ 16

પ્ર- 2- (બ) મંત્રીમંડળ

પ્ર- 3- (ડ) રાજ્યપાલ

પ્ર- 4- (બ) 04

પ્ર- 5- (ક) વિધાનસભા

## 1.16 સંદર્ભ :


(1) ઓઝા ઈશ્વરલાલ, ભારતનો બંધારણીય ઈતિહાસ, રાવલ પ્રકાશન,પાટણ, 1996-97

(2) રાય એમ.પી. (લે.), જૈન રાશી કે.,(સંપા.), ભારતીય સંવિધાન, કૉલેજ બુક ડીપો,જયપુર

(3) શર્મા સુરેન્દ્રકુમાર, સંવિધાન ઔર સરકાર, ડિસ્કવરી પબ્લીશીંગ હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, 2007

(4) કશ્યપ સુભાષ (લે.), બિપીનચંદ્ર શુક્લ (અનુ.),આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્હી પ્રથમ આવૃત્તિ, 2003

(5) દેસાઈ કે.સી. અને પ્રવીણ ન. શેઠ, ભારતનો બંધારણીય વિકાસ, યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, 1973

(6) રાજેશકુમાર સામાજિક વિજ્ઞાન (213), પુસ્તક-1, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એમ.એચ.આર.ડી., નોઇડા, ઉત્તરપ્રદેશ (http://www.niosgnr.org/study-materials/)

(7) રાજ્યશાસ્ત્ર ધોરણ-11, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, 2016

# એકમ : 10 ભારતની રાજ્ય સભા

:: રૂપરેખા ::

10.1 ઉદ્દેશો
10.2 પ્રસ્તાવના
10.3 સંસદની રચના
10.4 ભારતની રાજ્યસભાની રચના
10.4.1 રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો
10.4.2 રાજ્યસભાના સભાપતિ
10.5 રાજ્યસભાની સત્તા અને કાર્યો
10.5.1 ધારાકીય સત્તાઓ
10.5.2 નાણાંકીય સત્તાઓ
10.5.3 કારોબારી વિષયક સત્તાઓ
10.5.4 બંધારણીય સુધારાની સત્તાઓ
10.5.5 અન્ય સત્તાઓ
10.5.6 વિશેષ સત્તાઓ
10.6 ઉપસંહાર
10.7 તમારી પ્રગતિ ચકાસો
10.8 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો
10.9 સંદર્ભગ્રંથો

## 10.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી ઓ નીચેની બાબતોથી માહિતગાર થશે.

આ એકમમાં ભારતની સંસદના વિકાસ, રચના અને કાર્યવાહી વિશેની વિશેષ ચર્ચા કરવામાં આવી છે. તે જાણશે. સંસદની રચના, વિશેષાધિકારો અને કામગીરી અંગે

પરિચિત થશે. રાજયસભાની રચના, રાજયસભાના સભ્ય માટેની લાયકાત વગેરેની માહિતી મેળવશે.

## 10.2 *પ્રસ્તાવના :*

ભારતે બ્રિટન પાસેથી સંસદીય લોકશાહી સ્વીકારી હોવાથી સંસદ (ધારાસભા) સૌથી મહત્ત્વનું અંગ સંસદીય સરકારમાં બની રહે છે. બંધારણ અન્વયે સંઘની ધારાસભાને ‘સંસદ’ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં સંસદનું સ્થાન એ ગૌરવભર્યુ છે. તે કાયદો ઘડનારી ઉચ્ચ સંસ્થા છે. સંસદ એ પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સંસ્થા હોવાથી તે પ્રજાના વિચારો, તેની ભાવનાઓ, આદર્શો અને આકાંક્ષાઓને મુક્ત રીતે રજૂ કરે છે. સંસદીય સરકારમાં સત્તા હાંસલ કરવા માટે સંસદમાં બહુમતી મેળવવાનું અનિવાર્ય હોવાથી રાજયસભાનું મુખ્ય કેન્દ્ર બની રહે એ સ્વાભાવીક છે. સંસદ એ ભારતની ઉચ્ચ લોકશાહી સંસ્થા છે. સંસદ જનતાની સર્વોપરી પ્રતિનિધિ સભા છે. આ સૌથી ઊંચુ ધારાકીય અંગ છે. આ લોકમતની અભિવ્યક્તિની રાષ્ટ્રીય મંચ છે.

ભારતની સંસદમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજયસભાનો સમાવેશ થાય છે. ઈ.સ.1950માં બંધારણ અમલમાં આવ્યું. ત્યારથી ભારતીય સંસદની રચના થઈ. જો કે બંધારણના આધાર પર ભારતની સંસદની રચના કરવામાં આવી છે પરંતુ એની એક લાંબી ઐતિહાસિક પાશ્વભૂમિકા છે.

## 10.3 *સંસદની રચના :*

ભારતના બંધારણના ભાગ-૫, પ્રકરણ-રની કલમ-79 થી 122 દરમ્યાન સંઘ સંસદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં કલમ-79 પ્રમાણે સંસદમાં લોકસભા, રાજયસભા અને રાષ્ટ્રપતિનો સમાવેશ થાય છે. સમવાયતંત્ર ધરાવતા રાજયોની ધારાસભાની માફક ભારતીય સંસદ પણ દ્વિગૃહી છે. તેનું પ્રથમ ગૃહ લોકસભા અને દ્વિતીય ગૃહ રાજયસભા છે. લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. જયારે રાજયસભા ભારતીય સમવાયતંત્રના એકમ રાજયોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. સંસદના ગૃહોની રચના અલગ રીતે થાય છે જે નીચે મુજબ છે.

## 10.4 *રાજયસભાની રચના :*

સંઘ-સંસદના ઉપલા ગૃહને ‘રાજયસભા’ કહવાય છે. ‘રાજયસભા’ તેના નામ પ્રમાણે જ ભારતીય સંઘના બધાં એકમ-રાજયોનું પ્રતિનિધિત્વ હોઈ, તેનું રાજકીય અને વહીવટી ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વ છે. ટૂંકમાં, રાજયસભા એ ‘રાજયોનું પ્રતિનિધિત્વ ધરાવતું ગૃહ’ છે. રાજયસભાની રચના આપણા બંધારણની કલમ-80 અનુસાર થયેલી છે

રાજયસભા કુલ 250 સભ્યોનું બનેલું ગૃહ છે. જે પૈકી 238 સભ્યો રાજયો (કુલઃ 28 રાજયો + રાજધાનીનું રાજય) ની વિધાનસભાના સભ્યો, લાયકાત ધરાવતા

ઉમેદવારોને સભ્યો તરીકે ગુપ્ત મતદાન પધ્ધતિથી ચૂંટીને મોકલે છે. બાકીના 12 સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપ્રમુખ કરે છે. રાષ્ટ્રપ્રમુખ સમગ્ર રાષ્ટ્રમાંથી સાહિત્ય, કલા (સંગીત, નૃત્ય, અભિનય વગેરે) જ્ઞાન-વિજ્ઞાન, સમાજસેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ – રમતગમત સહિત, વગેરે ક્ષેત્રોમાં આગવી પ્રતિભા ધરાવતી (અને ચૂંટણી લડવા ન ઈચ્છતી) વિભૂતિઓમાંથી પસંદ કરીને કુલ બાર સભ્યોની બે વર્ષ માટે નિયુક્ત કરે છે. આમ, રાજયસભાની રચના નીચે પ્રમાણે થાય છે.

1. રાજયોની વિધાનસભાઓમાંથી ચૂંટાઈને આવતા સભ્યો : 238

2.રાષ્ટ્રપતિ દ્વારા વિવિધ ક્ષેત્રોમાંથી નિમણૂંક પામતાં તજજ્ઞો : 012

કુલ સભ્ય સંખ્ય : 250

| *ક્રમ* | *રાજયનું નામ* | *રાજધાની* | *ક્રમ* | *રાજયનું નામ* | *રાજધાની* |
|---|---|---|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | હૈદ્રાબાદ | 15 | મણિપુર | ઈમ્ફાલ |
| 2 | અરૂણાચલ પ્રદેશ | ઈટાનગર | 16 | મેઘાલય | શિલોંગ |
| 3 | આસામ | દીસપુર | 17 | નાગાલેન્ડ | કોહિમા |
| 4 | બિહાર | પટણા | 18 | ઓરિસ્સા (ઊડીશા) | ભુવનેશ્વર |
| 5 | છત્તીસગઢ | રાયપુર | 19 | પંજાબ | ચંદીગઢ |
| 6 | ગુજરાત | ગાંધીનગર | 20 | રાજસ્થાન | જયપુર |
| 7 | ગોવા | પણજી | 21 | સિક્કીમ | દ્વાંગટોક |
| 8 | હરિયાણા | ચંદીગઢ | 22 | તમિલનાડુ | ચેન્નાઈ |
| 9 | હિમાચલ પ્રદેશ | સિમલા | 23 | ત્રિપુરા | અગરતલા |
| 10 | જમ્મુ – કશ્મીર | શ્રીનગર | 24 | ઉત્તરપ્રદેશ | લખનૌ |
| 11 | કર્ણાટક | બેંગ્લોર (બેંગ્લુરૂ) | 25 | ઉતરાંચલ | દહેરાદૂન |
| 12 | કેરલ | થિરુવનંતપુરમ | 26 | પશ્ચિમબંગાળ | કોલકાતા |
| 13 | મધ્યપ્રદેશ | ભોપાલ | 27 | ઝારખંડ | રાંચી |
| 14 | મહારાષ્ટ્ર | મુંબઈ | | | |

રાજ્યસભા ઉપર જોયુ તેમ, આડકતરી રીતે (પરોક્ષ રીતે) ચૂંટાયેલું ગૃહ છે. કારણ કે રાજ્યોની વિધાનસભાના સભ્યોને (મેમ્બર ઓફ ધિ લેજિસ્લેટીવ એસેમ્બ્લી M.L.A.) પ્રજા ચૂંટે છે. - પ્રત્યક્ષ રીતે ચૂંટાય છે; જ્યારે રાજ્યસભાના સભ્યોને પ્રજા ચૂંટણી દ્વારા ચૂંટતી નથી; તેથી તેને પરોક્ષ ચૂંટણી કહી શકાય.

ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ (વાઈસ પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા) પોતાના હોદ્દાની રૂએ, રાજ્યસભાના અધ્યક્ષ બને છે. આથી લોકસભાના અધ્યક્ષની જેમ રાજ્યસભાના અધ્યક્ષ તેના સભ્યો દ્વારા ચૂંટાતા નથી; પરંતુ રાજ્યસભાના ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)ની ચૂંટણી તેના સભ્યો અવશ્ય કરે છે.

**10.4.1 *રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો :***

(1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) તેની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષ હોવી જોઈએ.

(3) સરકારી પગારદાર કર્મચારી ન હોવો જોઈએ.

(4) તે વ્યક્તિ નાદાર, અસ્થિર માનસનો કે અદાલત દ્વારા ગુનેગાર પૂરવાર થયેલ ન હોવો જોઈએ.

(5) સંસદના કાયદા મુજબ યોગ્ય હોવો જોઈએ.

રાજ્યસભા કાયમી ગૃહ હોવાથી તેનું વિસર્જન થતું નથી, પણ તેના સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે અને તેટલાં જ નવા સભ્યો ચૂંટાયા છે. તેથી રાજ્યસભાના સભ્યની મુદત છ વર્ષની છે. રાજ્યસભાની બેઠક વર્ષમાં બે વાર મળવી જોઈએ અને તેની વચ્ચે છ માસથી વધુ સમયગાળો હોવો જોઈએ નહિ. તેના કામકાજ માટે 1/10 સભ્યોના કોરમ જરૂરી છે ન હોય તો ગૃહ સ્થગિત થાય છે.

**10.4.2 *રાજ્યસભાના સભાપતિ :***

ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે. પરંતુ જ્યારે તેઓ રાષ્ટ્રપતિ તરીકેની ફરજો નિભાવી રહ્યા હોય ત્યારે તે રાજ્યસભા સભાપતિ તરીકેની જવાબદારી નિભાવી શકતા નથી. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રથાથી પરિવર્તનીય મત દ્વારા કરવામાં આવે છે. અને મતદાન ગુપ્ત મતપત્રથી થાય છે. ઉપરાષ્ટ્રપતિ સંસદના કોઈ પણ ગૃહના અથવા કોઈ પણ રાજ્યની વિધાનસભાના સભ્ય હોતા નથી. ઉપરાષ્ટ્રપતિની મુદત હોદ્દો ધારણ કર્યા તારીખથી પાંચ વર્ષનો હોય છે. અથવા જ્યાં સુધી તે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી નથી દેતા અથવા રાજ્યસભા ઉપરાષ્ટ્રપતિને દૂર કરવા માટે બહુમતીથી દરખાસ્ત પસાર કરતા નથી અને લોકસભા એના પર મંજૂરી આપતી નથી ત્યાં સુધી તે હોદ્દા પર

ચાલુ રહે છે. જે લોકસભામાં અધ્યક્ષના હોય છે. રાજયસભાના સભાપતિનાં કાર્યો અને ફરજો તે જ હોય છે.

રાજયસભાના સભાપતિને તેના કાર્યોમાં મદદ કરવા માટે ઉપ-સભાપતિ પણ હોય છે. ઉપ સભાપતિની ચૂંટણી રાજયસભાના સભ્યોમાંથી જ કરવામાં આવે છે.

## 10.5 *રાજયસભાની સત્તાઓ અને કાર્ય :*

રાજયસભાની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે છે.

(1) ધારાકીય સત્તાઓ (2) નાણાંકીય સત્તાઓ (3) કારોબારી વિષયક સત્તાઓ (4) બંધારણીય સુધારાની સત્તાઓ (5) અન્ય સત્તાઓ (6) વિશેષ સત્તાઓ

### 10.5.1 *ધારાકીય સત્તાઓ :*

કાયદા ઘડતરની પ્રક્રિયામાં સંસદના બંને ગૃહો અને રાષ્ટ્રપતિનો સમાવેશ થાય છે. રાજયસભા અને રાષ્ટ્રપતિના સહકાર વિના લોકસભા આપ મેળે કાનુન-ઘડતરની પ્રક્રિયા પુરી કરી શકતી નથી. ખરડાને કાયદામાં ફેરવવા માટે રાજયસભાની સક્રિય ભાગીદરી અનિવાર્ય બને છે. જો કે નાણાંકીય ખરડામાં રાજયસભાની ખાસ સત્તા નથી. બિન-નાણાંકીય ખરડાઓને કોઈ પણ એક ગૃહમાં દાખલ કરી શકાય છે. વ્યવહારમાં સામાન્ય રીતે બધા મહત્ત્વપૂર્ણ ખરડા લોકસભામાં જ દાખલ કરવામાં આવે છે, રાજયસભામાં નહિ. જો કોઈ બિન નાણાંકીય ખરડા પરત્વે મતભેદો ઊભા થાય તો રાષ્ટ્રપતિ દ્વારા બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલવવામાં આવે છે અને ખરડો બહુમતીથી પસાર કરવામાં આવે છે. આમ કાનુની દ્રષ્ટિએ બિન-નાણાંકીય ખરડાના સબંધમાં બંને ગૃહોને સમાન સત્તા છે, પરંતુ વ્યવહારમાં રાજયસભા કોઈ પણ ખરડાને પસાર કરવામાં વધુમાં વધુ છ માસ રોકી શકે છે. છેલ્લે 26 માર્ચ, 2002ના રોજ આતંકવાદ વિરોધી ખરડો (પોટા) પસાર કરવા માટે સંસદની સંયુક્ત બેઠક બોલાવી હતી.

### 10.5.2 *નાણાંકીય સત્તાઓ :*

નાણાંકીય ખરડાઓની બાબતમાં રાજયસભા લોકસભા કરતાં ગૌણ સ્થાન ધરાવે છે. બંધારણ અનુસાર નાણાંકીય ખરડો પ્રથમ લોકસભામાં જ દાખલ કરવામાં આવશે. ત્યારબાદ લોકસભા દ્વારા પસાર થયેલ નાણાંકીય ખરડો રાજયસભાને મોકલી આપવામાં આવે છે. રાજયસભાએ તેના ઉપર વધુમાં વધુ 14 દિવસ વિચાર કરીને ભલામણ સહિત આ ખરડાને લોકસભાને પાછો મોકલી આપવાનો રહે છે. રાજયસભાની ભલામણો સ્વીકારવી કે ન સ્વીકારવી તે લોકસભાની મુનસફીની બાબત છે. આમ, નાણાંકીય ખરડા અંગેની આખરી સત્તા લોકસભા ધરાવે છે. આ દ્રષ્ટિએ રાજયસભાની સ્થિતિ બ્રિટનની ઉમરાવ સભા કરતાં પણ નિર્બળ છે.

### 10.5.3 *કારોબારી વિષયક સત્તાઓ :*

સંસદીય લોકશાહીનો સ્વીકાર કરેલ હોવાથી પ્રધાનમંડળ ઉપર રાજયસભા અંકુશ ધરાવતી નથી. કેમ કે પ્રધાનમંડળ માત્ર લોકસભાને જ સામુહિક રીતે જવાબદાર હોય છે. આમ છતાં રાજયસભાના સભ્યો સરકારની નીતિની આલોચના કરી શકે છે. પ્રધાનોને પ્રશ્નો અને પેટા પ્રશ્નો પૂછી શકે છે. પરંતુ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને મંત્રીઓને રાજીનામું આપવા માટે ફરજ પાડી શકાતી નથી. આ સત્તા માત્ર લોકસભાને મળેલ છે.

### 10.5.4 *બંધારણીય સુધારાની સત્તાઓ :*

બંધારણીય સુધારાની બાબતમાં રાજયસભાને લોકસભા જેવી જ સમાન સત્તા છે. બંધારણમાં સુધારાને લગતો ખરડો સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે અને બંને ગૃહો અલગ અલગ રીતે 2-3 ની બહુમતીથી પસાર કરે ત્યારે જ બંધારણમાં સુધારો કરી શકાય છે. બંધારણીય સુધારાને લગતા ખરડા પર બંને ગૃહોમાં અસંમતિ કે મતભેદ થાય તો બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવતી નથી, તે ખરડો રદ થાય છે.

### 10.5.5 *અન્ય સત્તાઓ :*

રાજયસભાને કેટલીક અન્ય સત્તાઓ પણ મળેલ છે, જેનો ઉપયોગ તે લોકસભાની સાથે મળીને કરી શકે છે, જેમ કે,

- રાજયસભા રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લે છે.
- રાજયસભા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લોકસભાની સાથે કરે છે.
- રાજયસભા, લોકસભાની સાથે મળીને રાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો અને અન્ય અધિકારીઓ ઉપર મહાભિયોગની કાર્યવાહી કરી શકે છે.
- કટોકટી અને એક માસથી જ્યુ સમય ચાલુ રાખવી હોય તો લોકસભા અને રાજયસભાની સંમતિ જરૂરી છે.
- રાજયસભા લોકસભાની સાથે મળીને બહુમતીથી ઉપરાષ્ટ્રપતિને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે અને તે અંગેનો પ્રસ્તાવ પ્રથમ રાજયસભામાં પસાર થયા બાદ જ લોકસભા પાસે જાય છે.

### 10.5.6 *વિશેષ સત્તાઓ :*

રાજયોના પ્રતિનિધિ તરીકે રાજયસભા કેટલીક ખાસ-સંપૂર્ણ સત્તા ધરાવે છે જેનો ઉપયોગ માત્ર રાજયસભા જ કરી શકે છે, જે નીચે મુજબ છે.

- બંધારણની કલમ-249 મુજબ રાજયસભાના હાજર અને મતદાન કરતાં 2/3 બહુમતીએ રાજય યાદીના કોઈ વિષયને રાષ્ટ્રીય હિતમાં સંસદ કાયદો ઘડવો જોઈએ

તેવો ઠરાવ પસાર કરી શકે છે અને તે વિષય ઉપર કાયદો ઘડી શકે છે. આવો ઠરાવ શરૂમાં 1 વર્ષ માટે લાગે પડે છે અને તેને લંબાવી પણ શકે છે.

- કલમ-312 અનુસાર રાજયસભા જ 2/3 બહુમતીથી પસાર કરીને અખિલ ભારતીય સેવાની રચના કરી શકે છે.

## 10.6 *ઉપસંહાર:*

રાજયસભાની ઉપરોક્ત સત્તાઓને આધારે એમ કહી શકાય કે તે કારોબારી ઉપરનો અંકુશ અને નાણાંકીય ખરડાઓ અંગેની સત્તા સિવાયની અન્ય બાબતોમાં રાજયસભા લોકસભાની જેમ સમાન સત્તા ધરાવે છે. આમ છતાં સત્તાની દ્રષ્ટિએ જોતાં તેની સ્થિતિ 'બ્રિટીશ ઉમરાવસભા' અને 'અમેરિકન સેનેટ' વચ્ચેની ગણાય.

## 10.7 *તમારી પ્રગતિ ચકાસો :*

**(1) *નીચેના પ્રશ્નોનાં જવાબો લખો .***

1. ભારતની સંસદ વિશે પ્રાથમિક માહિતી આપો ?

2. રાજયસભાની રચના, તેના સભ્ય બનવા માટેની લાયકાતો અને અધ્યક્ષ-ઉપાધ્યક્ષ વિશેની સમજ આપો ?

**(2) *ટૂંકનોંધ લખો :***

(1) રાજયસભાની નાણાંકીય સત્તાઓ

(2) રાજયસભાની બંધારણીય સત્તાઓ

(3) ***નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો***

1. સંસદ એ ભારતની ઉચ્ચ લોકશાહી સંસ્થા છે.
2. સંસદના પ્રથમ ગૃહને રાજયસભા કહેવામાં આવે છે.
3. ભારતીય સંસદના ત્રણ ગૃહો છે.
4. રાજયસભાને ઉપલું ગૃહ પણ કહેવામાં આવે છે.
5. રાજયસભાની રચના જુલાઈ-1954માં થઈ.
6. રાજયસભાના સભ્ય બનવા માટે ઓછામાં ઓછી 30 વર્ષની ઉંમર હોવી જોઈએ.
7. જયારે રાજસભામાં અધ્યક્ષની ગેરહાજરી હોય ત્યારે વડાપ્રધાન સંચાલન કરે છે.

(4) ***ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મુકો.***

1. ................... કાયદો ઘડનારી ઉચ્ચ સંસ્થા છે. (સંસદ, વિધાનસભા, ન્યાયાલય)
2. સંસદનું ............ગૃહ રાજયસભા છે. (પ્રથમગૃહ, દ્વિતીયગૃહ, તૃતિયગૃહ)
3. ..........એ કાયમી ગૃહ હોવાથી તેનું વિસર્જન થતું નથી.
   (વિધાનગૃહ, રાજયસભા, લોકસભા)
4. ..............રાષ્ટ્રપતિની ચુંટણીમાં ભાગ લે છે.
   (લોકસભા, રાજયસભા, વિધાનપરિષદો)

## 10.8 *તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો :*

(3) ***ખરાં ખોટા***

(1) સાચું (2) ખોટું (3) ખોટું (4) સાચું

(5) ખોટું (6) સાચું (7) ખોટું

(4) ***ખાલી જગ્યા***

(1) સંસદ (2) દ્વિગૃહ (3) રાજયસભા (4) રાજયસભા

## 10.9 *સંદર્ભગ્રંથો :*


- ભટ્ટ જી.કે., : ‘‘ભારતના બંધારણીય ઈતિહાસની વિકાસરેખા’’ સુરત
- શેઠ પ્રવિણ ન. તથા દેસાઈ કે.સી., : ‘‘ભારતીય બંધારણીય વિકાસ’’, અમદાવાદ

- શુકલ (પ્રો) દિનેશ : ''રાજયશાસ્ત્ર'', ગાંધીનગર, 2005
- કશ્યપ, સુભાષ; આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, દિલ્હી, દેસાઈ, વિપુલ, આર; ભારતનું સંવિધાન, શેલ્ફ બુક, અમદાવાદ
- ભારત સરકાર : ભારતનું સંવિધાન, ગુજરાત સરકાર, ગુજરાતી (અનુવાદ), 1980
- કાઝી (પ્રા.) સલીમ એન. તથા કોરાટ (પ્રા.) પી.જી. અને શાહ મનુભાઈ, : ''ભારતની શાસન પધ્ધતિ અને રાજકારણનો પરિચય'', અમદાવાદ, 1971.
- બ્રહ્મભટ્ટ આર.ડી., : ''રાજયતંત્ર'', અમદાવાદ, 1973
- પરીખ (પ્રા.) હરેશ જે. અને પરીખ (ડૉ.) નરેશ જે., : ''સ્વાતંત્ર ભારતનું બંધારણ'', દામિની પ્રકાશન, અમદાવાદ

***સંદર્ભસૂચી :-***

આત્મનિર્ણયનો અધિકાર : પોતાના રાજકીય ભાવિને નક્કી કરવાનો રાષ્ટ્રસત્તાનો અધિકાર.

સત્તાનું કેન્દ્રીકરણ : સત્તાધિકારમાં સત્તાની જમાવટ (મજબૂતાઈ)

બંધારણવાદ : બંધારણના માધ્યમમાંથી પસાર થતી અને તેનાથી સિમિત થતી અસરકારકનું સમર્થન.

સ્વાયતતા : સ્વ-સરકારનો અધિકાર. સમવાયી વ્યવસ્થામાં કેન્દ્ર સરકારની દખલગીરી વગર પોતાને સ્પર્શની બાબતો વિશે પ્રબંધ કરવાનો પ્રત્યેક રાજ્યનો અધિકાર.

# એકમ : 11 ભારતની લોકસભા

:: રૂપરેખા ::


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 રચના

11.3 લોકસભાના મતદારોની યોગ્યતા

11.4 રાજયપદની લાયકાતો

11.5 સમયમર્યાદા

11.6 બેઠક

11.7 કોરમ

11.7 લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ

11.8 લોકસભાના અધ્યક્ષના કાર્યો

11.10 તમારી પ્રગતિ ચકાસો

11.11 તમારી પ્રગતિના જવાબો

11.12 ચાવીરૂપ શબ્દો

11.13 સંદર્ભ ગ્રંથો


## 11.0 ઉદ્દેશો :

આ એકમમાં ભારતની સંસદની રચના, લોકસભાની રચના, લોકસભાની કાર્યવાહી, લોકસભાના અધ્યક્ષ, લોકસભાના ઉપાધ્યક્ષની ચર્ચા કરવામાં આવી છે.

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

કેન્દ્રની મુખ્ય ધારાસભાની ઐતિહાસિક પાશ્ચભૂમિકાની વ્યાખ્યા વિષે જાણકારી મેળવશે.

સંસદની રચના વિશેષાધિકાર અને કાર્યવાહી અંગે જાણી શકશો.

સંસદના નીચલુ ગૃહ-લોકસભાની રચના, સભ્ય બનવા માટેની ખોટી લાયકાતો અને અધ્યક્ષ-ઉપાધ્યક્ષની કાર્યવાહી અંગે જણાવી શકાશે.

## 11.2 *પ્રસ્તાવના :*

લોકસભા એ ભારતીય સંસદનું નીચલું અને પ્રથમ ગૃહ છે. લોકસભા એ દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે. તેમાં પ્રત્યક્ષ રીતે ચુંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. પ્રજાની જરૂરિયાતો અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ પાડનાર આ ગૃહ કારોબારી સરકાર પર અસરકારક અંકુશ તરીકે કાર્ય કરે છે. સરકાર આ ગૃહને જ જવાબદાર હોય છે. આમ, લોકસભા સંસદનું મજબૂત અને મહત્ત્વનું ગૃહ છે.

## 11.3 *રચના :*

લોકસભાની પ્રથમ રચના મે-1953માં થઈ હતી. તેમાં પ્રજા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિ બેસે છે. બંધારણની કલમ-81 મુજબ લોકસભાના સભ્યોની સંખ્યા ની મહત્તમ 545 નિર્ધારીત થયેલી છે. જેમાં ૫૨૫ સભ્યો એકમ રાજયોમાંથી પુખ્તવય મતાધિકારને ધોરણે પ્રત્યક્ષ ચુંટણી દ્વારા ચુંટાય છે. બાકીના 20 સભ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચુંટાય છે. 1971 ની વસ્તી ગણતરીને આધારે જે તે રાજયોને તેમની વસ્તીના ધોરણે બેઠકો નિર્ધારીત કરી આપવામાં આવશે. કરવામાં આવે છે. 2001 ના 84 માં બંધારણીય સુધારા દ્વારા ઈ.સ. 2066 સુધી 545ની સભ્ય સંખ્યા યથાવત રાખવાની નક્કી કરાઈ છે. વધુમાં અંગ્લો ઈન્ડિયન કોમનું યોગ્ય પ્રતિનિધિત્વ ન થયું હોય તેમ લાગે તો રાષ્ટ્રપતિ તે કોમના બે (2) પ્રતિનિધિઓને લોકસભામાં નીમી શકે છે.

લોકસભાની બેઠકોની ચુંટણી માટે એક સભ્ય મતદાર વિસ્તારની જોગવાઈ કરવામાં આવી છે. તેથી દરેક મતદાર વિસ્તારમાંથી એક સભ્યને પ્રત્યક્ષ ચુંટણી દ્વારા ચુંટવામાં આવે છે. લોકસભાની ચુંટણી માટે દેશના સભ્યને સમગ્ર ભૌગોલિક વિસ્તારને 543 મતદાર વિભાગમાં વહેચાય છે. આમ ભારતના 28 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો તેમની વસ્તીનાં પ્રમાણે બેઠકો ધરાવે છે. હાલમાં તેલંગણા નામનું ૨૯મું રાજય બને તે પ્રક્રિયા ચાલુ છે. 1988 ના 61 માં બંધારણીય સુધારા પ્રમાણે 18 વર્ષની વય ધરાવતાં નાગરીકોના પ્રત્યક્ષ મતદાનથી લોકસભાની રચના થાય છે.

## 11.4 *લોકસભાના મતદારોની યોગ્યતા :*

લોકસભાના ઉમેદવારને ચૂંટી કાઢવા માટે કોઈ પણ નાગરીક (સ્ત્રી-પુરુષ) માટે ભારતીય બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈ આ પ્રમાણે છે.

(1) ભારતીય નાગરિકતા

(2) 18 વર્ષની ઉંમર

(3) ગેરકાયદે કામ બદલ કે પાગલપણું પુરવાર થયું હોવા બદલ મતદાન માટે અયોગ્ય ન ઠેરવ્યો હોવો જોઈએ

(4) મતદાર યાદીમાં નામ અથવા કાયમી વસવાટના કાયદેસરના પુરાવા ધરાવતો હોવો જોઈએ.

## 11.5 *સભ્યપદની લાયકાતો :*

લોકસભાના સભ્યપદ અંગેની લાયકાતો બંધારણની કલમ-84 અનુસાર નીચે મુજબ છે.

(1) તે ભારતનો નાગરીક હોવો જોઈએ (2) તેની વય 25 વર્ષ કે વધારે હોવી જોઈએ (3) કેન્દ્ર કે રાજય સરકારનો પગારદાર કર્મચારી ન હોવો જોઈએ (4) કોઈ અદાલત દ્વારા અસ્થિર મગજનો કે દોષિત ઠરેલ ગુનેગાર ન હોવો જોઈએ (5) સંસદ કાયદા દ્વારા જે લાયકાતો નક્કી કરી છે તે ધરાવતો હોવો જોઈએ.

## 11.6 *સમય મર્યાદા :*

સામાન્ય રીતે લોકસભાની સમય મર્યાદા પાંચ વર્ષ નક્કી કરવામાં આવેલ છે, જો કે વડાપ્રધાનની સલાહના આધારે રાષ્ટ્રપતિ લોકસભાનું તેની મુદત પહેલા વિસર્જન કરી શકે છે. અથવા પ્રધાનમંડળ લોકસભાનો વિશ્વાસ ગુમાવે તો વહેલા ચુંટણી યોજવામાં આવે છે. જેમ કે 1970, 1977, 1979, 1990, 1997, 1999 અને 2004 માં ગૃહનું વિસર્જન કરેલ છે. કટોકટીની જાહેરાત કરવામાં આવી હોય ત્યારે સંસદ કાયદા દ્વારા લોકસભાની મુદત વધારી શકે છે. જે એક સમયે 1 વર્ષથી વધારે નહિ હોય. દા.ત. 1976 માં મુદત 1 વર્ષ વધારવામાં આવી હતી.

## 11.7 *બેઠક :*

લોકસભાની વર્ષમાં ઓછામાં ઓછી 2 વાર બેઠકો મળવી જોઈએ. આ બે બેઠકો વચ્ચે છ માસથી વધુ સમયગાળો ન હોવો જોઈએ તેવી જોગવાઈ છે.

## 11.8 *કોરમ :*

લોકસભાની કાર્યવાહી શરૂ કરવા અને ચાલુ રાખવા ગૃહમાં ઓછામાં ઓછા કેટલાં સભ્યો હોવા જોઈએ તેની બંધારણે કરેલ જોગવાઈ અન્વયે ગૃહની કુલ સંખ્યાના દસ ટકા (1/10) સભ્યોની હાજરી જરૂરી ગણાય છે.

## 11.9 *લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ :*

બંધારણની કલમ-93 અનુસાર લોકસભાની કાર્યવાહીનાં સંચાલન માટે તેની પ્રથમ બેઠકમાં ગૃહના સભ્યો અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની બહુમતીથી ચુંટણી કરે છે. પ્રણાલી પ્રમાણે બહુમતી પક્ષના સભ્ય અધ્યક્ષ તરીકે ચુંટાય છે અને વિરોધ પક્ષના સભ્યની

ઉપાધ્યક્ષ તરીકે ચુંટણી થાય છે. 15 મી લોકસભાના અધ્યક્ષ મીરાંકુમાર અને ઉપાધ્યક્ષ મુંડા હતાં. આ બંને સ્થાનો માટે ચુંટણી કે સર્વાનુમતિનો ઉપયોગ થાય છે. શ્રી ગણેશમાવળંકર લોકસભાના પ્રથમ અધ્યક્ષ હતાં.

અધ્યક્ષની જેમ જ ઉપાધ્યક્ષની ચૂંટણી પણ લોકસભાના ગૃહના સભ્ય હોય ત્યાં સુધી તે પોતાના સ્થાન પર રહે છે. અથવા પોતાનું રાજીનામું આપી દે અથવા ગૃહમાં બહુમતીથી પ્રસારિત દરખાસ્ત દ્વારા તેને હટાવવામાં નથી આવતા. અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીની અધ્યક્ષતા કરે છે અને કાર્યવાહીના નિયમોની અંદર અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીની અધ્યક્ષતા કરે છે. અને કાર્યવાહીના નિયમોની અંદર અધ્યક્ષની બધી સત્તાઓનો ઉપયોગ કરે છે. અધ્યક્ષની અન્યથા ઉપાધ્યક્ષને ગૃહ એક સભ્યની રૂ એ બોલવાનો ગૃહની કાર્યવાહીમાં ભાગ લોવાનો અને કોઈ પણ મુદ્દા પર મતદાન કરવાનો અધિકાર આપે છે. પરંતુ ઉપાધ્યક્ષ જયારે અધ્યક્ષ ગૃહની અધ્યક્ષતા કરતા હોય ત્યારે આ બધુ એવા સંજોગોમાં કરી શકે છે.

***ભારતનાં લોકસભાના અધ્યક્ષશ્રીઓ***

| No. | Lok Sabha | Name | Term Length | Year | Days |
|---|---|---|---|---|---|
| 1 | પહેલી | શ્રી ગણેશ વાસુદેવ માવલંકર | 15-05-52 – 27-02-56 | 3 | 340 |
| 2 | પહેલી | શ્રી એમ.એ.આયંગર | 08-03-56 – 10-05-57 | 1 | 63 |
| 3 | બીજી | શ્રી એમ.એ.આયંગર | 11-05-19 – 16-04-62 | 4 | 340 |
| 4 | ત્રીજી | શ્રી સરદાર હુકમસિંહ | 17-04-62 – 16-03-67 | 2 | 124 |
| 5 | ચોથી | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 17-03-67 – 19-07-69 | 2 | 124 |
| 6 | પાંચમી | શ્રી ગુરૂદીઆલસિંઘ ધિલ્લોન | 08-08-69 - 19-03-71<br>22-03-91 – 01-12-76 | 1<br>4 | 121<br>254 |
| 7 | પાંચમી | શ્રી બલીરામ ભગત | 15-01-76 – 25-03-77 | 1 | 69 |
| 8 | છઠ્ઠી | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 26-03-77 – 13-07-77 | 0 | 109 |
| 9 | છઠ્ઠી | શ્રી કે.એસ.હેંગડે | 21-07-77 – 21-01-80 | 2 | 184 |
| 10 | સાતમી | શ્રી બલરામ જાખડ | 22-01-80 – 15-01-85 | 4 | 359 |
| 11 | આઠમી | શ્રી બલરામ જાખડ | 16-01-85 – 18-12-89 | 4 | 336 |
| 12 | નવમી | શ્રી રબી રાય | 19-12-89 – 09-07-91 | 1 | 202 |
| 13 | દસમી | શ્રી શિવરાજ પાટીલ | 10-07-91 – 22-05-96 | 4 | 317 |
| 14 | અગિયારમી | શ્રી પી.એ.સંગમા | 23-05-96 – 23-03-98 | 1 | 304 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 15 | બારમી | શ્રી જી.એમ.સી.બાલયોગી | 24-03-98 – 20-10-99 | 1 | 210 |
| 16 | બારમી | શ્રી જી.એમ.સી.બાલયોગી | 22-10-99 – 03-03-02 | 2 | 132 |
| 17 | તેરમી | શ્રી મનોહર જોષી | 10-05-02 – 02-06-04 | 2 | 23 |
| 18 | ચૌદમી | શ્રી સોમનાથ ચેટરજી | 04-06-04 – 30-05-09 | 4 | 360 |
| 19 | પંદરમી | શ્રી મીરાંકુમાર | 04-06-09 – 04-06-14 | 5 | |
| 20 | સોળમી | શ્રી સુમિપત્રા મહાજન | 06-06-14 – 16-06-19 | 5 | |
| 21 | સત્તરમી | શ્રી એમ.નિરલા | 18-06-19 - આજ દીન સુધી | | |

## લોકસભાનો કાર્યકાળ

| ક્રમ | લોકસભા | રચના | વિસર્જન |
|---|---|---|---|
| 1. | પહેલી | 02, એપ્રિલ, 1952 | 04, એપ્રિલ, 1957 |
| 2. | બીજી | 05, એપ્રિલ, 1957 | 31, માર્ચ, 1962 |
| 3. | ત્રીજી | 02, એપ્રિલ, 1962 | 03, માર્ચ, 1967 |
| 4. | ચોથી | 04, માર્ચ, 1967 | 27, ડિસેમ્બર, 1970 |
| 5. | પાંચમી | 15, માર્ચ, 1971 | 18, જાન્યુઆરી, 1977 |
| 6. | છઠ્ઠી | 23, માર્ચ, 1977 | 22, ઓગસ્ટ, 1979 |
| 7. | સાતમી | 10, જાન્યુઆરી, 1980 | 31, ડિસેમ્બર, 1984 |
| 8. | આઠમી | 31, ડિસેમ્બર, 1984 | 27, નવેમ્બર, 1989 |
| 9. | નવમી | 02, ડિસેમ્બર, 1989 | 13, માર્ચ, 1991 |
| 10. | દસમી | 20, જુન, 1991 | 19, મે, 1996 |
| 11. | અગિયારમી | 15, મે, 1996 | 04, ડિસેમ્બર, 1997 |
| 12. | બારમી | 10, માર્ચ, 1998 | 26, એપ્રિલ, 1999 |
| 13. | તેરમી | 10, ઓકટોમ્બર, 1999 | 06, ફેબ્રુઆરી, 2004 |
| 14. | ચૌદમી | 17, મે, 2004 | ------ |
| 15. | પંદરમી | 2009 | ------ |
| 16. | સોળમી | 2014 | ------ |
| 17. | સત્તરમી | 2019 | ------ |

## 11.10 *લોકસભાના અધ્યક્ષના કાર્યો :*

લોકસભાના અધ્યક્ષનું સ્થાન ગૌરવવંતુ છે. તે ગૃહની કાર્યવાહીનું સંચાલન કરવાની મહત્ત્વની જવાબદારી અદા કરે છે. અધ્યક્ષનો હોદ્દો, ગૌરવ, સન્માન અને સત્તા-યુક્ત છે. તેઓ ઈંગ્લેન્ડની આમની સભાના અધ્યક્ષ જેવી જ સત્તા ધરાવે છે. પરંતુ અધ્યક્ષ બન્યા પછી પોતાના પક્ષમાંથી રાજીનામું આપતા નથી કે રાજકારણથી અલિપ્ત પણ રહેતા નથી. તેઓ જ કાર્યો કરે છે તે નીચે મુજબ છે.

(1) તેઓ લોકસભાનું અધ્યક્ષ સ્થાન સંભાળી તેનું સંચાલન કરે છે.

(2) ખરડો 'નાણાંકીય' છે કે કેમ તે અંગેનો આખરી નિર્ણય પ્રમાણપત્ર અધ્યક્ષ આપે છે. આ અંગે તેમનો નિર્ણય અંતિમ ગણાય છે.

(3) અધ્યક્ષ ગૃહના પ્રવક્તા છે. ગૃહની કાર્યવાહીને લગતા નિયમો અને પ્રક્રિયાઓને ચુસ્તપણે અનુસરતા તેઓ ગૃહની કામગીરીનું સંચાલન કરે છે.

(4) સંસદના બંને ગૃહો વચ્ચે કોઈ ખરડા અંગે મતભેદ પડે તો સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે. આ બેઠકનું અધ્યક્ષસ્થાને લોકસભાના અધ્યક્ષ સંભાળે છે.

(5) જો કોઈ પ્રશ્ન કે ખરડા ઉપર બંને પક્ષ સમાન મત પડે તો તેઓ પોતાનો નિર્ણાયક મત (કાંસ્ટિંગ વોટ) આપે છે.

(6) અધ્યક્ષની સંમતિ બાદ જ ગૃહના સભ્યો, પછી તે વડાપ્રધાન હોય કે વિરોધ પક્ષના નેતા ગૃહમાં ચર્ચામાં ભાગ લઈ શકે છે.

(7) ગૃહની કાર્યવાહી શાંતિપૂર્વક ચાલે તે જોવાનું કામ તેમનું છે. તેમના આદેશના અનાદર બદલ સાંસદો કે પ્રેક્ષકોને ગૃહની બહાર કાઢી મૂકે છે. ધાંધલ-ધમાલ કરનારને સજા પણ કરે છે. જરૂર જણાય તો ઓછાવત્તા સમય માટે ગૃહમાંથી 'સસ્પેન્ડ' પણ કરી શકે છે.

(8) ગૃહની તમામ કામગીરી તેમને ઉદ્દેશીને ચાલે છે. કાર્યવાહીના નિયમોનું અર્થઘટન કરવાની તેમને સત્તા છે. અર્થઘટન સબંધી મતભેદ ઊભો થતાં તેમનો ચુકાદો આખરી અને બંધનકર્તા ગણાય છે.

(9) ગૃહની વિવિધ સમિતિઓની રચના કરી તેમના અધ્યક્ષોની નિમણૂંક કરે છે.

(10) તેઓ સંસદની બહુમતી (સત્તાધારી પક્ષ) સામે લઘુમતી પક્ષનું ઢાલરૂપ બનીને રક્ષણ કરે છે. તેમને ગૃહમાં ન્યાયપૂર્ણ સમય મળે તેનું સતત ધ્યાન રાખે છે.

(11) બાવનમાં બંધારણીય સુધારા બાદ અધ્યક્ષને પક્ષપલટા અંગેના ઉઠેલા વિવાદ ઉપર અંતિમ નિર્ણય આપવાની સત્તા છે. આ નિર્ણયને ભારતની કોઈ પણ અદાલતમાં પડકારી શકાતો નથી.

(12) ગૃહમાં પુરતી હાજર સંખ્યા ન હોય તો ગૃહની બેઠક લાંબા સમય માટે કે ટૂંકા સમય માટે મુલતવી રાખી શકે છે.

(13) કયારે, કયા સભ્યને બોલવાની તક આપવામાં આવે અને તેને કેટલો સમય બોલવા દેવામાં આવે તે અધ્યક્ષ નક્કી કરે છે. જયારે પણ જરૂરિયાત ઊભી થાય ત્યારે તે ભાષણોની સમય મર્યાદા નક્કી કરી શકે છે.

(14) લોકસભાના સભ્યોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી અધ્યક્ષની હોય છે. તેથી અધ્યક્ષની મંજુરી વિના કોઈ પણ સભ્યની ગૃહના પરિસરમાં ધરપકડ થઈ શકતી નથી કે દિવાની કે ફોજદારી કાયદા અંતર્ગત કોઈ આદેશ આપી શકાતો નથી.

આમ, અધ્યક્ષ મહત્ત્વની કપરી કામગીરી બજાવે છે. આ તમામ કાર્યો તેઓ નિર્ભય અને સ્વતંત્ર રીતે બજાવે તે જરૂરી છે. અધ્યક્ષના હોદ્દાનો ઉલ્લેખ કરતાં પં.જવાહરલાલ નહેરૂએ કહ્યું હતુ કે ‘અધ્યક્ષ ગૃહનું પ્રતિનિધિત્વ કરે છે, ગૃહના ગૌરવ, તેની સ્વતંત્રતાનું પ્રતિનિધિત્વ કરે છે અને ગૃહ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતું હોઈ અધ્યક્ષ રાષ્ટ્રની સ્વતંત્રતા અને ગૌરવના પ્રતીક બની રહે છે.’

## 11.11 *તમારી પ્રગતિ ચકાસો :*

**(1)** ***નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.***

1. લોકસભાની રચના, સભ્યપદની લાયકાતો અંગેની વિસ્તૃત ચર્ચા કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. લોકસભાના અધ્યક્ષના કાર્યોનું મૂલ્યાંકન કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

**(2)** ***ખાલી જગ્યા માં યોગ્ય શબ્દ મૂકો.***

1. લોકસભા એ ભારતીય સંસદનું ...............ગૃહ છે. (નીચલું, મધ્યમ, ઉપલું)
2. લોકસભાની રચના ............થઈ.(જાન્યુ-1951, મે-1953, ઓગસ્ટ-1956)
3. લોકસભાનાં સભ્યપદ અંગેની લાયકાતો બંધારણની કલમ નં.............માં આપેલ છે. (76,80,84)
4. લોકસભાની સમય મર્યાદા .............વર્ષ નક્કી કરવામાં આવેલ છે. (સાત, નવ, પાંચ)

5. 15મી લોકસભાના અધ્યક્ષ ............હતાં. (વીણા કુમારી, મીરાં કુમારી, બબિતા કુમારી)

**(3)** ***નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.***

1. લોકસભાનાં સંસદનું મજબુત અને મહત્ત્વનું ગૃહ છે.
2. લોકસભાના રાજયપદ અંગેની લાયકાતોમાં કેન્દ્ર કે રાજય સરકારનો પગારદાર કર્મચારી હોવો જોઈએ.
3. 1976 ની કટોકટી સમયે લોકસભાની મુદત 2 વર્ષ વધારવામાં આવી હતી.
4. લોકસભાની વર્ષમાં ઓછામાં ઓછી 4 વાર બેઠક મળવી જોઈએ.
5. શ્રી ગણેશ માવળંકર લોકસભાના પ્રથમ અધ્યક્ષ હતાં.

***તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો :***

**(2)** ***ખાલી જગ્યા***

(1) નીચલું (2) મે-1953 (3) 84 (4) પાંચ

(5) મીરાંકુમારી

**(3)** ***ખરા-ખોટા વિધાન.***

(1) સાચું (2) ખોટું (3) ખોટું (4) ખોટું (5) સાચું

## 11.12 *ચાવીરૂપ શબ્દો :*

1. વર્ગ યુધ્ધ : (Class war) દુશ્મના વટ ભર્યા કે વિરોધાભાષી હિતો ધરાવતા વર્ગો વચ્ચે ઘર્ષણ કે સંઘર્ષ

2. ગરીબી રેખા : (Poverty Line) : સમાજના અસ્તિત્વ માટેની લઘુત્તમ કક્ષા જેનાથી નીચે જીવનની પાયાની જરૂરીયાતોને સંતોષવી શક્ય નથી તેવી જીવન કક્ષાની અર્થ સ્પષ્ટતા કરવી.

3. પરિપત્ર : સંસદની ગેરહાજરી દરમ્યાન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ આદેશ/કાયદો

4. વીટો : અસ્વિકાર કરવો કે નિષેધ કરવો.

## 11.13 *સંદર્ભ ગ્રંથો :*


- ભટ્ટ જી.કે., : ‘‘ભારતના બંધારણીય ઈતિહાસની વિકાસરેખા’’ સુરત
- શેઠ પ્રવિણ ન. તથા દેસાઈ કે.સી., : ‘‘ભારતીય બંધારણીય વિકાસ’’, અમદાવાદ
- શુકલ (પ્રો) દિનેશ : ‘‘રાજયશાસ્ત્ર’’, ગાંધીનગર, 2005

- ભારત સરકાર : ભારતનું સંવિધાન, ગુજરાત સરકાર, ગુજરાતી (અનુવાદ), 1980
- કાઝી (પ્રા.) સલીમ એન. તથા કોરાટ (પ્રા.) પી.જી. અને શાહ મનુભાઈ, : ‘‘ભારતની શાસન પધ્ધતિ અને રાજકારણનો પરિચય’’, અમદાવાદ, 1971.
- બ્રહ્મભટ્ટ આર.ડી., : ‘‘રાજયતંત્ર’’, અમદાવાદ, 1973
- પરીખ (પ્રા.) હરેશ જે. અને પરીખ (ડૉ.) નરેશ જે., : ‘‘સ્વાતંત્ર ભારતનું બંધારણ’’, દામિની પ્રકાશન, અમદાવાદ
- કશ્યપ, સુભાષ; આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, દિલ્હી, દેસાઈ, વિપુલ, આર; ભારતનું સંવિધાન, શેલ્ફ બુક, અમદાવાદ

# એકમ : 12 ભારતમાં સર્વોચ્ચ અદાલતો અને તેની રચના અને સત્તા

:: રૂપરેખા ::


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ભારતમાં ન્યાયતંત્ર

12.3 સર્વોચ્ચ અદાલત

12.3.1 રચના

12.3.2 લાયકાત (ન્યાયાધીશની લાયકાત)

12.3.3 પગાર ધોરણ (ન્યાયાધીશનું પગાર ધોરણ)

12.3.4 મુદત-સમયાવધિ (ન્યાયાધીશની મુદત)

12.3.5 મહાભિયોગની પ્રક્રિયા – હોદ્દા ઉપરથી દૂર કરવાની વિધિ :

12.4 સર્વોચ્ચ અદાલત સત્તાઓ

12.4.1 મૂળ કાર્યક્ષેત્ર

12.4.2 અપીલ(વિવાદ) નું કાર્યક્ષેત્ર

12.4.3 સલાહ અંગેનું કાર્યક્ષેત્ર

12.4.4 અન્ય સત્તાઓ

12.5 સર્વોચ્ચ અદાલતની મર્યાદાઓ

12.6 મૂલ્યાંકન

12.7 તમારી પ્રગતિ ચકાસો (1)

12.8 તમારી પ્રગતિ ચકાસો (2)

12.9 ચાવીરૂપ શબ્દો

12.10 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો (1 અને 2)

12.11 સંદર્ભગ્રંથો

## 12.0 *ઉદ્દેશો :*

આ એકમમાં ભારતીય ન્યાયાલિકાનું ઉચ્ચતમ સર્વોચ્ચ અદાલત ગઠન (રચના), ક્ષેત્રાધિકાર અને કાર્યોના વિષયમાં બનાવવામાં આવ્યું છે.

એકમના આ અભ્યાસથી વિદ્યાર્થી નીચેની બાબતો જાણી શકાશે.

- ભારતમાં ન્યાયિક વ્યવસ્થાના વિકાસની રૂપરેખા ને સમજી શકશે.
- ભારતીય ન્યાયપાલિકાના ગઠનને સમજી શકશે.
- ઉચ્ચતમ ન્યાયાલયના વિશિષ્ટ કાર્યોને ઓળખી શકાશે.

## 12.1 *પ્રસ્તાવના :*

ન્યાયતંત્રની નિષ્પક્ષ અને પવિત્ર કામગીરીને આધારે લોકશાહી દેશનું મૂલ્યાંકન થાય છે. સ્વતંત્ર, નિષ્પક્ષ અને નીડર ન્યાયતંત્ર એ લોકશાહીની કસોટીના પથ્થરની ગરજ સારે છે. નાગરિકોના મૂળભૂત અધિકારો અને વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાની અગત્યની જવાબદારી ન્યાયતંત્રની છે. સમવાયતંત્રમાં કેન્દ્ર-રાજ્ય વચ્ચેના કાર્ય વિભાજનના સંદર્ભમાં સમવાયતંત્રના રક્ષક તરીકે નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્રની આવશ્યકતા છે. ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય ન્યાય કરવાનું છે.

## 12.2 *ભારતમાં ન્યાયતંત્ર :*

ભારતમાં સમવાયતંત્રનો સ્વીકાર કરેલ હોવા છતાં બ્રિટનની જેમ એક અખંડ અને સળંગ ન્યાયતંત્રની વ્યવસ્થા ભારતીય બંધારણે સ્વીકારી છે. તેથી ભારતમાં ન્યાયતંત્રનું માળખું પિરામીડ આકારનું છે.




*ભારતના ન્યાયતંત્રની રચનાનો પિરામીડ*

આમ, ભારતીય ન્યાયતંત્રમાં ટોચ ઉપર સર્વોચ્ચ અદાલત છે અને તે પછી તેની રાજ્યોની વડી અદાલતો છે. રાજ્યોની વડી અદાલતોની નીચે જિલ્લા અદાલતો આવે છે એની નિહિત અધિનસ્થ કે ટ્રાયલ અદાલતો રહેલી છે.

## 12.3 *સર્વોચ્ચ અદાલત :*

ભારતની સર્વોચ્ચ અદાલત વિશિષ્ટ સ્થાન અને સત્તા ધરાવે છે. ભારતના બંધારણ દ્વારા સર્વોચ્ચ અદાલતની તા.28-1-1950ના રોજ સ્થાપના કરવામાં આવી. તે સૌથી ઉપલી અદાલતનું સ્થાન ધરાવે છે. સ્વતંત્ર ભારતના બંધારણના પાંચમાં ભાગના ચોથા પ્રકરણમાં સર્વોચ્ચ અદાલતની જોગવાઈ કરવામાં આવી છે.

### 12.3.1 *રચના :*

ભારતના બધારણની કલમ-124 અનુસાર ભારતમાં એક સર્વોચ્ચ અદાલત હશે. શરૂમાં એક મુખ્ય ન્યાયમૂર્તિ અને વધુમાં વધુ 7 અન્ય ન્યાયમૂર્તિની જોગવાઈ હતી. આ સંખ્યામાં સંસદ સુધારો કરીને વધારો કરી શકે છે. અત્યારે એક મુખ્ય ન્યાયાધીશ અને 25 અન્ય ન્યાયાધીશો સર્વોચ્ચ અદાલતમાં છે. હાલમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ પી. સદાશીવમ છે. રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક કરે છે. બંધારણમાં જોગવાઈ છે કે ન્યાયાધીશોની નિમણૂંક સબંધે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્ય ન્યાયાધીશ તેમજ સર્વોચ્ચ અદાલતના અન્ય સિનિયર ન્યાયાધીશોની સલાહ લેશે. રાષ્ટ્રપતિ અગ્રતાક્રમની પરંપરાને અનુસરીને મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક કરે છે. સર્વોચ્ચ અદાલતનું કાર્યાલય દિલ્હી ખાતે આવેલ છે.

### 12.3.2 *સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત :*

(1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
(2) વડી અદાલતના ન્યાયમૂર્તિ તરીકે સતત પાંચ વર્ષ કાર્ય કરેલું હોવું જોઈએ.
(3) વડી અદાલતમાં વકીલ તરીકે 10 વર્ષ કામ કરેલ હોવું જોઈએ.
(4) તે રાષ્ટ્રપતિના મતે નામાંકિત ન્યાયવિદ હોવો જોઈએ.

### 12.4.3 *પગાર-ધોરણ :*

બંધારણના બીજા પરિશિષ્ટમાં ન્યાયમૂર્તિના પગાર અને ભથ્થા અંગેની જોગવાઈ કરેલી છે. 2009ના સુધારેલા પગાર ધોરણો મુજબ ન્યાયમૂર્તિ માસિક 1,00,000/- અને અન્ય ન્યાયમૂર્તિઓને રૂા.90,000/- માસિક પગાર આપવામાં આવે છે. વધુમાં તેમને અન્ય સગવડો, ભથ્થા, નિવૃત્તિ બાદ પેન્શન પણ અપાય છે. તેમનો પગાર ભારતની સંચિત નિધિમાંથી અપાય છે.

### 12.4.4 *મુદત-સમયાવધિ :*

બંધારણની કલમ-124 (1) અન્વયે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિવૃત્ત વયમર્યાદા 65 વર્ષની રાખવામાં આવી છે. જો કે આ મુદત પહેલા પણ રાષ્ટ્રપતિને લેખિત રાજીનામું આપી શકે છે.

### 12.4.5 *મહાભિયોગની પ્રક્રિયા – હોદ્દા ઉપરથી દૂર કરવાની વિધિ :*

ન્યાયાધિશને દૂર કરવાની પધ્ધતિ મુશ્કેલ છે. ન્યાયાધિશને ગેરવર્તણૂંક, ભ્રષ્ટાચાર, કાયદા કે બંધારણના ભંગ બદલ પદ પરથી દૂર કરવાની સત્તા સંસદ પાસે છે. જે તે ન્યાયાધીશ સામેનું આરોપનામું સંસદના બંને ગૃહો અલગ અલગ તેની સભ્ય સંખ્યાની બહુમતી અને હાજર સભ્યોની 2-3 બહુમતીએ ઠરાવ પસાર કરે તો રાષ્ટ્રપતિ ન્યાયાધીશને પદ પરથી દૂર કરે છે. જો કે તે માટેનો ઠરાવ સંસદના એક સત્રમાં જ પસાર થવો જોઈએ. 2011માં કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ સૌમિત્રસેન સામે રાજયસભામાં આવું આરોપનામું મૂકાયું હતું.

## 12.4 *સર્વોચ્ચ અદાલતની સત્તાઓ :*

ભારતની સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર વિશાળ છે. તેને ચાર વિભાગમાં વહેચી શકાય.

1. મૂળ કાર્યક્ષેત્ર
2. અપીલનું કાર્યક્ષેત્ર
3. સલાહ અંગેનું કાર્યક્ષેત્ર
4. અન્ય સત્તાઓ અને સલાહ અંગેનું કાર્યક્ષેત્ર

### 12.4.1 *મૂળ કાર્યક્ષેત્ર :*

સર્વોચ્ચ અદાલતનું મૂળ કાર્યક્ષેત્ર ભારતના સમવાયતંત્રના વિવિધ રાજયો વચ્ચેના વિવાદો અંગે નિકાલ કરવાનું છે. બંધારણની કલમ-131માં નીચે મુજબની બાબતો અંગે સર્વોચ્ચ અદાલત મૂળ ક્ષેત્રાધિકાર ધરાવે છે.

- કેન્દ્ર સરકાર અને એકથી વધુ રાજયો વચ્ચેની તકરાર.
- એક પક્ષે કેન્દ્ર સરકાર અને કોઈ પણ રાજય અને બીજા પક્ષે એક કે તેથી વધુ રાજયો વચ્ચે તકરાર હોય.
- બે કે તેથી વધુ રાજયો વચ્ચેની તકરાર હોય તો સર્વોચ્ચ અદાલતમાં સીધી દાખલ થઈ શકે છે.
- નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટેની સત્તા તે રાજયોની વડી અદાલતો સાથે મૂળ અધિકાર ધરાવે છે. હક્કોના ભંગ બદલ બંધારણની કલમ-32 મુજબ હાજર હુકમ, અધિકારી હુકમ, પ્રતિબંધ હુકમ, સાક્ષી હુકમ તેમજ ઉત્પ્રેક્ષણ હુકમ વગેરે હુકમો કાઢવાની સત્તા સર્વોચ્ચ અદાલતને છે.
- રાજય રાજય વચ્ચે નદીઓના પાણીની વહેંચણી અંગેના વિવાદો.

### 12.4.2 *અપીલ (વિવાદ)નું કાર્યક્ષેત્ર :*

ભારતની સર્વોચ્ચ અદાલત બંધારણની કલમ-132 થી કલમ-136 મુજબ અપીલ અંગેની સત્તા ધરાવે છે. વડી અદાલતોએ આપેલ ચુકાદા કે દાવા સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે. જે નીચે મુજબ છે.

*(અ) બંધારણીય દાવા :*

જો કોઈ હાઈકોર્ટ એવુ પ્રમાણપત્ર આપે કે દીવાની અને ફોજદારી કેસો અંગે આપેલા ચુકાદામાં બંધારણના અર્થઘટનનો મુદ્દો સંકળાયેલ છે તો તે અંગે સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે. કોઈ કેસમાં વડી અદાલતે પ્રમાણપત્ર ન આપેલ હોય તો પણ સર્વોચ્ચ અદાલત સ્વયં તે કેસ માટે અપીલ માટેની મંજુરી આપે છે.

*(બ) દીવાની દાવા :*

કોઈ પણ વડી અદાલતે આપેલા દીવાની દાવા અંગેના ચુકાદા વિરૂધ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે. 1970 ના સુધારેલા કાયદા પ્રમાણે દાવાની રકમ રૂા. 1,00,000/- કે તેથી વધુ હોય તો જ અપીલ ગઈ શકે છે. જો કે 30 માં સુધારામાં સ્પષ્ટતા કરાઈ કે વિવાદીની રકમ 20,000/- થી ઓછી હોય પણ તેમાં બંધારણના અર્થઘટનનો પ્રશ્ન સમાયેલો હોય તો સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે.

*(ક) ફોજદારી દાવા :*

વડી અદાલત દ્વારા આપેલ ફોજદારી દાવા અંગેના ચુકાદા વિરૂધ્ધ સર્વોચ્ચ અદાલતમાં નીચેની શરતે અપીલ કરી શકાય. (1) નીચલી અદાલતે મૃત્યુદંડની સજામાંથી મુક્ત કર્યા હોય પરંતુ વડી અદાલતે આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય (2) વડી અદાલતે નીચલી અદાલત દાવાને પોતાની પાસે ખેંચીને આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય (3) વડી અદાલતે પોતે સર્વોચ્ચ અદાલતમાં અપીલ માટેનું પ્રમાણપત્ર આપે ત્યારે સર્વોચ્ચ અદાલતમાં અપીલ થાય.

*(ડ) અપીલ માટેની ખાસ સત્તા :*

બંધારણની કલમ-136 અનુસાર સર્વોચ્ચ અદાલતને અપીલ કરવાની ખાસ પરવાનગી સત્તા છે. લશ્કરી અદાલત સિવાયની કોઈ પણ અદાલતના ચુકાદા સામે અપીલ દાખલ કરવાની સ્વવિવેકની સત્તા છે.

### 12.4.3 *સલાહ અંગેનું કાર્યક્ષેત્ર :*

બંધારણની કલમ-143 અનુસાર ભારતના રાષ્ટ્રપતિને એવું જણાય કે કાયદો કે હકીકતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે તે અંગેની સંભાવના નથી થઈ છે કે એ પ્રશ્ન જાહેરહિતનો છે ત્યારે તે અંગે સર્વોચ્ચ અદાલતને તે પ્રશ્ન સલાહ માટે મોકલી શકે છે. અદાલતે આપેલ સલાહ એ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા નથી. બીજી બાજુ સર્વોચ્ચ

અદાલતને એમ જણાવવામાં આવેલ સલાહ રાજકીય છે તો તે સલાહ આપવાની ના પાડી શકે છે. 1993 માં અયોધ્યા વિવાદમાં સલાહ માંગેલી.

**12.4.4 *અન્ય સત્તાઓ :***

સર્વોચ્ચ અદાલતે નીચે જણાવેલી અન્ય સત્તાઓ છે.

(અ) તે બંધારણની કલમ-129 મુજબ નઝીરી અદાલત ગણાય છે. તેણે આપેલા ચુકાદા કે નિર્ણયો કાયમી દસ્તાવેજ ગણાય છે. જેને નીચલી અદાલતો ચુકાદા આપતી વખતે સંદર્ભ તરીકે લે છે.

(બ) ચુકાદાનો ભંગ કરનાર કે તિરસ્કાર કરનારને સજા કરે છે.

(ક) રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિના ચૂંટણી અંગેના વિવાદને ઉકેલવાની સત્તા ધરાવે છે.

(ડ) રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિ બંનેની ગેરહાજરીમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે ફરજ બજાવે છે. દા.ત. ન્યયાધીશ હિદાયતુલ્લા.

(ઈ) સર્વોચ્ચ અદાલત કોઈ એક વડી અદાલતમાંથી બીજી વડી અદાલતમાં કેસ તબદીલ કરી શકે છે.

## 12.5 *સર્વોચ્ચ અદાલતની મર્યાદાઓ :*

ભારતીય બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલતને વિશ્વની કોઈ પણ સર્વોચ્ચ અદાલત કરતાં વિશેષ સત્તા આપવામાં આવેલી હોવા છતાંયે કેટલીક બાબતોમાં તેની સત્તા સંદર્ભે જે મર્યાદાઓ મૂકવામાં આવી છે તે નીચે મુજબ છે.

(1) જો ભારતીય સંસદ વિધિસર કોઈ પણ ખરડો પસાર કરી તેને કાયદાનું સ્વરૂપ આપે તો તે કાયદો અયોગ્ય અથવા કઠોર હોવાનું જણાવી સર્વોચ્ચ અદાલત તેને પડકારી શકતી નથી.

(2) બંધારણના પ્રથમ અને ચોથા સુધારા અનુસાર સરકાર કે સંસ્થાની મિલકતનો જાહેર હેતુ માટે કબજો સંભાળે ત્યારે પોતાને યોગ્ય લાગે તે વળતર ચૂકવતી હોય છે. જે યોગ્ય અથવા અપૂરતું છે તેવું કહેવાય અથવા આવા કાયદાને રદબાતલ કરવાની સત્તા સર્વોચ્ચ અદાલત પાસે નથી.

(3) ચૂંટણી માટેના મત વિસ્તારને લગતા કોઈ પણ કાયદાના અમલ સંદર્ભે દરમિયાનગીરી કરવાની સત્તા સર્વોચ્ચ અદાલત સમક્ષ નથી.

(4) દેશમાં કટોકટી લાદવા સંદર્ભની અંતિમ સત્તા રાષ્ટ્રપતિની છે. જેમાં દરમિયાનગીરી નહી કરવાની મર્યાદા સર્વોચ્ચ અદાલતે સ્વિકારી છે.

## 12.6 *મૂલ્યાંકન :*

આપણે નોંધ્યુ તે પ્રમાણે સર્વોચ્ચ અદાલતની રચના તેનું કાર્યક્ષેત્ર અથવા સત્તાઓ તેમજ મર્યાદાઓ જેવી કેટલીક મહત્ત્વની બાબતો પર આપણે વિસ્તૃત છણાવટ કરી એ સંદર્ભે એક વાત સ્પષ્ટ જણાય છે કે વિશ્વભરના સમવાયતંત્રી બંધારણોમાં ન્યાયતંત્રનો અને ખાસ કરીને જે તે દેશની સર્વોચ્ચ અદાલતનું જે સ્થાન છે તેમાં ભારતની સર્વોચ્ચ અદાલત મોખરે છે. ભારતીય બંધારણે આ સર્વોચ્ચ અદાલતને કારોબારી કે ધારાસભાના અંકુશમાંથી મુક્ત રાખીને તેની કાર્યવાહીને તથા સત્તાઓને એક અભયવચન પૂરું પાડ્યું છે. વળી સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશોની નિયુક્તિ રાષ્ટ્રપતિ કરે છે છતાં તેની બરતરફી જેવી સત્તા તેમને હસ્તક નહીં મૂકીને ભારતીય બંધારણે સર્વોચ્ચ અદાલતની સત્તાનું પૂરતું સન્માન જાળવ્યું છે. એ જ રીતે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને કોઈ ખાસ સંજોગોમાં બરતરફ કરવા પડે તો પણ તેની ચોક્કસ કાર્યવાહી કરવા તથા તેના પર ગેરવર્તણૂંક જેવા સામાન્ય આક્ષેપ મૂકવા સિવાય તેમને બરતરફ કરી શકાતા નથી. એ જ રીતે આ તમામ ન્યાયાધીશોના વેતન ભથ્થા તથા મળવાપાત્ર સઘળી સુવિધાઓ કે લાભને પણ સંસદની પહોંચથી દૂર રાખીને અથવા સંચિતનિધિ જેવા સુરક્ષિત ક્ષેત્ર નીચે મૂકીને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને મુક્ત મને અને પૂર્ણ સ્વતંત્રતાપૂર્વક કામ કરવાની છૂટ આપવામાં આવી છે. આ તમામ બાબતોમાં યુ.એસ.એ.ની સર્વોચ્ચ અદાલત કરતાં થોડીક ઓછી સત્તાઓ ધરાવતી હોવાનું પણ વિવેચકો જણાવે છે. કારણ કે, અમેરિકન ધારાસભામાંથી પસાર કરેલાં કોઈ પણ કાયદાને ત્યાંની સર્વોચ્ચ અદાલત પડકારી શકે છે. જયારે ભારતમાં આવું થતું નથી. તેમ છતાં ભારતની દ્રષ્ટિએ જોઈએ તો ભારતીય બંધારણે તેની સર્વોચ્ચ અદાલતને શ્રેષ્ઠ, સર્વોચ્ચ મુકત અને વિશેષ સત્તાઓ યુક્ત અધિકારક્ષેત્ર પુરું પાડીને તથા આ તમામ અધિકારો આજ પરિચયના સર્વોચ્ચ અદાલતના કામ થકી સચવાયેલ માન સન્માન જોતા વિશ્વની શ્રેષ્ઠ અદાલતોમાં તેને આપવામાં આવેલું સ્થાન વ્યાજબી જણાય છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં કેટલાક પ્રસંગોમાં સર્વોચ્ચ અદાલતની કસોટી થઈ હોવા છતાં તે સફળ રીતે પાર પડ્યું છે અને માટે જ વિશ્વભરની અદાલતમાં પહેલું સન્માનજનક સ્થાન ગણાય છે.

ભારતની સર્વોચ્ચ અદાલતનું ઉદ્દ્ઘાટન કરતા 28 જાન્યુઆરી, 1950ના સ્વતંત્ર ભારતના સર્વ પ્રથમ એકટની જનરલ શ્રી એન.એસ.શેતલવાડે કહ્યું હતું કે ‘‘આ અદાલતની આજ્ઞાઓ, 33 કરોડની વસ્તીવાળા તેમજ 20 લાખ ચો.માઈલથી પણ વધુ વિસ્તાર ધરાવતા વિશાળ પ્રદેશ પર આજથી સ્થાપિત થાય છે. બંધારણમાં વિગતે આપેલા મૂળભૂત અધિકાર તથા તેને મર્યાદિત કરતી જોગવાઈઓને કારણે આ અદાલતને ઘણા ડહાપણભર્યા અને વિવેકબુધ્ધિ યુક્ત નિર્ણય લેવાની જરૂર પડશે તથા શાંતિ સલામતી અને દેશના નાગરિકોની મૂળભૂત ફરજોનું રક્ષણ કરવાની જવાબદારી એના જ શિરે આવશે.’’ જે આજ પર્યતના અનુભવને આધારે આપણે કહી શકીએ કે આ અદાલતે અત્યંત યોગ્ય રીતે નિભાવેલ છે.

## 12.7 *તમારી પ્રગતિ ચકાસો :* (1)

**(1)** ***નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.***

1. ભારતનાં ન્યાયતંત્રનું માળખું કેવું હતું ?

2. સર્વોચ્ચ અદાલતની રચના અને ન્યાયાધીશ માટેની લાયકાતો જણાવો.

3. સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશની સમયાવધી અને તેને કઈ રીતે સત્તા પરથી દૂર કરી શકાય ?

**(2)** ***નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.***

1. ભારતનું ન્યાયતંત્ર પિરામિડ આકારનું છે.
2. ભારતીય ન્યાયતંત્રમાં ટોચ સ્થાને વડી અદાલત છે.
3. ભારતીય બંધારણ દ્વારા સર્વોચ્ચ અદાલતની સ્થાપનાં તારીખ 28મી જાન્યુઆરી, 1950માં કરવામાં આવી.
4. મુખ્યમંત્રી સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક કરે છે.
5. સર્વોચ્ચ અદાલતનું કાર્યક્ષેત્ર કલકત્તા ખાતે આવેલ છે.
6. સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશની નિવૃત્તવય મર્યાદા 65 વર્ષની રાખવામાં આવી છે.

## 12.8 *તમારી પ્રગતિ ચકાસો* : (2)

**(1)** ***નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.***

1. સર્વોચ્ચ અદાલતની વિવિધ સત્તાઓનું મૂલ્યાંકન કરો.

**(2)** ***ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.***

1. ભારતની સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્રને ____________વિભાગમાં વહેંચી શકાય. (બે, ત્રણ, ચાર)

2. ભારતની સર્વોચ્ચ અદાલત બંધારણની કલમ _________ થી __________મુજબ અપીલ અંગેની સત્તા ધરાવે છે.

(135 થી 138, 132 થી 136, 138 થી 141)

3. કોઈ પણ વડી અદાલતે આપેલા દિવાની દાવા અંગેનાં ચુકાદા વિરૂધ્ધ ____________ અપીલ કરી શકે છે.

(સર્વોચ્ચ અદાલત, રાજય અદાલત, જિલ્લા અદાલત)

## 12.9 *ચાવીરૂપ શબ્દો :*

| | |
|---|---|
| ***બંધ બારણે*** | ખુલ્લી અદાલતમાં નહી પરંતુ જેમાં બહારના વ્યક્તિને પ્રવેશ ન હોય તેવી સ્થિતિ. |
| ***મહાભિયોગ*** | રાજ્યના વિરુદ્ધ ગુનાનો આરોપ (અભિયોગ) |
| ***પ્રખ્યાપિત કરવું*** | પ્રકાશિત/લાગુ કરવા માટે ઘોષિત કરવું. |
| ***ભંગ કરવું*** | કાર્ય સમય સમાપ્ત કરવો. |

## 12.10 *તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો* (1 *અને* 2) :

**(1)** ***તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો***

2. ખરાં -ખોટાં

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) ખોટું (5) ખોટું (6) સાચું

**(2)** ***તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો***

2. ખાલી જગ્યા

(1) ચાર (2) 132 થી 136 (3) સર્વોચ્ચ અદાલત

## 12.11 *સંદર્ભ ગ્રંથો :*


- ભટ્ટ જી.કે., : ''ભારતના બંધારણીય ઈતિહાસની વિકાસરેખા'' સુરત
- શેઠ પ્રવિણ ન. તથા દેસાઈ કે.સી., : ''ભારતીય બંધારણીય વિકાસ'', અમદાવાદ
- શુકલ (પ્રો) દિનેશ : ''રાજયશાસ્ત્ર'', ગાંધીનગર, 2005
- ભારત સરકાર : ભારતનું સંવિધાન, ગુજરાત સરકાર, ગુજરાતી (અનુવાદ), 1980
- કાઝી (પ્રા.) સલીમ એન. તથા કોરાટ (પ્રા.) પી.જી. અને શાહ મનુભાઈ, : ''ભારતની શાસન પધ્ધતિ અને રાજકારણનો પરિચય'', અમદાવાદ, 1971.
- બ્રહ્મભટ્ટ આર.ડી., : ''રાજયતંત્ર'', અમદાવાદ, 1973
- પરીખ (પ્રા.) હરેશ જે. અને પરીખ (ર્ડા.) નરેશ જે., : ''સ્વાતંત્ર ભારતનું બંધારણ'', દામિની પ્રકાશન, અમદાવાદ
- કશ્યપ, સુભાષ; આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, દિલ્હી, દેસાઈ, વિપુલ, આર; ભારતનું સંવિધાન, બુક શેલ્ફ, અમદાવાદ

# એકમ : 13 ચૂંટણીપંચની કામગીરી અને સત્તાઓ

## રૂપરેખા


**13.0** *ઉદ્દેશો*

**13.1** *પ્રસ્તાવના*

**13.2** *ચૂંટણીપંચનો અર્થ*

**13.3** *ચૂંટણીપંચની કામગીરી (કાર્યક્ષેત્ર)*

**13.3.1** *મતદારયાદી અને ઓળખપત્રો તૈયાર કરાવે છે.*

**13.3.2** *રાજકીય પક્ષોને માન્યતા આપે છે. (નોંધણી કરવી)*

**13.3.3** *ચૂંટણી પ્રતિક ફાળવે છે.*

**13.3.4** *મતદારક્ષેત્રોની આકરણી કરે છે.*

**13.3.5** *ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરે છે.*

**13.3.6** *અન્ય કાર્યો*

**13.4** *ઉપસંહાર*

**13.5** *તમારી પ્રગતિ ચકાસો.*

**13.6** *ચાવીરૂપ શબ્દો*

**13.7** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**13.8** *સંદર્ભગ્રથો*


## 13.0 *ઉદ્દેશો :*

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

- ચૂંટણીપંચ એટલે શું ? તેની સમજ મેળવશે.
- ચૂંટણીપંચનું ગઠન અને વિવિધ કામગીરી વિશે માહીતી મેળવશે.

ચૂંટણી પંચની મર્યાદાઓને, અડચણને, સમસ્યાઓને જોઈ જાણી શકશે.

## 13.1 *પ્રસ્તાવના :*

આ એકમમાં ભારતીય બંધારણમાં ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી હોવાથી અત્રે તેનું ગઠન, કામગીરી, સત્તા અને મહત્ત્વ જેવી બાબતોનો રજૂ કરવામાં આવી છે. ચૂંટણી પ્રથા એ લોકશાહી વ્યવસ્થાનો પ્રાણ છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી એ લોકશાહીની અનિવાર્ય શરત છે. જો ચૂંટણી ન્યાયી અને યોગ્ય રીતે યોજાય તો જ તેમાં લોકમતનું સાચું પ્રતિબિંબ પડી શકે છે. ભારતમાં આ પ્રકારે ચૂંટણી યોજી શકાય તે માટે જરૂરી બંધારણીય જોગવાઈઓનો અમલ કરવામાં આવ્યો છે. બંધારણની કલમ-324 થી 329 અનુસાર ભારતમાં ચૂંટણી વિષયક જોગવાઈઓની ચર્ચા કરવામાં આવી છે.

સમગ્ર ચૂંટણી વ્યવસ્થાની દોરવણી, દેખરેખ અને નિયંત્રણ સ્વતંત્ર રીતે અને નિરપેક્ષ રીતે ન્યાયપૂર્ણ કામગીરી કરી શકે તે માટે બંધારણની કલમ-325 અનુસાર એક સ્વતંત્ર-સ્વાયત્ત ચુંટણી પંચની જોગવાઈ કરવામાં આવી છે. આમ ચૂંટણી પંચ એ સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે. હાલમાં ચૂંટણી પંચમાં 1993 થી ત્રણ ચૂંટણી કમિશ્નર ની જોગવાઈ છે. 1993 પહેલા એક જ ચુંટણી કમિશ્નર હતાં. આ ત્રણેય ચુંટણી કમિશ્નરનો હોદ્દો સમાન છે. આમ છતાં જે અગ્રતા ક્રમે હોય તે મુખ્ય ચૂંટણી કમિશ્નર છે. સંસદ દ્વારા નક્કી થયેલ પ્રક્રિયા વડે રાષ્ટ્રપતિ ચુંટણી કમિશ્નરોની નિમણૂક કરે છે. ચૂંટણી કમિશ્નરોનું સ્થાન ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સમકક્ષ ગણાય છે.

ચૂંટણી પંચના કમિશ્નર 5 (પાંચ) વર્ષ સુધી પોતાના પદ પર રહે છે. પંચની સ્વતંત્રતા જળવાય તે માટે મુખ્ય ચૂંટણી કમિશ્નરને સંસદ મહાભિયોગ દ્વારા દુર કરી શકાય છે. એટલે સંસદનું કોઈપણ ગૃહ તેમના ઉપર મહાભિયોગ મૂકે છે. ત્યાર પછી સંસદના હાજર સભ્યોની 2/3 બહુમતીથી તે પુરવાર થાય તો તેમણે રાજીનામું આપવું પડે છે. અત્યાર સુધીમાં કોઈ પણ મુખ્ય ચૂંટણી કમિશ્નરને સંસદ દ્વારા દૂર કરવામાં આવ્યા નથી.

## 13.2 *ચૂંટણીપંચનો અર્થ :*

ચૂંટણી માટે વપરાતો શબ્દ ‘Election’ એ લેટિન ભાષાના શબ્દ ‘Eligere’ પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ પસંદ કરવાની પ્રક્રિયા એવો થાય છે. જે સાચા અર્થમાં લોકશાહી શાસન ચલાવવા માટે લોક પ્રતિનિધિ પસંદ કરવાની પ્રક્રિયા દર્શાવે છે અને વાસ્તવમાં લોકશાહીના આત્મરૂપ છે માટે લોકશાહી રાષ્ટ્રો આ સાધન થકી પોતાની પસંદ કે ના પસંદ વ્યક્ત કરતાં હોઈ અત્યંત મહત્ત્વપૂર્ણ બની શકે છે.

ભારતના પ્રજાસત્તાક બંધારણની કલમ-324 થી 329 અંતર્ગત ચૂંટણીની આ પ્રક્રિયામાં નિર્ણાયક એવા પરિબળ તરીકે ચૂંટણી પંચનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## 13.3 *ચૂંટણી પંચની કામગીરી :*

ચૂંટણી સબંધી તમામ વ્યવસ્થા કરવાનું કાર્ય ચૂંટણી પંચનું છે. આ માટે તે નીચે મુજબના કાર્યો કરે છે.

### 13.3.1 *મતદારયાદી અને ઓળખપત્રો તૈયાર કરાવે છે. :*

ચૂંટણી પંચનું મુખ્ય અને જટિલ કાર્ય એ મતદાર યાદીઓ તૈયાર કરવાનું છે. લોકસભા અને વિધાનસભાની સામાન્ય કે મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં ચૂંટણી પંચ મતદારયાદીનું પુનઃનિર્માણ કરાવે છે. દરેક મતદાર વિસ્તારમાં મતદાન કરવાની લાયકાત ધરાવનાર નાગરિકોની મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે છે. જેથી કોઈ પણ વ્યક્તિ મતાધિકારથી વંચીત રહી ન જાય. મૃત્યુ પામેલ કે સ્થળાંતર કરી ગયેલ મતદાતાઓના નામ રદ કરવામાં આવે છે. સાથો સાથ બોગસ મતદાન અટકાવવા માટે અને અન્ય વ્યક્તિના નામે કોઈ પણ વ્યક્તિ માટે મત આપવાનું મુશ્કેલ બને તે માટે પૂર્વ ચૂંટણી કમિશ્નર ટી.એ.શેષાનના સમયથી પ્રત્યેક મતદારને તેનું ફોટા સાથેનું ઓળખપત્ર આપવાનું શરૂ કરાયું છે.

### 13.3.2 *રાજકીય પક્ષોને માન્યતા આપે છે. :*

ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોને માન્યતા આપવામાં આવે છે. ભારતમાં ચૂંટણી પંચ પાસે નોંધાયેલા પક્ષોની સંખ્યા 2,100 થી વધુ છે. જયારે કોઈ પણ કોઈ રાજયમાં સતત પાંચ વર્ષ ચૂંટણી લડે, લોકસભાની 25 (પચ્ચીસ) બેઠકો લડે અને ઓછામાં ઓછી એક બેઠક જીતે કે વિભાનસભાની 30 (ત્રીસ) બેઠકો લડે અને ઓછામાં ઓછી એક બેઠક જીતે તો તેને પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા મળે છે. જયારે રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા મેળવવા માટે લોકસભા અને વિધાનસભાના કુલ મતોમાંથી ઓછામાં ઓછા 4 (ચાર) ટકા મત તેને મળ્યા હોય, તેમજ ઓછામાં ઓછા ચાર રાજયોમાં તે પ્રાપ્ત પક્ષ હોય એ જરૂરી છે.

### 13.3.3 *ચૂંટણી પ્રતીક ફાળવે છે. :*

ચૂંટણી પંચ રાજકીય પક્ષોને અને અપક્ષ ઉમેદવારોને ચૂંટણી લડવા માટે નિશાન કે પ્રતીકની ફાળવણી કરે છે. પંચની પ્રતીક ફાળવવાની સત્તા જયારે કોઈ પક્ષના ભાગલા પડે છે ત્યારે અગત્યની બની જાય છે. ભારતમાં કોંગ્રેસ, સામ્યવાદી પક્ષ, જનસંઘ અને જનતાદળ જેવા મોટા ભાગના પક્ષોનાં ભાગલા પડેલા છે.

### 13.3.4 *મતદારક્ષેત્રોની આકરણી કરે છે. :*

ચૂંટણી પંચનું મહત્ત્વનું કાર્ય એ મતદાર ક્ષેત્રની આકરણી કરવાનું છે. સંસદના અધિનિયમ 1952 પ્રમાણે દર 10 (દસ) વર્ષે વસ્તી ગણતરી પ્રમાણે એક સીમાંકન પંચની

રચના થાય છે. તેના અધ્યક્ષ મુખ્ય ચૂંટણી કમિશ્નર રહે છે. આયોગની સહાયતા માટે પ્રત્યેક રાજયમાંથી 2 થી 7 સહાયક સભ્યો રહે છે. સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશો તેના સભ્ય તરીકે પસંદ થાય છે. આમ આકરણી પંચ એ મતદાર ક્ષેત્ર માટે જે નિર્ણય લે તે આખરી ગણાય છે. તેની વિરૂધ્ધ અદાલતમાં અપીલ કરી શકાતી નથી. આ સીમાંકન પંચની આ વ્યવસ્થા જેવી ખામીઓથી દુર રાખવા કરવામાં આવે છે.

### 13.3.5 *ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરે છે. :*

રાષ્ટ્રપતિ દ્વારા ચુંટણીનું જાહેરનામું બહાર પાડતાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય છે. જેમાં ચૂંટણી પંચ મતદાનની તારીખ જાહેર કરે છે. ચૂંટણી એક જ દિવસે કે તબક્કાવાર યોજવામાં આવે છે. ઉમેદવારી ફોર્મ ભરવાની ફોર્મની ચકાસણી અને તેને પાછા ખેંચવાની તારીખ તે નક્કી કરે છે. 2009 ની લોકસભાની ચૂંટણી 4 થી 5 તબક્કાઓમાં યોજવામાં આવી હતી. ચૂંટણી પંચ ચૂંટણી ની જાહેરાત સાથે જ આચારસંહિતાનો પણ અમલ કરાવે છે. કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવાર તેનો ભંગ ન કરે તેની તકેદારી ચૂંટણી પંચ રાખે છે.

### 13.3.6 *અન્ય કાર્યો :*

ચૂંટણી પંચને ઉપરોક્ત કાર્યો સિવાય અન્ય કેટલાંક કાર્યો પણ સોંપવામાં આવેલ છે. જેમ કે,

(1) લોકસભા અને વિધાનસભાઓ ઉપરાંત રાજયસભાની દર બે વર્ષે ખાલી પડતી જગ્યાઓ માટે ચુંટણીની વ્યવસ્થા કરે છે.

(2) તે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું પણ સંચાલન કરે છે.

(3) રાજકીય પક્ષોને આકાશવાણી અને દૂરદર્શન ઉપર ચૂંટણી પ્રચાર કરવાની સુવિધા અપાવે છે.

(4) પક્ષો અને ઉમેદવારો દ્વારા થતાં ચૂંટણી ખર્ચની મર્યાદા બાંધે છે.

(5) ચુંટણીઓ માટે અવારનવાર આચારસંહિતા ઘડે છે.

(6) ચૂંટણી પંચને એવું જણાય કે કોઈ બેઠકની ચૂંટણીમાં ગેરરીતિ થયેલ છે તો ત્યાં ફરીથી મતદાન કરાવી શકે છે.

(7) મતદારોને રાજકીય શિક્ષણ આપે છે તે અંગેના વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા કાર્યક્રમો આપે છે, જેમ કે, મતદાનની પ્રક્રિયા, ઈ. વી.એમ.નો સાચો ઉપયોગ વગેરે…

(8) ચૂંટણી સુધારા માટે સરકારને સૂચનો કરે છે.

(9) જે તે મતદાન મથકની સલામતીની કડક વ્યવસ્થાનું કાર્ય પ્રશંસાપાત્ર રહેલ છે.

(10) ચૂંટણી કાર્યમાં રોકાયેલા કર્મચારીઓને સઘન તાલીમ આપે છે.

(11) ઉમેદવારો અને રાજકીય પક્ષો જે ખર્ચ કરે છે તેનો હિસાબ માંગી તેની ચકાસણી કરે છે.

(12) ગુજરાત વિધાનસભા ચૂંટણી -2012 વખતે દરેક મતદારને પોતાના ફોટા સાથેની મતદાર કાપલી આપવાની વ્યવસ્થા કરેલ, જેથી મતદાન વધારે થયું હતું, જે પ્રસંશનીય કાર્ય હતું.

(13) આચારસંહિતાના પાલનની દેખરેખ રાખે છે.

(14) ચૂંટણીના હિસાબો તપાસે છે.

(15) મતદાન મથકો તૈયાર કરે છે.

(16) મતદાન મથકોએ મતદાન સામગ્રી પહોંચાડે છે.

(17) મતદાન મથકે શાંતિ અને રક્ષણની વ્યવસ્થા કરે છે.

(18) મતગણતરીનું કાર્ય કરે છે.

***ભારતનાં મુખ્ય ચૂંટણી કમિશ્નરશ્રીઓ***

| No. | Name | Took Office | Left Office |
|---|---|---|---|
| 1 | શ્રી કુમારસેન | 19-03-1950 | 19-12-1958 |
| 2 | શ્રી કલ્યાણ સુંદરમ્ | 20-12-1958 | 30-09-1967 |
| 3 | શ્રી એસ.પી.સેન વર્મા | 01-10-1967 | 30-09-1972 |
| 4 | શ્રી નાગેન્દ્ર સિંહ | 01-10-1972 | 06-02-1973 |
| 5 | શ્રી ટી.સ્વામીનાથન્ | 07-02-1973 | 17-06-1982 |
| 6 | શ્રી એસ.એલ.શકધર | 18-06-1977 | 17-06-1982 |
| 7 | શ્રી આર.કે.ત્રિવેદી | 18-06-1982 | 31-12-1985 |
| 8 | શ્રી બી.એસ.પેરી શાસ્ત્રી | 01-01-1986 | 25-11-1990 |
| 9 | શ્રી વી.એસ.રમાદેવી | 26-11-1990 | 11-12-1990 |
| 10 | શ્રી ટી.એન.શેષાન | 12-12-1990 | 11-12-1996 |
| 11 | શ્રી એમ.એસ.ગીલ | 12-12-1996 | 13-06-2001 |
| 12 | શ્રી જે.એમ.લિંગદોહ | 14-06-2001 | 07-02-2004 |
| 13 | શ્રી ટી.એસ.કૃષ્ણમૂર્તિ | 08-02-2004 | 15-05-2005 |
| 14 | શ્રી બી.બી.ટંડન | 16-05-2005 | 29-06-2006 |

| | | | |
|---|---|---|---|
| 15 | શ્રી એન.ગોપાલસ્વામી | 30-06-2006 | 20-04-2009 |
| 16 | શ્રી નવીન ચાવલા | 21-04-2009 | 29-06-2010 |
| 17 | શ્રી એસ.વાય.કુરેશી | 30-07-2010 | 10-06-2012 |
| 18 | શ્રી વી.એસ.સંપત | 10-06-2012 | 15-01-2015 |
| 19 | શ્રી હરીશકુમાર બ્રહ્મા | 16-08-2015 | 18-04-2015 |
| 20 | શ્રી નાઝીમ જીયદી | 19-04-2015 | 05-06-2017 |
| 21 | શ્રી અષલકુમાર જયોતિ | 06-07-2017 | 22-01-2018 |
| 22 | શ્રી ઓમપ્રકાશ રાવત | 23-01-2018 | 01-12-2018 |
| 23 | શ્રી સુનિલ અરોલા | 02-12-2018 | 02-04-2021 |
| 24 | શ્રી સુશીલચંદ્રા | 13-04-2021 | ચાલુ છે. |

## 13.4 *ઉપસંહાર :*

આમ, ચૂંટણી પંચ અવાર નવાર ચૂંટણી સમયે ઘણા અગત્યનાં કાર્યો કરે છે. ભારત જેવા વિશાળ દેશમાં પ્રત્યક્ષ ચુંટણીઓ યોજવી તે ચૂંટણી પંચ માટે જટિલ અને વ્યાપક જવાબદારી ભર્યું છે. આમ છતાં કેટલાંક અભ્યાસીઓએ તેની કેટલીક મર્યાદાઓ બતાવી ટીકા પણ કરી છે. જેમ કે ચૂંટણી કમિશ્નરોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે. જેથી પંચની તટસ્થતાને અસર થઈ શકે છે. પરંતુ સમગ્ર પણે જોતા અત્યાર સુધીની તમામ ચૂંટણીઓ તટસ્થ અને ન્યાયી ધોરણે થઈ છે તેમ ચોક્કસપણે કહી શકાય.

## 13.5 *તમારી પ્રગતિ ચકાસો.*

**(1)** ***નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.***

1.ચૂંટણી પંચનાં કમિશ્નરને કઈ પધ્ધતિથી પોતાનાં પદ પરથી દૂર કરવામાં આવે છે ?

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. ચૂંટણી પંચની વિવિધ કામગીરીની વિસ્તૃત ચર્ચા કરો.

_______________________________________________

_______________________________________________

(2) ***નીચેનાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.***

1. બંધારણની કલમ-327 થી 331 અનુસાર ભારતમાં ચૂંટણી વિષયક જોગવાઈઓ કરવામાં આવી છે.
2. રાષ્ટ્રપતિ ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક કરે છે.
3. ચૂંટણીપંચનાં કમિશ્નર પાંચ વર્ષ સુધી પોતાનાં પદ પર રહે છે.

## 13.6 *ચાવીરૂપ શબ્દો :*

***ચૂંટણી વિષયક પ્રક્રિયા*** જાહેર હોદ્દાઓ માટે લોકોના પ્રતિનિધિઓને ચૂંટવા સંદર્ભમાં સમગ્ર પ્રવૃત્તિઓ.

***વયસ્ક મતાધિકાર*** બધા વયસ્ક જે પોતાની નિશ્ચિત ઉંમર વટાવી ચૂક્યા છે. જેને(મતદા કરવાનો અધિકાર.

***સર્વસંમતિ*** બહુમતીથી દ્રષ્ટિબિંદુથી ભિન્ન હોય તેવો વિશાળ દ્રષ્ટિકોણ.

***મધ્યવર્તી*** બેની વચ્ચે કાર્ય કરનાર, મધ્યસ્થી

***ઓળખ*** ચોક્કસ વ્યક્તિ/ જૂથ હોવાની સ્થિતિ વૈદ્રકિતકતા, વ્યકિત્વ.

***ધ્રુવીકરણ*** વિચારસરણીઓની વિશિષ્ટતાને આધારે રાજકીય પરિબળોનાં જોડાણ.

## 13.7 *તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો :*

(2) ખરાં -ખોટાં

(1) ખોટું (2) સાચું (3) સાચું

## 13.8 *સંદર્ભ ગ્રથો :*


- કશ્યપ, સુભાષ, આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, દિલ્હી
- ભટ્ટ જી.કે., : ‘‘ભારતના બંધારણીય ઈતિહાસની વિકાસરેખા’’ સુરત
- શેઠ પ્રવિણ ન. તથા દેસાઈ કે.સી., : ‘‘ભારતીય બંધારણીય વિકાસ’’, અમદાવાદ
- શુકલ (પ્રો) દિનેશ : ‘‘રાજયશાસ્ત્ર’’, ગાંધીનગર, 2005
- ભારત સરકાર : ભારતનું સંવિધાન, ગુજરાત સરકાર, ગુજરાતી (અનુવાદ), 1980

- કાઝી (પ્રા.) સલીમ એન. તથા કોરાટ (પ્રા.) પી.જી. અને શાહ મનુભાઈ, : ‘‘ભારતની શાસન પધ્ધતિ અને રાજકારણનો પરિચય’’, અમદાવાદ, 1971.
- બ્રહ્મભટ્ટ આર.ડી., : ‘‘રાજયતંત્ર’’, અમદાવાદ, 1973
- પરીખ (પ્રા.) હરેશ જે. અને પરીખ (ર્ડા.) નરેશ જે., : ‘‘સ્વાતંત્ર ભારતનું બંધારણ’’, દામિની પ્રકાશન, અમદાવાદ.
- દેસાઈ, વિપુલ, આર; ભારતનું બંધારણ, બુક શેલ્ફ, અમદાવાદ

**એકમ : 14** | **રાજ્ય સરકારમાં ગવર્નર, મુખ્યમંત્રી અને મંત્રીમંડળ**

## રૂપરેખા


**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** ગવર્નર

- **14.2.1** રાજ્યપાલની સત્તાઓ
  - **14.2.1.1** વહીવટી સત્તાઓ
  - **14.2.1.2** ધારાકીય સત્તાઓ
  - **14.2.1.3** નાણાકીય સત્તાઓ
  - **14.2.1.4** ન્યાય અંગેની સત્તાઓ
  - **14.2.1.5** કટોકટીની સત્તાઓ
  - **14.2.1.6** સ્વવિવેકની સત્તાઓ
  - **14.2.1.7** રાજ્યપાલની ભૂમિકા અને સ્થાન

**14.3** મુખ્યમંત્રી અને મંત્રીમંડળ

- **14.3.1** મુખ્યમંત્રી અને મંત્રીમંડળની રચના
- **14.3.2** પ્રધાન થવા માટેની શરત
- **14.3.3** મંત્રીઓના પગાર-ભથ્થાં
- **14.3.4** સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત
- **14.3.5** મંત્રીમંડળના મુખ્યમંત્રીનું સ્થાન

**14.4** સારાંશ

**14.5** ચાવીરૂપ શબ્દો

**14.6** તમારી પ્રગતિ ચકાસો

**14.7** સંદર્ભ ગ્રંથો


## 14.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી આપ જાણી શકશો કે,

- રાજ્ય સરકારમાં ગવર્નરનું સ્થાન અને સત્તા વિશે માહિતગાર થશો.
- ગવર્નરના વિવિધ કાર્યો વિશે માહિતી પ્રાપ્ત થશે.
- ભારતીય શાસન વ્યવસ્થામાં મુખ્યમંત્રીની કામગીરી જાણી શકશો.
- રાજયપાલ મુખ્યમંત્રી અને મંત્રીમંડળ વિશે જ્ઞાન પ્રાપ્ત થશે.

## 14.1 *પ્રસ્તાવના :*

રાજ્યની કારોબારીમાં રાજયપાલ, મુખ્યમંત્રી અને મંત્રીમંડળનો સમાવેશ થાય છે. બંધારણ દ્વારા કેન્દ્રની જેમ રાજયોમાં પણ સંસદીય કારોબારીનો સ્વીકાર કરેલ છે. તેથી સંસદીય પ્રથામાં રાજયપાલ એ જે તે રાજયના બંધારણીય રીતે ઔપચારિક વડા છે. ભારતીય સમવાયતંત્રની જોગવાઈ મુજબ કેન્દ્ર અને રાજયના સંબંધોની કડીમાં રાજયની કારોબારીમાં રાજયપાલનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. બંધારણની કલમ-153 અનુસાર પ્રત્યેક રાજયમાં એક રાજયપાલ રહેશે. ક્યારેક એક વ્યક્તિને બે કે તેથી વધારે રાજ્યો માટે રાજયપાલ તરીકે નીમવામાં આવે છે.

રાજયોમાં વિધાનસભા રાજ્ય માટે કાયદા ઘડે, અને મુખ્યમંત્રીના વડપણ હેઠળનું મંત્રીમંડળ રાજયપાલના નામે કાયદાઓનો અમલ કરે છે. કામગીરીની દષ્ટિએ પ્રથમ સ્થાન વિધાનમંડળનું છે અને ત્યારબાદ વહીવટીતંત્રનું સ્થાન છે, પરંતુ કેન્દ્રીય તંત્રોની જેમ અહીં પણ વહીવટીતંત્રને લગતા અનુચ્છેદ 153 થી 167 સુધીની જોગવાઈઓ બાદ જ વિધાનમંડળ અંગેના અનુચ્છેદ નં. 168 થી 212ની જોગવાઈઓ છે. આપણે પણ એ જ ક્રમમાં એની ચર્ચા કરીશું.

## 14.2 *ગવર્નર (રાજ્યપાલ) :*

### *નિમણૂકઅને લાયકાત :*

રાજયપાલની નિમણૂકઅનુચ્છેદ નં. 155 પ્રમાણે રાષ્ટ્રપતિ કરે છે. રાજયપાલ પોતાના હોદ્દા પર રાષ્ટ્રપતિની ઇચ્છા હોય ત્યાં સુધી રહી શકે છે. પરંતુ તેના હોદ્દાની નિર્ધારિત મુદ્દત પાંચ વર્ષની હોય છે. જો કે તે સમય દરમિયાન તેઓ પોતાની ઇચ્છાથી હોદ્દાનું રાજીનામું આપી શકે છે.

બંધારણ પ્રમાણે રાજયપાલ પદની વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ. તે 35 વર્ષથી વધુ વય ધરાવતી હોવી જોઈએ. તે કેન્દ્ર કે ધારાસભાનો સભ્ય ન હોવો જોઈએ અને જો હોય તો રાજયપાલ પદ ગ્રહણ કરતા પહેલા રાજીનામું આપી દેવું પડે છે.

વેતન, ભથ્થાં તથા અન્ય સગવડતાઓ સંસદ કાયદા દ્વારા નક્કી કરે છે, અને જ્યાં સુધી તેઓ હોદ્દા પર ચાલુ હોય ત્યાં સુધી એક વખત નક્કી કરાયેલાં વેતન, ભથ્થાં વગેરેની રકમમાં ફેરફાર કરી શકાતો નથી.

### 14.2.1 *રાજ્યપાલની સત્તાઓ*

કેન્દ્ર સરકારની જેમ રાજ્યોની સરકારમાં પણ સંસદીય પદ્ધતિ સ્વીકારવામાં આવી હોઈને સામાન્ય સંજોગોમાં રાજ્યપાલ માત્ર 'બંધારણીય વડા' તરીકે વર્તે છે. એટલે રાજ્ય સરકારના તમામ કાર્યો તેમના નામથી થતાં હોવા છતાં વાસ્તવમાં મંત્રીમંડળ જ તે કાર્યો કરતું હોય છે.

રાજ્યની કારોબારીના વડા તરીકે રાજ્યપાલ નીચે મુજબની સત્તાઓ ધરાવે છે.

(1) વહીવટી સત્તાઓ (2) ધારાકીય સત્તાઓ (3) નાણાકીય સત્તાઓ (4) ન્યાય અંગેની સત્તાઓ (5) કટોકટીની સત્તાઓ (6) સ્વવિવેક મુજબ વર્તવાની સત્તાઓ

#### 14.2.1.1 *વહીવટી સત્તાઓ*

રાજ્યની વહીવટી સત્તાઓ ગર્વનરને હસ્તક મૂકવામાં આવી છે. રાજ્યનો સમગ્ર વહીવટ તેમના નામે ચાલે છે. જેનો અમલ તેઓ સ્વયં કે પોતાને આધીન અધિકારીઓ દ્વારા કરાવે છે. રાજ્યની સામાન્ય ચૂંટણી પછી વિધાનસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે. મુખ્યમંત્રીની સલાહ મુજબ તેઓ અન્ય પ્રધાનોની પણ નિમણૂક કરે છે. તેમની ખુશી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી સહિતનું પ્રધાનમંડળ સત્તા ઉપર રહી શકે છે. તેઓ રાષ્ટ્રપતિની સાથે સલાહ મસલત કરીને રાજ્યની વડી અદાલતના મુખ્ય અને અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂકકરે છે. મુખ્યમંત્રીનું એ કર્તવ્ય છે કે તેઓ રાજ્યપાલને રાજ્યના વહીવટ અંગે કેબિનેટના નિર્ણયો અંગે અને મુખ્યમંત્રીની કામગીરીથી માહિતગાર રાખે. રાજ્યના વડા અને કેન્દ્રના પ્રતિનિધિ તરીકે તેઓ રાજ્ય સરકાર બંધારણ પ્રમાણે ચાલે છે કે નહિ તેનું નિરીક્ષણ કરે છે. રાજ્ય સરકારની કામગીરી અંગેની માહિતી રાષ્ટ્રપતિને અવારનવાર આપે છે. બંધારણીય કટોકટીના સમયે તેઓ કેન્દ્રના પ્રતિનિધિ તરીકે રાજ્યનું શાસન ચલાવે છે.

#### 14.2.1.2 *ધારાકીય સત્તાઓ*

રાજ્યપાલ રાજ્યની વિધાનસભાની બેઠક બોલાવે છે તેમજ બરખાસ્ત અને મુલતવી રાખવાની સત્તા ધરાવે છે. રાજ્ય ધારાસભાએ પસાર કરેલ કોઈપણ ખરડાને રાજ્યપાલની મંજૂરી મળવી જરૂરી છે. તેમની સહીથી જ તે કાયદો બને છે. નાણાકીય ખરડા સિવાયના કોઈપણ ખરડાને તેઓ પુનઃ વિચારણા માટે ધારાસભામાં પાછો મોકલી શકે છે. દા.ત. જ્યારે શ્રીમતી કમલા બેનીવાલ ગુજરાતના રાજ્યપાલ હતા ત્યારે તેમણે 'ગુજરાત લોકાયુક્ત વિધેયક'ને પરત મોકલાવ્યું હતું. ધારાસભા ફરીથી એ જ ખરડાને પસાર કરે તો ગવર્નરને સંમતિ આપવી પડે છે. જરૂર જણાય તો ખરડાને સંમતિ આપવાને બદલે રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલી શકે છે.

ધારાસભાની બેઠક ચાલુ ન હોય ત્યારે સરકારને જરૂર જણાય તો રાજ્યપાલ વટહુકમ બહાર પાડે છે. જો કે તેનો ધારાસભાની બેઠક મળ્યા બાદ 6 અઠવાડિયામાં રજૂ

કરીને પસાર કરવો પડે છે નહીં તો તે રદ ગણાય છે. આ ઉપરાંત રાજ્યપાલ ચૂંટણી બાદ ધારાસભાના બંને ગૃહોની કે અલગ અલગ ગૃહોની બેઠક બોલાવીને સંબોધન કરી શકે છે. જેમાં સરકારની નીતિઓને વ્યક્ત કરે છે.

રાજ્યની વિધાનપરિષદમાં $1/6$ ભાગના સભ્યો જેઓ કલાવિજ્ઞાન કે સમાજસેવા જેવા ક્ષેત્રોમાં નિષ્ણાંત હોય તેમની નિમણૂક કરી શકે છે.

#### 14.2.1.3 *નાણાંકીય સત્તાઓ*

નાણાંકીય ખરડો રાજ્યપાલની સંમતિ વગર રજૂ કરી શકાતો નથી. રાજ્યપાલની મંજૂરીથી જ વાર્ષિક અંદાજપત્ર ધારાસભામાં રજૂ કરવામાં આવે છે. તેઓ વિધાનસભા પાસે પૂરક અને વિશેષ નાણાકીય માંગ મૂકી શકે છે. રાજ્યની સંચિતનિધિ રાજ્યપાલને હસ્તક હોય છે. સંચિતનિધિમાંથી કરવા પડતા આકસ્મિક ખર્ચને તેઓની મંજૂરીની જરૂર પડે છે. જો કે આ સત્તાઓનો ઉપયોગ પ્રધાનમંડળ જ કરી શકે છે.

#### 14.2.1.4 *ન્યાય અંગેની સત્તાઓ*

રાજ્યપાલને રાજ્યની વડી અદાલતે ગુનેગારને કરેલી સજાનો અમલ અટકાવવાની, સજા માફ કરવાની કે તેમાં ઘટાડવાની સત્તા હોય છે. જો કે મહ્દઅંશે રાજ્યપાલ આ સત્તાનો અમલ કરતી વખતે મુખ્યપ્રધાન અને મંત્રી પરિષદની સલાહ મુજબ જ કામ કરે છે. આ સત્તાના ઉપયોગ માટે તેમની સામે ભારતની કોઈપણ અદાલતમાં કેસ ચલાવી શકાતો નથી.

#### 14.2.1.5 *કટોકટીની સત્તાઓ*

બંધારણીય વડા તરીકે રાજ્યપાલે રાજ્ય સરકાર બંધારણ મુજબ ચાલી રહી છે કે કેમ તેવો અહેવાલ રાષ્ટ્રપતિને આપવાનો હોય છે અને તે પ્રમાણે ન ચાલતી હોય તે રાજ્યમાં અનુચ્છેદ 356 પ્રમાણે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે છે. આવા સમયે રાજ્યપાલ મંત્રીમંડળનું રાજીનામું માંગી શકે છે અને રાજ્યનો કારોબાર વહીવટી સલાહકારોની મદદથી ચલાવે છે. આમ બંધારણીય કટોકટીમાં તેઓ વાસ્તવિક વડા બને છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ વખત રાષ્ટ્રપતિ શાસન લદાયાં છે.

#### 14.2.1.6 *સ્વવિવેકની સત્તાઓ*

સંસદીય પ્રણાલીની સરકારમાં સાચી સત્તાઓ વિધાનસભાને જવાબદાર એવા પ્રધાનમંડળ પાસે જ રહેતી હોય છે. ગવર્નર પાસે સ્વવિવેકથી વાપરવાની કોઈ સત્તા હોતી નથી. પરંતુ ભારતીય સંઘના રાજ્યોના રાજ્યપાલને બંધારણના અનુચ્છેદ 163(1) અનુસાર સ્વવિવેકની સત્તાઓ મળેલ છે, જેમાં કેટલીક બંધારણે સ્પષ્ટ સ્વરૂપે આપેલી છે, જ્યારે કેટલીક સત્તાઓ અન્ય કલમોમાંથી ફલિત થાય છે.

સામાન્ય ચૂંટણીમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળી હોય ત્યારે મુખ્યમંત્રીની નિમણૂંકની બાબતમાં સ્વવિવેકથી નિર્ણય કરે છે.

રાજ્યમાં બંધારણીય તંત્ર ભાંગી પડ્યું છે, તેમ લાગે ત્યારે તે અંગે રાષ્ટ્રપતિને અહેવાલ આપે છે. વિધાનસભા જનતાનો વિશ્વાસ ગુમાવે છે ત્યારે વિધાનસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

બંધારણીય કટોકટીમાં રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે વહીવટના સૂત્રો પોતાના હાથમાં સંભાળી લેતા.

#### 14.2.1.7 *રાજ્યપાલની ભૂમિકા અને સ્થાન*

રાજ્યપાલ એ બંધારણીય વડા છે. સંસદીય પ્રથાને કારણે રાષ્ટ્રપતિનું જેવું સ્થાન છે તેવું જ સ્થાન રાજ્યમાં રાજ્યપાલનું છે. બંધારણ અને રાજ્યશાસ્ત્રના અભ્યાસીઓમાં તેમના સ્થાન અંગે વિવાદ ઊભો થયેલ છે. નહેરુના સમયમાં રાજ્યપાલનું પદ 'ગાડીના પાંચમાં પૈડા' સમાન બની ગયેલ તેથી ભૂતપૂર્વ રાજ્યપાલ પદ્મમ નાયડુએ કહ્યું હતું કે ''રાજ્યપાલ એ સોનાના પિંજરામાં રહેલી ચકલી સમાન છે.' પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાજ્યપાલની ભૂમિકા વિવાદસ્પદ બની રહી છે. ઈ.સ. 1967 પછી રાજ્યપાલે કેન્દ્રની કૉંગ્રેસ સરકારના આદેશો પ્રમાણે જે કાર્યવાહી કરી છે તેથી રાજ્યપાલના પદની ગરિમા ઓછી થઈ. વિરોધપક્ષની સરકારો બરતરફ કરવી. કોઈ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી ન હોય ત્યારે વિપક્ષે એજન્ટ તરીકે કાર્ય કર્યુ છે. વિરોધ પક્ષના રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં રાજ્યપાલો કેન્દ્ર સરકારના હાથા બન્યા છે. બંધારણના અમલ પછી જે રીતે કલમ-356નો દુરઉપયોગ થયો છે તેમાં રાજ્યપાલોની ભૂમિકા શંકાસ્પદ રહી છે. જેમ કે 2006માં બિહારમાં વિરોધ પક્ષને તક આપ્યા વિના રાષ્ટ્રપતિ શાસનની ભલામણ બુટ્ટાસિંઘે કરી વિધાનસભાનું વિસર્જન કરી નાખ્યુ હતું. સર્વોચ્ચ અદાલતે રાજ્યપાલની આ કાર્યવાહીને ગેરબંધારણીય જાહેર કરી હતી.

## 14.3 *મુખ્યમંત્રી અને મંત્રીમંડળ :*

રાજ્યમાં કારોબારીના વડા ગર્વનર હોય છે પણ તેઓ બંધારણીય અર્થમાં વડા છે. સાચા અર્થમાં તો રાજ્યની કારોબારી સત્તાઓ મંત્રીમંડળ ધરાવે છે. બંધારણના આદેશ મુજબ મંત્રીમંડળ રાજ્યપાલને તેમના કાર્યમાં મદદ કરે છે અને સલાહ આપે છે. રાજ્ય મંત્રીમંડળના વડા મુખ્યમંત્રી હોય છે. કેન્દ્રમાં દેશનો કારોબાર વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ મુજબ રાષ્ટ્રપતિ ચલાવે છે. તે રીતે રાજ્યોનો કારોબાર મંખ્યમંત્રી અને મંત્રીમંડળની સલાહ મુજબ રાજ્યપાલ ચલાવે છે.

### 14.3.1 *મુખ્યમંત્રી અને મંત્રીમંડળની રચના*

ભારતના બંધારણની કલમ-163(1) પ્રમાણે રાજ્યપાલને તેનાં કાર્યો બજાવવા મદદ કરવા અને સલાહ આપવા માટે એક પ્રધાનમંડળ રહેશે જેના વડા મુખ્યમંત્રી હશે.

સામાન્ય સંજોગોમાં, રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી મેળવનાર પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂકકરે છે અને મુખ્યમંત્રી અન્ય પ્રધાનોની પસંદગી કરે છે અને તેના ખાતાની ફાળવણી કરે છે.

### 14.3.2 *પ્રધાન થવા માટેની શરત*

પ્રધાનો વચ્ચે ખાતાંઓની વહેંચણી કરવાનું મુખ્યમંત્રીના અભિપ્રાય અનુસાર ચાલે છે. મંત્રી બનવા માટે કોઈપણ વ્યક્તિએ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાવાનું ફરજિયાત છે. જો કે વિધાનસભાના સભ્યપદે ચૂંટાયેલી ન હોય, તેવી વ્યક્તિને પણ રાજ્યપાલ પ્રધાનપદે નીમી શકે છે, પરંતુ મંત્રી બન્યા પછી છ મહિનામાં તેણે વિધાનસભાના સભ્યપદે ચૂંટાવું પડે છે.

બંધારણીય સિદ્ધાંત પ્રમાણે રાજ્યપાલની ઈચ્છા તથા ખુશી હોય ત્યાં સુધી જ પ્રધાનમંડળ સત્તા પર રહી શકે છે. પરંતુ સંસદીય પદ્ધતિમાં એવી પ્રણાલિકા પડેલી છે કે, મંત્રીમંડળ જ્યાં સુધી વિધાનસભાની બહુમતીનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા પર રહી શકે છે. સામાન્ય રીતે વિધાનસભાની મુદત પાંચ વર્ષની હોય છે, એટલે જો તે સમય દરમિયાન પ્રધાનંમડળ વિધાનસભાનો વિશ્વાસ ટકાવી રાખી શકે તો તેની મુદત પણ પાંચ વર્ષથી ગણાય છે.

### 14.3.3 *મંત્રીઓના પગાર-ભથ્થાં*

મંત્રીઓના પગાર તથા ભથ્થાં દર વર્ષે વિધાનસભા નક્કી કરે છે. એકવાર નક્કી થઈ ગયા પછી જ્યાં સુધી વિધાનસભાને પ્રધાનમંડળ પર વિશ્વાસ હોય ત્યાં સુધી પ્રધાનોના પગાર-ભથ્થાંમાં કાપ મૂકાતો નથી અને જો તેમ કરવામાં આવે તો મંત્રીમંડળ તેને અવિશ્વાસની નિશાની ગણી રાજીનામું આપે છે. તેમ છતાં દર વર્ષે દરેક ખાતાના મંત્રીના પગારમાં કાપની દરખાસ્ત લાવીને વિરોધ પક્ષના સભ્યો તેના ખાતાની કામગીરીની કડક આલોચના કરી શકે છે. એ રીતે જોઈએ તો પ્રધાનોનાં પગાર-ભથ્થાં વગેરેનો નિર્ણય કરવાનું કામ વિધાનસભા પાસે હોવાથી કારોબારી પરત્વે સારો અંકુશ ધરાવી શકે છે અને તે લોકશાહીને અનુરૂપ જ છે તેમ કહી શકાય.

### 14.3.4 *સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત*

સંસદીય પદ્ધતિની સરકારના સિદ્ધાંત મુજબ રાજ્યનું પ્રધાનમંડળ પણ ‘સંયુક્ત જવાબદારી’ના પાયા પર કાર્ય કરે છે. રાજ્યના પ્રધાનો એકીસાથે સત્તા પર આવે છે, અને એકીસાથે જ સત્તાનો ત્યાગ કરે છે. દરેક મંત્રી પોતપોતાના ખાતાની કામગીરી માટે વિધાનસભાને વ્યક્તિગત રીતે જવાબદાર હોવા સાથે મંત્રીમંડળની નીતિ પરત્વેની બાબતોમાં સંયુક્ત રીતે જવાબદાર હોય છે. જો કોઈ પણ પ્રધાન આ નીતિ સાથે સંમત ન થાય, તો તે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી છૂટો થઈ શકે છે. આમ ‘સંયુક્ત

જવાબદારી'ના સિદ્ધાંતના પાલનને કારણે જ પ્રધાનમંડળની સ્થિરતા તથા નીતિની એકવાક્યતા જળવાઈ રહે છે.

### 14.3.5 *મંત્રીમંડળના મુખ્યમંત્રીનું સ્થાન*

રાજ્યના પ્રધાનમંડળમાં મુખ્યમંત્રીનું સ્થાન કેન્દ્ર સરકારમાં જેમ વડાપ્રધાનનું હોય તેવું જ છે. એટલે કે તે વિધાનસભામાંના પોતાના પક્ષનો વડો છે, તે સાથે મંત્રી મંડળનો પણ વડો છે. મંત્રીમંડળની બધી બેઠકોનું તે પ્રમુખ સ્થાન લે છે તથા વ્યક્તિગત પ્રધાનોને તેમના કાર્યમાં સલાહ સૂચના તથા માર્ગદર્શન પણ તે આપે છે. મંત્રીમંડળની બેઠકોમાં જે નિર્ણયો લેવામાં આવે છે તેની માહિતી રાજ્યપાલને મુખ્યમંત્રી મારફત જ મળે છે. પ્રધાનમંડળની સંમતિ વગર કોઈ મંત્રીએ સ્વતંત્ર રીતે કોઈ નિર્ણય લીધો હોય ત્યારે તે નિર્ણયને પ્રધાનમંડળની બેઠકમાં મૂકવાનો આગ્રહ મુખ્યમંત્રી રાખી શકે છે, અને રાજ્યપાલને પણ તેવા આગ્રહને ટેકો આપવો પડે છે.

સામાન્ય સંજોગોમાં રાજ્યપાલ તો કારોબારીના માત્ર નામના વડા તરીકે જ રહે છે. તેઓ મંત્રીમંડળને સલાહ આપી શકે છે, તેના કોઈ પણ કાર્યનાં પરિણામો વિશે તેને ચેતવણી પણ આપી શકે છે પરંતુ છેવટે તો તેમણે પ્રધાનમંડળના નિર્ણય પ્રમાણે જ વર્તવાનું હોય છે. આમ છતાં અસામાન્ય સંજોગોમાં જ્યારે તેઓ સ્વવિવેકની સત્તા મુજબ નિર્ણય કરવાના હોય છે, ત્યારે તેઓ રાજ્યના પ્રધાનમંડળની ઉપેક્ષા કરી શકે છે.

## 14.4 *સારાંશ :*

આમ રાજ્ય સરકારમાં ગવર્નર, મુખ્યમંત્રી અને મંત્રીમંડળ એ કેન્દ્રમાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને મંત્રીમંડળની જેમ જ કામગીરી કરે છે.

ગવર્નરની સત્તા અને સ્થાન અંગે રચાયેલા પંચો અને સમિતિઓની ભલામણોનો યોગ્ય અમલ થાય તો ગવર્નરનું સ્થાન ગૌરવભર્યુ બની શકે તેમ છે. નહીંતર હાલના સ્વરૂપના હોદ્દાએ ભારતીય સમવાયતંત્રના ભાવિ માટે ખૂબ મોટા ભયરૂપ બનેલો છે. સીધી ચૂંટણી પરોક્ષ ચૂંટણી કે પછી સંબંધિત પક્ષોની સંમતિ કે બંધનકારક વિચાર વિમર્શ દ્વારા જ્યાં સુધી એને લોકતાંત્રિક વૈધતા આપવામાં નહીં આવે ત્યાં સુધી એના સ્થાન તથા સત્તાનો દુરઉપયોગ ચાલુ જ રહેવાનો છે.

## 14.5 *ચાવીરૂપ શબ્દો :*

| | |
|---|---|
| ***ગવર્નર*** | રાજ્યના બંધારણીય વડાને ગવર્નર (રાજ્યપાલ) કહેવામાં આવે છે. |
| ***અનુચ્છેદ*** | બંધારણની વિવિધ જોગવાઈઓ અનુચ્છેદમાં વિભાજિત |
| ***મુખ્યમંત્રી*** | વિધાનસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને મુખ્યમંત્રી આવે છે. |

| | |
|---|---|
| *કેબિનેટ* | મંત્રીમંડળમાં પ્રથમ ક્રમે કેબિનેટ કક્ષાના મંત્રીનો |
| *વટહુકમ* | ખાસ સંજોગોમાં કે જ્યારે સત્રો ચાલું ન હોય અને કોઈ ખરડો પસાર કરવાનો હોય ત્યારે રાજ્યપાલ વટહુકમથી કરી શકે છે. |

## 14.6 *તમારી પ્રગતિ ચકાસો*-1 :

1. ગવર્નરની વિવિધ સત્તાઓ અને કામગીરી ટૂંકમાં જણાવો લગભગ 10 થી 15 લીટીમાં.

**2. *નીચેના વિધાનોમાં કયાં સાચાં* (√) *અને કયાં ખોટાં* (X) *છે તે દર્શાવો.***

I બંધારણના અનુચ્છેદ નં. 155 પ્રમાણે રાષ્ટ્રપતિ ગવર્નરની નિયુક્તિ કરે છે.

II ભારતનો નાગરિક ન હોય તેવો વ્યક્તિ ગવર્નર બની શકે છે.

III રાજ્યપાલ ચૂંટાયેલો હોય છે.

IV વટહુકમ દ્વારા રાજ્યપાલ કાયદો ઘડી શકે છે.

### *તમારી પ્રગતિ ચકાસો*-2

1. મુખ્યમંત્રીની કામગીરીનું ટૂંકમાં મૂલ્યાંકન કરો લગભગ 10 થી 15 લીટીમાં.

2. મંત્રીમંડળ બાબતે 10 લીટીમાં ચર્ચા કરો.

________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
______________________________________________________________

**3. *ખાલી જગ્યા પૂરો.***

1. મુખ્યમંત્રીની સલાહથી રાજ્યપાલ ______________ ને નીમે છે.

2. ___________ અનુચ્છેદ પ્રમાણે રાજ્યોમાં રાજ્યપાલને સહાય અને સલાહ માટે એક પ્રધાનમંડળ રહેશે.

3. મંત્રીઓ રાજ્યપાલની ______________ હોય ત્યાં સુધી જ હોદ્દો ભોગવે છે.

4. વિધાનસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે તો ______________ ને રાજીનામું આપવું પડે છે.

- ***તમારી પ્રગતિ ચકાસો - 1ના જવાબો***

(1) જુઓ 14.2.2

(2) સાચાં અને ખોટાંના જવાબો

(1) સાચું

(2) ખોટું

(3) ખોટું

(4) સાચું

- ***તમારી પ્રગતિ ચકાસો - 2ના જવાબો***

(1) (1) જુઓ 14.3.2

(2) જુઓ 14.3.3

(2) ખાલી જગ્યા પૂરોના જવાબો

(1) મંત્રીઓ

(2) 163

(3) ખુશી મરજી

(4) મુખ્યમંત્રી

## 14.7 *સંદર્ભ ગ્રંથો :*


(1) કશ્યપ સુભાષ સી. : આપણું બંધારણ, (અનુવાદક શુક્લ બિપીનચંદ્ર એમ.) નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા પુનર્મુદ્રણ વર્ષ : 2015, નવી દિલ્હી.

(2) નાયક દોલતભાઈ બી. : ભારતનો બંધારણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, 2016, અમદાવાદ.

(3) પરીખ નરેશ જે. પરીખ હરેશ જે : સ્વાતંત્ર્ય ભારતનું બંધારણ, દ્વિતીય આવૃત્તિ, 2015, કડી.

(4) ઉપાધ્યાય માધવી : ભારતનું સંવિધાન : એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.

(5) બારોટ કે. સી., ભારતનું બંધારણ સંક્ષિપ્તમાં, અક્ષર પબ્લિકેશન, વર્ષ : 2011, અમદાવાદ.

(6) શેઠ પ્રવીણ ન, કે.સી. દેસાઈ, ભારતનો બંધારણીય વિકાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, 1978.

(7) ધારૈયા આર. કે., ભારતનો બંધારણીય ઇતિહાસ, સી. જમનાદાસ કંપની, 1977, અમદાવાદ.

# એકમ : 15 રાજ્યની વિધાનસભા અને વડી અદાલત

:: રૂપરેખા ::


15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 રાજ્યની ધારાસભા

15.2.1 વિધાનપરિષદ

15.2.1.1 રચના

15.2.1.2 વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી તથા લાયકાત

15.2.1.3 વિધાનપરિષદની સત્તાઓ

- ધારાકીય સત્તાઓ
- નાણાકીય સત્તાઓ
- કારોબારી સત્તાઓ

15.2.2 વિધાનસભા

15.2.2.1 રચના

15.2.2.2 સભ્યપદ માટેની લાયકાત

15.2.2.3 ગૃહની બેઠક તથા કોરમ

15.2.2.4 અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

15.2.2.5 વિધાનસભાની સત્તાઓ

- ધારાકીય સત્તાઓ
- નાણાકીય સત્તાઓ
- કારોબારી પર અંકુશને લગતી સત્તાઓ

15.3 વડી અદાલત

15.3.1 રચના

15.3.2 ન્યાયાધીશોની નિમણૂક, લાયકાત તથા હોદ્દાની મુદત :

ન્યાયાધીશનું વેતન

15.3.3 વડી અદાલતની સત્તાઓ અને અધિકાર ક્ષેત્ર

**15.3.3.1 *મૂળ અધિકારનું ક્ષેત્ર***

**15.3.3.2 *વિવાદ અધિકાર***

**15.3.3.3 *વહીવટી સંબંધી અધિકારક્ષેત્ર***

**15.3.3.4 *નઝીરી અદાલત***

**15.3.3.5 *રાજ્યોની નીચલી અદાલતો***

**15.3.3.6 *તાબાની કોર્ટો***

**15.4 *સારાંશ***

**15.5 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

**15.6 *સંદર્ભ ગ્રંથો***

## 15.0 *ઉદ્દેશો :*

આ એકમના અભ્યાસમાં તમે રાજ્યની વિધાનસભા અને વડી અદાલત વિશે અભ્યાસ કરી તેમાંથી આ મુજબનું જ્ઞાન પ્રાપ્ત કરશો.

- રાજ્યના ધારાસભા વિશે માહિતગાર થશો.
- રાજ્યના વિધાનસભા તથા વિધાનપરિષદ જેવા ગૃહોનો પરિચય મેળવી શકશો.
- આ બંને ગૃહોની કામગીરીની સમજણ કેળવાશે.
- ભારતની રાજ્યોમાં ચાલતી ન્યાય પ્રક્રિયા વિશે માહિતગાર થશો.
- વડી અદાલતની રચના અને ન્યાયાધીશ વિશે માહિતગાર થશો.
- વડી અદાલતની સત્તાઓ અને અધિકારક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત કરશો.

## 15.1 *પ્રસ્તાવના :*

ભારતના બંધારણની કલમ નં.168 પ્રમાણે ધારાસભા રાજ્યપાલ તથા રાજ્યની એક કે બે ધારાગૃહોની બનેલી છે. પણ આપણા દેશમાં કેટલાક રાજ્યોમાં બે ગૃહો એટલે કે વિધાનસભા અને વિધાન પરિષદ હોય છે. અને કેટલાકમાં માત્ર એક વિધાનસભા ગૃહ ધરાવે છે. અત્યારે માત્ર ૬ રાજ્યોમાં વિધાન પરિષદની વ્યવસ્થા છે જેવા ક. જમ્મું કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગણા. આવી પરિષદ હોય ત્યાં તે નાબૂદ કરવી અથવા જ્યાં તે વિદ્યમાન નથી ત્યાં તેની સ્થાપના કરવી કે નહીં તે નક્કી કરવાનું કામ દરેક રાજ્યની વિધાનસભા ઉપર છોડી દેવામાં આવ્યું છે.

ભારતીય ન્યાયતંત્ર એ એક અખંડ અને સળંગ ન્યાયતંત્ર છે. તે પિરામિડ આકારનું છે. આ ન્યાયતંત્ર માળખામાં સર્વોચ્ચ અદાલત એ ટોચની અદાલત છે.

ત્યારપછી વડી અદાલત અને તાબાની કોર્ટો આવે છે. ભારતમાં બંધારણના અનુચ્છેદ 214 પ્રમાણે દરેક રાજયને માટે એક વડી અદાલતની રચના કરવાની રહેશે પરંતુ હાલમાં ભારતમાં 25 વડી અદાલતો છે કારણ કે નાના રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સંયુક્ત રીતે બીજા રાજ્યોની વડી અદાલતો જોડે જોડવામાં આવેલ છે.

## 15.2 *રાજ્યની વિધાનસભા :*

ભારતના બંધારણના અનુચ્છેદ નં. 168 પ્રમાણે દરેક રાજયની વિધાનસભા એક અથવા બે ગૃહોની બનેલી હશે. 6 રાજ્યો સિવાયના રાજ્યો એક માત્ર વિધાનસભા ગૃહ ધરાવે છે. ગુજરાત એક ગૃહવાળી ધારાસભા ધરાવે છે. રાજ્યની ધારાસભાના નીચલા ગૃહને વિધાનસભા અને ઉપલા ગૃહને વિધાન પરિષદ તરીકે ઓળખવામાં આવે છે.

### 15.2.1 *વિધાન પરિષદ*

#### 15.2.1.1 *રચના*

વિધાન પરિષદ એ કાયમી સંસ્થા છે. દર બે વર્ષે તેના $^1/_3$ સભ્યો છૂટા થાય છે. તેથી ખાલી પડતી $^1/_3$ બેઠકો માટે જ દર બે વર્ષે ચૂંટણી કરવામાં આવે છે. બંધારણમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે વિધાનપરિષદમાં ઓછામાં ઓછા 40 સભ્યો તથા વધારેમાં વધારે રાજ્યની વિધાનસભાના સભ્યોના $^1/_3$ સભ્યો રહેશે.

બંધારણના અનુચ્છેદ 169 પ્રમાણે વિધાન પરિષદની રચના કે નાબૂદ કરવા માટે વિધાનસભા ઠરાવ દ્વારા સંસદને ભલામણ કરી શકે છે. તેને આધારે સંસદ સાદી બહુમતીથી બંધારણમાં તે મુજબનો સુધારો કરી શકે છે. જે બંધારણીય સુધારો ગણાતો નથી.

#### 15.2.1.2 *વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી તથા લાયકાત*

વિધાનપરિષદના સભ્યોને જુદા-જુદા મતદાર વિસ્તારમાંથી ચૂંટવામાં આવે છે.

- $^1/_3$ સભ્યોને રાજયની વિધાનસભાના ધારાસભ્યો દ્વારા ચૂંટે છે.
- $^1/_{12}$ સભ્યોને સેકન્ડરી તથા હાયર સેકન્ડરી શિક્ષણ સંસ્થાના શિક્ષકો દ્વારા ચૂંટાશે.
- $^1/_{12}$ સભ્યોને તે રાજયમાં રહેતા ભારતની કોઈપણ યુનિવર્સિટીના સ્નાતકો ચૂંટે છે.
- રાજયની નગરપાલિકાઓ, જિલ્લા લોકલ બૉર્ડ તથા સંસદ નક્કી કરે તેવી સ્થાનિક સ્વશાસનની અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ $^1/_3$ સભ્યોને ચૂંટે છે.
- બાકીના $^1/_6$ સભ્યોની નિમણૂક રાજયપાલ કરે છે. સાહિત્ય, કલા, વિજ્ઞાન સમાજ સેવાના ક્ષેત્રમાં નામાંકિત તથા સેવાભાવી વ્યક્તિઓમાંથી પસંદગી કરવામાં આવે છે.

વિધાન પરિષદમાં સભ્ય થવા માટે ઉમેદવારે ઓછામાં ઓછી 30 વર્ષની ઉંમર પૂરી કરી હોવી જોઈએ તથા તે ભારતના નાગરિક હોવો જોઈએ. આ ઉપરાંત વિધાનસભાની ચૂંટણીઓ માટેની મતદાર-યાદીમાં તેનું નામ હોવું જોઈએ. સભ્ય માટેની ગેરલાયકાતો વિધાનસભાના સભ્યની ગેરલાયકાતો જેવી જ નક્કી કરવામાં આવી છે.

### 15.2.1.3 *વિધાન પરિષદની સત્તાઓ*

#### *ધારાકીય સત્તાઓ*

નાણાકીય ખરડા સિવાયનો કોઈપણ ખરડો વિધાનસભા કે વિધાનપરિષદમાં પહેલવહેલો રજૂ કરી શકાય છે. વિધાનસભાએ પસાર કરેલો ખરડો જો વિધાનપરિષદ પસાર ન કરે અથવા જો સુધારાવધારા સાથે પસાર કરે તો વિધાનસભાએ ખરડાને તે જ સ્વરૂપમાં અથવા સુધારા વધારા સાથે વિધાનપરિષદમાં પુનઃવિચારણા માટે મોકલે છે. જો વિધાનપરિષદ તે ખરડાને બીજી વખત પસાર ન કરે અથવા તેને એક માસ સુધી હાથ ન ધરે તો તે મુદતને અંતે ખરડો વિધાન પરિષદની સત્તા ઘણી ઓછી છે.

#### *નાણાકીય સત્તાઓ*

વિધાન પરિષદની નાણાકીય સત્તાઓ અતિમર્યાદિત છે. નાણાકીય સૌ પ્રથમ વિધાન પરિષદમાં ક્યારેય દાખલ કરી શકાય નહિ. નાણાકીય ખરડા પર માત્રને માત્ર ચર્ચા જ કરી શકે છે. વિધાન પરિષદ તેનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકતી નથી. નાણાકીય ખરડો વિધાન પરિષદમાં રજૂ થયા બાદ તેણે 14 દિવસની મુદતમાં વિધાનસભામાં મોકલવો જ પડે છે. વિધાનસભા આ ભલામણો સ્વીકારવા બંધાયેલી નથી.

#### *કારોબારી સત્તાઓ*

વિધાન પરિષદ પ્રધાનોને જાહેર મહત્ત્વના પ્રશ્નો તથા વધારાના પ્રશ્નો પૂછી શકે છે. તે પ્રધાનમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત પણ પસાર કરી શકે છે, પણ તેથી કાંઈ પ્રધાનમંડળે રાજીનામું આપવું પડતું નથી. તે સભા મોકૂફી દરખાસ્ત રજૂ કરીને અગત્યના મુદ્દાઓ પ્રત્યે સરકારનું ધ્યાન ખેંચી શકે છે. જો કે વિધાન પરિષદની ઉપર્યુક્ત સત્તાઓ માત્ર નામ પૂરતી જ છે.

### 15.2.2 *વિધાનસભા*

### 15.2.2.1 *રચના*

રાજ્યોની વિધાનસભા પુખ્તવય મતાધિકારને ધોરણે સીધી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી છે. વિધાનસભાની સભ્યસંખ્યા રાજ્યની વસ્તીના પ્રમાણમાં ઓછામાં ઓછી 60 અને વધુમાં 500 સભ્યો હોય છે. રાજ્યની છેલ્લી વસ્તી ગણતરીને આધારે મતદાર મંડળોની પુનર્રચના કરવાની હોય છે. બંધારણના 84માં સુધારાથી

2001ની વસ્તી ગણતરી પ્રમાણે અત્યારના મતદાર મંડળો છે, જે ઈ.સ. 2026 સુધી તેમજ રહેશે. હાલમાં ગુજરાત વિધાનસભાની સભ્ય સંખ્યા 182 છે.

દરેક રાજ્યમાં પછાત વર્ગોની અનુજાતિ (S.C.) અને અનુસૂચિત જનજાતિ (S.T.)ના વર્ગોની વસ્તીના પ્રમાણમાં અનુચ્છેદ 332 પ્રમાણે તેઓની અનામત બેઠકોની સંખ્યા નક્કી થાય છે. એંગ્લો ઇન્ડિયન્સ લોકોને પૂરતું પ્રતિનિધિત્વ આપવા જરૂરી સંખ્યામાં તેમની નિયુક્તિની રાજ્યપાલને સત્તા મળેલી છે.

ધારાસભા પાંચ વર્ષ માટે ચૂંટાય છે. આમ છતાં ઉપરોક્ત પ્રકરણમાં એકમ 14માં જોયું તેમ રાજ્યપાલ ખાસ સંજોગોમાં અર્ધમુદતી વિસર્જન કરી શકે છે. અનુચ્છેદ 352 પ્રમાણેની કટોકટી દરમ્યાન એક એક વર્ષ માટે એની મુદતમાં વધારો કરી શકાય છે.

### 15.2.2.2 *સભ્યપદ માટેની લાયકાત*

બંધારણની કલમ 173 પ્રમાણે વિધાનસભાનો ઉમેદવાર ભારતીય નાગરિક હોવો જોઈએ. તેણે 25 વર્ષની વય પૂરી કરી હોવી જોઈએ. તે સરકારી કર્મચારી ન હોવો જોઈએ. માનસિક રીતે અસ્થિર કે નાદાર જાહેર થયેલ ન હોવો જોઈએ. સંસદના કાયદા પ્રમાણે લાયકાતો ધરાવતો હોવો જોઈએ.

સ્પીકર કે ગૃહના અધ્યક્ષ સમક્ષ જાહેરનામું આપી ધારાસભ્યો પદમુક્ત થઈ શકે છે. ગૃહમાં નક્કી થયેલા વેતન ભથ્થાં તથા લાભો મેળવવા સભ્યો હક્કદાર બને છે.

### 15.2.2.3 *ગૃહની બેઠક તથા કોરમ*

રાજ્યપાલની સત્તા પ્રમાણે તે ગૃહ કે ગૃહોની બેઠક બોલાવવાની કે સત્રોની સમાપ્તિ કરવાની સત્તા ધરાવે છે. ચૂંટણી બાદ બોલાવાતી પ્રથમ બેઠકને તથા વર્ષની શરૂઆતની પ્રથમ બેઠકને રાજ્યપાલ સંબોધન કરે છે. અંતે પોતાની સરકારની વીતેલા વર્ષની સિદ્ધિઓ અને નવા વર્ષનાં કાર્યોની રૂપરેખા રજૂ કરે છે. ગૃહની બે બેઠકો વચ્ચે છ માસથી વધુ સમય વીતવો ન જોઈએ.

વિધાનસભામાં કાર્યવાહી ચાલી શકે તેટલી સંખ્યા (કોરમ) બાબતમાં એમ નક્કી કરવામાં આવ્યું છે કે, તે માટે ઓછામાં ઓછા દસ સભ્યો અથવા તો કુલ સભ્યોનો દસમો ભાગ એમ જે વધારે હોય તેટલા સભ્યો હાજર હોવા જોઈએ. જો કોરમ ન થતું હોય તો વિધાનસભાની બેઠક મુલતવી રહે છે એમ ઠરાવવામાં આવ્યું છે.

એક વર્ષમાં વિધાનસભાનાં ઓછામાં ઓછાં બે સત્રો હોવા જ જોઈએ અને પહેલા સત્રના અંતથી બીજા સત્રની શરૂઆત વચ્ચે છ મહિના કરતાં વધારે સમય વીતવો ન જોઈએ.

### 15.2.2.4 *અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ*

વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની વરણી અનુચ્છેદ 178 તથા 179 પ્રમાણે ગૃહ પોતે જ કરે છે. અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ અને તેની ગેરહાજરીમાં સરકાર નિયુક્તિ કરે તે સભ્યે ગૃહનું સંચાલન કરવાનું છે. રાજ્યપાલ અહીં હોદ્દાની રૂએ વિધાન પરિષદના અધ્યક્ષ બનવાની જોગવાઈ નથી. એટલે ગૃહે જ અધ્યક્ષ, ઉપાધ્યક્ષની વરણી કરવાની રહે છે. આ હોદ્દેદારોની કામગીરી સંસદગૃહોના હોદ્દેદારોની કામગીરી જેવી જ છે.

### 15.2.2.5 *વિધાનસભાની સત્તાઓ*

***ધારાકીય સત્તાઓ***

વિધાનસભાની ધારાકીય સત્તાઓ ઘણી વિશાળ અને નિર્ણયાત્મક છે. રાજ્યની યાદીમાં જણાવેલા બધા વિષયો પરત્વે કાયદા ઘડવાનો તે અધિકાર ધરાવે છે. તેણે પસાર કરેલા ખરડામાં વિધાનપરિષદ સુધારો કરે કે નામંજૂર કરે છતાં પણ અંતે તો વિધાનસભાનું ધાર્યું જ થાય છે. રાજ્યનું અંદાજપત્ર તથા નાણાકીય ખરડા સૌ પ્રથમ વિધાનસભામાં જ રજૂ કરી શકાય છે. વિધાન પરિષદ તેની ઉપર ચર્ચા જ કરી શકે છે પણ તેને નામંજૂર કરી શકતી નથી.

કટોકટીના સંજોગોમાં વિધાનસભાની સત્તાઓ ઉપર રાષ્ટ્રપ્રમુખ નિયંત્રણ મૂકી શકે છે. પરંતુ આવો પ્રસંગ અસાધારણ સંજોગોમાં જ બને છે. સામાન્ય સંજોગોમાં તો રાજ્યની ધારાકીય સત્તા વિધાનસભા જ ભોગવે છે.

***નાણાકીય સત્તાઓ***

જે રાજ્યમાં બે ગૃહો છે ત્યાં નાણાકીય ખરડો પહેલાં વિધાનસભામાં રજૂ કરવો પડે છે. કોઈપણ ખરડો નાણાકીય છે કે નહીં તે નક્કી કરવાનું કામ વિધાનસભાના અધ્યક્ષ કરે છે. વળી વિધાનસભાએ પસાર કરેલો નાણાકીય ખરડો વિધાનપરિષદ 14 દિવસમાં પસાર કરીને પાછો ન મોકલે તો તેણે તે પસાર કરેલો છે તેમ માની લેવામાં આવે છે. અલબત્ત વિધાનપરિષદ જો ઇચ્છે તો તેમાં સુધારા સૂચવી શકે છે પરંતુ તે માન્ય કરવા કે કેમ તે વિધાનસભાની ઇચ્છા પર આધાર રાખે છે.

જ્યારે વિધાનસભામાં વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે, ત્યારે તેની નાણાં-સંબંધી સત્તાઓનો સાચો પરિચય મળે છે ત્યારે દરેક ખાતાની માગણી પર સભ્યો ચર્ચા કરે છે અને જે તે ખાતાની કામગીરીનો અહેવાલ તેમના અવલોકન અને ટીકાને પાત્ર બને છે. વિધાનસભા જો ઇચ્છે તો ખાતાની માગણીમાં કાપ મૂકી શકે છે. જો કે સામાન્ય રીતે આમ બનતું નથી, કારણ અગાઉથી દરેક ખાતાની માગણીઓ પ્રધાનમંડળની બેઠકમાં મંજૂર કરવામાં આવી હોય છે. તેથી કોઈપણ એક ખાતાની માગણીમાં વિધાનસભા મોટો કાપ મૂકે તો પ્રધાનમંડળ તેને અવિશ્વાસની દરખાસ્ત ગણીને

રાજીનામું આપે છે. તેમ છતાં અંદાજપત્ર પરની ચર્ચા વખતે સરકારની ટીકા કરીને તેના વહીવટની ગેરરીતિઓ ખુલ્લી પાડવાની સભ્યોને તક મળે છે. જેથી સરકારના નાણાકીય વહીવટ પર વિધાનસભાનો ઠીક અંકુશ રહે છે.

અંદાજપત્રમાં રાજયપાલ વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ વડી અદાલતના ન્યાયાધીશો તથા જાહેર-સેવા પંચના સભ્યોના પગાર, ભથ્થાં વગેરેને વિધાનસભાના મતથી મુક્ત ગણવામાં આવે છે તથા તેના પર વિધાનસભાના સભ્યો ચર્ચા કરી શકતા નથી.

***કારોબારી પર અંકુશને લગતી સત્તાઓ***

સરકારના નાણાકીય વહીવટની ચર્ચા, ટીકા કરીને વિધાનસભા તેના પર અંકુશ ધરાવે જ છે પરંતુ તે ઉપરાંત સામાન્ય નીતિ તથા વહીવટની બાબતોમાં પણ વિધાનસભા સરકાર પર અંકુશ ધરાવે છે, તેમ કહીં શકાય, કારણ સરકાર પર અવિશ્વાસ કે ઠપકાની દરખાસ્ત પસાર કરીને તે તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે, તે જ રીતે સરકારના કોઈ મહત્ત્વના ખરડાને ફગાવી દઈને પણ તે તેનામાં અવિશ્વાસ જાહેર કરી શકે છે, તથા તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે. તે ઉપરાંત કોઈ પણ સભ્ય પ્રધાનોને પ્રશ્નો, પેટાપ્રશ્નો, પૂરક પ્રશ્નો પૂછીને કે સભામોકૂફીની દરખાસ્ત લાવીને સભાગૃહનું ધ્યાન કોઈ અગત્યના પ્રશ્ન પર કેન્દ્રિત કરીને પણ સરકારનાં કાર્યો ખુલ્લાં કરી શકે છે, તથા જો તેમાં કોઈ અયોગ્ય તત્ત્વો માલૂમ પડે તો તેને સુધારવાનું સરકાર પાસેથી વચન મેળવી શકે છે. જ્યાં ધારાસભા દ્વિગૃહી હોય ત્યાં આ બાબતમાં વિધાનપરિષદને પણ વિધાનસભા જેટલી જ સત્તા છે, છતાં તે અવિશ્વાસનો ઠરાવ કે ઠપકાની દરખાસ્ત પસાર કરીને સરકારને રાજીનામું આપવાની ફરજ પાડી શકતી નથી. કારણ કે સરકાર વિધાનસભાને જવાબદાર ગણાય છે, ઉપલા ગૃહને નહીં.

**1. *તમારી પ્રગતિ ચકાસો.***

1. વિધાન પરિષદનો પરિચય આપી તેના કાર્યો વર્ણવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. વિધાનસભા એટલે શું ? તેના સભ્યોની લાયકાત જણાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. વિધાનસભાની સત્તાઓ વર્ણવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 15.3 *વડી અદાલત (હાઈકોર્ટ) :*

ભારતના બંધારણના ભાગ-5માં કલમ નં. 214 થી 232 સુધીની જોગવાઈઓ વડી અદાલત માટેની છે. હાઈકોર્ટની શરૂઆત બ્રિટિશ ભારતમાં થઈ હતી. સૌ પ્રથમ ઈ.સ. 1862માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં તેની સ્થાપના કરવામાં આવી હતી. વર્તમાનમાં ભારતમાં 25 વડી અદાલતો કાર્યરત છે.

### 15.3.1 *રચના*

બંધારણમાં દરેક રાજ્ય માટે એક હાઈકોર્ટની જોગવાઈ ધરાવે છે. પરંતુ સંસદ બે કે વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે, એક સર્વમાન્ય હાઈકોર્ટ સ્થાપી શકે છે અને એટલે જ ભારતમાં દરેક રાજ્યને અને કેન્દ્રશાસિત પ્રદેશને હાઈકોર્ટ નથી પણ 25 હાઈકોર્ટ છે. કલકત્તા, મુંબઈ અને મદ્રાસ, અલ્હાબાદ, કર્ણાટક, પટના, જમ્મુ-કાશ્મીર, ઓરિસ્સા, ગુવાહાટી, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, કેરલ, ગુજરાત, દિલ્હી, પંજાબ-હરિયાણા, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, ઝારખંડ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા અને તેલંગણા હાઈકોર્ટ છે. સુપ્રીમ કોર્ટની જેમ હાઈકોર્ટ પણ રેકર્ડ કોર્ટ છે અને હાઈકોર્ટની તિરસ્કાર કરનારને શિક્ષા કરવાની અને અપીલ હકૂમત ધરાવે છે.

### 15.3.2 *ન્યાયાધીશ, લાયકાત તથા હોદ્દાની મુદત*

વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને જરૂરિયાત પ્રમાણે અન્ય ન્યાયમૂર્તિઓને નીમે છે. કોઈ વડી અદાલતોમાં કેસોનો ભરાવો થયો હોય તો તે વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિમર્શ કરીને રાષ્ટ્રપતિ 2 વર્ષ માટે વધારેના ન્યાયમૂર્તિ નીમે છે.

વડી અદાલતમાં ન્યાયમૂર્તિ તરીકે નીમાવા માટે વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ. તેમણે 10 વર્ષ સુધી ન્યાયતંત્રીય હોદ્દા પર કામ કરેલું હોવું જોઈએ અથવા વડી અદાલતમાં 10 વર્ષનો વકીલાતનો અનુભવ હોવો જોઈએ. નિમણૂકના સમયે વડી અદાલતના દરેક ન્યાયમૂર્તિએ હોદ્દાના શપથ લેવા પડે છે.

વડી અદાલતના દરેક ન્યાયમૂર્તિની તેઓ 62 વર્ષની ઉંમરે પહોંચે એટલે સમયાવધિ પૂર્ણ થાય છે. તેઓ રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપી શકે છે. સુપ્રીમ

કોર્ટના ન્યાયમૂર્તિની બરતરફી માટેની રીત સિવાય તેમને હોદ્દામાંથી બરતરફ કરી શકાતા નથી. વડી અદાલતના ન્યાયમૂર્તિના હોદ્દાનું સ્વાતંત્ર્ય જાળવવા સુપ્રીમ કોર્ટ કે વડી અદાલત સિવાયની ભારતની કોઈ અન્ય કોર્ટમાં વકીલાત કરી શકશે નહિ.

### 15.3.3 *વડી અદાલતની સત્તાઓ અને અધિકાર ક્ષેત્ર*

વડી અદાલતના અધિકાર ક્ષેત્રને ચાર ભાગમાં વહેંચી શકાય.

#### 15.3.3.1 *મૂળ અધિકારનું ક્ષેત્ર*

આ અદાલતમાં રૂ.20,000 સુધીની રકમના મુકદ્દમાઓ સીધા જ કેસ લડાય ત્યારે મૂળથી જ આવી શકે છે. લગ્ન, છૂટાછેડા, અદાલતના અપમાનના વિષયો આ અદાલતમાં સીધા આવી શકે છે. આ ઉપરાંત મૂળભૂત અધિકારો માટેના બંધારણીય પગલાના પાંચ આદેશો વડી અદાલત આપી શકે છે.

મૂળભૂત અધિકારોની રક્ષા માટે તથા એવા હેતુ માટે કોઈપણ નાગરિકને તથા સહકાર સુદ્ધાને માર્ગદર્શન તથા આદેશો આપી શકે છે. દરેક અદાલત જમીન મહેસૂલ જેવા વિષયના દાવાઓ સાંભળવાનો મૂળ અધિકાર ધરાવે છે.

#### 15.3.3.2 *વિવાદ અધિકાર*

પોતાના તાબા નીચેની જિલ્લા અદાલતોના ચુકાદા સામેની અપીલ તે સાંભળે છે. સેશન્સ જજ કોઈ આરોપીને 4 વર્ષ કરતા વધારે મુદતની સજા કરે તો તેની વિરુદ્ધ વડી અદાલતમાં અપીલ થઈ શકે છે. જિલ્લાની સેશન્સ અદાલતના ન્યાયાધીશે કોઈ આરોપીને તેની નીચેની ફોજદારી કોર્ટના ચુકાદાથી વિરુદ્ધ ખૂનના આરોપ માટે જવાબદાર ઠરાવીને મોતની સજા કરી હોય, ત્યારે વડી અદાલતને ફરીથી ચુકાદો ફેરવવા માટે અપીલ થઈ શકે છે. મોતની સજા માટે વડી અદાલતની સંમતિ જોઈએ છે.

#### 15.3.3.3 *વહીવટી સંબંધી અધિકારક્ષેત્ર*

વડી અદાલતનું અધિકારક્ષેત્ર સંબંધિત રાજ્યની હદમાં આવેલી અદાલતને પણ આવરી લે છે. જિલ્લાની અને તેની નીચેની બીજી તાબાની અદાલતોના કામકાજ પર દેખરેખ રાખે છે. જિલ્લા અદાલતોના કામકાજની તે વખતોવખત તપાસ કરે છે. બીજી અદાલતોમાંથી મુકદમાના કાગળો પોતાની પાસે મંગાવી શકે છે. તાબાની અદાલતોની કાર્યપદ્ધતિના, હિસાબ રાખવાના તથા રેકર્ડ રાખવાના નિયમો તે ઘડે છે.

જો વડી અદાલતને એવી ખાતરી થાય કે તેના તાબા નીચેની અદાલતોમાં બંધારણનો અર્થ ઘટાવવા સંબંધીના દાવાઓ કાયદા કે બંધારણની દૃષ્ટિએ ખાસ અગત્ય ધરાવે છે, તો તેના કાગળિયા પોતાની પાસે મંગાવીને તેનો ઝડપી નિકાલ તે લાવી શકે છે. માત્ર લશ્કરી અદાલતો પર તેનો કાબૂ નથી. ઉપરાંત રાજ્યના વિસ્તારમાં ન હોય તેવા

પ્રદેશમાં વડી અદાલતને ન્યાય આપવાની સત્તા પાર્લામેન્ટ પોતે કાયદો કરીને આપી શકે છે.

### 15.3.3.4 *નઝીરી અદાલત*

વડી અદાલત પોતાની કાર્યવાહી તથા ચુકાદાઓ પ્રકાશિત કરે છે. આ ચુકાદાઓનો ઉપયોગ વકીલો પોતાના મુકદમાના સમર્થનમાં કે સામેના પક્ષના મુદ્દાઓના વિરોધમાં કરી શકે છે. આ ચુકાદાઓ તથા અમુક કેસની કાર્યવાહીઓ કાયદા જેટલા પ્રમાણભૂત માનવામાં આવે છે. વળી વડી અદાલત તેના પ્રતિ અનાદર કે તિરસ્કાર દર્શાવનાર વ્યક્તિને યોગ્ય સજા કરી શકે છે.

***સ્થાન***

વડી અદાલત પર સર્વોચ્ચ અદાલતનો અંકુશ છે. ભારતમાં સળંગ ને એક સુગ્રથિત ન્યાયતંત્ર હોવાથી જિલ્લા અને તાલુકાઓની પાયાની નાની અદાલતો અને છેક શિખર પરની સર્વોચ્ચ અદાલત વચ્ચેના અધવચના પગથિયાં જેવી છે. સર્વોચ્ચ અદાલત જે સ્થાન સમસ્ત દેશમાં ધરાવે છે, તેવું જ સ્થાન વડી અદાલત રાજ્ય વિસ્તારમાં ધરાવે છે અને તે રીતે તે સર્વોચ્ચ અદાલતનું રાજ્યકક્ષાએ પડતું પ્રતિબિંબ છે, એમ કહી શકાય 'મૂળભૂત અધિકારો'માં દર્શાવ્યા પ્રમાણે ઘણીવાર ખૂબ સ્વતંત્ર રીતે તેણે સરકારની ઇચ્છા વિરુદ્ધ નાગરિકોના અધિકારની રક્ષા કરવાની જવાબદારી જવલંત રીતે પાર પાડી છે. આખરે તો મૂળભૂત અધિકારોની રક્ષા માટે નાગરિક સર્વ પ્રથમ વડી અદાલત પાસે જ દોડે છે, કારણ કે સર્વોચ્ચ અદાલત કરતાં તે પ્રજાની વધુ પાસે લાગે છે.

### 15.3.3.5 *રાજ્યોની નીચલી અદાલતો*

સર્વોચ્ચ અદાલતને આધીન જેમ વડી અદાલત હોય છે, તેમ રાજ્યની વડી અદાલતને આધીન જિલ્લાની અદાલતો હોય છે. જિલ્લા અદાલતો (1) ફોજદારી સેશન્સ અદાલત (2) દીવાની અદાલત (3) મહેસૂલી અદાલતમાં વહેંચાઈ જાય છે.

### 15.3.3.6 *તાબાની અદાલતો*

સેશન્સ કોર્ટ તથા જિલ્લા અદાલત રાજ્યની વડી અદાલત નીચે દીવાની તથા ફોજદારી અદાલતો હોય છે. જિલ્લામાં ફોજદારી મુકદ્દમાઓની સુનાવણી માટેની અદાલતને સેશન્સ અદાલત કહેવામાં આવે છે અને દીવાની મુકદ્દમાઓની સુનાવણી માટેની અદાલતને દીવાની અદાલત ડિસ્ટ્રિક્ટ કોર્ટ કહેવામાં આવે છે. સેશન્સ અદાલત એક મુખ્ય સેશન્સ ન્યાયાધીશ તથા અન્ય મદદનીશ ન્યાયાધીશોની બનેલી છે. મૂળ અધિકાર તથા વિવાદનો અધિકાર ધરાવે છે. ડિસ્ટ્રિક્ટ અદાલતના મુખ્ય ન્યાયાધીશને ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ કહેવામાં આવે છે. ડિસ્ટ્રિક્ટ અદાલતના નીચે સબજજની અદાલતો હોય છે. આ બધી અદાલતો ઉપર વડી અદાલત કાબૂ ધરાવે છે.

આથી ભારતના ન્યાયતંત્રને એક અખંડ પગથિયાંની હારમાળા જેવું ગણી શકાય. દરેક અદાલત ઉપર કે નીચે અતૂટ કડીથી બંધાયેલી છે. છેક ટોચની એકમેવ સર્વોચ્ચ અદાલતની નીચે જોઈએ તો જુદાં જુદાં રાજ્યોની વડી અદાલતો આવે છે. દરેક વડી અદાલતની નીચે અસંખ્ય જિલ્લા અદાલતો આવે છે અને તેમની નીચે તેમનાથી ગુણાકારી સંખ્યામાં તાલુકા અદાલતો આમ ટોચથી નીચે જ્યાં ન્યાયતંત્રનો પાયો વિશાળ થતો જાય છે. આથી જ ભારતના ન્યાયતંત્રનું બંધારણ જોતાં પિરામિડનો આકાર સહજ રીતે જ યાદ આવે છે.

**2. *તમારી પ્રગતિ ચકાસો***

(1) વડી અદાલતની રચના ટૂંકમાં વર્ણવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) વડી અદાલતની સત્તાઓ વર્ણવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(3) વડી અદાલતની તાબાની કોર્ટોની માહિતી આપો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 15.4 *સારાંશ :*

ભારતના બંધારણ ભાગ-6ના અનુચ્છેદ 168 થી 187ની વચ્ચે રાજ્યોની માહિતી સમાવિષ્ટ છે. આ અનુચ્છેદો પ્રમાણે રાજ્યની વિધાનસભા વિધાન પરિષદ હોય છે. વિધાનસભાના સભ્યોની સંખ્યા 60 થી 500 સુધીની અને વિધાન પરિષદમાં 40 અથવા જે તે રાજ્યની વિધાનસભાની સભ્યસંખ્યાની એક તૃતીયાંશ હોવી જોઈએ. આ ગૃહોના વહીવટ માટે રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મંત્રીમંડળ હોય છે. સાથે સાથે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેમજ વિરોધ પક્ષના નેતાની પસંદગી વિધાનસભાના સભ્યો જ કરતા હોય છે. રાજ્યોની વિધાનસભાનાં કાર્યો માટે વિવિધ સત્રો બોલાવવામાં આવે છે. બે સત્રો વચ્ચેનો સમયગાળો 6 મહિનાથી વધુ હોવો જોઈએ નહિ.

બંધારણમાં ન્યાય વ્યવસ્થામાં સમવાય વ્યવસ્થા સ્વીકારવામાં નથી આવેલી પરંતુ એકસૂત્રી ન્યાયવ્યવસ્થા રાખેલી છે. જે પિરામિડ આકારની છે. સર્વોચ્ચ અદાલત પછી વડી અદાલત અને તાબાની કોર્ટો જેવી કે જિલ્લા કોર્ટ અને તાલુકા કોર્ટની ન્યાય વ્યવસ્થા જોવા મળે છે.

## 15.5 *તમારી પ્રગતિ ચકાસો 1ના જવાબો*

(1) જવાબ માટે વાંચો 15.2.1ના મુદ્દાઓ

(2) જવાબ માટે વાંચો 15.2.2ના મુદ્દાઓ

(3) જવાબ માટે વાંચો 15.2.5ના મુદ્દાઓ

## 15.5 *તમારી પ્રગતિ ચકાસો 2ના જવાબો*

(1) જવાબ માટે વાંચો 15.3ના મુદ્દાઓ

(2) જવાબ માટે વાંચો 15.3.3ના મુદ્દાઓ

(3) જવાબ માટે વાંચો 15.3.3.6નો મુદ્દો

## 15.6 *સંદર્ભ ગ્રંથો :*


(1) કશ્યપ સુભાષ સી. : આપણું બંધારણ (અનુવાદક શુક્લ બિપીનચંદ્ર એમ.) નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા પુનર્મુદ્રણ વર્ષ : 2015, નવી દિલ્હી

(2) નાયક દોલતભાઈ બી. : ભારતનો બંધારણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, 2016 અમદાવાદ

(3) પરીખ નરેશ જે. પરીખ હરેશ જે.: સ્વાતંત્ર્ય ભારતનું બંધારણ, દ્વિતીય આવૃત્તિ, 2015 કડી

(4) ઉપાધ્યાય માધવી : ભારતનું સંવિધાન : એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ

(5) બારોટ કે. સી.: ભારતનું બંધારણ સંક્ષિપ્તમાં, અક્ષર પબ્લિકેશન, વર્ષ : 2011, અમદાવાદ

(6) શેઠ પ્રવીણ ન, કે.સી. દેસાઈઃ ભારતનો બંધારણીય વિકાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, 1978

(7) ધારૈયા આર. કે. : ભારતનો બંધારણીય ઈતિહાસ, સી. જમનાદાસ કંપની, 1977, અમદાવાદ

## એકમ : 16

## કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધો

:: રૂપરેખા ::


**16.0** *ઉદ્દેશો*

**16.1** *પ્રસ્તાવના*

**16.2** *સંઘ અને રાજ્ય વચ્ચેના સંબંધો*

**16.2.1** *વૈધાનિક સંબંધો*

**16.2.1.1** *અવરોધ નિવારક જોગવાઈ*

**16.2.1.2** *રાજ્યની યાદી અંગે સંસદના કાયદાઓ*

**16.2.1.3** *કેન્દ્ર અને રાજ્યોના કાયદાઓ વચ્ચેની વિસંગતતા*

**16.2.1.4** *અર્થઘટનના સિદ્ધાંતો*

**16.2.2** *વહીવટી સંબંધો*

**16.2.3** *નાણાંકીય સંબંધો*

- *તમારી પ્રગતિ ચકાસો* - **1**

**16.2.3.1** *કરવેરાની આવક અને ખર્ચ*

**16.2.3.2** *ભારતનો સંચિતનિધિ અને આકસ્મિક નિધિ*

**16.2.3.3** *નાણાંકીય સાધનોની વહેંચણી*

**16.2.3.4** *રાજ્યોને કેન્દ્રનું અનુદાન*

**16.2.3.5** *નાણાંપંચ*

**16.2.4** *આંતરરાજ્ય સહકાર અને સૌજન્ય અંગેની જોગવાઈઓ*

- *તમારી પ્રગતિ ચકાસો* - **2**

**16.3** *સારાંશ*

**16.4** *તમારી પ્રગતી ચકાસોના જવાબ*

**16.5** *સંદર્ભ ગ્રંથો*

## 16.0 *ઉદ્દેશો :*

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

- કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધોનો પરિચિય મેળવશે.
- કેન્દ્ર અને રાજ્યોને કાયદા ઘડવાના વિષયોથી માહિતગાર થશે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વૈધાનિક સંબંધોનું જ્ઞાન પ્રાપ્ત થશે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોની માહિતી પ્રાપ્ત થશે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના નાણાંકીય સંબંધોની જાણકારી મળશે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના આંતરરાજ્ય સહકાર અને સૌજન્યની માહિતી મળશે.

## 16.1 *પ્રસ્તાવના :*

બંધારણમાં ભારતને રાજ્યોના એક સંઘ રૂપે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. ભારત સમવાયી તંત્ર હોવા છતાં સંઘ તથા રાજ્યો બંને એક જ બંધારણમાંથી પ્રાપ્ત થયેલી પોતાની સત્તાઓ તથા જવાબદારીઓ નિભાવે છે. ભારતમાં જ્યારે બ્રિટીશ શાસન સ્થપાઈ રહ્યું હતું ત્યારે તે એકતંત્રીય શાસન હતું. બ્રિટીશરોએ પોતાના હાથમાં જ બધી સત્તાઓ રહે તે પ્રમાણે તંત્ર ગોઠવ્યું હતું અને તે જરૂરી પણ હતું. ઈ.સ.1833ના ચાર્ટર એક્ટથી તો મદ્રાસ અને મુંબઈની સરકારોની બધી જ વૈધાનિક સત્તાઓ છીનવી લઈ કલકત્તાના ગવર્નર-જનરલ ઈન કાઉન્સિલમાં કેન્દ્રિત કરી હતી. આ કાયદાથી ભારત સરકારની બધી જ દીવાની અને લશ્કરી સત્તાનો અંકુશ માર્ગદર્શન અને નિરીક્ષણ ગવર્નરે જનરલ ઈન કાઉન્સિલમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો. ઈ.સ.1934માં બંધારણીય સુધારા માટેની સંયુક્ત સમિતિએ 1919ના કાયદા પ્રમાણે પ્રાંતિય સત્તા મંડળોને કેટલીક સત્તાઓ આવી હતી છતાં તમામ સત્તાઓ ગવર્નર જનરલ ઈન કાઉન્સિલમાં રાખવાનું નક્કી કર્યુ હતું. ત્યાર બાદ બ્રિટનની આમની સભામાં કોમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલ ચર્ચા માટે મૂકવામાં આવ્યું ત્યારે માઈકલ હેઈલીએ કહેલું કહે છે કે “સમવાયતંત્ર અનિવાર્ય હતું, પરંતુ રજવાડાંના પ્રશ્ન અને બ્રિટનના વેપાર વિષયક હિતોને આગળ ધરીને બ્રિટીશ શાસકોના સીધા અંકુશ હેઠળની મજબૂત કેન્દ્રવર્તી સત્તાને ચાલુ રાખવાની પણ હિમાયત કરવામાં આવી.

ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ ઈ.સ.1935માં એક કેન્દ્ર સરકાર ધરાવતી સમવાયી શાસન વ્યવસ્થાની દરખાસ્ત હતી પરંતુ તેનો ક્યારેય અમલ કરવામાં આવ્યો નહી અને સમગ્ર દેશમાં 1919ના કાયદા હેઠળની માત્ર કેન્દ્રીય સત્તા વડે જ શાસન ચાલ્યું. તેથી બંધારણના સંબંધોમાં વિવિધ સુધારા જોવા મળે છે.

## 16.2 *સંઘ અને રાજ્ય વચ્ચેના સંબંધો :*

બ્રિટીશ સત્તા હેઠળના અને ભારતમાં પ્રાંતોને રાજ્યોને વિશેષ સત્તા ન હતી. ઈ.સ.1935ના ગવર્નર ઑફ ઇન્ડિયા ઍક્ટમાં રાજ્યોને સમવાયી ઢાંચામાં લાવવાની દરખાસ્ત હતી પરંતુ તેનો અમલ કરવામાં આવ્યો ન હતો અને સમગ્ર બ્રિટીશ સત્તાના ભારતમાં ઈ.સ. 1919ના કાયદા હેઠળની એકમાત્ર કેન્દ્રીય સત્તા વડે જ શાસન ચલાવવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય ભારત માટે બનાવેલી બંધારણ સભાએ પ્રથમવાર ઈ.સ.1946માં પ્રથમ બંધારણસભા મળી ત્યારે મર્યાદિત સત્તાઓવાળું કેન્દ્ર ધરાવતું સમવાયી તંત્ર સ્થાપવાનો વિચાર રજૂ કર્યો હતો. ત્યાર બાદ તા. 6 જૂન 1947ના રોજ મળેલી સંઘ બંધારણ સભાની બેઠકમાં બંધારણ મજબૂત કેન્દ્ર ધરાવતા અને ત્રણ સર્વગ્રાહી સૂચિઓ સાથે અવરોધરૂપ સત્તાઓ કેન્દ્રમાં સ્થાપિત કરતા સમવાયતંત્ર માળખાવાળું રહેશે તેવું કામચલાઉ ધોરણે નક્કી થયું હતું.

5 જુલાઈ 1947ના રોજ સંઘીય સત્તાઓ અંગેની સમિતિએ બંધારણ સભાના પ્રમુખને તેનો અહેવાલ સુપરત કર્યો હતો. તે પ્રમાણે "મજબૂત કેન્દ્ર સાથેનું સમવાયતંત્ર જ બંધારણ માટે સૌથી વધુ નક્કર માળખું" રહેશે તે વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આમ બંધારણના ઘડવૈયાઓની મુખ્ય ચિંતા ભારતની એકતા અને અખંડિતતા પર રહી હતી. તે જ પ્રમાણે આઝાદી પછી નિમવામાં આવેલાં અનેક કમિશનો અને સમિતિઓ જેવી કે જેવીપી સમિતિ, ધર સમિતિ, રાજ્ય પુનર્રચના પંચ, રાજમન્નાર સમિતિ, સરકારિયા કમિશન વગેરેની પણ આ જ ચિંતા રહી હતી.

તેથી જ તો સ્વતંત્ર ભારતની નવી વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજ્યોના કાયદાના વિષયોની વહેંચણી કરવામાં આવી છે. તમામ નાગરિકોને આર્થિક, સામાજિક તથા રાજકીય ન્યાય આપવાનો હતો. સ્વતંત્રતા તથા સમાનતા પ્રાપ્ય બનાવવાના હતા. વ્યક્તિના ગૌરવના જતન સાથે પરસ્પર બંધુતા પ્રગટાવવાની હતી. આ બધું જ સાકાર કરવા માટે શાસનનાં દરેક ક્ષેત્રોનાં સંબંધોમાં બંધારણીય સ્પષ્ટતા રહેવી પણ જરૂરી છે. સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો અને સહકાર માટેની બંધારણીય જોગવાઈઓને નીચેનાં ક્ષેત્રોમાં વહેંચીને માહિતી પ્રાપ્ત કરી શકાય. સંઘ અને રાજ્યોની વચ્ચેના સંબંધોને નીચેના મુદ્દાઓથી વધુ સારી રીતે સમજી શકાય. (1) વૈધાનિક સંબંધો (2) વહીવટી સંબંધો (3) નાણાંકીય સંબંધો (4) આંતરરાજ્ય સહકાર અને (5) સૌજન્ય અંગેની જોગવાઈઓ આ તમામ સંબંધોને વિસ્તાર પૂર્વક સમજીએ.

### 16.2.1 *વૈધાનિક સંબંધો*

બંધારણના અનુચ્છેદ 245 થી 255માં સંઘ અને રાજ્યોના વૈધાનિક સંબંધોની માહિતી છે. તેમાં સંઘ અને રાજ્યો વચ્ચેની સત્તાની વહેંચણી કરવામાં આવેલી છે.

અનુચ્છેદ 245 પ્રમાણે સંસદ સમગ્ર દેશ કે તેના કોઈ ભાગ માટે કાયદા ઘડી શકે છે. એવા કાયદાને ભારત બહાર પણ અમલી બનાવી શકાય છે. કેન્દ્રિય કાયદાઓ આવા રાષ્ટ્ર બહારના વ્યાપને કારણે કોઈ કોર્ટ તેને અવૈધ ઠરાવી શકતી નથી. એ અંગે સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે “સાર્વભૌમ વિધાનમંડળના કાયદાના એ મુદ્દાઓ પર સ્થાનિક કોર્ટમાં ચકાસણી થઈ શકે નહીં. રાષ્ટ્ર બહારની કોર્ટ એને અમાન્ય કરે અથવા ત્યાં એના અમલમાં વહેવારુ મુશ્કેલીઓ જણાય તો પણ એ રાજયની નીતિ વિષયક બાબત છે.

રાજ્યનું વિધાનમંડળ પણ સમગ્ર રાજ્ય કે તેના કોઈ ભાગ માટે કાયદા ઘડી શકે છે જો રાજ્યનો કોઈ ધારો તેના વિસ્તારની બહાર પણ અમલી બનાવાયો હોય તો તે ધારો વ્યર્થ ગણાય છે. પણ જો તે રાજ્ય અને તેના ધારા વચ્ચે પર્યાપ્ત સંબંધ હોવાનું દર્શાવી શકાય તો તે વ્યર્થ ગણાતો નથી.

અનુચ્છેદ 246 પ્રમાણે સંઘ અને રાજ્યોનાં વિધાન મંડળોને કાયદા માટેના વિષયોની વહેંચણી કરવામાં આવેલી છે. બંધારણના 7માં પરિશિષ્ટમાં તેને ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલા છે. તેમાં પ્રથમ યાદીને કેન્દ્રીય યાદી કહેવામાં આવે છે. તેમાં 96 વિષયો આપેલા છે. બીજી યાદી એ રાજ્યોની યાદી છે. તેમાં 66 વિષયો આવેલા છે અને ત્રીજી યાદી સહવર્તી યાદી છે. તેમાં 47 વિષયો આવેલા છે.

કેન્દ્રીય યાદીના વિષયો પર સંસદ કાયદા ઘડી શકે છે. આ ઉપરાંત 97નંબરનો વિષય શેષાધિકાર અંગેનો છે. તેને કેન્દ્રની યાદીમાં સામેલ કરેલ છે. રાજ્ય યાદીના વિષયોમાં રાજ્યોની વિધાનસભા કાયદા ઘડી શકે છે. ક્યારેક એકથી વધારે રાજ્યો દરખાસ્ત દ્વારા કેન્દ્રને કાયદા ઘડવાનું કહી શકે છે અથવા રાજ્યસભાના 2/3 સભ્યોને લાગે છે કે આ રાજ્યમાં કે રાજ્યોમાં આવા કાયદા કરવા જેવા છે તો સંસદ તેના પર કાયદો ઘડી શકે છે.

સહવર્તી યાદીના વિષયોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય બંને કાયદા ઘડી શકે છે પણ એક જ વિષયમાં સંઘ કે રાજ્ય દ્વારા કાયદો ઘડવામાં આવ્યો હોય ત્યારે સંઘનો કાયદો માન્ય રાખવામાં આવે છે પણ રાજ્ય દ્વારા ઘડેલા કાયદાને રાષ્ટ્રપતિની અનુમતિ મેળવેલી હોય તો તે ચાલુ જ રહે છે.

કેન્દ્ર રાજ્ય યાદીના 6 જેટલા વિષયો માટે વિશિષ્ટ સંજોગોમાં કાયદા ઘડવાની સત્તા ધરાવે છે.

અનુચ્છેદ 248થી શેષાધિકાર સંઘ સરકારને સોંપવામાં આવેલો છે પણ અમેરિકામાં અને ઓસ્ટ્રેલિયામાં રાજ્યો પાસે છે. તેમાં માનવજીવનને અસર કરતા તમામ વિષયોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં ઝડપી બદલાતા સમય, મૂલ્યો અને વિકાસને કારણે નવા નવા અધિકારોને કારણે ક્યારેક નવા પ્રશ્ન આવીને

ઊભો રહે ત્યારે આ શેષાધિકારથી સંઘ સરકાર કાયદો બનાવી શકે તેના માટે કેન્દ્રની યાદીમાં 97માં મુદ્દા તરીકે શેષાધિકાર રાખવામાં આવેલો છે.

### 16.2.1.1 *અવરોધ નિવારક જોગવાઈ*

બંધારણના અનુચ્છેદ 246ની બધી જ જોગવાઈઓમાં સંઘને સર્વોપરિતા આપવામાં આવેલ છે. કેન્દ્રીય યાદી અંગેની સંપૂર્ણ સત્તા કેન્દ્ર પાસે છે. ક્લોઝ 2માં સહવર્તી યાદીના વિષયમાં બંનેના કાયદામાં પણ સંસદના કાયદાને મહત્ત્વ અપાયેલું છે. પરંતુ રાજ્યના એવા કાયદા માટે અનુચ્છેદ 254(2) પ્રમાણે રાષ્ટ્રપતિની સંમતિ મેળવાયેલી હોય તો તે માન્ય ગણવામાં આવે છે. રાષ્ટ્રપતિની આવી સંમતિ એક ઔપચારિકતા છે. એ બાકી હોય તો પાછળથી પણ એવી સંમતિ મેળવીને રાજ્યના કાયદાને વૈધતા આપી શકાય છે.

### 16.2.1.2 *રાજ્યની યાદી અંગે સંસદના કાયદાઓ*

અનુચ્છેદ 246(4) પ્રમાણે કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્યયાદીના વિષયો લાગુ પડે છે પણ સંસદે જ કાયદા ઘડવાના હોય છે. રાષ્ટ્રીય હિત માટે સંસદીય કાયદા અનુચ્છેદ 249 પ્રમાણે રાજ્યસભા હાજર રાજ્યોની 2/3 બહુમતીથી ઠરાવ કરે કે રાજ્ય યાદીનો કોઈ વિશિષ્ટ વિષય રાષ્ટ્રહિત માટે જરૂરી હોય છે ત્યારે સંસદ કાયદો ઘડશે. આ કાયદો એક વર્ષ માટે અમલમાં રહેશે મુદત પૂરી થતાં સંસદ છ મહિના વધારી શકે છે અને રાજ્યસભા ઠરાવની મુદત પણ વધારી શકે છે. એવું જ કટોકટી દરમ્યાન અનુચ્છેદ 250 પ્રમાણે સંસદ રાજ્યયાદીના વિષયોના કાયદા ઘડી શકે છે પરંતુ કટોકટી પછી છ મહિના સુધી જ તે અમલી રહેશે.

અનુચ્છેદ 252 પ્રમાણે એક કે વધુ રાજ્યો કોઈ ચોક્કસ વિષય માટે વિધાનસભામાં ઠરાવ પસાર કરી સંસદને જણાવી શકે છે કે આ વિષય પર કાયદો પસાર કરો. ઉદાહરણ તરીકે ઈ.સ. 1976નો શહેરી જમીન ટોચ મર્યાદાનો કાયદો એ રીતે 11 રાજ્યોની સંમતિથી ઘડાયો હતો. એમાં સુધારો પણ સંસદ જ રાજ્યની વિનંતીથી કરી શકે છે. અનુચ્છેદ 253 અનુસાર આંતરરાષ્ટ્રીય સમજૂતીઓના અમલ માટે કાયદા ઘડવાની સત્તા સંસદ પાસે છે. રાજ્યોમાં બંધારણીય કટોકટી દરમિયાન અનુચ્છેદ 356 અનુસાર જ્યારે વિધાનમંડળ કે પ્રધાનમંડળ સુષુપ્તાવસ્થામાં હોય ત્યારે રાજ્યોની વૈધાનિક જવાબદારી પણ કેન્દ્ર જ ઉપાડતુ હોય છે.

ઉપરોક્ત રાજ્ય યાદીના છ વિષયો પર વિશિષ્ટ પરિસ્થિતિમાં સંસદ કાયદા ઘડી શકે છે. આ ઉપરાંત રાજ્યોના વિધાનમંડળોની વૈધાનિક સત્તા ઉપર પણ કેન્દ્ર સરકારનું બંધારણીય નિયંત્રણ રહેલું છે.

રાજ્યના વિધાનમંડળે પસાર કરેલા કેટલાંક કાયદાઓમાં રાષ્ટ્રપતિની સંમતિ જરૂરી છે. અનુચ્છેદ 31(3) પ્રમાણે ખાનગી મિલકતના ફરજિયાત સંપાદનના કાયદા માટે

રાષ્ટ્રપતિની સંમતિ જરૂરી હતી. આ અનુચ્છેદ ઈ.સ.1979માં રદ થયેલ છે અને અનુચ્છેદ 31-એ થી જમીન સુધારણાના રાજ્યના કાયદાને અનુચ્છેદ 13 સામે રક્ષણ મળેલું છે. પરંતુ આવા કાયદાઓમાં એક વાક્યતા જળવાય તે માટે રાષ્ટ્રપતિની સંમતિ જરૂરી બનાવાયેલી છે.

રાજ્ય વિધાનસભાએ પસાર કરેલ કોઈ વિધેયક બાબતે રાજ્યાપાલને એવું લાગે છે કે આ વિધેયકથી હાઈકોર્ટની સત્તામાં ફેરફાર થશે તો તેઓ અનુચ્છેદ 200 પ્રમાણે આ વિધેયકને રાષ્ટ્રપતિની સંમતિ માટે અનામત રાખી શકે છે. અનુચ્છેદ 288 પ્રમાણે કેન્દ્ર દ્વારા થતા વીજળી કે પાણીના ઉપયોગ સંગ્રહ કે વેચાણ માટેનો રાજ્યનો કોઈ વેરો લાગુ પડતો નથી. આવા વેરા નાખતા રાજ્યના કાયદા કે નિયમ માટે પણ કેન્દ્રની સંમતિ જરૂરી બને છે. આંતરરાષ્ટ્રીય માલપરિવહનની સ્વતંત્રતા ઉપર કાપ મૂકતા રાજ્યોના કાયદા માટે પણ અનુચ્છેદ 304 પ્રમાણે કેન્દ્રની સંમતિ જરૂરી છે. રાષ્ટ્રના અર્થકારણ સાથે આ બાબત સીધી રીતે સંકળાયેલી છે.

**16.2.1.3 *કેન્દ્ર અને રાજ્યોના કાયદાઓ વચ્ચેની વિસંગતતા***

રાજ્યની યાદી અંગે જ્યારે ખાસ સંજોગોમાં સંસદ કાયદો ઘડે અને રાજ્યના એ અંગેના કાયદા સાથે તેની જોગવાઈઓ અસંગત કે વિસંગત હશે, તો અનુચ્છેદ 251 પ્રમાણે સંસદની જોગવાઈ જ અમલી બનશે. રાજ્યનો કાયદો તેટલે અંશે બિનઅમલી બનશે.

પરંતુ જો સહવર્તી યાદીના કોઈ વિષય અંગે બંને કક્ષાના કાયદા હોય ત્યારે અનુચ્છેદ 254 લાગુ પડે છે. અહીં પણ સંસદનો કાયદો જ અમલી બને છે. પરંતુ રાજ્યના એવા કાયદા માટે જો રાષ્ટ્રપતિની સંમતિ મેળવાયેલી હોય, તો એ કાયદો કેન્દ્રના કાયદાથી વિસંગત હશે તો પણ અમલક્ષમ બને છે. જો કે રાજ્યની એવી વિસંગત જોગવાઈ રદ કરવાની સંસદને સત્તા છે. આ જોગવાઈ ઈ.સ.1935ના બંધારણની કલમ 107 જેવી જ છે. સહવર્તી યાદી અંગેના કાયદાને જ તે લાગુ પડે છે.

**16.2.1.4 *અર્થઘટનના સિદ્ધાંતો***

કાયદા ઘડવા માટે વિષયોને ત્રણ યાદીમાં વહેંચવામાં આવેલા હોવા છતાં તેનું વૈજ્ઞાનિક ઢબનું સૂક્ષ્મતમ વિભાજન શક્ય નથી. બંને સ્તરના વિધાનમંડળોનો અધિકારક્ષેત્રના વ્યાપ બાબતે અસ્પષ્ટતા રહેતી હોય છે. એને કારણે બંને દ્વારા અરસપરસ અતિક્રમણના પ્રસંગો બનતા હોય છે. અતિક્રમણ પ્રમાણ બહારનું હોય તો એવો કાયદો અવૈધ જાહેર થઈ શકે છે. એ અંગે ઉપસ્થિત થતા વિવાદોમાં યોગ્ય અર્થઘટન દ્વારા સુપ્રીમ કોર્ટે એવા કાયદાઓને રદ કરેલા છે અથવા વૈધ જાહેર કરેલા છે. અર્થઘટન અંગે નીચેના સિદ્ધાંતો કોર્ટે જુદાં જુદાં ચુકાદાઓમાં સ્થાપિત કરેલા છે. (1) સુમેળભર્યા અર્થઘટનના સિદ્ધાંત (2) હાર્દ અને તત્ત્વનો સિદ્ધાંત (3) છદ્મવેશી વિધિવિધાનના સિદ્ધાંત.

ઉપરોક્ત સિદ્ધાંતોથી રાજ્ય વિધાનમંડળ કે સંઘ સરકાર દ્વારા ઘડેલા કાયદાનું અર્થઘટન કરવામાં આવતું હોય છે. આવા કાયદાઓનું પુનરાવલોકન કરવાની સર્વોચ્ચ અદાલતને સત્તા છે. ભારતના બંધારણના અનુચ્છેદ 13 તથા 245 જેવી જોગવાઈઓમાં એવી સત્તા સુપ્રીમ કોર્ટને સ્પષ્ટ રીતે આપવામાં આવી છે.

### 16.2.2 *વહીવટી સંબંધો (અનુ.* **256** *થી* **263***)*

અનુચ્છેદ 256 થી 263 સંઘ અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોનું નિયમન કરે છે. સમવાયતંત્રી શાસનપ્રથામાં ઘણી વાર સંઘ અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોમાં મુશ્કેલીઓ ઊભી થતી હોય છે. ભારતનું બંધારણ આ બે વહીવટી કક્ષાઓ વચ્ચે સરળ અને કાર્યસાધક સંબંધ સ્થાપવાનો પ્રયાસ કરે છે. રાજ્ય સરકારની કારોબારી સત્તાનો ઉપયોગ સંસદે ઘડેલા કાયદાનું પાલન થાય તે રીતે કરવાનો છે, તેવી તેમાં જોગવાઈ છે. સંઘીય કારોબારી આ હેતુ માટે ભારત સરકારને યોગ્ય લાગે તેવા આદેશો રાજ્યને આપવાની સત્તા ધરાવે છે.

આ જ પ્રમાણે દરેક રાજ્યની કારોબારી સત્તા પણ સંઘની કારોબારી સત્તાના ઉપયોગમાં અંતરાયરૂપ ન થાય તે રીતે વાપરવાની છે એવી આર્ટિકલ 257માં જોગવાઈ છે. સંઘ આ અંગે તેમજ રેલવેના રક્ષણ અને રાષ્ટ્રીય કે લશ્કરી અગત્યનાં સંદેશા વ્યવહારના સાધનોની જાળવણી માટે જરૂરી આદેશો આપી શકે છે. કેન્દ્રના આવા આદેશોને પરિપૂર્ણ કરવામાં કોઈ રાજ્યને થયેલો કોઈ વધારાનો ખર્ચ કેન્દ્ર દ્વારા રાજ્યને ભરપાઈ કરી આપવાનો હોય છે. સંઘ અને દરેક રાજ્યમાં જાહેર કૃત્યો, રેકર્ડ અને ન્યાયતંત્રી કાર્યવાહી ઉપર ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકવામાં આવશે, તેવું જણાવતી આર્ટિકલ 261ની જોગવાઈ સંઘ રાજ્ય સંબંધોના સરળ અમલમાં ખાસ ઉમેરો કરે છે. આંતરરાજ્ય નદીઓ ઉપર સંસદનો અંકુશ અને કોઈ પણ આંતરરાજ્ય જળવિવાદ માટેના ન્યાય નિર્ણય અંગેની જોગવાઈઓથી સંઘ અને રાજ્યો તથા રાજ્યોના અંદર અંદરના ઘર્ષણોની શક્યતા ટાળી શકાય છે. (અનુ. 262) તો બંધારણના ઘડવૈયાઓ કોઈ બાબત અંગે જોખમ લેવા ચાહતા ન હતા. અને તેથી તેમણે આંતરરાજ્ય કાઉન્સિલોની વ્યવસ્થા કરી હતી. આર્ટિકલ 263 આંતરરાજ્ય વિવાદોની તપાસ કરવા અને સલાહ આપવા માટે તથા રાજ્યો વચ્ચેના કે સંઘ અને  રાજ્યો વચ્ચેના સર્વસામાન્ય હિતોની બાબતો અંગે તેમજ નીતિ અને પગલાં વચ્ચેના વધુ સારા સંકલન માટે ભલામણો કરવા માટે, આંતરરાજ્ય કાઉન્સિલની સ્થાપના કરવાની રાષ્ટ્રપતિને સત્તા આપે છે. રાષ્ટ્રપતિ જે તે રાજ્ય સરકારની સંમતિથી જે કોઈ બાબત પરત્વે સંઘની કારોબારી સત્તા હોય તેવી બાબત અંગેના કાર્યો કોઈ રાજ્ય સરકારને કે તેના અધિકારીઓને આર્ટિકલ 258 હેઠળ સોંપી શકે છે તે જ પ્રમાણે કોઈ રાજ્યના રાજ્યપાલ સંઘ સરકારની સંમતિથી જે કોઈ બાબત પરત્વે રાજ્યની કારોબારી સત્તા હોય તેવી બાબત અંગેના કાર્યો સંઘ સરકારને કે તેવા અધિકારીઓને આર્ટિકલ 258A હેઠળ સોંપી શકે છે.

### 16.2.3 *નાણાંકીય સંબંધો (અનુ. 264 થી 290A )*

સંઘ અને રાજ્યો વચ્ચેના નાણાંકીય સંબંધોમાં ભારતના સમવાયતંત્રનું કેન્દ્રીકરણ તરફનું સર્વસાધારણ વલણ જોવા મળે છે. સંઘ નાણાંકીય રીતે વધુ સદ્ધર કહેવાતું હોય તો પણ આયોજિત અર્થતંત્ર મારફતે દેશના વિકાસની જરૂરિયાતો જોતાં આ બાબત ઈચ્છનીય જ નહિ પણ સંપૂર્ણપણે જરૂરી છે. જો કે રાજ્યો પાસે પણ તેમનાં આગવાં સાધનો હોય છે.

#### 16.2.3.1 *કરવેરાની આવક અને ખર્ચ*

નાણાં વિના કોઈ પણ સરકાર શાસન કરી શકે નહિ. નાણાં મેળવવાનો એક અતિ મહત્ત્વનો સ્ત્રોત કરવેરા છે. પરંતુ પ્રજા પાસેથી એ રીતે નાણાં મેળવવા પ્રજાના પ્રતિનિધિઓની સંમતિ અનિવાર્ય છે. વિધાનમંડળે ઘડેલા કાયદાના આધાર વિના કરવેરા લાદી શકાતા નથી તેમજ ઉઘરાવી પણ શકાય નહીં. અનુચ્છેદ 265 એ રીતે સમગ્ર નાણાકીય પ્રવૃત્તિઓ માટેનો મુદ્રાલેખ છે, જો એ કાયદો સત્તાબાહ્ય કે અવૈધ હશે, તો તે પ્રમાણેના કરવેરા પણ અવૈધ બને છે.

#### 16.2.3.2 *ભારતનો સંચિત નિધિ અને આકસ્મિક નિધિ (અનુ. 266 અને 267 )*

કેન્દ્ર તથા રાજ્યના કાયદાઓથી લેવાતા કરવેરાની તમામ આવક અનુ. 266 પ્રમાણે સ્થપાયેલા ભારતના સંચિત નિધિ તથા દરેક રાજ્યના સંચિતનિધિમાં પ્રથમ જમા થાય છે. એ ઉપરાંત લોન દ્વારા મેળવાયેલા નાણાં પણ જે તે નિધિઓમાં જમા થાય છે.

આકસ્મિક કે અનઅપેક્ષિત જરૂરિયાતો માટે કેન્દ્ર તથા રાજ્ય કક્ષાએ અનુ. 267 પ્રમાણેના આકસ્મિક નિધિઓ સ્થપાયેલા છે. સંસદ કે વિધાનસભા કાયદાથી નક્કી કરે તેટલી રકમને કોષમાં મૂકવામાં આવશે અને રાષ્ટ્રપતિ કે રાજ્યપાલને હવાલે તે રહેશે. આ બંને કક્ષાના નિધિઓમાંથી વહીવટી કે વિકાસ માટે જરૂરી નાણાં વિધાનમંડળોના કાયદાની રૂએ મળેલી સત્તાથી જ વહીવટી તંત્ર ઉપાડી શકશે.

#### 16.2.3.3 *નાણાંકીય સાધનોની વહેંચણી*

સમવાયતંત્રની વ્યવસ્થામાં અન્ય સત્તાની સાથે કરવેરા દ્વારા નાણાં મેળવવાની સત્તા પણ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભાજિત થયેલી હોય છે પરંતુ સમગ્ર રાષ્ટ્રના રક્ષણની અતિ મહત્ત્વની જવાબદારી કેન્દ્રને શિરે હોવાથી તેમજ અન્ય પ્રકારની મહત્ત્વની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવાની હોવાથી કેન્દ્રની નાણાંની આવશ્યકતા મોટી છે. બંધારણના 7માં પરિશિષ્ટની યાદીમાં કેન્દ્ર માટે વધુ નાણાંકીય સાધનો ફાળવવામાં આવેલા છે. જ્યારે રાજ્યોને કરવેરા નાખવા માટે વેચાણવેરો જમીન મહેસૂલ મનોરંજન કર કે આવકારી જકાત જેવા ગણ્યા ગાંઠ્યા વિષયો જ રાજ્યની યાદીમાં છે. આ ઉપરાંત બાકીના તમામ સાધનો કેન્દ્રની સત્તામાં સહવર્તી યાદીમાં કરવેરા માટેની કોઈ એન્ટ્રી નથી.

રાજ્યો પાસે એ રીતે આવકના સાધનો ખૂબ જ મર્યાદિત છે. જ્યારે રાજ્યના વહીવટ તથા સમાજકલ્યાણના પોતાના તથા કેન્દ્રના તમામ કાર્યક્રમોનો અમલ તેણે કરવાનો હોય છે. તે માટે એની નાણાંકીય જરૂરિયાત પણ મોટી રહેલી છે. તેથી કેન્દ્રની વિશાળ આવકમાંથી નિશ્ચિત હિસ્સો રાજ્યને આપવાની જરૂર છે.

અનુચ્છેદ 268 પ્રમાણે સ્ટેમ્પ ડ્યૂટી, દવા, ટોઈલેટના સાધનો પરની કેન્દ્રીય જકાત દરેક રાજ્યે પોતાની હદમાં વસૂલ કરી, પોતે જ એ તમામ આવકનો ઉપયોગ કરવાનો છે. જો કે કેન્દ્રશાસિત પ્રદેશોની એવી આવક કેન્દ્રને મળશે. અનુચ્છેદ 269 પ્રમાણે કેન્દ્રએ લાદેલા વારસાવેરા, એસ્ટેટ ડ્યૂટી, ટર્મિનલ ટેક્ષ, રેલવે ભાડા તથા નૂર ઉપરનો વેરો, સ્ટોક એક્ષચેન્જ અને વાયદા બજાર, અખબારી જાહેરાતો, આંતર રાજ્ય ખરીદ વેચાણ વગેરે દ્વારા થતી આવક નાણાં પંચે ઘડેલા ચોક્કસ સિદ્ધાંતો પ્રમાણે રાજ્યોને ફાળવવાની થાય છે. કેન્દ્ર તેમાં ભાગ રાખી શકે નહીં. અનુચ્છેદ 270 પ્રમાણે આવકવેરા નાખવાની સત્તા કેન્દ્રને છે પરંતુ તેને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાંપંચની ભલામણ પ્રમાણે ફરજિયાત હોય છે. અનુચ્છેદ 269 તથા 270 પ્રમાણે કેન્દ્રીય વેરાઓ ઉપર કેન્દ્ર અનુચ્છેદ 271 પ્રમાણે સરચાર્જ લઈ શકે છે. જે કેન્દ્ર પાસે જ રહે છે.

અનુચ્છેદ 272 પ્રમાણે કેન્દ્રીય આબકારી જકાતો કેન્દ્ર જ વસૂલ કરે છે પરંતુ તેમાંથી અમુક ભાગ રાજ્યોને આપવાની તેની અરજી ઉપર છોડવામાં આવેલું નાણાંપંચની ભલામણ પ્રમાણે તે મુજબની રકમ આપી શકાશે.

**16.2.3.4** ***રાજ્યોને કેન્દ્રનું અનુદાન : અનુ. 275***

કેન્દ્રના કરવેરામાંથી ઉપર જણાવેલી જુદી જુદી રીતે રાજ્યોને ફાળો આપવામાં આવે છે. પરંતુ એ ઉપરાંત પણ વિકાસ તથા કલ્યાણકારી યોજનાઓ જેવી લાંબાગાળાની આવશ્યકતાઓ માટે નાણાં આપવાની કેન્દ્રની ફરજ છે અને નાણાંપંચની ભલામણોને આધારે કેન્દ્ર એવી વધારાની તથા સહાયક ગ્રાન્ટ રાજ્યોને આપે છે. અનુસૂચિત જાતિ અને જનજાતિઓના ઉત્કર્ષ માટેના કેન્દ્રના આદેશ મુજબ કરાયેલી યોજનાઓ માટે પણ કેન્દ્રએ રાજ્યોને ખાસ ગ્રાન્ટ આપવાની હોય છે.

**16.2.3.5** ***નાણાંપંચ (અનુ. 280 )***

સંઘ અને રાજ્ય વચ્ચે નાણાંની વહેંચણી કરવા માટે સિદ્ધાંતો નક્કી કરવા માટે કાયમી સ્વરૂપના નાણાંપંચની જોગવાઈ બંધારણમાં થયેલી છે. રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષ માટે અધ્યક્ષ અને ચાર સભ્યોવાળા નાણાંપંચની નિમણૂક કરે છે. "ધી ફાયનાન્સ કમિશન ઍક્ટ 1951"ના કાયદાથી સંસદે એ માટેની લાયકાતો નક્કી કરેલી છે. જાહેર જીવનના હોદ્દાનો અનુભવ હોય, હાઈકોર્ટે જજ તરીકે નિયુક્તિને લાયક હોય, અર્થતંત્ર અને હિસાબો તથા વહીવટ અંગે વિશિષ્ટ જાણકારી હોય તે વ્યક્તિની નિમણૂંક થઈ શકે છે.

અનુચ્છેદ 280 પ્રમાણે બનાવવામાં આવેલું નાણાંપંચ નીચે મુજબની ભલામણો કરતું હોય છે. (1) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વહેંચણીને પાત્ર આવકની વહેંચણી માટેના સિદ્ધાંતો નક્કી કરવા (2) સહાયક અનુદાન કયા રાજ્યને કેટલું આપવું (3) રાષ્ટ્રની આર્થિક સદ્ધરતા માટેનાં ખાસ સૂચનો જો રાષ્ટ્રપતિ માગે તો. આમ રૂઢ થયેલી પ્રણાલી પ્રમાણે કેન્દ્ર સરકાર નાણાંપંચની ભલામણો સ્વીકારી લે છે.

ઈ.સ.1951ના ઉપરોક્ત કાયદા પ્રમાણે આ પંચ પાસે પોતાના કાર્ય માટે જરૂર લાગે તે પ્રમાણે સાક્ષીઓ બોલાવવા, પુરાવા લેવા વગેરે દીવાની કોર્ટના જેવી જ સત્તા છે. 1951માં નિમાયેલા પ્રથમ નાણાંપંચના અધ્યક્ષ કે.સી. નિયોગી હતા. ત્યાર બાદ 1956માં કે. સંતનમની નાણાંપંચના અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ હતી. પરંતુ ત્યાર પછી આ હોદ્દા ઉપર રાજકારણીઓની જ નિયુક્તિ થતી આવી છે.

### 16.2.4 *આંતરરાજ્ય સહકાર અને સૌજન્ય અંગેની જોગવાઈઓ*

કેન્દ્ર અને રાજ્યો વચ્ચે અરસપરસ સુમેળભર્યા સંબંધો વિકસે, તેમજ રાષ્ટ્રના સંતુલિત વિકાસ સાથે એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે અન્ય રાષ્ટ્રોનાં બંધારણના અનુભવોમાંથી બોધપાઠ લઈને, આપણી બંધારણસભાએ પણ બંધારણમાં અનેક જોગવાઈઓ કરેલી છે. એ ઉપરાંત સંસદના કાયદાઓથી તથા કેન્દ્રીય વહીવટીતંત્રના આદેશોથી પણ એ માટે અનેક ઉપકરણો પ્રયોજાયેલાં છે.

અનુચ્છેદ 261 પ્રમાણે કેન્દ્ર અને રાજ્યોની હકૂમતમાં થયેલાં જાહેર કૃત્યો, તેનો રેકર્ડ તથા ન્યાયિક પ્રકરણોના અધિકૃત કાગળો ભારતભરમાં પૂર્ણ વિશ્વાસ સાથે સ્વીકારવાના રહેશે. કોઈ પણ અદાલતના આખરી ચુકાદા કે આદેશોનો અમલ રાષ્ટ્રનાં કોઈ પણ સ્થળે કરી શકાશે. જો કે એક રાજ્યમાંનો આવો આદેશ અવૈધ કે ગેરબંધારણીય હોય અને એ રાજ્યમાં પણ અમલી બની શકે તેમ ન હોય તો તેને માન્યતા આપવાની જરૂર રહેતી નથી.

અનુચ્છેદ 263 પ્રમાણે ભારતના રાષ્ટ્રપતિને આંતરરાજ્ય પરિષદો નિમવાની સત્તા મળેલી છે. રાજ્યો વચ્ચે ઊભા થતા પ્રશ્નોના નિકાલ માટે તથા વિકાસ માટે દરેક રાજ્યોના પ્રયાસોનું સંકલન કરવાના હેતુ માટે, કાયમી સ્વરૂપની કે હંગામી ધોરણે એક કે વધુ આંતરરાજ્ય પરિષદો નિમી શકાય છે. આ પરિષદને (1) રાજ્યો વચ્ચેના વિવાદોમાં તપાસ કરી ભલામણ કરવા (2) સમાન હિતની બાબતો અંગે તપાસ અને ચર્ચા કરવા તથા (3) નીતિઓના સંકલન માટે ભલામણ કરવાની જવાબદારી સોંપી શકાય.

***વિભાગીય પરિષદો :*** ન્યાયમૂર્તિ ફઝલઅલી સમિતિના ઈ.સ.1955ના અહેવાલ બાદ રાજ્યો વચ્ચે સરહદ નક્કી કરવા બાબતે અનેક સમસ્યાઓ આવી હતી. આ પરિસ્થિતિને શાંત કરવા માટે આવા વિવાદો અંગે વિચારવિમર્શ કરવા માટે તથા સામાજિક પ્રગતિ માટે પરસ્પર સહકાર વધારવા માટે વિભાગવાર કાઉન્સિલો રાખવાની સ્ટેટ રિઓર્ગેનીઝેશન

ઍક્ટ 1956ના કાયદામાં જોગવાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તેમજ એક વચ્ચે આમ કુલ પાંચ જેટલી વિભાગીય કાઉન્સિલો બનાવવામાં આવી હતી.

આ કાઉન્સિલો (1) રાજ્ય પુનર્રચનાના કાયદામાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો (2) રાજ્યોની લઘુમતીઓ અને આંતરરાજ્ય વાહનવ્યવહારની બાબતો (3) આર્થિક તેમજ સામાજિક પ્રગતિ માટે પરસ્પર સહકાર અંગેની બાબતો વગેરેનું સારું સંચાલન માટે કેન્દ્રના ગૃહપ્રધાન અને રાજ્યોના મુખ્યમંત્રી અને બે અન્ય પ્રધાનોનો સમાવેશ કરી તેની કાર્યવાહી કરતા હોય છે.

***તમારી પ્રગતિ ચકાસો* - 1**

1. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વૈધાનિક સંબંધો વિશે ટૂંક નોંધ લખો.

2. રાજ્યોની યાદી અંગે સંસદના કાયદાઓ જણાવો.

3. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધો વિશે સવિસ્તર નોંધ લખો. 10 થી 15 લીટીમાં.

***તમારી પ્રગતિ ચકાસો* – 2**

1. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના નાણાંકીય સંબંધો વિશે ટૂંક નોંધ લખો.

2. આંતરરાજ્ય સહકાર અને સૌજન્ય અંગેની જોગવાઈઓ જણાવો.

## 16.3 *સારાંશ :*

બંધારણના ભાગ - 11ના અનુચ્છેદ 245 થી 263માં સંઘ-રાજ્યો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બને અને ખાસ કરીને કેન્દ્ર સરકાર અને રાજ્યોની સરકારો વચ્ચે વાદ-વિવાદ ઊભા ન થાય તે માટે બંધારણ દ્વારા જ કેન્દ્ર અને રાજ્યો માટે બને તેટલી કાળજી રાખી વિષયોની યાદી બનાવવામાં આવેલ છે. તે મુજબ ભારતની સમવાયતંત્રી વ્યવસ્થા સફળ રહેલી જોવા મળે છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની વૈધાનિક બાબતો હોય કે પછી વહીવટી બાબતો હોય કે નાણાંકીય બાબતો તમામમાં કેન્દ્રનું રાજ્યો પર અને રાજ્યોનું કેન્દ્ર કે અન્ય રાજ્યો પર અતિક્રમણ ન થાય તેની કાળજી રાખવામાં આવેલી છે તેમજ આંતર રાજ્યોને ઉપયોગી તમામ બાબતો જેવી કે નદીઓ, રસ્તાઓ, રેલવે, વાહનવ્યવહાર વગેરેની પણ જોગવાઈઓ કરવામાં આવેલી છે.

## 16.4 *તમારું જ્ઞાન ચકાસોના જવાબો :*

***તમારી પ્રગતિ ચકાસો - 1ના જવાબો***

1. 16.2.1 જુઓ
2. 16.2.1.3 જુઓ
3. 16.2.2 જુઓ

***તમારી પ્રગતિ ચકાસો - 2ના જવાબો***

1. 16.2.3 જુઓ
2. 16.2.4 જુઓ

## 16.5 *સંદર્ભ ગ્રંથો :*

1. નાયક દોલતભાઈ બી. - ભારતનો બંધારણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, 2016
2. કશ્યપ સુભાષ સી. - આપણું બંધારણ, (અનુવાદક શુક્લ બિપીનચંદ્ર એમ.) નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા પુનર્મુદ્રણ 2015 નવી દિલ્હી.

3. પરીખ નરેશ જે., પરીખ હરેશ જે. - સ્વાતંત્ર્ય ભારતનું બંધારણ, દ્વિતીય આવૃત્તિ, 2015
4. ઉપાધ્યાય માધવી - ભારતનું સંવિધાન-એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ

# એકમ : 17 ભારતના બંધારણમાં સુધારાની પ્રક્રિયા

:: રૂપરેખા ::

17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 બંધારણમાં સુધારાની પ્રક્રિયા

17.2.1 અનૌપચારિક પદ્ધતિ

17.2.1.1 અદાલતના અર્થઘટન દ્વારા

17.2.1.2 રૂઢિ અને પ્રણાલિકાઓમાં ફેરફાર દ્વારા

17.2.2 ઔપચારિક પદ્ધતિ

17.2.2.1 સુપરિવર્તનીય

17.2.2.2 દુષ્પરિવર્તનીય

17.2.2.3 અપરિવર્તનીય

17.3 બંધારણ સુધારવાની સત્તા અને કાર્યવાહી

17.4 મૂળભૂત અધિકારોમાં સુધારા

17.5 બંધારણના પાયાના માળખાનો સિદ્ધાંત

17.6 સારાંશ

17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

17.8 સંદર્ભ ગ્રંથો

## 17.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

- બંધારણમાં સુધારાની પ્રક્રિયાનો ખ્યાલ મેળવશે.
- બંધારણમાં સુધારા કરવાની પદ્ધતિઓથી માહિતગાર થશે.
- બંધારણમાં સુધારા કરવાની સત્તા અને કાર્યવાહીનું જ્ઞાન મેળવશે.
- મૂળભૂત અધિકારોમાં સુધારા વિશે માહિતગાર થશે.
- બંધારણમાં પાયાના માળખાનો સિદ્ધાંત સમજી શકશે.

## 17.1 *પ્રસ્તાવના :*

આપણા દેશના બંધારણમાં અનુચ્છેદ 368માં સુધારાને લગતી વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે. કોઈ પણ બંધારણ પરિવર્તનશીલ જ હોવું જોઈએ કારણ કે જે સમયે બંધારણ બનાવવામાં આવતું હોય ત્યારે તે સમયની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અને નજીકના ભવિષ્યને ધ્યાને લઈને બંધારણના ઘડવૈયાઓ નિયમન કરતા નિયમો કે કાયદા બનાવવાનું કામ કરતા હોય છે. પરંતુ સમય જતાં સમાજમાં અને રાષ્ટ્રના જનજીવનમાં ફેરફાર થતાં હોય છે તેથી બંધારણ પરિવર્તનશીલ હોવું જોઈએ. સમય અને સંજોગો પ્રમાણે કાયદા સુધારવા માટેની ઉત્સુકતા અને ક્ષમતા દરેક સમાજમાં હોવી જરૂરી છે. બંધારણીય જેવા બુનિયાદી કાયદા માટે પરિવર્તનશીલતાનું એથી પણ વધુ મહત્ત્વ છે.

## 17.2 *બંધારણમાં સુધારાની પ્રક્રિયા :*

બંધારણ પરિવર્તનની પ્રક્રિયા હળવી રાખવી કે કઠિન તે દરેક રાષ્ટ્રના લોકો પોતાની રીતે નક્કી કરતા હોય છે. બ્રિટનના બંધારણની વાત કરીએ તો તે રૂઢિઓ અને પ્રણાલિઓનું બનેલું છે. તેને બદલવા માટે પાર્લામેન્ટના હાજર સભ્યોની સાદી બહુમતીથી પણ સુધારી શકાય છે. જ્યારે અમેરિકાના બંધારણમાં સુધારો કરવા માટે કોંગ્રેસના બંને ગૃહોમાં $^{2}/_{3}$ બહુમતી અને વધુમાં $^{3}/_{4}$ રાજ્યોનું અનુમોદન જરૂરી છે. ઓસ્ટ્રેલિયામાં તો એથી પણ વધારે જટિલ પ્રક્રિયાને અનુસરવામાં આવે છે. તેથી જ તેમાં ફક્ત સાત જ સુધારા થઈ શક્યા છે.

આપણા બંધારણમાં સુધારા કરવાની સત્તા ફક્ત કેન્દ્ર સરકારને અને તે પણ સંસદને જ છે. સંસદ ઉપરાંત, વહીવટીતંત્ર તથા ન્યાયતંત્ર પણ પોતાની રીતે બંધારણનાં માળખામાં ફેરફાર કરતા જોવા મળે છે. આવા ફેરફારો બે પદ્ધતિથી શક્ય બનતા હોય છે. (1) અનૌપચારિક પદ્ધતિ અને (2) ઔપચારિક પદ્ધતિ.

### 17.2.1 *અનૌપચારિક પદ્ધતિ*

આ પદ્ધિતમાં બે રીતે ફેરફારો થતાં હોય છે. ખાસ કરીને જ્યારે અદાલતી ચુકાદાઓમાં બંધારણના શબ્દોના અર્થઘટનમાં અને બંધારણીય રૂઢિઓ અને પ્રણાલિઓમાં ફેરફાર થતાં હોય ત્યારે અનૌપચારિક રીતે બંધારણમાં સુધારા થતાં હોય છે.

#### 17.2.1.1 *અદાલતના અર્થઘટન દ્વારા*

બંધારણ લાગુ પાડવામાં આવ્યું ત્યાર પછી અમુક મુદ્દાઓમાં સર્વોચ્ચ અદાલતના ખટલાઓ ચાલ્યાં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાઓમાં ઘણીવાર બંધારણના શબ્દોનું અર્થઘટન બદલાતું રહ્યું હોય છે. દા.ત. સર્વોચ્ચ અદાલતે શંકરીપ્રસાદ અને સજ્જનસીંગના ચુકાદામાં જણાવ્યું હતું કે અનુ.13(3)ની ‘કાયદા’ શબ્દની વ્યાખ્યામાં

‘બંધારણીય સુધારા’નો સમાવેશ થતો નથી. એને કારણે બંધારણની કોઈ પણ જોગવાઈમાં સુધારા વધારા કરવાની કે તેને નાબૂદ કરવા અંગે સંસદને લગભગ અમર્યાદિત સત્તા મળતી હતી. પરંતુ ગોલકનાથના ચુકાદામાં એ જ કોર્ટે પોતાનું અગાઉનું અર્થઘટન બદલ્યું હતું અને જાહેર કર્યું કે બંધારણીય સુધારો પણ અનુ.13(3)ની વ્યાખ્યામાં આવતો કાયદો જ છે. એટલે બંધારણીય સુધારા દ્વારા પણ સંસદ અનુ.13(1)ની જોગવાઈને કારણે મૂળભૂત અધિકારમાં કાપ મૂકી શકે નહીં. ત્યાર બાદ કેશવાનંદ ભારતી કેસના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ગોલકનાથ ચુકાદા પ્રમાણેના અર્થઘટનને રદ કરેલું છે અને સંસદની બંધારણ સુધારવાની સત્તા મહદ્ અંશે પુનઃસ્થાપિત કરેલી છે. જો કે ત્યાર બાદ તાજેતરના આઈ.આર. કોએલ્હો કેસના ચુકાદામાં એ જોગવાઈ સંબંધમાં નવા પરિણામો ઉમેરાયેલાં છે. તેમજ અગાઉના ચુકાદામાં જણાયેલી અસ્પષ્ટતા દૂર કરવામાં આવી છે.

બંધારણ સુધારાનો આ પ્રવાહ ઘણો જ ધીમો, અસ્પષ્ટ તથા અવ્યવસ્થિત હોય છે. કોર્ટ પોતે એમાં શરૂઆત કરી શકતી નથી. એ અંગેનો કોઈ કેસ પક્ષકાર તરફથી થાય ત્યારે જ કોર્ટને આવી તક મળતી હોય છે. આ એક પ્રચ્છન્ન પ્રક્રિયા છે. બે પક્ષકારો અને તેના ધારાશાસ્ત્રીઓ તથા ન્યાયાધીશો પૂરતી જ એક પ્રશ્નની ચર્ચા કે છણાવટ મર્યાદિત હોય છે અને એને કારણે સમગ્ર પ્રજાના ભાવિનો પ્રવાહ અદશ્ય રીતે બદલાતો હોય છે અને જુદાં જુદાં ન્યાયાધીશો પોતાના અલગ ચુકાદા આપે છે, ત્યારે આ પ્રક્રિયા વધુ અસ્પષ્ટ બને છે. આપણું બંધારણ ખૂબ જ વિગતવાર છે. દરેક શબ્દનો ઉપયોગ ચોક્કસ હેતુ માટે કરેલો છે એટલે અન્ય દેશોના અલ્પ અને અસ્પષ્ટ શબ્દોવાળાં બંધારણોની સરખામણીમાં ભારતમાં સર્વોચ્ચ અદાલત માટે અર્થઘટન દ્વારા નવા સિદ્ધાંતો સર્જવાનો અવકાશ મર્યાદિત બની જાય છે. એ સાથે બંધારણમાં સુધારા કરવાની અનુચ્છેદ 368ની બંધારણીય પદ્ધતિ પ્રમાણમાં સરળ હોવાથી સંસદ જ એ કામ આસાનીથી કરી શકે. અમેરિકા અને ઑસ્ટ્રેલિયામાં એ વિધિ જટિલ હોવાથી જરૂરિયાતના સમયે એ કામ ત્યાંની અદાલતોએ કરવું પડેલું છે. એ બંધારણોની જોગવાઈઓ ખુલ્લા અર્થઘટનવાળી હોવાને કારણે સમયને અનુરૂપ અર્થઘટન અપનાવવાનું કોર્ટ માટે સુગમ બનેલું છે. 18મી સદીના મુક્ત અર્થતંત્રના સમય માટે ઘડાયેલા એ બંધારણને સુપ્રીમ કોર્ટે પોતાનાં અર્થઘટનો દ્વારા 20મી સદીના ઔદ્યોગિકરણમાં અગ્રેસર એવા વિશાળ રાષ્ટ્રની આવશ્યકતાને અનુરૂપ બનાવેલું છે.

### 17.2.1.2 *રૂઢિ અને પ્રણાલિકાઓમાં ફેરફાર દ્વારા*

વિશ્વના દેશોના બંધારણમાં માત્ર બ્રિટનનું બંધારણ એવું છે કે રૂઢિઓ અને પ્રણાલીઓનું બનેલું છે. આપણા બંધારણની જોગવાઈઓમાં એવી અનેક રૂઢિઓને વણી લેવામાં આવેલી છે. આમ છતાં, સંસદીય શાસન વ્યવસ્થાની મોટા ભાગની વિધિઓ માટે ત્યાંની પ્રચલિત પ્રણાલીઓને આપણે અનુસરીએ છીએ. પાર્લામેન્ટના સભ્યોના વિશેષાધિકારો માટેની પ્રણાલીને આપણા બંધારણમાં સ્પષ્ટ રીતે માન્યતા અપાયેલી છે. આપણે પણ કેટલીક નવી પ્રણાલીઓ સ્થાપેલી છે અને વિસ્થાપિત પણ કરેલી છે. ઈ.સ.

1973 સુધી આપણે ત્યાં સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયાધીશના હોદ્દા માટે વરિષ્ઠ ન્યાયધીશને જ બઢતી આપવાની પ્રણાલી હતી પરંતુ ત્યાર બાદ શ્રીમતી ઇન્દિરા ગાંધીની સરકારે કમિટેડ જજીસનો ખ્યાલ અપનાવી એ પ્રણાલીથી ભિન્ન માર્ગ અપનાવ્યો હતો. જો કે ત્યાર બાદ જનતા પાર્ટીની સરકારે અગાઉની પ્રણાલી ફરીથી શરૂ કરી હતી. આ પ્રણાલીઓ બંધારણની લેખી જોગવાઈઓમાં પૂર્તિ કરવા માટે જ હોય છે. એમાં ફેરફાર મહદ્અંશે વહીવટીતંત્ર દ્વારા જ થાય છે.

### 17.2.2 *ઔપચારિક પદ્ધતિ*

બંધારણની જોગવાઈ પ્રમાણે સુધારા કરવાની ક્ષમતાને આધારે બંધારણના ત્રણ પ્રકાર છે. (1) સુપરિવર્તનીય (2) દુષ્પરિવર્તનીય (3) અપરિવર્તનીય.

#### 17.2.2.1 *સુપરિવર્તનીય*

સદનમાં હાજર સભ્યોની સાદી બહુમતીથી બદલી શકાતું બંધારણ સુપરિવર્તનીય છે. આપણા બંધારણના અનુચ્છેદ 4,169 તથા 230 એની જોગવાઈઓ સુધારવા માટે સાદી બહુમતી પર્યાપ્ત છે. જો કે એનું પ્રમાણ અપવાદરૂપ જ ગણી શકાય.

#### 17.2.2.2 *દુષ્પરિવર્તનીય*

બંધારણ બુનિયાદી કાયદો છે. એમાં ફેરફાર કરવા માટે ખાસ બહુમતીની જરૂર રાખવામાં આવતી હોય છે. એ માટે ગૃહમાં $^2/_3$ અથવા $^3/_4$ સભ્યોની સંમતિ જરૂરી બનાવાય છે. વળી સમવાયતંત્રી બંધારણોમાં એ માટે વધારામાં રાજ્યોની અનુમતિ અને ક્યારેક લોકમતની પણ વ્યવસ્થા હોય છે.

#### 17.2.2.3 *અપરિવર્તનીય*

કોઈ પણ કાયદા કે બંધારણને સંપૂર્ણપણે અપરિવર્તનીય બનાવી શકાય નહીં. ઈ.સ.1969 સુધી આપણા બંધારણમાં સુધારા કરવાની અમર્યાદિત સત્તા સંસદને અનુચ્છેદ 368 પ્રમાણે હતી. પરંતુ ગોલકનાથ કેસના ચુકાદાને કારણે મૂળભૂત અધિકારોને વિપરીત અસર થાય એ રીતે સુધારવા સામે અવરોધ આવ્યો. ઈ.સ.1971ના 24માં સુધારાથી એ અવરોધ દૂર થયો. ત્યાર બાદના કેશવાનંદ ભારતી કેસના ચુકાદામાં બંધારણની કોઈ પણ જોગવાઈમાં સુધારો કરવાની સંસદની સત્તાનો સ્વીકાર થયો. પરંતુ એના પાયાના માળખાને વિપરીત અસર થાય એવો સુધારો સંસદ કરી શકે નહીં એમ કોર્ટે જણાવ્યું છે.

## 17.3 *બંધારણ સુધારવાની સત્તા અને કાર્યવાહી :*

સંસદને અનુચ્છેદ 368 પ્રમાણે બંધારણની કોઈ પણ જોગવાઈમાં સુધારો-વધારો, ફેરફાર અથવા રદ કરવાની બંધારણીય સત્તા મળેલી છે. એ માટેની કાર્યવાહી પણ સાથે જ નિશ્ચિત થયેલી છે. 368ની મૂળ જોગવાઈમાં અનુચ્છેદના શીર્ષકમાં “બંધારણ સુધારવાની કાર્યવાહી” શબ્દ હતો. એને કારણે ગોલકનાથ કેસમાં કોર્ટ સમક્ષ એવી રજૂઆત થઈ હતી

કે અનુચ્છેદ 368 માત્ર કાર્યવાહી જ સૂચવે છે. બંધારણ સુધારવાની કોઈ સત્તા એને કારણે સંસદને મળતી નથી અને એવી સત્તા અનુચ્છેદ 248 તથા શેષાધિકારની એન્ટ્રી નં.97માંથી જ સંસદે મેળવવાની રહેશે. બહુમતીથી ન્યાયાધીશોએ એ દલીલ સ્વીકારી હોવાથી 24મા બંધારણીય સુધારાથી અનુ.368માં એ અંગે સ્પષ્ટતા કરવાની જરૂર પડી હતી.

સુધારા માટેનું બિલ ગમે તે ગૃહમાં રજૂ થઈ શકે છે. ગૃહની સભ્ય સંખ્યાના અડધાથી વધુ સભ્યો, જે હાજર રહીને મત આપનાર પૈકીના $^2/_3$ જેટલા હોય અથવા ટેકો આપે તો મંજૂર થાય છે. આ બિલ ઉપર રાષ્ટ્રપતિએ પોતાની સહી કરવાની રહેતી હોય છે. બિલ જો સમવાયતંત્રી વ્યવસ્થાને અસર કરનારું હોય તો અડધા જેટલાં રાજ્યોની વિધાનસભાઓના અનુમોદનની જરૂર રહે છે.

ગોલકનાથ કેસના ચુકાદામાં 'બંધારણીય સુધારો' પણ કાયદો છે, એવું વલણ કોર્ટે અપનાવ્યું હતું. એની અસર નષ્ટ કરવા 24મા સુધારાથી અનુચ્છેદ 368ના ક્લોઝ 3માં તેમજ અનુચ્છેદ 13(3)માં અરસપરસ સ્પષ્ટતા કરવામાં આવી છે કે બંધારણીય સુધારો હવે કાયદો ગણાશે નહીં. ગોલકનાથ ચુકાદાને કારણે ન્યાયતંત્ર સંસદની સર્વોપરિતાનું વિરોધી છે.એવી હવા ઊભી થયેલી હોવાથી આવા સુધારાઓને ન્યાયતંત્રની ચકાસણીની બહાર રાખવા 42મા સુધારામાં ખાસ જોગવાઈ થયેલી છે. નવા ક્લોઝ 4થી બંધારણીય સુધારાનું ન્યાયિક પુનરાવલોકન કરવાની ન્યાયતંત્રની હકૂમત સ્પષ્ટ રીતે રદ કરી દેવાઈ અને એથી પણ વધુ સ્પષ્ટતા કરવા માટે ક્લોઝ 5માં જાહેર કરવામાં આવ્યું કે બંધારણમાં સુધારા કરવા માટેની સંસદની સત્તા ઉપર કોઈ પણ પ્રકારની મર્યાદા રહેશે નહીં.

સંસદ બંધારણનું સર્જન છે અને મર્યાદિત કાર્યકાળ દરમિયાન બંધારણની મર્યાદાઓમાં રહીને જ એણે કાર્ય કરવાનું છે, તેથી સર્વોપરિતાને નામે એ આ બંધારણને રદ કરી શકે નહીં એવું વલણ મિનરવા મિલ્સ કેસમાં અપનાવી કોર્ટે કેશવાનંદ ભારતી સિદ્ધાંતને વધુ ધારદાર બનાવ્યો હતો. બંધારણ સુધારવાની સંસદની મર્યાદિત સત્તા પણ બંધારણના પાયાના માળખાનો એક ભાગ છે એમ કોર્ટે જણાવ્યું હતું. ઉપરોક્ત ક્લોઝ 4 તથા 5 અને વિપરીત અસર કરતાં હોવાથી કોર્ટે તે ગેરબંધારણીય જાહેર કરેલાં છે. એ સંબંધી ચુકાદાઓની શૃંખલામાં 2007માં છેલ્લો ચુકાદો આઈ.આર. કોએલ્હોનો છે જેની આપણે અગાઉ ચર્ચા કરી છે.

ટૂંકમાં બંધારણની મોટાભાગની જોગવાઈઓ એ રીતે સંસદ પ્રમાણમાં સરળતાથી સુધારો કરી શકે છે અને તેથી 70 વર્ષોમાં આપણે 100થી વધારે વખત સુધારા કર્યા છે. અમેરિકામાં કોઈ પણ સુધારો (1) કોંગ્રસના બંને ગૃહોની $^2/_3$ બહુમતીથી અથવા (2) $^2/_3$ જેટલાં રાજ્યોનાથી સૂચવી શકાય છે અને ત્યાર બાદ (3) $^3/_4$ જેટલાં રાયો દ્વારા મહાસંમેલનો અથવા (4) $^3/_4$ જેટલાં રાજ્યોના મહાસંમેલન દ્વારા તેને અનુમોદન

આપવું પડે છે. રાજ્યો પણ એ રીતે સુધારાની પહેલ કરી શકે છે. ઑસ્ટ્રેલિયામાં સંસદનાં બંને ગૃહોમાં સંપૂર્ણ બહુમતીથી સુધારો સૂચવવામાં આવ્યા બાદ 6 માસની અંદર લોકમત દ્વારા મંજૂરી મેળવવી પડે છે.

## 17.4 *મૂળભૂત અધિકારોમાં સુધારા :*

અનુચ્છેદ 13(2)માં સ્પષ્ટતા થયેલી છે કે વિભાગ 3માં નિશ્ચિત કરેલા કારણો સિવાય રાજ્ય કાયદાથી પણ મૂળભૂત અધિકાર ઘટાડી કે નષ્ટ કરી શકે નહી. બંધારણના અમલના પ્રથમ વર્ષમાં જ થયેલા પ્રથમ સુધારાથી બંધારણમાં નવા અનુચ્છેદ 31-બીનો ઉમેરો થયો. એનાથી મિલકતના અધિકારને કુંઠિત કરવામાં આવ્યો. આ જોગવાઈ અનુચ્છેદ 13(2) થી વિપરીત છે. માટે ગેરબંધારણીય છે એવી રજૂઆત ઈ.સ. 1951માં શંકરીપ્રસાદના ચુકાદામાં થઈ. સરકાર પક્ષે રજૂઆત થઈ કે 'બંધારણીય સુધારા' શબ્દનો સમાવેશ અનુ.13(3)ની વ્યાખ્યામાં થયેલો નથી, તે ભૂલ કે અકસ્માત નથી પરંતુ સમજપૂર્વક એનો સમાવેશ થયેલો નથી. આમ કાયદો અને બંધારણીય સુધારા બે જુદી બાબતો છે.

અદાલતે એ દલીલ સ્વીકારતાં જણાવ્યું હતું કે વિધાનમંડળની સામાન્ય કાયદા ઘડવાની સત્તાને જ અનુ. 13(2) લાગુ પડે છે. બંધારણ સુધારવાની અનુચ્છેદ 368ની સત્તા વિશિષ્ટ સત્તા છે. એટલે બંધારણીય સુધારા દ્વારા સંસદ મૂળભૂત અધિકાર કુંઠિત કરી શકે છે. ત્યાર બાદ સજ્જનસીંગના કેસમાં બંધારણના પ્રથમ અને ચોથા તથા સત્તરમાં સુધારાને ઉપરોક્ત મુદ્દા ઉપર જ પડકારવામાં આવ્યા. પાંચ ન્યાયાધીશની બેંચે જણાવ્યું છે કે 'બંધારણનો સુધારો' શબ્દમાં બંધારણની તમામ જોગવાઈઓના સુધારાનો સમાવેશ થાય છે. ન્યાયમૂર્તિ ગજેન્દ્ર ગડકરે જણાવ્યું હતું કે 'બંધારણીય સુધારા'ના વ્યાપમાંથી મૂળભૂત અધિકારોને બાકાત રાખવાનો ઈરાદો હોત તો બંધારણસભાએ એ અંગે સ્પષ્ટતા કરી જ હોત. એવી સ્પષ્ટતાની ગેરહાજરીમાં સંસદને એવો અધિકાર નથી એમ કહી શકાય નહીં. અદાલતે જણાવ્યું હતું કે સામાન્ય કાયદા ઘડવાની સંસદની વૈધાનિક સત્તા અને બંધારણ સુધારવાની તેની સંવૈધાનિક સત્તામાં કોઈ તફાવત નથી. કાયદા શબ્દમાં બંધારણીય સુધારાનો સમાવેશ થાય છે. કોર્ટે જણાવ્યું હતું કે અનુ. 368માં બંધારણ સુધારવાની કાર્યવાહીના જ નિયમો છે. એનાથી સંસદને કોઈ સત્તા મળતી નથી. એવી સત્તા અનુ. 247 તથા એન્ટ્રી નં. 97માંથી મેળવવાની રહેશે.

ગોલકનાથ કેસના ચુકાદાથી બંધારણ સુધારવાની બાબતમાં સંસદની પૂર્વસ્વીકૃત સર્વોપરિતાનો અંત આવ્યો હતો અને વિભાગ 3ના મૂળભૂત અધિકારો અપરિવર્તનીય બની ગયા. કેટલાક વિદ્વાનોએ એને માનવીય ગૌરવ માટે જરૂરી એવા મૂળભૂત અધિકારોની પવિત્રતા સ્થાપિત કરવાનો ચુકાદો ગણ્યો તો બીજાઓએ એને મૂડીવાદી અર્થતંત્રના રખેવાળ તથા સ્થિગિતતાવાદી અને અલોકતાંત્રિક ગણાવ્યો હતો.

### 17.4.1 *બંધારણમાં 24મા સુધારાની જોગવાઈઓ*

(1) અનુ. 368ના શીર્ષકમાં ‘‘બંધારણ સુધારવાની કાર્યવાહી’’ શબ્દોને બદલે ‘‘બંધારણ સુધારવાની સત્તા અને તે માટેની કાર્યવાહી’’ શબ્દ મૂકાયાં.

(2) બંધારણીય સુધારાનો કાયદો અને અનુ. 13(2) તથા (3)ની જોગવાઈઓ અરસપરસને લાગુ નહીં પડે એવી સ્પષ્ટતા બંને સ્થળે કરવામાં આવી.

(3) અન્યત્ર ગમે તેવી જોગવાઈ હોય તો પણ સંસદને બંધારણમાં કોઈ પણ પ્રકારમાં ફેરફાર કરવાની સત્તા છે, એવી સ્પષ્ટતા ક્લોઝ 1તથા ફરીથી ક્લોઝ 5માં કરવામાં આવી.

(4) સંસદના સામાન્ય કાયદાની સરખામણીમાં સુધારાનો કાયદો ઊંચી ભૂમિકાએ છે. એમ દર્શાવવા એ અંગેના બિલ ઉપર રાષ્ટ્રપતિએ ફરજિયાત સહી કરવાની જોગવાઈ થઈ. સામાન્ય કાયદા માટેનાં બીલો સંસદની પુનઃવિચારણા માટે રાષ્ટ્રપતિ પાછાં મોકલી શકે છે.

## 17.5 *બંધારણના પાયાના માળખાનો સિદ્ધાંત :*

‘મૂળભૂત અધિકાર કેસ’ના નામે જાણીતા થયેલા કેસના અરજદાર કેરળના કેશવાનંદ ભારતી નામના મઠાધિપતિએ ઈ.સ. 1969માં કેરળ વિધાનસભાએ સુધારેલા કેરળ રિફોર્મ્સ ઍક્ટ 1963 જોગવાઈઓથી અનુ. 14, 19(1) (એફ) તથા 25, 26 અને 31ના અધિકારનો ભંગ થાય છે, એમ જણાવી તા.21-03-1970ના રોજે સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી કરી. આ અરજી ઊભેલી હતી તે દરમિયાન સંસદે ઈ.સ. 1971માં 24, 25 અને 29માં બંધારણીય સુધારા પસાર કર્યા અને કેરળનો ઉપરોક્ત કાયદો પણ 10મા પરિશિષ્ટમાં મૂક્યો. એટલે કેશવાનંદ ભારતીની તથા અન્ય પાંચ રિટ અરજીઓમાં આ સુધારાની વૈધતાનો પ્રશ્ન પણ ઉમેરવામાં આવ્યો. 13 જેટલા ન્યાયાધીશોની બેંચે બે માસથી વધુ સમય માટે એની સતત સુનાવણી કરી. સરકાર પક્ષે એમાં એવી રજૂઆત થઈ કે બંધારણ સુધારવાના સંસદના બંધારણીય અધિકાર ઉપર કોઈ પણ જાતની મર્યાદા નથી. બંધારણને રદ કરવા સિવાયની તમામ સત્તાઓ એને છે. અરજદારો તરફથી જોરદાર રજૂઆત થઈ કે બંધારણ સુધારવાનો સંસદનો આ અધિકાર વિશાળ છે, પરંતુ તે અમર્યાદિત નથી. બંધારણના પાયાના માળખાને બદલવાનો એને અધિકાર નથી.

13 જેટલા ન્યાયાધીશોના વલણ બંને પક્ષે લગભગ સમતોલ હતાં. ન્યાયમૂર્તિઓ સર્વશ્રી સીક્રી, શેલત, ગ્રોવર, હેગડે, રેડ્ડી તથા મુખરજીએ જણાવ્યું હતું કે બંધારણ સુધારવાની સંસદની સત્તા ઉપર કેટલીક મૂળભૂત અને ગર્ભિત મર્યાદાઓ છે. એના પાયાના માળખાને વિપરીત અસર થાય તેવો સુધારો સંસદ કરી શકે નહિ. ન્યાયમૂર્તિ ખન્નાએ જણાવ્યું છે કે એવી કોઈ મર્યાદા સંસદને નથી. છતાં બંધારણને રદ કરવાની સત્તા પણ તેને નથી. ‘સુધારા કરવા’ શબ્દમાં જ મૂળ માળખાને જાળવી રાખવાનો અર્થ

અભિપ્રેત છે. બાકીના ન્યાયાધીશો સર્વશ્રી એ.એન. રોય, ચંદ્રચૂડ, મેથ્યુ, બેગ, દ્વિવેદી તથા પાલેકરે જણાવ્યું છે કે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપની એવી કોઈ મર્યાદા બંધારણમાંથી શોધી શકાય તેમ નથી. અહીં પણ 7 વિરુદ્ધ 6 ન્યાયાધીશોએ જાહેર કર્યું કે બંધારણમાં સુધારા કરવાની સંસદની વિશાળ સત્તા છે. પરંતુ તે અમર્યાદિત નથી. બંધારણના પાયાના સિદ્ધાંતો કે માળખાંને તે બદલી શકે નહીં.

ન્યાયતંત્રની ન્યાયિક પુનરાવલોકનની સત્તા આવો પાયાનો સિદ્ધાંત છે અને અનુ. 31- સી થી એને વિપરીત અસર થાય છે. માટે તે રદબાતલ છે. ન્યાયાધીશોએ વધુમાં જણાવ્યું છે કે ચોક્કસ કઈ કઈ બાબતોને પાયાના માળખાનાં ભાગરૂપ ગણી શકાય તે સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી. દરેક કેસના વ્યક્તિગત ગુણદોષને આધારે જ કોર્ટ એ નક્કી કરી શકે. આમ છતાં નીચે જણાવ્યા મુજબનાં કેટલાંક ઉદાહરણો તેમણે આપેલાં છે.

(1) બંધારણની સર્વોપરિતા

(2) લોકશાહી પ્રજાસત્તાક ઢાંચો

(3) ધર્મનિરપેક્ષતા

(4) સત્તાનું વિભાજન

(5) સમવાયતંત્રી માળખું

(6) રાષ્ટ્રનું સાર્વભૌમત્વ

(7) કલ્યાણ રાજ્ય

(8) વ્યક્તિની સ્વતંત્રતા અને ગૌરવ રક્ષા

વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના ચૂંટણી કેસના ચુકાદામાં કોર્ટે જણાવ્યું હતું કે મુક્ત અને ન્યાયી ચૂંટણી પણ બંધારણનું પાયાનું તત્ત્વ છે અને ઈ.સ. 975માં 39મા સુધારાથી દાખલ થયેલ અનુચ્છેદ 329-એના ક્લોઝ 4થી આ તત્ત્વને વિપરીત અસર થાય છે. વડાપ્રધાન અને ઉચ્ચ પદાધિકારીઓની ચૂંટણીને લગતા વિવાદોમાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટને બદલે સંસદના ગૃહો દ્વારા તપાસની આ જોગવાઈ તટસ્થ અને ન્યાયી ચૂંટણી માટે વિઘાતક છે. સત્તાના વિભાજન અને કાયદાના શાસનના સિદ્ધાંત વિરુદ્ધની એ જોગવાઈ છે. આમ, લોકશાહી વ્યવસ્થા તથા કાયદાનું શાસન પણ બંધારણનું પાયાનું તત્ત્વ છે એમ કોર્ટે ઠરાવ્યું છે. એ જ રીતે પંચાયતી રાજના ખ્યાલને પણ સુપ્રીમ કોર્ટે ભારતના લોકશાહી બંધારણ માટે પાયાના માળખાનો ભાગ ગણાવ્યો હતો.

'પાયાના માળખાં'તે શબ્દ માટે કોઈ સ્પષ્ટ વ્યાખ્યા કોર્ટે ભારતીય ચુકાદામાં આપેલી નથી. પરંતુ માત્ર ઉદાહરણો જ આપ્યાં હતા. એવા અસ્પષ્ટ સિદ્ધાંતને આધારે બંધારણીય સુધારા જેવી ગંભીર બાબતની ચકાસણી કરવાનું ઉચિત નથી એવી દલીલો પણ

થઈ છે. એ અંગે કોઈ ચોક્કસ સિદ્ધાંત નક્કી કરવાનું કામ સરકારે સુપ્રીમ કોર્ટને સોંપ્યું. કોર્ટે સ્પેશીયલ બેંચ રચીને એ મુદ્દા ઉપર ધારાશાસ્ત્રીઓની દલીલો સાંભળવાની શરૂઆત પણ કરી, પરંતુ કોઈ ચોક્કસ પ્રકારની હકીકતોના આધાર વિના થયેલી આ દલીલો માત્ર ચર્ચા જ હતી. એવી ચર્ચાના તારણો ભવિષ્યના વિવાદો માટે બંધનકારક બનવા વિશે પણ શંકા સેવાઈ. આથી મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એ બેંચ વિખેરી નાખી હતી. આમ છતાં જો નક્કર હકીકતો હોય તો તેને આધારે પાયાનાં તત્ત્વો નક્કી કરવાનું કોર્ટ માટે મુશ્કેલ નથી. છતાં કોર્ટે સામાન્ય માણસની સમજને આધારે પણ જો એ ખ્યાલનો ઉપયોગ કરેલો છે. નૈસર્ગિક ન્યાયનો સિદ્ધાંત એના કરતાં વધુ સ્પષ્ટ છે.

સર્વોચ્ચ અદાલતે સમયાંતરે તેની સમક્ષ ઉપસ્થિત થયેલા વિવાદોમાં બંધારણીય જોગવાઈ, તેનું મહત્ત્વ, હકીકતો તથા વાસ્તવિક પરિસ્થિતિને આધારે બંધારણમાં વણાયેલાં જુદાં જુદાં તત્ત્વો, ખ્યાલો કે સિદ્ધાંતોને બંધારણના પાયાના માળખાના ભાગરૂપ જાહેર કરેલાં છે અને જાહેર કર્યું છે કે તેમાં ફેરફાર કરવાનો સંસદને અધિકાર નથી. ‘‘ધર્મ-નિરપેક્ષતા એ રીતે આ ચુકાદામાં મૂળભૂત માળખાંનો ભાગ છે એમ કોર્ટે જાહેર કરેલું છે.’’

## 17.6 *સારાંશ :*

બંધારણમાં આમૂલ પરિવર્તન કરવાની સંસદની સત્તાના ખ્યાલ પાછળની મુખ્ય દલીલ પ્રજાના પ્રતિનિધિત્વ અને પ્રજાની ઇચ્છાનું પ્રતિબિંબ અંગેની છે. પરંતુ પ્રજાની ઇચ્છા અને પ્રતિનિધિઆનાં કર્તૃત્વ વચ્ચે ક્યારેક કેવો વિરોધ હોય છે, તેનો અનુભવ આપણને કટોકટી અને ત્યાર બાદના બનાવોથી મળેલો જ છે.

સંસદની સર્વોપરિતાનો બ્રિટીશ ખ્યાલ પણ ગેરમાર્ગે દોરનારો છે. ત્યાંની પાર્લામેન્ટ ઇતિહાસનું સર્જન છે. સામાન્ય કાયદો અને બંધારણીય કાયદા વચ્ચે ત્યાં કોઈ તફાવત નથી. જ્યારે ભારતની સંસદ બંધારણનું સર્જન છે અને એની સત્તા અને મર્યાદાઓ બંધારણમાં જ નિશ્ચિત થયેલાં છે. સંસદ એ બંધારણને તથા તેમાંની ભાવનાને પ્રજાના પ્રતિનિધિત્વને નામે અવગણી કે નષ્ટ કરી શકે નહીં. પ્રજાની ઇચ્છા જાણવી હોય તો તેવાં પગલાં માટે શુભનિષ્ઠાથી લોકમત લેવડાવવો જોઈએ.

***તમારી પ્રગતિ ચકાસો* - 2**

1. બંધારણમાં સુધારાની સત્તા અને કાર્યવાહી પર નોંધ લખો.

2. બંધારણમાં પાયાના માળખાનો સિદ્ધાંત સમજાવો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 17.7 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

***તમારી પ્રગતિ ચકાસો - 1***

***તમારી પ્રગતિ ચકાસો -1***

1. બંધારણમાં સુધારાની પ્રક્રિયા વિશે ટૂંકમાં સમજાવો.
2. બંધારણમાં સુધારા કરવાની ઔપચારિક પદ્ધતિનો પરિચય આપો.

1 ના જવાબ માટે જુઓ 17.2

2 ના જવાબ માટે જુઆ 17.2.2

***તમારી પ્રગતિ ચકાસો - 2***

1ના જવાબ માટે જુઓ 17.3

1ના જવાબ માટે જુઓ 17.5

## 17.8 *સંદર્ભ ગ્રંથો :*


1. નાયક દોલતભાઈ બી. - ભારતનો બંધારણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, 2016
2. કશ્યપ સુભાષ સી. - આપણું બંધારણ, (અનુવાદક શુક્લ બિપીનચંદ્ર એમ.) નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા પુનર્મુદ્રણ 2015 નવી દિલ્હી.
3. પરીખ નરેશ જે., પરીખ હરેશ જે. - સ્વાતંત્ર્ય ભારતનું બંધારણ, દ્વિતીય આવૃત્તિ, 2015
4. ઉપાધ્યાય માધવી - ભારતનું સંવિધાન-એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ
5. બારોટ કે. સી., ભારતનું બંધારણ સંક્ષિપ્તમાં, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ 2011

# નોંધ

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

9789355983787